શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
ડિસેમ્બર : ૨૦૧૬ ● અંક : ૬
પાના નં. : ૧ ● (કુલ પેજ : ૯૨)

૧૫ ડિસેમ્બર, ૨૦૧૬ ❀ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૨-૨૦૧૬ ❀ કિંમત : રૂા. ૧૮/-

## કરન્સી નાબૂદી વિશેષાંક








હમેં દેશ કો બદલના હૈ....






તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૬૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Sanjay Thakker
(M) 9879109726

Bharat Thakker
(M) 98252 31572

Shree Hari Carriers
Lignite Clearing Agent Other Concerns

Shree Narayan Enterprise
Lignite Clearing Agent

Shree Ghanshyam Fuels
Fleet Owner, Transport Contractor, Lignite Clearing Agent,
Coal, Coke and Fire Wood Supplier

301, Saswat App., HDFC House, B/h. Landmark Complex,
Nr. Mithakhali Six Road, Ahmedabad-6.
Ph. : 91-79-3007 3355, 2644 0734 • Fax : +91-79-3007 3366
Email : sanjaythakker@yamail.com

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર

આપકા સ્વાદ... હર પલ યાદ...

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.

Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.

Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.

★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૦ ● અંક - ૬
૧૫ ડિસેમ્બર, ૨૦૧૬

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
●
Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ

● ભારત દેશના કોમન મેનની આવતીકાલ ............................ **અશોક મહેતા...૫**

### કરંટ ટોપિક

● ચલણી નોટ્સ અને બ્લેક મની .......................... **રજૂઆત : અશોક મહેતા...૭**

### ચલણી નોટ્સ નાબૂદી

● ચલણ નાબૂદીના પ્રશ્ને શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાનો ઈન્ટરવ્યુ ..................... ...૧૨
● **Evaluating Demonetization ............... Prof. Ketan K. Shah...૧૬**
● કેન્દ્ર સરકારનો તઘલખી નિર્ણય ............................... **ડૉ. યાસીન દલાલ...૧૮**
● કાળું નાણું અને તેનો કાળો કકળાટ ...................................**નવીન જોષી...૨૧**
**ન્યૂઝ એડિટર 'કચ્છમિત્ર'**
● ડિમોનિટાઈઝેશનની પ્રક્રિયા ............................................ **નિમેષ ફડકે...૨૩**
**મેનેજિંગ ડાયરેક્ટર : ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન**
● મગરમચ્છને પકડવા જતાં નિર્દોષ માછલીઓ મરી! .... **સી.એ. કૈલાસકુમાર ગઢવી...૨૪**
● ડિમોનિટાઈઝેશન – સમીક્ષા ............................ **લખમશી એલ. સેંઘાણી...૨૫**
**જનરલ મેનેજર, ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ્સ**
● સરકારની નોટબંધી અને દેશ ઉપર થનાર અસર ..................**નીલેશ કોટક...૨૭**
**સર્ટિફાઇડ ફાઈનાન્સિયલ પ્લાનર**
● ચલણી નોટ્સ નાબૂદી - સિક્કાની બે બાજુ
આવકવેરાનો દર ઓછો હોવો જરૂરી........... **હર્નિશ પી. મોઢ, એડવોકેટ...૨૯**
**ઇન્કમટેક્ષ તથા કાયદાના નિષ્ણાત**
● કરન્સી નાબૂદી - અભિપ્રાય માટે હજુ સમય પાક્યો નથી.......**સી.એ. હિતેશ શાહ...૩૧**
● નોટબંધી આરપાર ......................................... **ચૌલા કુરુવા, સાહિત્ય સર્જક...૩૨**
● જૂની કરન્સી રદબાત્તલ થયા પછીના તારણો ... **બલવીરસિંહ જાડેજા, સાહિત્ય સર્જક...૩૪**
● નોટબંધી કેટલી કારગત નીવડશે? ....................................**રમેશ બી. શાહ...૩૬**
● નિર્ણય સાચો પરંતુ પધ્ધતિ અયોગ્ય ............. **શશીકાંત એમ. ઠક્કર, એડવોકેટ...૩૮**
● નોટબંધી! – શું પરિણામ લાવશે? ....................................**હરેશ ધોળકિયા...૪૦**
● નવી કરન્સી માટેનું પૂર્વ આયોજન ખામીરહિત હોઈ શકે?........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ...૪૧**
**પૂર્વ વડા : અર્થશાસ્ત્ર વિભાગ**

### કચ્છ

● કચ્છના ખેતરો સુધી નર્મદા નદીના સિંચાઈના પાણી
– એક શુભ સમાચાર ................................................ **અશોક મહેતા...૪૫**

### વિચાર વિમર્શ

● રાજવંશ અને રાજઅંશ ................................................... **મુરજી ગડા...૪૬**

## સમાજની ક્ષિતિજો


- રૂા. ૨૩ હજારમાં લગ્ન! જમણવાર સાથે! ધરતી સંસ્થાને ધન્યવાદ! ...**ભીમજી નાકરાણી** ... .. ૪૮
  તંત્રી : સરદાર જ્યોતિ, ઉમિયા દર્શન


## નિબંધ


- છાશની માટલી ... **ગુલાબ દેઢિયા** ..... ૫૦


## વાર્તાત્મક


- કોને શું કહું? ...**ડૉ. ઊર્મિલા શાહ** ..... ૫૧
- અમે ટામેટા ખાધા! ...**બલવીરસિંહ જાડેજા** ..... ૫૩
- બેટા... તેમની પાસે જે નથી તે આપજે ...**ડૉ. આશિષ એસ. ચોક્સી** ..... ૫૭


## સ્વાસ્થ્ય


- તમામ થકાન દૂર કરવા – મનગમતું સંગીત સાંભળીએ! ...**ડૉ. મિહિર એમ. વોરા** ..... ૫૮
- વારંવાર - લાંબા સમયનો થતો માથાનો દુખાવો : માઈગ્રેન – (૩) ...**ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**... . ૫૯
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**


## માહિતી


- ઊંચાઈ, વજન, કેલેરી તથા વિટામિન્સ ... ..... ૬૩


## સાંપ્રત મંચ


- સાંપ્રત પ્રશ્ન ...**સંકલન : હસમુખભાઈ મહેતા** ..... ૭૫


## વિવિધતા


- ટમ-ટમ તારલિયા ... .... ૬૫
- વર્તમાનપત્રને આધારે ... ..... ૬૮
- ગાંધીનગર ગાથા ...**શ્રીમતી વર્ષા જયંત મહેતા**..... ૭૫
- અન્ય સંસ્થાઓના સમાચાર ... ૭૬
- વતનના વાવડ ... **સંકલન : ભરત ઓઝા**.. . ૭૮
- પ્રતિભાવ ... ૮૦
- શબ્દ શોધ - ક્રમાંક : ૫૬ ...**પ્રદીપ જોશી**..... ૮૨


## મેઘધનુષ


- નોટું કુછેંતીયું ★ સુનામી જો સપાટો... **હરિદાસ કે. ઠક્કર 'હરિ'**..... ૮૩
- ભુજ શહેરનો સ્થાપના દિન...**મહાભાઈ આર. વોરા**..... ૮૩
- રોકડેંજી રામાયણ ★ ધોરો રણ ...**પ્રભુલાલ આર. સિધ્ધપુરા**..... ૮૪


## વિભાગ-૨ :-


- પરિવાર સમાચાર ... ૮૭
- સમાજ સમાચાર ... ૮૮
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ... ૮૯

તંત્રીલેખ

# ભારત દેશના કોમન મેનની આવતીકાલ

• અશોક મહેતા •

તા. ૬-૧૨-૨૦૧૬ના વર્તમાનપત્રોના સમાચાર મુજબ અત્યાર સુધી કરન્સીની મોટી નોટ્સ રૂા. ૧૫ લાખ કરોડની સામે ભારતની જનતા દ્વારા રૂા. ૧૨.૩ લાખ કરોડ બેન્કોમાં જમા કરાવી દેવામાં આવેલ છે અને હજુ આ યોજના અન્વયે ૨૫ દિવસની મુદત બાકી રહેતી હોવાથી બાકી રહેતી લગભગ રકમ બેન્કમાં જમા કરાવી દેવામાં આવે તેવી શક્યતા વધુ રહે છે. તેના પરથી એ ફલિત થઈ શકે છે કે ભારતમાં કાળું નાણું કરન્સી સ્વરૂપે છે જ નહીં અથવા તો લોકોએ તેના વિવિધ રીતે રસ્તા કાઢી, કાળાં નાણાંને સફેદ નાણાંમાં રૂપાંતરીત કરી, તે નાણાંને બેન્કમાં જમા કરાવી દીધેલ છે. કદાચ નકલી નોટો પણ જમા કરાવી દીધેલ છે. આ દૃષ્ટિએ સરકારની મોટી નોટોની કરન્સી બદલીની યોજના સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયેલ છે.

**એ દરમિયાન તા. ૨-૧૨-૨૦૧૬ના વર્તમાનપત્રમાં પ્રસારિત કરવામાં આવેલ અહેવાલોના હેડિંગ પર આપણે એક નજર ફેરવી લઈએ :**

★ આવકવેરાના દરોડામાં નવી નોટોનો સૌથી મોટો જથ્થો મળ્યો.
  બેંગાલુરુ, ચેન્નાઈમાંથી બે હજારની રૂા. ૪.૭ કરોડના મૂલ્યની નોટો જપ્ત.
  સામાન્ય માનવીને લાઈનમાં ઊભા રહીને નવી નોટ મળતી નથી ત્યારે એક જ વ્યક્તિ પાસે રૂા. ૫ કરોડની નવી નોટો ક્યાંથી આવી?

★ મોહાલીમાંથી ૪૨ લાખની રૂા. ૨૦૦૦ની નકલી નોટો સાથે ત્રણ પકડાયા.

★ ચેન્નાઇ ઍરપોર્ટ પરથી સાડા ચાર લાખની નવી નોટો લઈ જતો મુસાફર ઝડપાયો.

★ નોટબંધી પછી ગુજરાતમાં ચલણી નોટ્સ સાથે પકડાવાના ૧૧ કેસ.

★ નોટબંધી પછી ૨૨ દિવસમાં અમદાવાદના આવકવેરા ખાતાએ રૂા. ૫૧ કરોડની ચોરી પકડી.

★ નોટબંધી ફ્લેટ્સના ભાવમાં ૩૦થી ૩૫ ટકાનું ગાબડું.

**તા. ૩-૧૨-૨૦૧૬ના વર્તમાનપત્રોના કેટલાક હેડિંગ પર પણ નજર ફેરવી લઈએ :**

★ મહેશ શાહનું રૂા. ૧૩,૮૬૦ કરોડનું ડિસ્ક્લોઝર.

★ કર્ણાટકના બે સરકારી એન્જિનિયરો પાસેથી રૂા. ૧૫૨ કરોડનું કાળું નાણું ઝડપાયું.

★ કર્ણાટક સરકારમાં કાર્યરત બંને સિનિયર એન્જિનિયરોના ઘર – ઓફિસોમાંથી મળેલી બે હજારની નવી નોટોનો આંકડો રૂા. ૫.૭ કરોડે પહોંચ્યો.

વડાપ્રધાનશ્રીએ ૮મી નવેમ્બરના કરેલ કરન્સી નાબૂદીની જાહેરાતથી દેશભરમાં વાઇબ્રેશન આવી ગયેલ છે અને ચારે તરફ અફડાતફડી મચી ગયેલ છે. તેથી ઉપરોક્ત પ્રકારના સમાચારો લગભગ છેલ્લા એક મહિનાથી વર્તમાનપત્રોમાં આવતા રહે છે. કરન્સી નોટોની નાબૂદીના પગલે તેના વિશ્લેષણોમાં દેશ આખાના અર્થશાસ્ત્રીઓ અને તજજ્ઞો લાગી ગયા છે. કચ્છશ્રુતિના ચાલુ અંકમાં પણ અનેક તજજ્ઞોએ આ વિષયે પોતાના અભિપ્રાયો રજૂ કરેલ છે કે જે બંને તરફના દૃષ્ટિકોણથી અંદાજાયેલા છે. પરંતુ સામાન્ય માણસ આ પ્રત્યાઘાતો વાંચીને મુંઝાય છે કે વડાપ્રધાનશ્રી દ્વારા લેવામાં આવેલ પગલું વ્યાજબી ઠરશે કે નહીં?

આ તબક્કે તાજેતરમાં જ વર્તમાનપત્રમાં રજૂ થયેલ એક લેખ યાદ આવી જાય છે કે જે ખૂબ જ મર્મસ્પર્શી છે.

*બાદશાહ અકબર અને બીરબલની આ વાત છે. રાજ્યની તિજોરી ખાલી થઈ જાય છે. બાદશાહ અકબર ચિંતિત છે. બીરબલને બોલાવી વાત રજૂ કરે છે. બીરબલ તેના ઉપાય સ્વરૂપે ધનાશેઠને બોલાવવાની સૂચના આપે છે. ધનાશેઠે બાદશાહની વાત સાંભળી તેમની સમક્ષ ધનના કોથળા રજૂ કરી દીધા. રાજ્ય કરતા એક નાગરિક પાસે વધુ ધન હોય એ બાદશાહ અકબર સહન ના કરી શક્યા અને તેમણે ધના શેઠને તેના કારણો પૂછ્યા. ધના શેઠે ભ્રષ્ટાચાર, ભેળસેળ અને અન્ય રીતે કાળું ધન એકત્રિત કર્યાની કબૂલાત કરી. બાદશાહ ખૂબ જ ગરમ થઈ ગયા અને ધના શેઠને ઘોડારમાં ઘોડાઓની લાદ એકત્રિત કરવાની સજા કરી. થોડા વર્ષ પછી બાદશાહની તિજોરી ફરી ખાલી થઈ ગઈ અને બાદશાહે પોતાની મુંઝવણ ફરી બીરબલ સમક્ષ રજૂ કરી. બીરબલે ફરી ધના શેઠને બોલાવવા કહ્યું. બાદશાહના આશ્ચર્ય વચ્ચે ધના શેઠે ફરી ધનના કોથળા રજૂ કરી દીધા. બાદશાહને નવાઈ લાગી કે ઘોડાની લાદ એકત્રિત કરવાની જેને સજા કરી છે તે વ્યક્તિ આટલું ધન કઈ રીતે એકત્રિત કરી શકે? ધના શેઠે જવાબ આપ્યો કે ઘોડાની લાદના જથ્થા પરથી જ મને ખ્યાલ આવી ગયો હતો કે ઘોડાઓને ખાવાનું પૂરતું આપવામાં આવતું નથી. બાદશાહે મંજૂર કરેલ રકમ તેમની પાછળ પૂરેપૂરી વપરાતી નથી. માત્ર ૨૫-૩૦ ટકા જેટલી જ રકમ વપરાય છે અને બાકીની રકમની કટકી થઈ જાય છે. તેથી મેં સંબંધિત અધિકારીઓને બોલાવી તેમની આ વાત બહાર પાડવાની બીક બતાવી. ત્યારથી નિયમિતપણે મને હપ્તાની રકમ મળવા લાગી અને એ રકમ સંગ્રહિત કરી મેં આજે આપશ્રી સમક્ષ રજૂ કરેલ છે. ધના શેઠ પર બાદશાહ ખૂબ ગુસ્સે ભરાયા અને તેમને અત્યારથી પણ બદતર કામ એટલે કે સમુદ્ર કિનારે ઊભા રહી આખા દિવસમાં આવતા સમુદ્રના મોજા ગણવાની સજા કરી. ધના શેઠને તેની કોઈ અસર ના થઈ અને તે દરિયા કિનારે આવતા મોજા ગણવાના કામે લાગી ગયો. ખૂબ જ લડાઈઓના કારણે બાદશાહની તિજોરી ફરી ખાલી થઈ ગઈ. ફરી બીરબલને બોલાવવામાં આવ્યો. બીરબલે ફરી ધના શેઠને બોલાવવા જણાવ્યું. ધના શેઠ વાત સમજી ગયા. આ વખતે તેઓ ધનના કોથળા લઈને જ હાજર થયા અને બાદશાહના ચરણોમાં ધન રજૂ કર્યું. બાદશાહ તો આ જોઈને અવાક થઈ ગયા. ધના શેઠે ખુલાસો કર્યો કે આપે તો મને દરિયાના મોજા ગણવાનું કામ સોંપેલ હતું. ત્યાં પરદેશથી અનેક વહાણો પોતાનો માલ ઉતારવા કિનારે આવે છે. તેમના આવવાથી મોજા અવરોધાય છે અને ગણતરી થઈ શકતી નથી. મેં તેઓને બીક બતાવી કે બાદશાહે મને મોજા ગણવા અત્રે મોકલેલ છે અને આપ તેમાં ખલેલ પહોંચાડો છો તેથી બાદશાહનો હુકમ અવગણાય છે અને તેની હું બાદશાહ સમક્ષ ફરિયાદ કરીશ. નહીં તો તમારે કિનારે આવવું જ નહીં. વહાણના માલિકોને તેનાથી જબ્બર નુકસાન થતું હોવાથી તેઓએ મારી સાથે સુલેહ કરી અને મને હપ્તા બાંધી આપ્યા. એ બાંધેલ હપ્તાનું એકત્રિત કરેલ ધન મેં અત્યારે આપશ્રી સમક્ષ ઠાલવેલ છે. બાદશાહ તો ચક્કર ખાઈ ગયા!*

વાતનો સાર એ કે સરકાર ગમે તેવા કાયદા કરે પરંતુ કાળા બજારિયાઓ અને ભ્રષ્ટાચારીઓ તેમાંથી છીંડા બારી શોધી પોતાનો રસ્તો કાઢી લે છે અને કાળું નાણું મોટા પ્રમાણમાં એકત્રિત કર્યે જાય છે. પ્રશ્ન એ છે કે વડાપ્રધાને કરન્સી નાબૂદીની જાહેરાત તો કરી પરંતુ તે કાળા બજાર અને ભ્રષ્ટાચાર અટકાવી શકશે? જે રીતે બાદશાહ અકબર ચક્કર ખાઈ ગયા એ પરિસ્થિતિમાં છેલ્લા એક મહિનાના વ્યવહારોના તારણ સ્વરૂપે વડાપ્રધાનશ્રી ચક્કર નહીં ખાઈ જાય?

વડાપ્રધાનશ્રીના સ્વભાવથી ગુજરાત સુપેરે પરિચીત છે. કોઈ સંજોગોમાં તે પોતાની હાર માની શકશે નહીં! કરન્સી નાબૂદી પછી જમીન, ઝવેરાત વગેરે પર તેમની ત્રાટક નજર મંડાશે અને કોઈ પણ સંજોગોમાં ભ્રષ્ટાચારીઓને ફાવવા દેશે નહીં. સ્વભાવ મુજબ વડાપ્રધાનશ્રી તેનાથી પણ વધુ કડક પગલાં લેતા અચકાશે નહીં.

છેલ્લા ૭૦ વર્ષના ભારત દેશના ઈતિહાસમાં આ એક અજોડ બનાવ બની રહેલ છે અને દિવસો સુધી લાઈનમાં ઊભા રહીને પરેશાન થયા પછી પણ આ દેશનો કોમન મેન વડાપ્રધાનશ્રીના ગુણગાન ગાતો રહે છે કેમકે તેને આ પગલાંથી પોતાની આવતીકાલ ઉજ્જવળ દેખાય છે!

કોમન મેનની આવતીકાલ ઉજ્જવળ થશે કે નહીં તે બાબત આપણે અંધારામાં છીએ પરંતુ વડાપ્રધાનશ્રીના આ પગલાંથી તેમની અને તેમના પક્ષની આવતીકાલ ઉજ્જવળ થઈ જતી દીવા જેવી સ્પષ્ટ દેખાય છે!

કોમન મેનની આશા ઉજ્જવળ બને તેવું આપણે ઈચ્છીએ.

ત્યાં સુધી આપણે પણ ભાવિના ગર્ભની રાહ જોઈએ!

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

કરન્ટ ટોપિક

# ચલણી નોટ્સ અને બ્લેક મની

• રજૂઆત : અશોક મહેતા •

ભારતના સત્તાધારી પક્ષે વડા પ્રધાનની રાહબરી હેઠળ એક જબરદસ્ત અભિયાન હાથ પર લીધેલ છે. ચલણમાંની મોટી નોટ એટલે કે રૂા. ૫૦૦/- અને રૂા. ૧૦૦૦/-ની નોટ નાબૂદ કરી દીધેલ છે. તે માટે મુખ્યત્વે નીચે મુજબના કારણો આપવામાં આવેલ છેઃ

૧. નકલી નોટોને નાબૂદ કરવી.

૨. ભ્રષ્ટાચારની સામે લડત કરવી અને તેને નાબૂદ કરવા પ્રયાસ કરવા.

૩. બ્લેક મની નાબૂદ કરવા કોશિશ કરવી.

જ્યાં લગી નકલી નોટોને નાબૂદ કરવાનો સવાલ છે ત્યાં લગી ઉપરોક્ત પગલાં ખૂબ જ અસરકારક બની રહેશે. પરંતુ ભ્રષ્ટાચાર અને બ્લેક મનીનો પ્રશ્ન છે ત્યાં ઉપરોક્ત પગલાં અંગે કેટલાયે તજજ્ઞો સહમત થઈ શકતા નથી.

તેના કારણોમાં પ્રથમ કારણ એ છે કે આપણામાં દેશદાઝની ભાવના જોઈએ તેવી વિકસી શકેલ નથી. પરિણામે પોતાના અંગત સ્વાર્થના કારણે એક તરફ લાંચ આપીને લોકો દેશહિતના ભોગે પોતાના કામ કરાવી લે છે. સામે પક્ષે લાંચ લેનાર દેશના હિતોના ભોગે પોતાના ઘર ભરવામાં લાગી જાય છે. અન્ય કારણમાં રાજકીય પક્ષો જ વધુમાં વધુ ભ્રષ્ટાચાર અને બ્લેક મની ઉત્પન્ન કરવામાં રચ્યાપચ્યા રહે છે. **ચલણની નાબૂદી, એ આ રોગનો ઇલાજ નથી.**

વિશાળ દેશમાં રાજકીય પક્ષ ચલાવવો એ નાનું-સૂનું કામ નથી. પક્ષ ચલાવવા વર્ષે દહાડે કરોડો રૂપિયા જોઈએ અને ચૂંટણી આવે ત્યારે તો આ પક્ષોને લખલૂટ ખર્ચા કરવા પડે છે. રાજકીય પક્ષો આ નાણાં લાવે ક્યાંથી? આપણા કાયદા પ્રમાણે તેઓને કાયદેસર ડોનેશન જોઈએ તેટલા પ્રમાણમાં મળી શકતા નથી. તેથી આ ડોનેશન્સ તેઓ ચોપડે ન નોંધાયેલ ડોનેશન્સ તરીકે સ્વીકારે છે કે જેને બ્લેક મની કહી શકાય. મોટી રકમના બ્લેક મનીમાં ડોનેશન્સ આપનાર તો દેશસેવા કરવા બેઠા નથી. તેના બદલા સ્વરૂપે તે અનેક રીતે રાજકીય પક્ષોના નેતાઓ પાસેથી પોતાની તરફેણના નિર્ણયો લેવડાવે છે. જ્યારે રાજકીય પક્ષોના નેતાઓ અને સત્તાધારી પક્ષના હોદ્દેદારો તથા પ્રધાનો વગેરે આ પ્રકારના વ્યવહાર કરે છે ત્યારે **તેમને જોઈને તેમની હાથ નીચેના ઉચ્ચ અધિકારીઓ પણ બ્લેક મનીનો વ્યવહાર શીખી જાય છે અને મોટાભાગના ભારતીયમાં દેશદાઝની ભાવના ઓછી હોવાના કારણે તેઓ પોતાના ઘર ભરવાના કામે લાગી જાય છે. પરિણામે ભ્રષ્ટાચાર અને બ્લેક મની ફાલતા જાય છે.**

ચલણમાંની મોટી નોટો બંધ કરવી, એ તેનો ઇલાજ નથી. આજે કદાચ બ્લેક મની કે ભ્રષ્ટાચારમાં રૂકાવટ આવે પરંતુ નવી કરન્સીનો વ્યવહાર નિયમિત થઈ ગયા બાદ ભ્રષ્ટાચાર અને બ્લેક મનીનો વ્યવહાર નવી કરન્સીમાં ફરી ચાલુ થઈ જશે તેમાં કોઈ જ શક રહેતો નથી.

ભ્રષ્ટાચાર અને બ્લેક મની નાબૂદ કરવા આપણે ધરમૂળથી ફેરફાર કરવા જરૂરી છે.

શું એવા કાયદા ના બની શકે કે લોકોએ રાજકીય પક્ષોને જેટલા ડોનેશન્સ આપવાના હોય તેટલા કાયદેસર આપે. રાજકીય પક્ષોને વધુને વધુ ડોનેશન્સ મળી શકે તે માટે જે રીતે સામાજિક, ધાર્મિક જેવી સંસ્થાઓને કલમ-૮૦જી નો લાભ આપવામાં આવી છે એ રીતે રાજકીય પક્ષોને ડોનેશન્સ આપનારને પણ નવી કલમ બનાવીને તેનો લાભ આપવામાં આવે. તેના પરિણામે લોકો વધુને વધુ કાયદેસર ડોનેશન્સ આપવા પ્રેરાશે. અને ત્યારબાદ રાજકીય પક્ષો પણ જે લખલૂટ ખર્ચા કરે છે તેને પણ કાયદેસર માન્યતા આપવામાં આવે. (કોઈ તજજ્ઞ આ પ્રશ્ને વધુ વિગતવાર વિશ્લેષણ કરી શકે.)

તેના પરિણામે સત્તાધારી પક્ષ, પ્રધાનો તથા અન્ય હોદ્દેદારોને કાળા નાણાંની જરૂરિયાત રહે નહીં. પરિણામે આ બધા જ મહાનુભાવો એક તરફ નિયમિતપણે આગળ વધી શકે તો બાકી પ્રશ્ન રહે તેમની અંગત લાલસાનો. વિકલ્પ એ આવીને ઊભો રહે કે જેમને અંગત લાલસા ન હોય અને માત્ર સેવા કરવાની ભાવના હોય તેવા મહાનુભાવો કેન્દ્રમાં આવી જશે અને અન્ય મહાનુભાવોને ઘરે બેસી રહેવાનો વારો આવે.

**તેની અસર ઉચ્ચ કક્ષાના અધિકારીઓ પર અને ત્યાંથી દરેક લેવલના અન્ય અધિકારીઓ પર અને ત્યાંથી છેક પટ્ટાવાળા સુધી વરતાઈ આવે.**

ભ્રષ્ટ વ્યવહાર અને બ્લેક મની કદાચ આ રીતે મોટાભાગે કાબૂમાં આવી શકે.

**તેમ છતાં તજજ્ઞ મહાનુભાવોએ લખેલ નીચેના ત્રણ લેખોના ટૂંકસાર પર પણ થોડો દૃષ્ટિપાત કરી લઈએ.**

## ભારતની ચલણી નોટો વિશે

ભારતનો અત્યાર સુધી જે પણ વિકાસ થયો છે તેનું પ્રેરકબળ ભ્રષ્ટાચાર થકી તગડી કમાણી થાય તે જ રહ્યું છે. દેશની આબાદી કે સુખાકારીની ભાવના સાથે વિકાસ થયો છે તેવું ના માનશો.

દેશની કુલ આવકનો દેશની વસ્તી વડે ભાગાકાર કરતા જે આંક આવે તેને માથાદીઠ વાર્ષિક આવક (પર કેપિટા ઇન્કમ) કહેવાય. અમેરિકાની માથાદીઠ આવક ૫૫૩૮૬ ડોલર, બ્રિટનની ૪૧૧૫૮ ડોલર, ચીનની ૭૯૨૪ ડોલર, રશિયા ૯૦૫૭ ડોલર, કોરિયા ૨૭૨૨૧, જાપાનની ૩૨૪૭૨ ડોલર છે જેની સામે ભારતની માથાદીઠ આવક હજુ માંડ ૧૫૮૧ ડોલર પર પહોંચી છે. વિશ્વના ૧૬૪ દેશોની યાદીમાં ભારત પોતાની માથાદીઠ આવકની રીતે ૧૨૦મો ક્રમાંક ધરાવે છે.

હવે ટોચના દેશોનું સમૃધ્ધ અર્થતંત્ર છતાં ત્યાંની મોટામાં મોટી કરન્સીને જાણીએ.

અમેરિકામાં સૌથી મોટી કરન્સી ૧૦૦ ડોલરની નોટ છે અને અમેરિકાની માથાદીઠ આવક ૫૫૩૮૬ ડોલર છે. બ્રિટનની સૌથી મોટી કરન્સી ૫૦ પાઉન્ડની છે અને ત્યાંની માથાદીઠ આવક ૪૧૧૫૮ ડોલર છે. ભારતની સૌથી મોટી કરન્સી અત્યાર સુધી રૂા. ૧૦૦૦ ની હતી જે હવે રૂા. ૨૦૦૦ ની બનશે.

ભારતની માથાદીઠ આવક ૧૫૮૧ ડોલર એટલે કે રૂા. ૧૦૪૩૪૬ છે. હવે અમેરિકાને બેઝ લઈએ તો અમેરિકાની માથાદીઠ આવક ૫૫૩૮૬ ડોલર છે અને તેઓની મોટામાં મોટી કરન્સી ૧૦૦ ડોલર છે એટલે કે ૫૫૩૮૬ નો ૧૦૦ ડોલર વડે ભાગાકાર કરો તો ૫૫૩.૮૬ આવે. એટલે કે જો અમેરિકાના ૫૫૩૮૬ ડોલરે સૌથી મોટી કરન્સી નોટ ૧૦૦ ડોલરની છે તો ભારતના ૧૫૮૧ ડોલરે સૌથી વધુ કરન્સી કેટલી હોવી જોઈએ? જવાબ મળશે ૨.૮૫ ડોલર! અત્યારે ડોલરનો ભાવ ૧ ડૉલર બરાબર અંદાજે રૂ. ૬૬ થી ૬૭ વચ્ચે ચાલે છે તે જોતા ૨.૮૫ ડૉલર એટલે કે રૂ. ૧૯૦ કે રૂા. ૨૦૦ ની નોટ ભારત પાસે મોટામાં મોટી કરન્સી હોવી જોઈએ. અમેરિકા જો ભારત હોય તો રૂા. ૨૦૦ ની કરન્સી મોટામાં મોટી હોય. બ્રિટનથી માંડી ચીન કે ટોચના દેશોની મહત્તમ કરન્સી આ બેઝ પ્રમાણે રૂા. ૫૦૦ મહત્તમ છે. જ્યારે ભારતે આશ્ચર્યજનક રીતે રૂા. ૫૦૦ અને રૂા. ૨૦૦૦ની કરન્સી બહાર પાડવાનો નિર્ણય કર્યો છે. એટલે કે અમેરિકા કરતાં પણ જાણે ભારતનું અર્થતંત્ર વીસ ગણું મોટું હોય તેવી સ્થિતિ છે. ભારતે જો કાળા બજારને નાથવું હોય તો નાની નોટોના બંડલોના પ્રતિક સમાન ફૂગાવાની ઈમેજ બંધાય તેનો ડર ના રાખવો જોઈએ. ટોચના દેશોમાં ભારતની તુલનામાં મધ્યમ અને ઉચ્ચ મધ્યમ લેવલે ભ્રષ્ટાચારનો આંક નીચો હોવાનું કારણ નાની કરન્સીની નોટ જ છે. અમેરિકા, બ્રિટનના મોડેલ અને ફોરમેટ અનુસરી વધુમાં વધુ ત્રણ ડોલર જેટલા રૂપિયા એટલે રૂા. ૨૦૦ ની જ મહત્તમ કરન્સી રાખવી જોઈએ. અમેરિકા અને યુરોપીય દેશોમાં આથી જ મહત્તમ વ્યવહાર ઓનલાઈન કે કાર્ડથી જ થાય છે. ત્યાં નાણાકીય વ્યવહારમાંથી ગ્રાહકને પરત મળતા કોઈનનું પણ તેને મન મૂલ્ય હોય છે.

ટોચના દેશોમાં ૯૦ ટકા નાણાંકીય વ્યવહારો બેન્કિંગ સિસ્ટમથી થાય છે જે આંક ભારતમાં માંડ ૨૩ ટકા જ છે. ભારતમાં મોટી કરન્સીની નોટ હાથવગી હોય પછી બેન્કિંગ સિસ્ટમ અપનાવવાની ઉદાસીનતા જ જોવા મળે તે સ્વાભાવિક છે. મોટી નોટ જ બંધ કરી દો એટલે ભારતના ગ્રામીણ વિસ્તારો પણ બેન્કિંગ, ઓનલાઈન અને કાર્ડસ પદ્ધતિને અપનાવશે. માત્ર જનધનના ખાતા ખોલાવી દેવાથી પરિણામ નહીં મળે. અમેરિકાએ ૧૯૬૯માં મોટી કરન્સી પર પ્રતિબંધ લાદીને ૧૦૦ ડોલરની નોટ મહત્તમ ચલણ તરીકે રાખી છે. એક જમાનામાં અમેરિકામાં ૧૦૦ ડોલર, ૧૦૦૦ ડોલર, ૧૦૦૦૦ ડોલર અને ૧૦૦૦૦૦ ડોલરની કરન્સી હતી. હવે ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૫૦ અને ૧૦૦ ડોલરની જ કરન્સી ચલણમાં છે. ભારત તે રીતે સુપર પાવરનો પણ બાપ હોય તેમ તુલનાત્મક કરન્સી ધરાવે છે. અમેરિકામાં ગુનાખોરી, માફિયા, ડોન, ઑનર કિલિંગ, ડિફેન્સનાં બેનંબરી ધંધાએ માઝા મૂકી ત્યારે તત્કાલિન પ્રમુખ રીચર્ડ નિકસને બેન્કિંગ સિસ્ટમનું કલ્ચર વિકસાવતા મહત્તમ કરન્સી ૧૦૦ ડોલરની જ કરી નાંખતો નિર્ણય લીધો હતો. આપણે કાળાબજાર ઘટાડવા રૂા. ૧૦૦૦ ની જગાએ રૂા. ૨૦૦૦ ની નોટ દાખલ કરી છે!

## ભારતની કરન્સી નોટોની ગઈકાલ અને આજ

ભારતમાં કાળું નાણું એટલું બેહિસાબ છે કે એ કેટલું છે એનો સાચો અંદાજ પણ અસંભવ છે. પણ નિષ્ણાતોને મતે કુલ જીડીપી (કાચી રાષ્ટ્રીય પેદાશ) ઓછામાં ઓછા ૩૦% અને વધુમાં વધુ ૫૦% ઈકોનોમી બ્લેક મનીની છે. આ તોતિંગ આંકડો સહેજેય અબજો કરોડને પાર કરી જાય! એમાં જ ફુગાવો છે, ભાવવધારો, ભ્રષ્ટાચાર, ભૂખમરો છે.

પણ એમ ફોરેન બેન્કમાં પૈસા રેઢા નથી પડ્યા કે કોઈ ડોળા કકડાવીને લેતા આવે. પણ આપણે ત્યાં જ બ્લેક મનીની પેરેલેલ ઈકોનોમી છે કુલ જીડીપીના ફક્ત ૨૦% જ ગણીએ તો ય ભારતમાં ૩૦ લાખ કરોડનું કાળું નાણું છે, એવું સર્વેક્ષણ જુલાઈ ૨૦૧૬માં જ બહાર આવેલું. વડાપ્રધાને રાષ્ટ્રજોગ સંદેશમાં પણ કહ્યું તેમ બ્લેક મની વિના મકાનનો દસ્તાવેજ પણ શક્ય નથી. અરે, ધાર્મિક કાર્યક્રમો, એનઆરઆઈના હવાલા, બાર ડાન્સ, લગ્નના ભપકાદાર સમારંભો બધે બેનંબરીયો પૈસો જ ચિલ્લાઈ ચિલ્લાઈને ગાજી રહ્યો છે. પરદેશ કરતાં ભારતમાં વ્યાજદર ઊંચા છે, રિયલ એસ્ટેટ એટલી હદે મંદીમાં નથી. માટે બહાર સંગ્રહ થયેલ બ્લેક મની પણ બીજા-ત્રીજા રસ્તે ભારતમાં જ ધોળું થવા પાછું આવે છે. બીજું કારણ ત્રાસવાદ છે. બેઝીકલી, જેહાદી ત્રાસવાદનું નેટવર્ક પણ ફંડ વિના ચાલતું નથી. અને પાકિસ્તાને ૧૦૦ કરોડની નકલી નોટો કાશ્મીર બોર્ડરેથી ઘુસાડી હોવાના સમાચાર પણ થોડા સમય પહેલા ચમકેલા. **ભારતના અર્થતંત્રનું ૮૬% નાણું રિઝર્વ બેન્કના કહેવા મુજબ ૫૦૦-૧૦૦૦ ની નોટમાં છે.** સાડા સોળ અબજ ૫૦૦ રૂપિયાની નોટ અને ૬.૭ અબજ હજાર રૂપિયાની નૉટ! કારણકે એવી નોટૉ લેવડદેવડમાં લઈ જવી સહેલી છે. વજન ઓછું ને એક બેગમાં નાખી માણસ લઈ જાય. એટલે લાંચરૂશ્વતમાં એવા રોકડા વાપરવા આસાન રહે!

## બ્લેક મની બહાર આવી શકશે?

ભારતમાં નોટો રદ કરવાનું પગલું પહેલીવાર અંગ્રેજ સરકારે ૧૯૪૬માં ભર્યું હતું. બીજા વિશ્વયુદ્ધ પછી ફુગાવો વધ્યો ત્યારે બ્રિટિશ સરકારે રૂપિયા ૧૦૦૦ની નોટો રદ કરવાનો નિર્ણય લીધેલો.

એ સમયે ચલણમાં ૧૪૩ કરોડ રૂપિયા જેટલી એક હજાર રૂપિયાની નોટો હતી. સત્તાધીશો માનતા હતા કે આવડી મોટી રકમનું કાળું નાણું બહાર આવશે. પરંતુ માત્ર ૯ કરોડ રૂપિયા જેટલી રકમની નોટો બદલવા કોઈ આવ્યું નહોતું. ડિમોનેટાઈઝેશન (વિમુદ્ર કરણ) કરવાથી ઘણી મોટી રકમ (કાળું નાણું) ચલણમાંથી નાબૂદ થઈ જશે તે આશા હંમેશાં ઠગારી નીવડી છે.

મોરારજી દેસાઈની સરકારે ૧૯૭૭માં ૧૦૦૦ રૂપિયાની નોટ રદ કરી છતાં કાળા નાણાંની સમાંતર દુનિયા પર એની ખાસ અસર નહોતી થઈ.

અત્યારે એક રૂપિયાની કિંમત ૧૩ પૈસા જેટલી છે તેવું અર્થશાસ્ત્રીઓ કહે છે. આપણા દેશમાં દર વર્ષે ફુગાવો ૧૫ ટકા વધતો જાય છે. એટલે ભાવો દર પાંચ વર્ષે ડબલ થઈ જાય, વીસ વર્ષમાં ૧૬ ગણા અને ૭૦ના સરેરાશ આયુષ્ય દરમિયાન ભાવ ૧૦,૦૦૦ ગણા વધી જાય છે.

૭૦ના દાયકામાં સરકારે કાળાં નાણાંને નાથવા બેરર બોન્ડ બહાર પાડ્યા હતા. આ બોન્ડ ખરીદનારને તેઓ આ પૈસા ક્યાંથી લાવ્યા એ પૂછવામાં આવતું નહોતું. છતાં સરકારને માત્ર થોડા સેંકડો કરોડનું કાળું નાણું બહાર લાવવામાં સફળતા મળી હતી. ૮૦ ના દાયકામાં ૧૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચી લેવાઈ હતી. પરંતુ સરકારનું આ પગલું પણ ધારી સફળતા મેળવી શક્યું નહોતું. ૯૦ ના દાયકામાં સરકારે બે સ્વૈચ્છિક જાહેરાત યોજના (વોલન્ટરી ડિસક્લોઝર સ્કીમ) રજૂ કરી (છેલ્લી ૧૯૯૭) માં હતી. આ યોજનામાં સરકારને આશરે ૧૦,૦૦૦ કરોડનું કાળું નાણું બહાર લાવવામાં સફળતા મળી હતી.

આ પ્રકારની યોજનાને સો ટકા સફળતા મળતી નથી. તેનું એક કારણ એ છે કે કાળું નાણું માત્ર રોકડ રકમ રૂપે નથી હોતું. બ્લેક મનીનો ઉપયોગ સોનું, હીરા, જમીન, મકાન, બોન્ડસ, ડિબેન્ચર વગેરે ખરીદવા કરાતો હોય છે. ઘણી રકમ તો વિદેશોમાં બેન્ક ડિપોઝીટ રૂપે કે બીજા ધંધાદારી સોદામાં વપરાય છે.

દેશમાં હાલમાં ચલણમાં ફરતી નોટમાંથી ૭૯ ટકા નોટ રૂ. ૫૦૦ તથા રૂ. ૧૦૦૦ની મૂલ્યની છે એવો દાવો થયો છે ત્યારે બ્લેકમનીમાં મોટો ફરક પડે એવી શક્યતા નકારી શકાઈ નથી.

આમ, કાળા નાણાંના દૈત્યને ડામવા કડવો ઘૂંટ કોઈકે તો પીવો જ પડશે. સરકારે કમર કસીને પણ આ જલદ પગલું લીધું છે, જેથી અર્થતંત્રમાં વ્યાપી ગયેલી બદી થોડી ઘણી તો દૂર થશે એવી આશા તો ચોક્કસ રાખી શકાય. સરકાર અને રિઝર્વ બેંકનું આ ઐતિહાસિક કદમ અત્યારે તો લોકોમાં ય સરાહનીય બન્યું છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*બીજાએ શું કરવું તેનો ઉપદેશ આપનારા*
*પોતે શું કરવું તે કેમ વિચારતા નથી?*

WITH BEST COMPLIMENTS FROM

**FOKIA**

**FEDERATION OF KUTCH INDUSTRIES ASSOCIATIONS**

Company registered under section - 25

An authorized agency for issuance of the Certificate of Origin
(Non-Preferential),

For the goods manufactured and exported from
India vide Public Notice No. 25/(2015-2020)

## FEDERATION OF KUTCH INDUSTRIES ASSOCIATIONS

**BHUJ OFFICE :**
5th patel towers, near jaynagar bus stop,
Bhuj-mirzapar road, Bhuj, Kutch - 370001
Contact: +91 9925993819, 02832-230080/81
Mail : bhuj@fokia.org | bhuj1@fokia.org

**GANDHIDHAM OFFICE :**
Office no. 216, 2nd floor, siddhivinayak complex,
Near Rotary circle, ward no. 6, Gandhidham - 370201
Contact : +91 9727367514
Mail : gim1@fokia.org | gim2@fokia.org

**Visit us at: www.fokia.org**



# નોટબંધી થયા પછીના તારણો....

*ભારત સરકારે તા. ૮-૧૧-૨૦૧૬ની રાત્રિના લગભગ ૮.૦૦ કલાકે રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની ચલણી નોટ્સ રદ્દ કરવાની જાહેરાત કરી દીધી. આ જાહેરાતથી સામાન્ય જનજીવનમાં બીજા દિવસથી જ ગંભીર અસર જોવા મળી હતી.*

*કેન્દ્ર સરકારના આ પ્રકારના પગલાં પાછળ મુખ્યત્વે ત્રણ મુખ્ય કારણો જણાવાયા હતા : (૧) નકલી નોટો ચલણમાં ફરી રહી છે તેને નાબૂદ કરવા, (૨) દેશમાં મોટા પ્રમાણમાં ઊભું થયેલું કાળું નાણું દૂર કરવું, (૩) દેશમાં આતંકવાદીઓને મળતા બેનામી નાણાંનો સ્રોત બંધ કરવો.*

*ઉપરોક્ત જાહેરાત બાદ તા. ૧૦-૧૧-૨૦૧૬થી સમગ્ર ભારત દેશમાં પ્રથમ તો બેંકમાં નક્કી કરેલી મર્યાદામાં જૂની નોટો બદલાવવા, ખાતામાં જૂની નોટો જમા કરાવવા અને નવી નોટો મેળવવા માટે રાત-દિવસ અભૂતપૂર્વ કતારો જોવા મળી હતી. લોકોનો સામાન્ય વ્યવહાર લગભગ સદંતર રીતે ઠપ્પ થઈ ગયો. સમગ્ર જનજીવન તેનાથી ખૂબ પ્રભાવિત થયું. લોકોમાં ગભરાટ ઊભો થયો. ઉપરોક્ત જાહેરાતના બીજા - ત્રીજા દિવસથી લોકોને અનુભવ થયો કે સરકાર અને રિઝર્વ બેન્ક દેશની બેન્કોને નવી નોટોનો પુરવઠો આપવામાં તદ્દન નિષ્ફળ નીવડી છે અને તેના કારણે લોકોમાં દોડાદોડ થઈ ગઈ. કામધંધા મૂકીને બેંકોની લાઈનમાં કલાકો સુધી ઊભા રહ્યા. લોકોમાં વધુ ભયનું વાતાવરણ સર્જાયું. સારાય દેશમાં હલચલ મચી ગઈ. લોકો કેટલીય પ્રકારની વાતો અને ચર્ચામાં લાગી ગયા. નેટ, વૉટ્સ-અપ, ફેસબુક, મોબાઈલ પર વિવિધ રીતના સંદેશાઓની આપ-લે શરૂ થઈ ગઈ.*

*કેન્દ્ર સરકારના ઉપરોક્ત પગલાંથી દેશની અર્થવ્યવસ્થામાં સારો એવો સુધારો થયો. માર્કેટમાં ભાવ વધારો અંકુશમાં આવશે અને તેના પરિણામે ગરીબ અને સામાન્ય પ્રજાજનને પણ ફાયદો થશે તેવું લાગતું હતું પરંતુ ઉપરોક્ત જાહેરાતના પગલે શરૂથી જ વિપરીત સ્થિતિ ઊભી થઈ. આ કારણે સામાન્ય માનવીને શું તકલીફ થશે? બેન્કિંગ પ્રક્રિયા કેવી રીતે થશે? આ જાહેરાતના પરિણામે બેન્કો પોતાની કામગીરી આસાનીપૂર્વક કરી શકશે ખરી? આ પ્રકારના પ્રશ્નોનો વિચાર થયો હોય તેવું પ્રાથમિક દૃષ્ટિએ જણાયું નહીં. કોઈ ક્રાંતિકારક પગલું લેવાનું હોય ત્યારે તેનાં પરિણામે ઉદ્‌ભવતા પ્રશ્નોનો અગાઉથી જ વિચાર કરીને સંબંધિત વ્યવસ્થા ઊભી કરવી જરૂરી હોય છે. સરકારની ઉપરોક્ત જાહેરાત બાદ માત્ર થોડા સમયમાં જ જણાયું કે સરકારે સામાન્ય સ્થિતિનો અથવા તો લોકોના જનજીવનનો પૂરતો વિચાર કર્યા વિના જ આ પગલું લીધું છે. સામાન્ય પ્રજાજનને શું તકલીફ થશે તેનો વિચાર અગાઉથી જ કરવો જોઈએ. પ્રજાની હાલત 'છતે પૈસે ભિખારી' જેવી થઈ ગઈ. બેંકોએ સામાન્ય પ્રજાજનને જણાવ્યું કે સરકાર અને રિઝર્વ બેન્ક દ્વારા કરન્સીનો પૂરતો પુરવઠો મળતો નથી. લોકો કલાકો સુધી બેંકોની લાઈનમાં ઊભીને ત્રાસી ગયા. સરકારપક્ષે જરૂરી હોમવર્કના અભાવે તા. ૧૦-૧૧-૨૦૧૬થી સામાન્ય જનજીવનમાં અરાજકતા જોવા મળી હતી. સરકાર દ્વારા દરરોજ નવા સમીકરણો અને નવી - નવી જાહેરાત થઈ. ગરીબ વર્ગ, કારીગર વર્ગ, સામાન્ય લોકો, ખેડૂત વર્ગ વગેરે બેહાલ થઈ ગયા.*

*આ પ્રકારના માહોલમાં સામાન્ય પ્રજાજન અને અર્થતંત્રને ફાયદા - ગેરફાયદા – કઈ રીતે, ક્યારે અને કેવા પ્રકારના થશે? સરકારની જાહેરાતથી ઉદ્‌ભવેલ પ્રક્રિયાનો ખ્યાલ કરીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના તંત્રીમંડળ - પરિવારને જણાયું કે આ વિષયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અર્થશાસ્ત્ર, ફાઈનાન્સ વગેરે વિષયના તજજ્ઞ, ઍડવોકેટ્સનો અભિપ્રાય મેળવીને વાચકવર્ગ માટે રજૂ કરીએ જેથી કરીને લોકો તેનાં બધા પાસાં જાણી શકે. એ રીતે લેખ દ્વારા પોતાના મૂલ્યવાન વિચારો સામાન્ય પ્રજાના હિતાર્થે મોકલી આપવા લેખકશ્રીઓને તાત્કાલિક આમંત્રિત કરવામાં આવ્યા. અમને હર્ષ ઉપજે છે કે અમારા આ આમંત્રણનો સ્વીકાર કરીને તજજ્ઞશ્રીઓએ પોતાની દૈનિક કામગીરીની વચ્ચે ઉપરોક્ત વિષયે લેખ લખીને તુર્ત જ અમને મોકલાવી આપ્યા હતા. તેઓશ્રીઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.*

*આ બધા લેખો એક વિશેષાંક તરીકે અત્રે પ્રકાશિત કરવા અમે આપની સમક્ષ ઉપસ્થિત થયા છીએ. અપેક્ષા છે કે અમારો પ્રયોગ વાચકવર્ગને પસંદ પડશે. આ સંબંધી વાચકવર્ગનના પ્રતિભાવની અપેક્ષા રાખીએ છીએ.*

**– તંત્રી મંડળ**

ચલણી નોટ્સ નાબૂદી

# ચલણ નાબૂદીના પ્રશ્ને શ્રી મહેન્દ્રભાઇ મોરબિયાનો ઇન્ટરવ્યુ



*શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાને ચલણી નોટોની નાબૂદી વિશે તેમના પ્રતિભાવ આપતો લેખ અન્ય આમંત્રિત લેખકશ્રીઓની માફક મોકલી આપવા 'કચ્છશ્રુતિ'ના તંત્રી મંડળ વતી અપીલ કરવામાં આવી. તેમના પ્રતિભાવ વિશે તેમણે જણાવ્યું કે હાલે તેમના ભાગે દોડાદોડી પુષ્કળ રહે છે અને કામનો બોજો પણ સતતપણે ચાલુ ને ચાલુ રહે છે. તેથી શાંતિથી વિચારીને 'કચ્છશ્રુતિ' માટે સમયસર લેખ લખી આપવો શક્ય નહીં બને. હા, આપણે અડધો કલાક સાથે બેસી શકીએ. તમે પ્રશ્નો પૂછતા જાવ, હું તેના જવાબ આપતો જાઉં.*

*બીજે દિવસે બપોરના ૧૨ વાગે ફોન કરી મળવાનું નક્કી કર્યું. પરંતુ દિવસ દરમિયાન શક્ય ના બનતાં છેક રાત્રે ૧૧ વાગે સાથે બેઠા અને રાત્રે ૧૨ વાગે છૂટા પડ્યા. બીજે દિવસે સવારમાં ૭ વાગે તો તેમને અમદાવાદ છોડી અન્યત્ર જવાનું હતું.*

*આ પરિસ્થિતિમાં શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાએ 'કચ્છશ્રુતિ' માટે સમય ફાળવી પૂરેપૂરી હમદર્દી દાખવી તે બદલ 'કચ્છશ્રુતિ' તેમનું આભારી છે.*

*શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા પોતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને તેઓ ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેન્ક લિમિટેડ (B.M.C.B.)ના ફાઉન્ડર ચેરમેન છે. તેઓ આ બેન્ક સાથે લાંબા સમયથી પૂરેપૂરા સંકળાયેલા છે.*

*બેન્કિંગ ક્ષેત્રના તેઓ નિષ્ણાત હોવાથી ચલણ નાબૂદીના પ્રશ્ને હાલે કેન્દ્ર સરકારે જે પગલાં લીધા છે તેના લેખાજોખા તેઓએ આપણી સમક્ષ રજૂ કર્યા છે.*

*– તંત્રી મંડળ*

## વિભાગ-૧

**પ્રશ્ન** *ચલણી નોટો નાબૂદ કરવાના ત્રણ કારણો આપવામાં આવ્યા છે : નકલી નોટો, ભ્રષ્ટાચાર અને બ્લેક મની. જ્યાં લગી પ્રથમ કારણનો સવાલ છે ત્યાં લગી બધા સહમત થઈ શકે. પરંતુ બાકીના બે કારણો વિશે આપશ્રીની શું માન્યતા છે?*

**જવાબ** જ્યાં લગી બ્લેક મનીના ચલણનો સવાલ છે ત્યાં લગી આ પગલું સહાયભૂત નીવડશે અને તેના માટે આ યોગ્ય પગલું છે. પરંતુ ભ્રષ્ટાચાર માટે ઘણા બધા કારણો છે. તેને કરન્સી સાથે ડાયરેક્ટ સંબંધ નથી. તેનાથી ભ્રષ્ટાચાર દૂર થાય તેવું ના કહી શકાય. કદાચ થોડેઝાઝે અંશે મદદરૂપ બની શકે અને આ પગલાંથી ભ્રષ્ટાચારીઓને તકલીફ ચોક્કસ થાય છે.

**પ્રશ્ન** *ભ્રષ્ટાચાર અને બ્લેક મનીની ગંગોત્રી શું માનો છો?*

**જવાબ** તેના માટે ઘણા બધા કારણો છે. ચૂંટણી પ્રથા, કાયદાઓ, હાઈ ટેક્ષેશન, મોરાલિટી, મેન્ટાલિટી, સ્વાર્થ વગેરેને ગણાવી શકાય.

**પ્રશ્ન** *તેને નાબૂદ કરવાના કોઈ ઈલાજ?*

**જવાબ** કાયદાઓનો અમલ કડકાઈથી થવો જોઈએ. ન્યાયાલયમાં ચુકાદા ઝડપી આવવા જોઈએ. દોષિતોને જેલ સુધીની સજા થવી જોઈએ. તો જ આ દેશમાં ભ્રષ્ટાચાર અને બ્લેક મની નાબૂદ થઈ શકે. કરન્સી નાબૂદી પણ તેમાંનો એક યોગ્ય ઈલાજ છે.

**પ્રશ્ન** *ભારતની જનતામાં દેશદાઝની ભાવના ન હોવાના શું કારણો હોઈ શકે?*

**જવાબ** ભારતની જનતામાં દેશદાઝની ભાવના નથી તેવું ના કહી શકાય. આઝાદી વખતે આપણે સહુએ તે અનુભવેલી છે. પાકિસ્તાન સાથેના યુદ્ધના સમયે પણ આપણે તે અનુભવતા આવ્યા છીએ. ભ્રષ્ટાચારના સમાચારો બહાર આવે ત્યારે જનતા ઉકળી ઉઠે છે. સવાલ એટલો જ છે કે પેઢી દર પેઢી તે ઘટતી જાય છે.

**પ્રશ્ન** *દેશમાં કાળા નાણાં પેદા કરનારમાં વધુમાં વધુ ફાળો*

*સી.એ. નો નથી હોતો?*

**જવાબ** ચોક્કસપણે તેના માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોને જવાબદાર ના ગણી શકાય. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કાયદેસર રીતે ટેક્ષ કઈ રીતે બચાવાય તેના પ્લાનિંગ કરી આપે છે. ટેક્ષ ચોરી નથી કરાવતા.

**પ્રશ્ન** *ભ્રષ્ટાચારની નાબૂદી માટે યોગ્ય પગલાં શું ભરી શકાય?*

**જવાબ** ભ્રષ્ટાચારની નાબૂદી માટે કાયદા ઘડનાર અને કાયદાના અમલ કરનાર વચ્ચે કો-ઓર્ડિનેશન હોવું ખૂબ જ જરૂરી છે. આપણે ત્યાં તેની ઉણપ દેખાય છે. અન્ય કારણમાં કોર્ટમાં ચુકાદો આવતાં વર્ષો નીકળી જાય છે. ત્યાં લગી તો સંબંધિતોની પરિસ્થિતિ પણ બદલાઈ ચૂકેલી હોય છે. આ પ્રકારના કેસોના ચુકાદાઓ ઝડપી આવવા જોઈએ. તો જ તે અસરકારક સાબિત થઈ શકે.

**પ્રશ્ન** *નવી કરન્સી થાળે પડી ગયા પછી ફરી ભ્રષ્ટાચાર અને બ્લેક મનીની બોલબાલા શરૂ નહીં થાય? આપશ્રીનું શું માનવું છે?*

**જવાબ** ભ્રષ્ટાચાર અને બ્લેક મનીની બોલબાલા તો રહેશે પરંતુ શરૂના વર્ષોમાં તે મંદ પડી જશે.

**પ્રશ્ન** *જેમની પાસે બ્લેક મની મોટા પ્રમાણમાં છે તેની વિગતોની હજુ સુધી પેપરમાં જાહેરાત થયેલ ન હોતાં શું આ પગલું નિષ્ફળ ગયેલ છે તેમ ના માની શકાય?*

**જવાબ** ચોક્કસપણે તેવું ન માની શકાય. ધીરે ધીરે તેની અસરો પણ દેખાવા લાગશે.

**પ્રશ્ન** *અનુભવે સમજાય છે કે બ્લેક મની કરન્સીમાં હોવાના બદલે એસ્ટેટ, ઝવેરાતમાં વગેરે રોકાયેલ હશે. તેથી કરન્સી બદલવામાં સરકાર ગોથું નથી ખાઈ ગઈ?*

**જવાબ** જી ના, સરકાર બિલકુલ ગોથું ખાઈ ગયેલ નથી. આ તેનું પ્રથમ પગલું છે. હું માનું છું કે આના પછી એસ્ટેટ વગેરે માટે બીજા પગલાંઓ આવશે.

**પ્રશ્ન** *એસ્ટેટ, ઝવેરાત વગેરેના બ્લેક મની પકડી પાડવા શું પગલાં લેવા જોઈએ?*

**જવાબ** એસ્ટેટની ખરીદીમાં બેનામી પ્રથા હાલે અનેક જગ્યાએ અમલમાં છે. જમીનો વગેરે અન્યોના નામે લેવાય છે. તેને દૂર કરવા બેનામી સંપત્તિને અસર કરે તેવો કાયદો આવી શકે છે તથા જંત્રી રેઈટ પણ બજારભાવ જેટલા થઈ જવાની શક્યતા છે.

**પ્રશ્ન** *રાજકીય પક્ષો બ્લેક મનીની નાબૂદી માટે કેમ આગળ આવતા નથી?*

**જવાબ** રાજકીય પક્ષોને પક્ષ ચલાવવા તથા ચૂંટણી જીતવા સારો એવો પૈસો જોઈએ છે. આ બધા ખર્ચના પૈસા કાયદેસર આવતા નથી અને અત્યારના કાયદા પ્રમાણે તેઓ કાયદેસર ખર્ચ કરી શકતા નથી. તેથી તેઓને બેનામી નાણું જોઈએ જ છે.

**પ્રશ્ન** *નકલી નોટોની નાબૂદી માટે ચલણમાંની મોટી નોટોની નાબૂદી સિવાય બીજા શું પગલાં લઈ શકાય?*

**જવાબ** નકલી નોટો ફેરવવા જે ચેનલ કામ કરે છે તે ચેનલ પર ત્રાટકી તેને અટકાવી શકાય.

**પ્રશ્ન** *છેલ્લા ૧૫ દિવસમાં કાશ્મીરમાં આતંકવાદ ઠંડો પડેલ જે દેખાય છે તેને અને મોટી નોટોની ચલણમાંથી નાબૂદીને કોઈ સંબંધ ખરો?*

**જવાબ** સંબંધ હોઈ શકે છે. ૫૦૦-૧૦૦૦ની નોટો રદ્દ થતાં આ તત્ત્વો પાસે કરન્સી જ રહી નથી. તેથી સ્વાભાવિકપણે તેની અસર તો થવાની જ.

**પ્રશ્ન** *મોટી નોટોની નાબૂદીની સામે આવતા દિવસોમાં જે પાંચ રાજ્યોમાં ચૂંટણી આવવાની છે તેનાથી મની પાવરમાં ભાજપને કોઈ લાભ ખરો?*

**જવાબ** તેનાથી ભાજપને ચોક્કસપણે લાભ થશે. બ્લેક મનીની નાબૂદીનો કાયદો ભાજપ તરફથી આવેલ છે. કાયદાના અમલ અગાઉ તેમણે પોતાનો રસ્તો ચોક્કસપણે કાઢી લીધેલ હશે.

**પ્રશ્ન** *ચલણ નાબૂદીના ૧૫ દિવસના વ્યવહારો બાદ આ પ્રશ્ને આપશ્રીનું તારણ શું કહે છે?*

**જવાબ** ચલણ નાબૂદીના જે પગલા લેવામાં આવ્યા તે ખૂબ જ યોગ્ય અને સારા છે. પરંતુ નવી કરન્સીની વ્યવસ્થામાં રિઝર્વ બેન્ક ઉણી ઊતરી છે. પરિસ્થિતિ સાથે તેના પગલા સુસંગત નથી. તેથી જનતાને ખૂબ જ હાલાકી ભોગવવી પડી છે.

## વિભાગ-૨

**પ્રશ્ન** *ભારત સરકાર દ્વારા તા. ૮-૧૧-૨૦૧૬ની રાત્રિના રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની ચલણી નોટ રદ્દ*

*થયેલી જાહેરાત કરવામાં આવી. ભારતનાં વર્તમાન વાતાવરણને ધ્યાનમાં લેતાં તે પગલું વ્યાજબી કહી શકાય? વ્યાજબી હોય કે ગેરવ્યાજબી – તેના કારણો બતાવી શકશો?*

**જવાબ** હા, વ્યાજબી છે. ચલણી નોટ નાબૂદીના કારણોમાં બ્લેક મનીની નાબૂદી, નકલી નોટોની નાબૂદી અને આતંકવાદને નાથવાનું ગણી શકાય.

**પ્રશ્ન** *ઉપરોક્ત જાહેરાત અગાઉ અને ત્યારબાદ સરકારશ્રી અને રીઝર્વ બેન્ક દ્વારા જરૂરી પૂરતા પગલાં લેવામાં આવ્યા હતા? ખાસ કરીને રદ્દ થયેલ નોટને બદલી કરવા અથવા તો ડિપોઝીટ કરવા અંગે?*

**જવાબ** એવું દેખાય છે કે રીઝર્વ બેન્ક દ્વારા પૂરતા પગલાં લેવામાં આવેલ નથી અને તેના કારણે જનતા પરેશાન થઈ રહી છે.

**પ્રશ્ન** *સરકાર અને રીઝર્વ બેન્ક દ્વારા નોટ્સ બદલી અને ડિપોઝીટ કરવા સંબંધે દરરોજ નીત નવી જાહેરાતો થઈ રહી છે. આને યોગ્ય કહી શકાય? શું કારણ?*

**જવાબ** તેને યોગ્ય ન કહી શકાય. નીત નવી જાહેરાત એટલા માટે કરવામાં આવે છે કે પરિસ્થિતિનો જોઈએ તેવો અભ્યાસ અગાઉથી થયેલ દેખાતો નથી.

**પ્રશ્ન** *બચત ખાતા ધારકને અઠવાડિયે રૂા. ૨૪,૦૦૦/-ની ઉપાડ કરવાની છૂટ આપવામાં આવી હોવા છતાંય બચત ખાતા ધારકને પૂરા રૂા. ૨૪,૦૦૦/-નો ઉપાડ કરવા દેવાની સ્થિતિમાં બેન્કો નથી. ખાતા ધારકોના પોતાના પૈસા પોતાને સમયસર મળતા નથી. આને કેવી સ્થિતિ કહી શકાય? જાહેર ક્ષેત્રની એક બેન્કના ઉચ્ચ અધિકારી તરીકે આપનું શું મંતવ્ય છે?*

**જવાબ** આ પરિસ્થિતિ યોગ્ય નથી. બહુ ખરાબ છે તેવું પણ કહી શકાય. આમ છતાં, આવી પરિસ્થિતિમાં પણ કચ્છની બેન્કોની વાત કરીએ તો ભુજ મર્કેન્ટાઈલ બેન્કે દૂરંદેશી વાપરીને ખાતેદારો માટે પૂરતી નવી કરન્સીની વ્યવસ્થા કરી છે અને આજે પણ અવિરતપણે રૂા. ૨૪,૦૦૦/- કે રૂા. ૫૦,૦૦૦/-નું પેમેન્ટ કરી રહી છે.

**પ્રશ્ન** *રીઝર્વ બેન્ક તરફથી ચલણી નોટ્સ ઉપરાંત રૂા. ૧૦૦ અને રૂા. ૫૦ની ચલણી નોટ્સનો પૂરતો પુરવઠો હવે આપવામાં નહીં આવે તો બેન્કિંગ વ્યવહારો ઉપર કેવી અસર થશે? બેન્કિંગ વ્યવહારો ખોરવાઈ જવાની સંભાવના ખરી?*

**જવાબ** બેન્કિંગ વ્યવહાર ખોરવાઈ જવાની સંભાવના પૂરેપૂરી રહેવા પામેલ છે. પરંતુ ધીરે ધીરે લોકો ચેકથી વ્યવહારો કરતા થઈ જશે કે જે સરકારશ્રી ઇચ્છે છે.

**પ્રશ્ન** *ઉપરોક્ત સ્થિતિમાં સામાન્ય પ્રજાજનને પોતાની રોજીરોટી ગુમાવીને બેન્કોમાંથી પૈસા લેવાની લાઈનમાં જ સમય ગુમાવવો પડી રહ્યો છે. લોકોની આ પ્રકારની હાલાકી દૂર કરવા તમારું કાંઈ નક્કર સૂચન કે ઉપાય ખરા?*

**જવાબ** લોકોની હાલાકી દૂર કરવા ડિસ્ટ્રીબ્યુશનની ચેનલોને વ્યવસ્થિત રીતે કાર્યરત કરવી પડે અને કરન્સી નોટોનો સપ્લાય જરૂરિયાત મુજબની માત્રામાં જળવાવો જોઇએ.

**પ્રશ્ન** *લોકોએ કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે - શારીરિક શ્રમ ઉઠાવવો પડે - તેવા સંજોગોમાં કથિત મૃત્યુ પણ થાય. આવી સ્થિતિ અથવા તો લોકોની હાડમારી દૂર કરવા એવું કેમ ના થઈ શકે કે લોકોને લાઈન વિના બેન્કમાં એક કાઉન્ટર ઉપરથી બેન્કના રબ્બર સ્ટેમ્પવાળા + સહીવાળા પેપર ટોકન આપવામાં આવે – જે સગવડ થાય એટલા, એટલે કે ૫૦ / ૧૦૦ / ૨૦૦ જેટલા ટોકન આપવામાં આવે અને તેઓ બીજા દિવસ દરમિયાન કોઈપણ સમયે બેન્કમાં આવીને પોતાનું કામ કરી જાય. આ રીતે દરરોજ બીજા દિવસ માટે ટોકન ઈસ્યુ કરવામાં આવે તો લોકોને લાઈનમાં ઊભા રહેવું પડે નહીં અને લોકો તેમજ બેન્ક સ્ટાફને સગવડતા રહે. આવી દરખાસ્ત કેમ અમલમાં મૂકાઈ નથી?*

**જવાબ** આપશ્રીનું સૂચન ખૂબ જ યોગ્ય છે. BMCB બેન્કમાં આ પ્રકારની નીતિ જ અખત્યાર કરેલ હતી. અન્ય બેન્કો પણ આ પ્રથાનું અનુકરણ કરી શકી હોત.

**પ્રશ્ન** *ગુજરાત રાજ્યની વાત કરીએ તો રાજ્યના કેટલાક જિલ્લાઓની સહકારી બેન્કોને રિઝર્વ બેન્કની સુચના મુજબ જૂની અને રદ્દ કરી દેવામાં આવેલી રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની ચલણી નોટ્સ જમા લેવાની કામગીરી કરવાની મનાઈ થઈ છે. પરંતુ જિલ્લા સહકારી બેન્કના ખેડૂત ખાતેદારો પાસે અન્ય કોઈ બેન્કમાં ખાતા ન હોવાથી અને વર્તમાન સંજોગોમાં*

*બેન્કો નવા ખાતા ખોલી આપતી નથી. આ કારણે ખેડૂતોને પૈસા ભરવામાં તકલીફ પડી રહી છે. આ સ્થિતિ ખેડૂતો માટે અન્યાયકર્તા છે. આવું કેમ? તેનો ઉપાય શું?*

**જવાબ** ‘પાડાના વાંકે પખાલીને ડામ’ આપવા જેવી હકીકત બની છે. અયોગ્ય કાર્યો જિલ્લા સહકારી બેન્કના અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યા અને તેની અસર તેના ખાતેદારો પર પડી રહેલ છે. તેના ઉપાય તરીકે ખાતેદારોએ સરકારમાં રજૂઆત કરીને જિલ્લા બેન્કોને કામગીરી કરવા દેવાની પરમિશન અપાવવા પ્રયાસ કરવા પડે. અન્યથા તેઓએ પોસ્ટ ઓફિસ કે અન્ય બેન્કોમાં પોતાના ખાતા ખોલાવવા પડે.

**પ્રશ્ન** *આર.બી.આઈ. એક્ટ અંતર્ગત સરકારે નવી નોટો બહાર પાડતા પહેલાં એક જાહેરનામું જારી કરવું જરૂરી હોય છે. આ અંગે સ્પષ્ટતા કરી શકાશે?*

**જવાબ** આ નિર્ણય કેબિનેટની મીટિંગમાં લેવાયેલ હતો. તેથી આર.બી.આઈ.એ જાહેરનામું બહાર પાડવાની જરૂરિયાત રહેતી નથી.

**પ્રશ્ન** *નોટબંધી બાદ ઈ-કોમર્સ વેબસાઈટ પે-ટીમ નો વ્યાપાર વધી ગયો છે કેમકે આ વેબસાઈટ ઓનલાઈન બીલ ચૂકવણીથી લઈને અનેક પ્રકારની ઓનલાઈન સેવા આપે છે. આ પ્રથા કેટલા અંશે યોગ્ય છે? આનાથી લોકો અને બેન્કિંગ સિસ્ટમ ઉપર કેવી અસર થશે?*

**જવાબ** આ પ્રથા યોગ્ય જ છે અને તેની અસરો સારી પડશે. આ પ્રથાના કારણે આપણે કેશલેસ ઈકોનોમિ તરફ આગળ વધી શકીશું.

**પ્રશ્ન** *નોટબંધી મુદ્દે દેશભરમાં સામાન્ય પ્રજાજન પરેશાન થઈ રહ્યા છે અને વેપાર ઉદ્યોગને પણ ફટકો પડ્યો છે. વેપારીઓ પાસે નવી ચલણી નોટો ન હોવાથી બેન્કિંગની નિયમિત કામગીરી ઠપ્પ થઈ છે અથવા તો મોટા પાયા પર અસર થઈ છે. આ સાચું છે?*

**જવાબ** મહદ્ અંશે આ હકીકત સાચી છે, but let us support Govt. by moving towards cash-less economy.

*સી.એ. મહેન્દ્ર એચ. મોરબિયાનું સરનામું*
*ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ફાઉન્ડર ચેરમેન*
*ધ ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લિ., ભુજ, કચ્છ*
*મો. ૯૬૩૮૩ ૦૮૪૩૨*

## EVALUATING DEMONETIZATION

**(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

12. The informal sector or the unorganized sector which accounts for 45% of India’s GDP and nearly 80 % of employment will get connected to the banking sector and derive all benefits from the latter.
13. Permanent rise in tax-to-GDP ratio to a new normal. This will increase the income of the government. With increased income it will become possible to spend more money on infrastructure which will enhance long term productivity of our country and thereby reinforce increased GDP growth.
14. Redistribution of wealth from the rich to the poor through various welfare schemes due to increased tax collections. Long term inequality likely to decrease substantially.
15. Decline in anti-social activities of all sorts (drugs, crime) including terrorism.

According to me the most beneficial long-term impact of demonetization is going to be in the nature of changing habits, behavior and attitudes of people towards using cash and corruption. People will by habit and attitude prefer to be honest and transact in credit rather than cash. It may take a decade or more for all these effects to unfold.

All these need to be read with a word of caution that if people use their ingenuity to find means to subjugate government’s moves to curb the problem of black money then the effects may not unfold exactly in the fashion as described above. Demonetization may succeed in addressing the problem of black money from its stock dimension but it cannot be expected to change morals of the society at large in a much bigger way.

For now, it can definitely be said that Narendra Modi has been successful in infusing ‘fear psychosis’ among the corrupt and black money hoarders. Till he is the in the seat of PM it for sure that these unscrupulous elements will either put down their weapons or prefer to play safe.

***Assistant Professor & Head – Department of Economics***
***New L.J. Commerce College, Ahmedabad***
***E-mail : kkseconomics@yahoo.com***

ચલણી નોટ્સ નાબૂદી

# EVALUATING DEMONETIZATION

• Ketan K. Shah •

*Asstt. Professor, Deptt. of Economics at New L.J. Commerce College - Ahmedabad*



*૪૦ વર્ષીય લેખક પ્રો. શ્રી કેતન શાહ લાંબા સમયથી શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. હાલે તેઓશ્રી અમદાવાદ ખાતેની ન્યુ એલ.જે. કોમર્સ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તથા ઈકોનોમિ વિભાગના મુખ્ય સંચાલક તરીકે કાર્યરત છે. તે સાથે છેલ્લા ૧૬ વર્ષથી જુદા જુદા પ્રોગ્રામ જેવા કે બી.કોમ., બી.બી.એ., એમ.કોમ., સી.એફ.એ, સી.એફ.પી., સી.પી.ટી (સી.એ ફાઉન્ડેશન), સી.એસ્ટ ફાઉન્ડેશન, સી.ડબલ્યુ.એ. ફાઉન્ડેશન, ઈગ્નૂ, એમ.બી.એ વગેરેનો ટીચિંગ અનુભવ ધરાવે છે. તે સિવાય હાલમાં ગુજરાત યુનિવર્સિટીમાં ઈ-કોન્ટેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં એક નિષ્ણાત તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. સાહિત્ય ક્ષેત્રે પણ તેઓશ્રી ઊંડો રસ ધરાવે છે અને રાષ્ટ્રીય સ્તરના અખબારોમાં તેમના અત્યાર સુધી લગભગ ૫૦ પત્રો પ્રકાશિત થઈ ચૂક્યા છે. વિભાગીય અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રકાશિત થતાં ઈકોનોમિ જર્નલ્સમાં તેમના ઘણા સંશોધક પેપર્સ પણ પ્રકાશિત થતા હોય છે.*

*– તંત્રી મંડળ*

The date 8th November 2016 will go down in the economic and financial history of independent India as the date on which a very bold step was taken by the incumbent government, at its own peril, to address the chronic problem of corruption. On this date the Prime Minister Shri Narendra Modi announced demonetization of Rs. 500 and Rs. 1000 rupee notes with immediate effect.

Generally demonetization is undertaken to solve the problems of inflation, corruption and fake currency. In our case the intention of introducing this drastic measure was to tackle the growing menace of corruption. Narendra Modi has hit many birds (problems) with one stone (demonetization) - corruption, fake currency, naxalism, terrorism, etc.

From the political dimension, Narendra Modi has also fulfilled one of the most important promises to the electorate given during the 2014 general election campaign - eradicating corruption from the veins of Indian polity and society. So from many angles the move is being dubbed by political analysts as a master stroke.

To begin with one needs to take note of the following two most important features of Indian economy as a backdrop to demonetization:

(i) The cash to GDP ratio in India is around 12 % which is three to four times higher than that of a developing nation.

(ii) Estimates for black money in India range anywhere from 20 % to 70 % of the GDP which translates into the range of Rs.30 lakh crore to Rs. 90 lakh crore.

There are many who favor the step taken by the PM but at the same time criticize the government for ill-preparedness which has caused great hardship to the common man after the measure came into force. Here lies the catch. One needs to understand that the very success of demonetization depends on its secrecy. If government had started preparing for it even a fortnight in advance, it is impossible to imagine that the move could not have been anticipated by many in this era of social media and real time connectedness and the very purpose of demonetization would have got defeated. The government deserves absolute applause for keeping it a big secret till the last minute. One comic message doing rounds on whatsapp reads thus - 'Was it that Modi was not prepared or was it that Modi did not give time to the public to prepare'?

It speaks a lot for all those who are frustrated by this surprise move of the PM.

## SHORT TERM EFFECTS OF DEMONETIZATION :

In the short to medium-term, following effects can be expected:

1. Cash crunch leading to chaos and pain, especially in rural areas where it will take some time to make the necessary arrangements for exchange and issuance of new currency notes.
2. Adoption of barter (goods exchanged for goods) techniques to facilitate exchange in rural areas in the absence of sufficient cash.
3. GDP growth (economic growth) is likely to decline for the next two quarters (half a year) as many economic activities have either completely come to a halt or have slowed down. This is true for those sectors characterized by high cash transactions. Micro, Small and Medium Enterprises (MSMEs) have been the hardest hit. Transportation, real estate, automobiles, consumer durables and jewellery are other sectors which fall in this category.
4. Tax-to-GDP ratio is likely to increase as people are revealing their hidden income and will have to pay tax and/or penalty on the black money which was hoarded hitherto.
5. Fiscal deficit (difference between government's expenditure and income) is likely to come down as the government will find itself flushed with funds.
6. Government is planning to divert the income so earned for the welfare of the poor through various schemes. This will bring about a redistribution of wealth from the rich to the poor and marginally decrease inequality.
7. Demand for e-transactions (through e-wallets like Paytm, itzcash etc.) will increase.

## LONG TERM EFFECTS OF DEMONETIZATION :

In the long term, assuming that government sustains its efforts to curb the menace of corruption by implementing complementing measures in other areas as well, the following can be expected:

1. Corruption likely to decrease.
2. Upgrading of Indian economy by international rating agencies and hence increase in our global goodwill.
3. FDI (Foreign Direct Investment) and foreign investment of all types likely to increase.
4. Increase in international value of Indian rupee in foreign exchange markets (brought about by reduced inflation and increased GDP growth rate).
5. Prices of real estate will go down (the extent of decline is really difficult to predict).
6. Overall price level as measured by CPI (Consumer Price Index) or WPI (Wholesale Price Index) also expected to decrease (this is due to the fact that bribe paid by businessmen to bureaucrats for various permissions becomes an inherent unofficial part of the cost of production in India. After fall in corruption levels this proportion of cost too should decline).
7. Prices of precious metals like gold and silver should also decline as not many will have unlimited cash to invest in these metals.
8. GDP growth will increase as the transactions which hitherto went unrecorded will now appear in books of account.
9. Number of bank accounts will increase and more people will start going to banks and use banking facilities. This is nothing but achieving the goal of financial inclusion. Many transactions will now be routed through banks.
10. Due to increased use of banks for deposits, it would be possible for the banks to lower lending interest rates which is expected to increase borrowing and give a boost to economic activities.
11. Cash to credit ratio will decrease as people start using internet banking or mobile banking or e-wallets to make payments. We will fast move towards cashless economy making the dream of DIGITAL INDIA a reality.

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫ ઉપર)

ચલણી નોટ્સ નાબૂદી

# કેન્દ્ર સરકારનો તઘલખી નિર્ણય

• ડૉ. યાસીન દલાલ •



*લેખકશ્રીનો જન્મ ઉપલેટા ખાતે તા. ૯-૧-૧૯૪૪ના રોજ થયો હતો. તેમણે બી.એ. સુધીનું શિક્ષણ ઉપલેટામાં મેળવ્યું. ત્યારબાદ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાંથી તેમણે અંગ્રેજી સાથે એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૮૧માં તેઓ "સૌરાષ્ટ્રનાં અખબારોનો ઈતિહાસ" મહાનિબંધ લખીને પીએચ.ડી. થયા.*

*શ્રી દલાલને નાનપણથી જ પત્રકારત્વનો શોખ છે. આઠમા ધોરણમાં હતા ત્યારે તેમણે હસ્તલિખિત માસિક ચલાવેલું. તેમણે એમ.એ.નો અભ્યાસ કરતી વખતે 'ફૂલછાબ'માં "માધુકરી" વિષય સંભાળ્યો હતો. "સુકાની"માં પણ થોડો વખત સહાયક તંત્રી તરીકે કામ કર્યું હતું. ૧૯૬૮માં "પાન" નામનું એક માસિક પણ શરૂ કરેલું. હાલ તેઓ "સૌજન્ય માધુરી" નામના માસિકનું સંપાદન કરે છે.*

*૧૯૭૩માં તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વ. અમૃતલાલ શેઠ પત્રકારત્વ ભવનમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. ૧૯૮૧થી ૨૦૦૬ સુધી તેમણે આ ભવનના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવી હતી. એમણે પત્રકારત્વ અને જાહેર માધ્યમને લગતા ૭૦ પુસ્તકો લખ્યાં છે અને વિષદ્ સંશોધનો કર્યા છે. તાજેતરમાં જ "સૌરાષ્ટ્રમાં રજવાડી શાસન દરમિયાન અખબારોની ભૂમિકા" વિશે સંશોધન પૂરું કર્યું છે.*

*એમણે દસેક વાર વિદેશ પ્રવાસ કર્યા છે અને જુદી જુદી આંતરરાષ્ટ્રીય પરિષદોમાં તથા ફિલ્મ મહોત્સવોમાં ભાગ લીધો છે. એમના પુસ્તકોને સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિકો મળ્યા છે. ગુજરાત સરકારનું શ્રેષ્ઠ ગ્રામીણ પત્રકારત્વનું પારિતોષિક તથા ગુજરાત દૈનિક અખબાર સંઘનું શ્રેષ્ઠ કટાર લેખનનું પારિતોષિક પણ એમને મળ્યું છે. એમની નવલકથા "સંશયાત્મા" તાજેતરમાં જ પ્રગટ થઈ છે, જેમાં એમની રેશનાલિસ્ટ વિચારધારા દેખાય છે.*

*– તંત્રી મંડળ*

આખરે કેન્દ્ર સરકારે કાળું નાણું બહાર લાવવાની યોજના જાહેર કરી દીધી છે. પ્રજા એને માટે બિલકુલ તૈયાર નહોતી. પરિણામે આ લખાય છે ત્યાં સુધી બેંકો અને એ.ટી.એમ. ઉપર લાંબી લાઈનો લાગે છે. ક્યાંક તો રાતના ચાર વાગ્યાથી લાઈનો શરૂ થઈ જાય છે તો ક્યાંક નાના ગામમાં રાતના બારથી લાઈન લાગવા માંડે છે. લોકોને ચા-પાણી પણ નથી મળતા પછી જમવાની તો વાત જ ક્યાં? અત્યાર સુધી આવી ધક્કામુક્કીમાં કુલ ૭૫ જેટલા માણસો માર્યા ગયા છે પણ સરકાર કે એના મંત્રીઓ કે સાંસદોના પેટનું પાણી હલતું નથી. **આ બધા શહીદો જ ગણાય. એમને અંજલી તો આપવી જ જોઈએ.** એટલું જ નહીં પણ એમને વળતર પણ આપવું જોઈએ. પણ અત્યાર સુધી એવી કોઈ જાહેરાત થઈ નથી.

ખુદ પ્રધાનમંત્રીએ પોતે ટી.વી. પર આવીને આની જાહેરાત કરી અને કહ્યું કે આજે રાતના ૧૨ વાગ્યા સુધી જ પાંચસો અને હજારની જૂની નોટો સ્વીકારાશે. લોકો હાંફળાફાંફળા બનીને દોડ્યા પણ પછી ખ્યાલ આવ્યો કે આ જાહેરાત અધૂરી છે. વિગત એવી હતી કે શરૂઆતમાં લોકોને મહિને રૂા. ૪,૦૦૦/- જ મળશે. બીજે મહિને રૂા. ૨૦,૦૦૦/- મળશે પણ લાઈનમાં ઉભા રહ્યા પછી ખબર પડી કે બેંકો પાસે પૈસા જ નહોતા. એ.ટી.એમ.માં પણ ક્યાંય પૂરતું નાણું નહોતું. **આમ પૂરતી તૈયારી વિના સરકારે આવું મહત્ત્વનું પગલું કેમ ભર્યું એ રહસ્યનો વિષય છે.** મૂળ વાત એમ છે કે શ્રી મોદીએ વડાપ્રધાન બનતા પહેલાં જે ચૂંટણી પ્રચાર કર્યો એમાં કેટલાક વચનો આપ્યા હતા. એમાંનું એક વચન એ હતું કે દેશનું અબજોનું નાણું સ્વિસ બેંકમાં ફસાયેલું છે. **મારી સરકાર એ બધું જ નાણું દેશમાં લઈ આવશે અને દેશના દરેક નાગરિકના ખાતામાં પંદર લાખની રોકડ જમા થઈ જશે.** અઢી વરસ થયા પણ આ વચન પૂરું નથી થયું એટલે દેશની પ્રજાનું ધ્યાન બીજે દોરવવા આ જાહેરાતનું નાટક થયું છે એમ ઘણા કહે છે. પંદર લાખ જમા

થવાને બદલે લોકોને પોતાની પરસેવાની કમાણીના પૈસા પાછા પણ નથી મળતા. એમાં પણ સરકાર દરરોજ નવા નિયમો બનાવે છે. પહેલા ચાર હજારની મર્યાદા હતી તે વધારીને પિસ્તાલીસસો કરવામાં આવી અને **એ પછી ઘટાડીને પાછી બે હજાર કરી નાખવામાં આવી. આમ આ બધા નિર્ણયો તઘલખી છે.** અને અત્યારના નાણાપ્રધાન શ્રી જેટલી જાડી ચામડીના છે કે બિલકુલ હસતાં હસતાં કહે છે લોકોને કોઈ તકલીફ નથી પડી. પ્રજાએ આ નિર્ણયને આવકાર્યો છે. કેટલીક ચેનલો ઉપર લોકોની કતારો દેખાય છે પણ એમાં અતિશયોક્તિ છે. થોડા દિવસમાં બધું થાળે પડી જશે. બીજી બાજું વડાપ્રધાને કહ્યું કે મને હજી ૫૦ દિવસ આપો. મતલબ કે હજી પૂરા બે મહિના લોકોએ યાતના ભોગવવાની છે. સંસદમાં વિરોધપક્ષોએ કહ્યું કે વડાપ્રધાન પોતે કેમ હાજર રહેતા નથી? પણ જેટલીએ નફ્ફટાઈથી કહ્યું કે વડાપ્રધાન હાજર નહીં રહે. મતલબ કે વડાપ્રધાનને સંસદની ગરીમાની કોઈ ચિંતા જ નથી. ગુજરાતમાં પણ તેઓ વિધાનસભામાં હાજર રહેતા નહોતા. ઘરે બેસીને ટી.વી. ઉપર ગૃહની કાર્યવાહી જોતા રહેતા. પણ પ્રશ્ન થાય છે કે નોટો રદ કરવાની જાહેરાત નાણાંપ્રધાને કરવી જોઈએ અથવા નાણાં સચિવે કરવી જોઈએ. **એને બદલે વડાપ્રધાને પોતે કરી. જો પોતે કરી હોય તો સંસદમાં પોતે હાજર પણ રહેવું જોઈએ.** એને બદલે પોતે દિલ્હીમાં જ પ્રેસ કાઉન્સિલની બેઠકમાં ભાગ લેતા હતા.

આમ જોઈએ તો નોટો રદ થવાનું આ પગલું પહેલીવાર નથી લેવાયું. અગાઉ મોરારજી દેસાઈની સરકાર હતી ત્યારે પણ નોટો રદ થઈ જ હતી. પણ એ પગલું નિષ્ફળ ગયું હતું. એનાથી કાળું નાણું બહાર આવ્યું પણ એનો કુલ સરવાળો અત્યંત ઓછો હતો. ઉપરાંત ત્યારની સરકારે આજના જેવા છબરડા નહોતા વાળ્યા. પૂરતી તૈયારી કરી હતી. **મોરારજી દેસાઈ નાણાકીય બાબતોમાં પણ મહારથી હતા. પણ એમની ગણતરી પણ ફાવી નહીં ત્યાં આજની અણઘડ સરકાર ક્યાંથી ફાવે?**

ઈતિહાસ જોઈએ તો ૧૯૩૫માં કલકત્તામાં રિઝર્વ બેન્કનું કામ શરૂ થયું હતું. ૧૯૩૮માં એણે પહેલીવાર નોટો બહાર પાડેલી જે રૂા. ૫/-ની હતી અને ઉપર રાજા જ્યોર્જ પાંચમાની તસવીર છપાઈ હતી. એ પછી એ જ વરસે રૂા. ૧૦/-ની નોટ છપાઈ અને એ જ વરસે જૂનમાં રૂા. ૧,૦૦૦/-ની અને રૂા. ૧૦,૦૦૦/-ની નોટ બહાર પડેલી. આઝાદી પછી ૧૯૪૯માં ભારત સરકારે એક રૂપિયાની નવી ડિઝાઈનની નોટો કાઢી. **૧૯૫૩માં પહેલીવાર નોટ ઉપર હિન્દીમાં લખાણ શરૂ થયું.** એ વખતે રૂપિયા એકની નોટમાં ‘રુપયા’ અને તેનાથી મોટી નોટમાં ‘રુપયે’ લખવામાં આવતું. ૧૯૫૪માં રૂા. ૧,૦૦૦/-ની નોટ ફરી શરૂ થઈ અને રૂા. ૫,૦૦૦/- તથા રૂા. ૧૦,૦૦૦/-ની નોટ પણ બહાર પડી. ૧૯૬૭માં નોટના કદમાં ઘટાડો કરાયો. ૧૯૬૯માં મહાત્મા ગાંધીની જન્મ શતાબ્દી વખતે પહેલીવાર નોટોની સિરિઝ પર સેવાગ્રામ આશ્રમમાં એમની બેઠેલી તસવીર છપાઈ. ૧૯૭૨માં રૂા. ૨૦/-ની નોટ બજારમાં આવી અને ૧૯૭૫માં રૂા. ૫૦/-ની નોટ બહાર પડાઈ. ૧૯૭૮માં મોરારજી સરકારે રૂા. ૧૦૦/-ની નોટ રદ કરી. ૧૯૮૦માં લોકોને નવા પ્રકારની નોટ મળી. રૂા. ૨/-ની નોટ પર આર્યભટ્ટ તેમજ રૂા. ૧/-ની નોટ પર ઓઈલ રીંગ અને રૂા. ૫/-ની નોટ પર ખેતીનું યંત્ર છપાયું. રૂા. ૧૦/- અને રૂા. ૨૦/-ની નોટ પર ભારતીય કલાના જુદા જુદા રૂપ રજૂ થયા. ૧૯૮૭ના ઓક્ટોબરમાં લોકોની ખરીદ શક્તિ વધારવા રૂા. ૫૦૦/-ની નોટ રજૂ થઈ જેની ઉપર ગાંધીજીની તસવીર હતી અને વોટર માર્ક ઉપર સિંહ અને અશોક સ્તંભ હતો. ૧૯૯૬માં સુરક્ષાના નવા ધોરણો સાથે ગાંધી સિરિઝની નવી નોટો શરૂ થઈ. જેમાં વોટર માર્ક બદલવામાં આવ્યા અને સિક્યોરીટી થ્રેડ ઉમેરવામાં આવ્યું. ૨૦૦૦માં બીજી વખત રૂા. ૧,૦૦૦/-ની નવી નોટ બહાર પડાઈ. **પેપર કરન્સી છાપવાની શરૂઆત ૧૮મી સદીમાં થઈ હતી.** સૌથી પહેલા બેંક ઓફ બંગાલ, બેંક ઓફ બોમ્બે અને બેંક ઓફ મદ્રાસ જેવી બેંકો નોટો છાપતી. આ બધી બેંકોએ ૧૮૬૧ પછી નોટો છાપવાનો બધો અધિકાર ભારત સરકારને આપી દીધો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના સુધી ભારત સરકાર એ છાપતી હતી. એ પછી રિઝર્વ બેંકે જવાબદારી સંભાળી.

જૂની નોટોનું શું થશે એ પ્રશ્ન કોઈને થાય તો જવાબ એ છે કે પૂંઠા અને પેપર બોર્ડ બનાવવાના કામમાં આવશે. નોટની તપાસ થશે, એના નંબર રજિસ્ટર થશે, ખરાબ નોટોને ડિસ્પોઝ કરવામાં આવશે. સીવીપીસી હેઠળ અસલી અને નકલી નોટની ઓળખ થશે. આ સિસ્ટમની શરૂઆત આપણે ત્યાં ૨૦૦૩માં થઈ ગઈ હતી. રિઝર્વ બેંકના ગવર્નર શ્રી વિમલ જાલાને એની શરૂઆત કરી હતી. પ્રત્યક્ષ સીવીપીસી એક કલાકમાં ૫૦થી ૬૦ હજાર નોટ તપાસી શકે છે. એ પછી સારી અને ખરાબ નોટને અલગ પાડવામાં આવે છે. પછી એને અલગ સિસ્ટમમાં મોકલી દેવાય છે. આ પછી ઈંટમાં એને બદલી નખાય છે. આ પ્રક્રિયા પર્યાવરણને અનુકૂળ હોય છે. એનો ઈંટના ઉદ્યોગમાં ઈંધણ તરીકે પણ ઉપયોગ થાય છે. પેપર બોર્ડ તૈયાર કરવામાં પણ એ વપરાય છે. અત્યારે દેશમાં નવ હજાર ૨૬ કરોડ નોટની સંખ્યા છે. તેમાંથી ૨૨૦૩ કરોડ નોટ પાંચસો અને હજારની છે. ૨૧૧ કરોડના સિક્કા

દેશમાં છે જેમાં ૨૪% પાંચસો અને હજારની નોટ ચલણમાં છે. ૪૫% નોટ પાંચસોની છે અને ૩૯% નોટ એક હજારની છે. બાકીની ૫૩% દસ અને સોની છે.

દરમિયાન બધા વિરોધ પક્ષોએ એક અવાજે આ પગલાંની આકરી ટીકા કરી છે. મમતા બેનરજી અને અરવિંદ કેજરીવાલ એમાં મોખરે છે. એ લોકો પોતાના પક્ષના બધા સભ્યોની રેલી કાઢીને રાષ્ટ્રપતિને મળી આવ્યા અને આ પગલું પાછું ખેંચવાની માંગણી કરી. મમતા બેનરજીએ એના માટે ત્રણ દિવસની મહેતલ પણ આપી. આ લોકો રિઝર્વ બેંકની ઓફિસ ઉપર પણ જઈ આવ્યા. રિઝર્વ બેંકના એક અધિકારી બહાર આવીને ખુલાસો કરી ગયા પણ એ પૂરતો નહોતો. મમતાનો પ્રશ્ન એ હતો કે નોટો પૂરતી નહોતી તો આ જાહેરાતમાં ઉતાવળ શા માટે કરી? શ્રી જેટલી હજી સુધી કહે છે કે સરકાર પાસે પૂરતી નોટો છે. પ્રશ્ન છે કે જો આમ હોય તો દેશમાં કેમ પહોંચતી નથી. ૫૦૦ની નોટો ઘણાં દિવસો બાદ પહોંચી અને ૧૦૦૦ની નોટને બદલે ૨૦૦૦ની નોટ શા માટે છાપી? ચિદમ્બરમ કહે છે કે આવી નોટો છાપવાની રિઝર્વ બેંકે પણ ના પાડી હતી. ૨૦૦૦ની નોટ છાપવી જ હોય તો સાથે ૧૦૦૦ની પણ છાપવી જોઈએ. સંસદમાં આ પ્રશ્ને ધમાલ થઈ. કોંગ્રેસના શ્રી આનંદ શર્માએ કહ્યું કે **શું અમે ભીખારી છીએ કે અમારી બચત બેંકમાંથી કાઢવા માટે અમારે બેંકોને ભાઈસાબ - બાપા કરવા પડે?** એમણે અને બીજા સભ્યોએ ખાસ કરીને શ્રી સીતારામ યેચૂરીએ અનેક પ્રશ્ન ઊભા કર્યા જેનો જવાબ સરકાર પાસે હતો જ નહીં.

આમ આદમી પાર્ટીના શ્રી અરવિંદ કેજરીવાલના જણાવ્યા મુજબ આમાં ૮૦૦ કરોડ રૂપિયાનો ગોટાળો થયો છે. એમના કહેવા મુજબ જ્યારે જ્યારે કરન્સી રદ થાય છે ત્યારે ૧૫થી ૨૦% રકમ વધે છે જે લોકો પાસે જ ક્યાંકને ક્યાંક પડેલી હોય છે. આ રકમ બતાવીને સરકાર કહેશે કે અમે આટલું કાળું નાણું પકડી પાડ્યું. પણ આ એક જુઠાણું છે. ભૂતપૂર્વ સાંસદ અને મંત્રી શ્રી અરુણ શૌરીએ પણ કહ્યું કે **સરકારનું આ ઉતાવળિયું અને અવિચારી પગલું છે.**

એમણે એમ પણ કહ્યું કે લોકો કાળું નાણું ગાદલા નીચે સંતાડતા નથી પણ ક્યાંક સલામત જગ્યાએ રોકી દે છે. સ્વિટ્ઝરલેન્ડ ઉપરાંત મોરેશિયસ અને પનામા નામના દેશોમાં અબજોનું કાળું નાણું બેંકોમાં પડેલું છે. આપણે ત્યાં એવી બેંકો નથી પણ આ ત્રણ દેશોમાં છે. ઉપરાંત જનધન યોજનામાં સંખ્યાબંધ લોકોએ પોતાનું કાળું નાણું રોકેલું છે. સહકારી બેંકોને આ ઉપાડમાંથી બાકાત રખાઈ છે. સહકારી બેંકોના ગ્રાહકો મોટેભાગે ગામડાંના હોય છે અને આ બેંકોમાંથી ઉપાડ બંધ હોવાથી ગામડાંના ખેડૂતોની દશા કફોડી થઈ છે. એમની પાસે બિયારણ કે જંતુનાશક દવાના પૈસા નથી. પરિણામે ખેતીના પાકને પણ નુકસાન થવાનો ભય છે. **દેશભરમાં માર્કેટ યાર્ડો ૧૦-૧૨ દિવસથી બંધ છે.** એમાં હરરાજી થતી નથી. પરિણામે વેપાર ઉદ્યોગને માઠી અસર થઈ છે. આમ એકંદરે દેશનું ચિત્ર ખરાબ છે.

*સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

## ડિમોનિટાઈઝેશનની પ્રક્રિયા

**(અનુસંધાન : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)**

કરેલ સો ટકા વધારાને કારણે એ શક્યતા પણ હવે ધૂંધળી થતી દેખાય છે. મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગોમાંથી મુખ્યત્વે મોટા અને મધ્યમ ઉદ્યોગો પર ડિ-મોનિટાઈઝેશનની અસરો હાલ તુરંત બહુ દેખાતી નથી. પરંતુ વિવિધ અર્થશાસ્ત્રી અને દુનિયાની વિવિધ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટે કરેલી આગાહી પ્રમાણે આવતા બે વર્ષમાં GDP લગભગ ૨% નીચો જવાની શક્યતા રહેલી છે અને **આ કારણે ઉદ્યોગ અને વ્યાપાર પર નકારાત્મક અસર થઈ શકે છે.**

સમગ્ર રીતે જોવા જઈએ તો ડિ-મોનિટાઈઝેશનનું પગલું સાહસિક છે પણ ધાર્યા પરિણામો લાવી શકશે કે કેમ તેનો ઉત્તર તો સમય જ આપી શકશે.

રાજકીય રીતે જોવા જઈએ તો ભ્રષ્ટાચાર સામેની લડાઈને કારણે જેનો જન્મ થયો તેવી આમ આદમી પાર્ટીએ ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંની નાબૂદી માટે ઝુંબેશ શરૂ કરી ભારતીય રાજકારણમાં એક નવું પરિમાણ ઉમેર્યું. ઉત્સાહજનક વાત એ છે કે જનતાએ પણ તેમને આ મુદ્દે ટેકો આપી અને દિલ્હીની સત્તા આપી. તે પછી સત્તામાં રહેલ અને મોટો જનાધાર ધરાવનાર ભારતીય જનતા પાર્ટીના કદાવર નેતા માનનીય નરેન્દ્રભાઈએ પણ કાળાં નાણાં અને ભ્રષ્ટાચાર સામેની લડાઈ માટે ગમે તે હદે જઈ શકવા સુધીની તૈયારીઓ બતાવી. આશા રાખીએ કે વધુ ને વધુ રાજકીય પક્ષો આ મુદ્દે એકમત થાય અને પરિણામલક્ષી અભિગમ અપનાવે તો ભારતની જનતા માટે સોનાનો સૂરજ ઉગી શકે છે.

*કમ્ફર્ટ ઇન્સ્ટાપાવર લિમિટેડ,*
*૧૨-બી, આશ્રમ બંગ્લોઝ, યશ કોમ્પ્લેક્સની પાછળ,*
*જી.ઈ.આર.આઈ. કમ્પાઉન્ડ રોડ, ગોત્રી, વડોદરા-૩૯૦ ૦૨૧.*
*મો. ૯૮૨૫૨ ૨૫૮૬૨*

ચલણી નોટ્સ નાબૂદી

# કાળું નાણું અને તેનો કાળો કકળાટ...

● નવીન જોશી - ન્યુઝ એડિટર (કચ્છમિત્ર - ભુજ) ●



*શ્રી નવીનભાઈ જોશી હાલે ભુજથી પ્રકાશિત થતાં 'કચ્છમિત્ર'ના ન્યુઝ એડિટર છે. તેમને ૨૫ વર્ષનો જર્નાલિઝમનો અનુભવ છે. નીત નવા ન્યુઝ મેળવવા તેઓ ચારે દિશાઓમાં દોડતા હોય છે. જનતા સાથેના રોજબરોજના વ્યવહારથી તેમની વિચારસરણી જનતાને અનુલક્ષીને સ્પષ્ટપણે બંધાયેલ છે. ગુજરાતના દૈનિક અખબાર સંઘ - અમદાવાદનો વર્ષ ૨૦૦૪માં 'શ્રેષ્ઠ પત્રકાર' એવોર્ડ તેમને પ્રાપ્ત થયેલ હતો. કચ્છમાં પત્રકાર ક્ષેત્રે એક જ એવોર્ડ – ફૂલશંકર પટ્ટણી એવોર્ડ તેમને કચ્છના ૨૦૦૧ના ભૂકંપ પછી ભ્રષ્ટાચાર વિશે જે લેખો લખીને તલસ્પર્શી રજૂઆત કરેલ તેના અનુસંધાને પ્રાપ્ત થયેલ હતો.* **– તંત્રી મંડળ**

આઝાદી પૂર્વે ૧૯૩૫માં પશ્ચિમ બંગાળના કલકત્તામાં રિઝર્વ બેન્કનું મુખ્ય મથક હતું અને ૧૯૩૮માં રિઝર્વ બેન્કે સૌપ્રથમ વખત ચલણી નોટ છાપીને બહાર પાડી. સર્વપ્રથમ કરન્સી નોટ રૂા. પાંચના દરની હતી અને તેના પર રાજા જ્યોર્જ પંચમની તસવીર હતી. ૧૯૩૮માં જ રૂા. ૧૦ અને એક હજાર તથા ૧૦ હજારની નોટ છપાઈ ત્યારે દેશમાં અંગ્રેજો સામેની લડાઈનો માહોલ હતો. જનમાનસ પર એક જ વાત હતી આઝાદી જોઈએ. આખો દેશ એ લડતમાં સામેલ હતો. રાષ્ટ્રીય સ્તરથી માંડીને ગામ - કસ્બા શેરી સુધીના નેતાઓ આ લડાઈની આગેવાની લઈને જુસ્સો, ઝનુન વધારતા હતા. બરોબર ૭૮ વર્ષ પછી રિઝર્વ બેન્ક દ્વારા બહાર પાડવામાં આવેલી રૂા. ૫૦૦ અને ૧ હજારના દરની ચલણી નોટ બંધ કરવામાં આવી અને ૮મી નવેમ્બરના રાતના ૧૨ વાગ્યાથી કાળા નાણાં સામેની લડાઈમાં દેશે ઝુકાવ્યું. ઝુકાવ્યું કે ઝુકાવવું પડ્યું એ વળી અલગ વિષય થઈ જશે પણ આજે જ્યારે નોટબંધીનો નિર્ણય લેવાઇ ગયો અને તેની અસરો પણ જોવા મળી ત્યારે બીજું બધું ભૂલીને એક વાત સાથે તો સૌ કોઈ સહમત થશે જ, કે જે રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રભાવના, દેશદાઝ, ૭૮ વર્ષ પહેલાં હતાં તેમાં રતીભાર પણ ખોટ, ઓટ આવી નથી. વાતે વાતે વાંકું બોલતા વિપક્ષો હોય, વડાપ્રધાનના પ્રખર ટીકાકાર હોય, શિક્ષિત હોય કે અશિક્ષિત હોય, **કોઈપણ જણ કાળાં નાણાં સામેના આ પગલાંથી અસહમત નથી.** સૌ કોઈ કહે છે કે, આ જે થયું તે રાષ્ટ્રહિતમાં થયું... પણ કાળાં નાણાં સિવાય કોઈપણ કારણ જ નહોતું કે આમ એકાએક ચલણ પર રોક અને બચત પર પ્રતિબંધ મુકાય. વિપક્ષનો વિરોધ પૂરતી તૈયારી નથી કરી છતાં આ આંચકાજનક નિર્ણય લઈ લેવાયો એ સામે છે. તો શાસક પક્ષે ખુદ વડાપ્રધાન કહી ચૂક્યા છે કે, પૂરતી તૈયારી કરવાનો સમય નથી મળ્યો એ લોકો જ આવી વાતો કરે છે.

૮મી નવેમ્બરની રાતે વડાપ્રધાને રાષ્ટ્રજોગ પ્રવચનમાં કાળાં નાણાં અને તેથી પલતા આતંકવાદનો સાફ શબ્દોમાં ઉલ્લેખ કરી અઢી વર્ષ પહેલાં પોતાને લોકસભાની ચૂંટણીમાં મળેલા પ્રચંડ જનમતની જ માંગ હતી, તેવા નિર્ણયની જાહેરાત કરી બે દિવસ એ.ટી.એમ. અને એક દિવસ બેન્ક બંધ રાખી સિસ્ટમમાં જે સુધારા વધારા હતા તે કરાવ્યા અને ૧૦મી નવેમ્બરથી બેન્કોની સામે લાગેલી લાઈનો આજે ૨૬મી નવેમ્બર બાદ પણ ખૂટતી નથી. ૧૫ દિવસમાં કેન્દ્ર સરકારે અલગ અલગ તબક્કે ૨૫ જેટલી જોગવાઈઓમાં સુધારા વધારા કર્યા અને નાગરિકોને તેની જાણ કરી. આમ વડાપ્રધાનના રાષ્ટ્રહિતના પગલાંને સમસ્ત દેશવાસીઓએ લાઈનોમાં ઊભા રહી રહીને ટેકો આપ્યો. મોબાઇલ એપ પર સમર્થન આપીને ટેકો આપ્યો અને શાસક પક્ષ ભાજપે તો સમર્થન રેલી સ્વરૂપે રસ્તા પર આવીને ટેકો આપ્યો.

જો આટઆટલું જનસમર્થન હોય અને નાણાં પર અંકુશ સુદ્ધાં આવી જતો હોય તો આ યોજના કે નિર્ણયનો વિરોધ શા માટે થાય છે? લોકસભા - રાજ્યસભાના કિંમતી કલાકો સૂત્રોચ્ચારમાં વેડફાય કાં છે? દેશની ચોથી જાગીરમાં જોડાઈને ભારે ઉહાપોહ મચાવતી ન્યુઝ ચેનલોમાં એકસૂત્રતા કાં નથી દેખાતી? કોઈ આ નિર્ણયની તરફેણમાં, કોઈ વિરોધમાં ૨૪ x ૭ મંડ્યા છે. અને તેથી જ સામાન્ય જન પણ હવે નાણાંની ચિંતા છોડી સરકારના આ નિર્ણયની ચિંતામાં અને ચર્ચામાં પોતાનો

સમય વેડફવા માંડ્યો છે. નિર્ણયમાં ફેરફાર કરવાની માંગ મુખ્ય વિપક્ષ કોંગ્રેસ સહિતના પક્ષોએ કરી છે અને તેઓ આક્ષેપ મૂકે છે કે, આ નાણાબંધીનો નિર્ણય જ એક મોટું આર્થિક કૌભાંડ છે – બોલો?

**કાળાં નાણાં સામેની આ ઝુંબેશ જો ખરેખર કાળાં નાણાં અટકાવવા જ કરવી હોત તો દેશના જે ધનકુબેરો છે તેમના સોર્સ ઓફ ઇન્કમના પાયા ખોદવા જોઇતા હતા.** આજે બેંગ્લોરમાં ૫૦૦ કરોડના ખર્ચે લગ્ન સમારોહ થાય છે, તો દિલ્હી - રાજસ્થાનમાં જાનને માત્ર ચા પીવડાવી તુલસી પાંદડે દીકરીયુંની વિદાય થાય છે. આ અને આવા નિર્ણય ભલે રાષ્ટ્રહિતમાં હોય પણ નાના ગરીબ માણસની જિંદગીના સર્વશ્રેષ્ઠ એવા પ્રસંગો જ બગાડે તો કેમ કરીને બિરદાવાય?

આર્થિક અસમતુલા અને કાળું નાણું આ દેશ માટે કોઈ મોટી વાત નથી. નાની વાત પણ નથી. ટુજી, ઉજી, કોમનવેલ્થ જેવા લાખો કરોડોના કૌભાંડ બાદ પણ જો સંસદના પવિત્ર પટ્ટ પર ઉભા રહીને કોંગ્રેસ પક્ષ કે ઉત્તરપ્રદેશમાં પોતાના શાસન દરમિયાન ઠેર ઠેર હાથી ઊભા કરનારા, આદર્શ બિલ્ડિંગમાં ફ્લેટ લેનારા, ચીટફંડમાં સંકળાયાનો આક્ષેપ સહન કરનાર કયા મોઢે નૈતિકતા, સ્વચ્છતાની વાત કરતા હશે?

આજે દેશમાં એક એવો પ્રામાણિક વર્ગ પણ છે જે નીતિ-નિયમ, નિષ્ઠાપૂર્વક જીવે છે. કાયદાને માન આપી ડરીને ચાલે છે. **પગારમાં પૂરું ન થાય તો જરૂરિયાત ઘટાડીને ભાવિ પેઢી માટે બચત કરી-કરીને પેટે પાટા બાંધનારા શિક્ષક દંપતી પાસે પાંચ-સાત લાખ રૂપિયાની ૧૦૦૦ની નોટ હોય તો શું એ ચોર થઈ ગયા?** ૨.૫૦ લાખથી વધુની રકમ બેન્કમાં જમા કરાવવા જતા પણ જે ડરે છે એ કાળું નાણું સંગ્રહનારા ચોર, અને ચૂંટણીમાં રાતોરાત કરોડો - કરોડો રૂપિયા વાપરનારા બધા સાધુ!

રાતોરાત સોના-ઝવેરાતની દુકાનો કયા સફેદ નાણાંથી ખાલી થઈ? ચાર્ટર્ડ વિમાનોમાં ઇશાન ભારતમાં કયા સફેદ નાણાં ખસેડાયા? જનધનના નાણાંની તપાસ થાય ત્યારે વાત, પણ રાતોરાત મસમોટા બંગલા, લક્ઝરી ગાડીઓ, વિદેશ પ્રવાસોવાળાઓના પહેલા હિસાબ લો. એમને કાયદાની આંટીઘૂંટીના સહારે છટકાવી જનારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, વકીલોની સંપત્તિઓના કદી હિસાબ માંડ્યા છે ખરા? અરે, બીજું બધું છોડો પણ બાબા રામદેવને ફંડફાળો આપનારા કોણ છે એની તપાસ કરો, રાતોરાત પતંજલિનું ઉત્પાદન થોડું શરૂ થઈ ગયું હશે, ૫૦૦૦ કરોડના ટર્નઓવર પાછળ અમુક એવા ગુજરાતીઓના દાન પણ છે જે કાળાં નાણાં સાથે સંપર્ક ધરાવતા હોવાનો આક્ષેપ છે અને છેલ્લે વડાપ્રધાનનું એક સૂત્ર ખૂબ પ્રચલિત છે : **'ખાતો નથી ખાવા દેતો નથી.' તો સૌરભ દલાલ પર નજર કાં ન ગઈ?** મત્સ્યોદ્યોગ વિભાગ પોતાની પાસે જ રહે તેવી જીદ કરનારાઓને ટિકિટ કાં આપી?

આવતીકાલની ચિંતા આખા દેશને છે. **લોકો પોતાની પાસેની આવકમાંથી પોતાના બાળકોને વધુ સારું ભવિષ્ય આપવા પ્રયત્નશીલ રહે છે** અને તેથી જ તાકાત કરતાં વધુ દોડી લઈને પણ કમાય છે. એક ક્રિકેટર કે એક ફિલ્મ સ્ટાર કોઈ શો રૂમનું ઉદ્ઘાટન મફતમાં કરે છે? કોઈના લગ્નમાં મફતમાં હાજરી આપે છે? આ બધા કેમ બેન્કોની બહાર લાઈનમાં દેખાતા નથી? નાનો જણ, આમ આદમી, તળિયાનો જણ જ આ દેશમાં જવાબદાર અને ગુનેગાર છે. બાકી કોઈ ભલે ને ફૂટપાથ પર સૂતેલાઓને કચડી મારે, નિર્દોષ છૂટી જ જવાના! કાળું નાણું સંગ્રહ કરનારા પણ થોડા જાહેર થવાના?

***'કચ્છમિત્ર' કાર્યાલય,***
***હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૮૨૫૨ ૯૩૧૪૯***

## ધર્મનું મૂળ તત્ત્વ માનવતા

ક્રિશ્ચિયાનિટી કહે છે તમારા પડોશીને પ્રેમ કરો. ઇસ્લામ કહે છે તમારા પડોશી ભૂખ્યા હોય તો એને જમાડીને જમો. જૈનત્વ કહે છે, દાનનો મહિમા અનેકગણો છે. હિંદુત્વ અતિથિ ધર્મની, ગૃહસ્થ ધર્મની વાત કરે છે. આ બધા ધર્મો એકમેકથી જુદા ક્યાં છે? **નરસિંહ મહેતા લખે છે 'ઘાટ ઘડિયા પછી નામ રૂપ જુજવાં, અંતે તો હેમનું હેમ હોયે.'** સોનાની બુટ્ટી હોય, કંકણ હોય, ઝાંઝર હોય કે કંદોરો... આકાર પ્રમાણે નામ હોય છે. પણ એનું મૂળ તત્ત્વ તો સોનું જ હોય છે. એવી જ રીતે ધર્મનું મૂળ તત્ત્વ માનવતા છે. આપણા હૃદયમાં વસતાં સત્ય, પ્રેમ અને કરુણા આપણે માણસ હોવાની સાબિતી આપે છે. ■

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

ચલણી નોટ્સ નાબૂદી

# ડિમોનિટાઈઝેશનની પ્રક્રિયા

• નિમેષ ફડકે •



*લેખકશ્રી ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના મેનેજિંગ ડાયરેક્ટર છે. કચ્છના ઉદ્યોગોના પ્રશ્ને તેઓશ્રી અવારનવાર ગાંધીનગરના સચિવાલયમાં અને દિલ્હી સેક્રેટરિએટમાં તેના ઉકેલ અંગે ચર્ચા કરવા જતા હોય છે. આ પ્રશ્નોના શક્ય હોય ત્યાં સુધી હકારાત્મક પરિણામો આવે છે. કચ્છ કલેક્ટર તથા રાજકીય કાર્યકરોના સંપર્કમાં નિયમિતપણે રહે છે. ઉદ્યોગોએ જે ૨ ટકા રકમ સી.એસ.આર.માં વાપરવાની હોય છે તે રકમ કચ્છની વિવિધ જરૂરિયાતોમાં સારામાં સારી કઈ રીતે વાપરી શકાય તેના પ્રયાસો સતત જારી રાખતા હોય છે. પોતે ઈલેક્ટ્રિકલ એન્જિનિયર છે અને પાવર પેનલ્સ બનાવે છે.* **– તંત્રી મંડળ**

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૮-૧૧-૨૦૧૬ના સાંજે ડિ-મોનિટાઈઝેશનની જાહેરાત કરી હતી. કરેલ જાહેરાત પ્રમાણે રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની કરન્સી મધ્ય રાત્રિથી લીગલ ટેન્ડર નહીં રહે (અથવા અમુક ચોક્કસ સ્થળો પર જ અમુક તારીખ સુધી લીગલ ટેન્ડર રહેશે.) અને આ નોટોને નવી જાહેર થયેલી નોટો દ્વારા એક્સચેન્જ કરવા માટેની જાહેરાત કરી. આ જાહેરાત કરવાથી મુખ્યત્વે ચાર હેતુ સિધ્ધ કરવાની અપેક્ષા રાખવામાં આવી : (૧) ત્રાસવાદ પર અંકુશ, (૨) જાલી નોટો પર અંકુશ, (૩) કાળું ધન ઘટાડવા અથવા નાબૂદ કરવા, (૪) કેશલેસ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવું.

આશરે ૧૫ લાખ કરોડ રૂપિયાની હાઈ વેલ્યુ નોટ્સને ડિ-મોનિટાઈઝ કરવામાં આવી છે. એક અંદાજ પ્રમાણે અમેરિકામાં કાળું નાણું કુલ અર્થતંત્રના આઠ ટકા છે જ્યારે ભારતમાં તે વીસથી પચ્ચીસ ટકા છે. કુલ ૧૫ લાખ કરોડની હાઈ વેલ્યુ નોટમાંથી લગભગ ૨૦% જેટલું એટલે કે લગભગ ત્રણ લાખ કરોડ રૂપિયાનું કાળું નાણું હોઈ શકે. આર.બી.આઈ. દ્વારા દરેક નોટ ધારકને તેટલું નાણું આપવાની જવાબદારી લીધેલ હોવાથી જે નોટો જમા ન થઈ તેટલા રૂપિયા, એટલે કે લગભગ ત્રણ લાખ કરોડ રૂપિયા અદા કરવાની જવાબદારીમાંથી મુક્ત થઈ. આ ત્રણ લાખ કરોડ રૂપિયાનો આર.બી.આઈ.ને થયેલ ફાયદો, તે ભારત સરકારને આપી શકે અને તેમાંથી સરકાર જન કલ્યાણની વિવિધ યોજનાઓ શરૂ કરી શકે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમિ (CMIE)એ થોડા દિવસો પહેલા જાહેર કરેલ વિગતો પ્રમાણે સમગ્ર ડિમોનિટાઈઝેશન પ્રક્રિયાનો અંદાજિત ખર્ચ લગભગ રૂા. ૧.૪૦ લાખ કરોડ કહ્યો છે. આ વિગતો જોતાં નેટ ફાયદો કેટલા રૂપિયાનો થશે તે એક પ્રશ્ન છે.

તા. ૨૮-૧૧-૨૦૧૬ના રોજ ભારત સરકારે વોલન્ટરી ડિસ્ક્લોઝર સ્કીમ (VDS)ના નવા વર્ઝનની જાહેરાત કરી છે. તે પ્રમાણે VDS માં હવે પછી જાહેર થનારી આવક પર લગભગ ૫૦% જેટલો ઈન્કમટેક્ષ ભરવો પડશે. બાકી રહેલી શેષ રકમના ૨૫% સરકાર પાસે વ્યાજ મુક્ત બોન્ડ તરીકે લોક-ઈનમાં રહેશે જ્યારે બાકીના ૨૫% ટેક્ષ ભરનારની કાયદેસરની આવક ગણાશે. કોઈ કાળું નાણું ધરાવનાર સ્વૈચ્છિક જાહેરાત નહીં કરે અને ઈન્કમટેક્ષ વિભાગ રેડ પાડીને કાળું નાણું પકડી પાડશે તો પકડી પાડેલ રકમના ૮૫% ટેક્ષ ભરવો પડશે. ડિ-મોનિટાઈઝેશનના પગલાંની જાહેરાતના લગભગ ૨૦ દિવસ પછી થયેલ ઈન્કમટેક્ષના કાયદાના આ ફેરફારો એવું સૂચવે છે કે ડિ-મોનિટાઈઝેશનના પગલાંથી કાળું નાણું બહાર આવવા માટેના પ્રયત્નોને જોઈતી સફળતા નથી મળી.

તાજેતરમાં માનનીય પ્રધાનમંત્રીશ્રીએ 'મનકી બાત'માં કરેલ સંવાદમાં કેશલેસ ટ્રાન્ઝેક્શનને ઉત્તેજન આપ્યું. તે પણ ડિ-મોનીટાઈઝેશનનો એક હેતુ હોઈ શકે છે. શહેરી અને અર્ધશહેરી વિસ્તારોમાં તો આ વાતનો અમલ શક્ય થઈ શકે **પણ વીજળી અને ઇન્ટરનેટથી વંચિત દૂર, દુર્ગમ વિસ્તારોમાં કેશલેસ ટ્રાન્ઝેક્શન કઈ રીતે થઈ શકશે તે એક મોટો પ્રશ્ન છે.**

બેંકો પાસે લિક્વિડિટી વધવાને કારણે વ્યાજ દરો નીચા આવવાની શક્યતા દેખાતી હતી પરંતુ CRR માં RBI એ

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)

ચલણી નોટ્સ નાબૂદી

# મગરમચ્છને પકડવા જતાં નિર્દોષ માછલીઓ મરી!

• સી.એ. કૈલાસકુમાર ગઢવી •



*લેખકશ્રી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને પૂર્વ પ્રમુખ છે. તેઓશ્રી અમદાવાદ - ગાંધીનગર વિસ્તારના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેમણે સી.એ.ના અભ્યાસ ઉપરાંત કોલકતાની ઈન્સ્ટિટ્યૂટમાંથી કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટ્સ પણ કરેલ છે. વ્યવસાયિક રીતે કાર્યરત રહેવાની સાથે સાહિત્ય ક્ષેત્રે પણ ઊંડો રસ ધરાવે છે. ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ જેવી સામાજિક સંસ્થાઓ સાથે પણ તેઓ લાંબા સમયથી સંકળાયેલા છે.*

*– તંત્રી મંડળ*

૮ નવેમ્બર, ૨૦૧૬ની રાતનાં ૮ વાગે આખા દેશના લોકો જમવાની તૈયારી કરી રહ્યા હતા તે સમયે આપણા દેશનાં પ્રધાનમંત્રીએ એવો સંદેશ આપ્યો, જે પ્રથમ દૃષ્ટિએ એક આશ્ચર્યજનક લાગે તેવો ઐતિહાસિક નિર્ણય લીધો હોય એવું જણાયું. આ નિર્ણય લેવા અને આ નિર્ણયને કાર્યરૂપ કરવા માટે પ્રધાનમંત્રીની સુધ-બુધ અને સમજની જાણ આખા ભારતને એક સ્વર્ણકાલ બાજુ લઈ જતી હોય એવો આભાસ કરવાનો પ્રયાસ કર્યો અને આજે લગભગ ૨૦ દિવસ પછી પ્રધાનમંત્રીનો સ્વર્ણિમ નિર્ણય કાળાં નાણાંને અંકુશમાં લાવવામાં કેટલો સફળ થયો છે એ સમય જ કહેશે, પણ આખા દેશમાં લોકોને આદિકાળની બદલા પધ્ધતિ બાજુ જરૂર દોડી ગયા હોય એવું લાગે છે.

હાલ દેશમાં ૧૭.૭૭ લાખ કરોડ રોકડ ચલણમાં છે. જેમાંથી લગભગ ૮૬% ચલણી નોટ ૧૦૦૦ અને ૫૦૦ના ચલણમાં છે એવું આર.બી.આઈ.એ કહેલું છે. સરકાર દ્વારા ૮૬% જેટલી ચલણી નોટને ચલણમાંથી બંધ કરવાના નિર્ણયની ઘોષણા એક આર્થિક ધરતીકંપ જેવી હતી. જે દેશમાં ૭૮% રોકડ વ્યવહારે ચાલતી આર્થિક વ્યવસ્થાને એક આંચકો આપવા માટે પર્યાપ્ત હતો.

સરકારની આશાઓ તથા વાસ્તવિક આર્થિક વ્યવસ્થાનાં મધ્યમાં એક આશ્ચર્યજનક પરિસ્થિતિને સમજવાની સરકારની ભૂલનાં લીધે આર્થિક અરાજકતાનું નિર્માણ થયું છે. દેશમાં જ્યાં બેન્કિંગ વ્યવસ્થા ૫ર ૧૦ હજાર વ્યક્તિ દીઠ એક બ્રાંચ હોય ત્યારે આખા દેશમાં બેન્કિંગ સુવિધાનાં અભાવની સમજ કદાચ પ્રધાનમંત્રીને ન હતી. સાથોસાથ કેશ લેસ ઈકોનોમિની ઘેલછામાં સરકાર ભાન ભૂલી ગઈ કે દેશમાં માત્ર ૨.૫ કરોડ ક્રેડિટ કાર્ડ અને ૬.૪ કરોડ ડેબીટ કાર્ડ છે અને સમસ્ત ૧૩૦ કરોડની પ્રજાની જરૂરતો પૂરી કરવા માટે પૂરતા નથી. ઈન્ટરનેટનાં જોડાણનો અભાવ તથા લોકોમાં શિક્ષણની કમીને કારણે પણ કેશલેસ ઈકોનોમિનો વિચાર સરકારની ભારતીય આર્થિક વ્યવસ્થાની સંબંધિય સમજની અપૂરતા દેખાય છે.

આર.બી.આઈ.ની બેન્કમાં લગભગ ૩ કરોડ નોટો પ્રતિ દિવસ છાપવાની ક્ષમતા હોવા છતાં બંધ કરેલી નોટોની સંખ્યા સાથે નવી નોટોનાં ભરણાં ૬થી ૮ મહિના માંગી લે છે. બેન્કિંગ સ્ટાફ દ્વારા પોતાની કાર્યક્ષમતાથી કામગીરી કર્યા છતાં આજે આખા દેશની જરૂરતોને પૂરી પાડવામાં સક્ષમ થઈ શકી નથી.

દેશ આજે આર્થિક અરાજકતાનાં દુષ્ચક્ર બાજુ વધી રહ્યો છે. આપણે બધા જાણીએ છીએ કે જરૂરત પૂરતી નોટોનાં અભાવે કરેલો સરકારનો આ નિર્ણય રોકડનાં અભાવે બજારમાં વસ્તુઓની માંગ ઓછી થઈ ગઈ છે. જેનાં લીધે ઓછી માંગના કારણે ઉત્પાદનને અસર કરશે. જે ઉત્પાદકોને ઉત્પાદન ઘટાડવા માટે નિમિત્ત બનશે. ઘટેલું ઉત્પાદન ક્ષમતા કર્મચારીઓને ઓછી કરવાની ક્રિયા તરફ નિમિત્ત બનશે. પરિણામે હાલની "Jobless Growth" બેરોજગારની વધેલી સંખ્યામાં વધારો કરશે. એટલે પ્રધાનમંત્રીનો આ નિર્ણય આગલા ૨ વર્ષમાં બેરોજગારોની મોટી ફોજ ઊભી કરવાનું કારણ બનશે.

આજ બેંકના NPAના કારણોને લીધે એક ખરાબ પરિસ્થિતિ થઈ રહી છે. એવા સમયે બેંકોમાં જમા થઈ રહેલ નાણાં વ્યાજના બોજરૂપે બેન્કોના વાર્ષિક સરવૈયા પર જવાબદારી વધારશે. જેને કારણે નફો કરતી બેન્ક કુદરતી ખોટ કરતી થઈ જશે. ઓછા ઉત્પાદનનાં કારણે ઉદ્યોગ સાહસકારો નવી લોનો લેવાની પરિસ્થિતિમાં નહીં હોય. જેના કારણે બેન્કને નવી લોન આપવા માટે ક્ષેત્રો શોધવા પડશે. બચતખાતાનાં વ્યાજને કારણે

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)

ચલણી નોટ્સ નાબૂદી

# ડિમોનિટાઈઝેશન – સમીક્ષા

● એલ. એલ. સેંઘાણી - જનરલ મેનેજર, ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ્સ ●



*મૂળ કચ્છ - માંડવી તાલુકાના શ્રી સેંઘાણી ૧૯૮૯માં સી.એ થયેલા છે અને હાલે તેઓશ્રી અમદાવાદ ખાતેની Hitachi Hi-Rel Power Electronics Pvt. Ltd.માં જનરલ મેનેજર (ફાઈનાન્સ) પદે ૧૯૮૩થી કાર્યરત છે. તે સિવાય તેઓ કચ્છ કડવા પાટીદાર પરિવાર (પશ્ચિમ) વિભાગમાં માનદ્ મંત્રી પદે સેવા આપી રહ્યા છે.*

*– તંત્રી મંડળ*

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તા. ૮-૧૧-૨૦૧૬ના રોજ મધરાતથી રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની ચલણી નોટો રદ કરવાની જાહેરાત મોડી સાંજે કરતાં, ભારતમાંજ નહીં, ઘણાં વિદેશી દેશોમાં પણ ભૂકંપ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ નિર્ણય રાજકીય દૃષ્ટિએ ઘણો જ સાહસિક છે. જાહેર થયા મુજબ આ નિર્ણયને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવેલ અને તેની માહિતી સહેજ પણ લીક થાય તો ખૂબ મોટો પડકાર ઊભો થયો હોત. આ બધી હકીકતને ધ્યાનમાં લેતાં સરકારે જે વ્યવસ્થા પહેલેથી ઊભી કરવી જોઈએ તે સંપૂર્ણપણે થયેલ નથી. કરન્સીને બંધ કરવાનું મુખ્ય પ્રયોજન, વડાપ્રધાને તેના રાષ્ટ્રજોગ પ્રવચનમાં જણાવ્યું તે મુજબ ભ્રષ્ટાચાર, આતંકવાદને રોકવા અને નકલી નોટોને ચલણમાંથી દૂર કરવાનું છે. કાળા ધનના સંગ્રહખોર સામાન્ય રીતે મોટી નોટો રાખે છે, તે ધ્યાનમાં લેતાં મોટી રકમવાળી ચલણી નોટો રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, તેવું કહી શકાય.

**હવે પ્રશ્ન એ થાય છે કે – રૂા. ૨૦૦૦ની નોટો બહાર પાડવાનો ઉદ્દેશ શું?** સરકારને અગાઉથી જાણમાં હશે જ કે ૧૫ દિવસ દરમિયાન જૂની કરન્સી નોટો બદલવા માટે બેન્કોમાં લાઈનો લાગવાની છે. આ બાબત ધ્યાનમાં રાખીને શરૂમાં જૂની ચલણી નોટોને ઝડપથી બદલી શકાય એ હેતુથી રૂા. ૨,૦૦૦/-ની નોટ બહાર પાડવામાં આવી હશે. અત્યાર સુધી આપણે જોયું અને અનુભવ્યું છે કે, સામાન્ય માણસો બેન્કોમાં લાંબી લાંબી લાઈનોમાં નોટો બદલવા અથવા જમા કરવા ઉમટી પડ્યા છે. આ બધા કારણે વિરોધ પક્ષોએ નોટ રદ કરવાના સરકારના નિર્ણયનો મોટાપાયે વિરોધ કર્યો છે.

પૂર્વ નાણાંમંત્રી પી. ચિદંબરમ અને આર.બી.આઈ.ના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન જેવી હસ્તીઓએ પણ આ નિર્ણયને વ્યાજબી નથી ગણાવ્યો. વધુમાં તેમણે જણાવ્યું કે અમારે આ નિર્ણયનો અમલ કરવાનો હોત તો અમે રાજીનામું આપ્યું હોત! હવે પ્રશ્ન એ રહે છે કે, ભ્રષ્ટાચાર કે કાળાં નાણાં આનાથી અટકી જવાનાં છે? અગર તેનો જવાબ પ્રતિકાર સ્વરૂપે હોય તો આવી એક્સરસાઈઝનો શું અર્થ? **શું આ ઉત્તર પ્રદેશના ઇલેક્શનને ધ્યાનમાં રાખીને લેવાયેલો નિર્ણય છે?**

નરેન્દ્ર મોદીએ તેના ગોવા ખાતેના તાજેતરના એક પ્રવચનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે કાળાં નાણાંને નાથવા માટે તેની પાસે ઘણાં ઉપાયો છે તેમાંનો આ પહેલો પ્રયત્ન છે અને આવા પગલાં ચાલુ રહેશે. આતંકવાદીની જેમ કાળાં નાણાં ઊભા કરનાર અથવા તો તેને બિનજરૂરી સંગ્રહી રાખનાર પણ દેશનો મોટો ગુનેગાર છે અને તે માટે યોગ્ય કાર્યવાહી થવી જ જોઈએ. ઉપરોક્ત જાહેરાતના પગલે સામાન્ય માણસ સુખેથી ઊંઘી શકશે જ્યારે ભ્રષ્ટાચારી અને કાળાં નાણાં ઊભા કરનારને રાતના ઉજાગરા થવાના છે.

**વડાપ્રધાનશ્રી કેશલેસ સમાજ વ્યવસ્થા ઇચ્છે છે.** આપણાં બધા જ પેમેન્ટ ઓનલાઈન ડેબિટ / ક્રેડિટ કાર્ડથી થવા જોઈએ. આવું તે શા માટે ઇચ્છે છે? કારણ –

૧. વર્ષ દરમિયાન આર.બી.આઈ.ને કરન્સી નોટોના ઓપરેશન પાછળ રૂા. ૨૧,૦૦૦ કરોડનો ખર્ચ કરવો પડે છે. જેમાં જુદી જુદી બેન્કોની શાખાઓને તેમજ તેના એ.ટી.એમ. સેન્ટરમાં ચલણી નોટોને પહોંચાડવા વગેરેનો ખર્ચ થાય છે.

૨. દર વર્ષે રૂા. ૩૫૦૦ કરોડ નવી નોટો છાપવાનો ખર્ચ થાય છે. **હાલે બજારમાં રૂા. ૧૭,૮૦,૦૦૦ કરોડની ચલણી નોટો સરક્યુલેશનમાં છે.**

૩. હાલમાં નવી ચલણી નોટો છાપવામાં આવી છે તેનો ખર્ચ રૂા. ૧૫,૦૦૦ કરોડ જેટલો થશે.

૪. કેશ - જી.ડી.પી. રેશિયો સામાન્ય રીતે બીજા દેશોમાં ૫%નો છે જે આપણા દેશમાં ૧૨%નો છે. વધારે રેશિયો હોવાને કારણે આપણે નોટોને નિભાવવા માટે વધારે ખર્ચ કરવો પડે છે અને તેની પાછળ સમય પણ ખૂબ વેડફાય છે.

૫. સરકાર કાળાં નાણાંને મોનિટર કરવા માંગે છે. જેથી લોકો પ્રામાણિકતાથી ટેક્ષ ભરે અને ટેક્ષના દર પણ ઓછા કરી શકાય.

સરકારનું એમ માનવું છે કે આપણો પડોશી દેશ આતંકવાદને પોષવા માટે આપણી ચલણી નોટોની નકલ કરી આતંકવાદી યુવાનોને ભડકાવી આપણા દેશમાં આતંકને ફેલાવે છે. નોટો બદલવાથી નકલી નોટો કામચલાઉ બંધ થશે અને થોડા ઘણાં અંશે આતંકવાદને લગામ આવશે. માર્કેટમાંથી નકલી નોટો આપોઆપ રદ થઈ જશે. આવી લગભગ રૂા. ૨૦,૦૦૦ કરોડની નકલી નોટો ચલણમાંથી જતી રહેશે.

ચલણી નોટો રદ કરવાનો નિર્ણય કાળાં નાણાંને નાથવા કામચલાઉ રીતે સચોટ પુરવાર થશે. જે લોકો પાસે કાળાં નાણાં પેટે અલ્પ રકમ હશે તેમાંથી રૂા. ૨,૫૦,૦૦૦/- બેન્કોમાં ભરી શકશે. આ કારણે બેન્કોમાં ડિપોઝિટોનું પ્રમાણ વધી જશે. જે લોકો પાસે ખૂબ મોટા પ્રમાણમાં કાળાં નાણાં હશે તેઓ ખરેખર મુશ્કેલ સ્થિતિમાં મૂકાવાના છે. અગર તેઓ બેન્કોમાં રકમ ભરવા જાય તો જાહેર થઈ જાય અને ભરપાઈ ના કરે તો તેવી રકમ કાગળ થઈ જાય. આ પરિસ્થિતિનો લાભ લેવા કાળાં નાણાંના સંગ્રહખોરો માટે સરકાર છેલ્લો ચાન્સ આપી શકે છે. હજુ સપ્ટેમ્બર-૨૦૧૬માં જ IDS (Income Disclosure Scheme) પૂરી થઈ. તેમાં બેનામી લગભગ રૂા. ૬૪,૦૦૦ કરોડની જાહેરાતો થઈ હતી. તે સમયે ઘણાં કહેતા હતા કે જ્યારે પડશે ત્યારે જોઈશું. પરંતુ તેવા લોકો હવે પસ્તાય છે અને વિપરીત સ્થિતિમાં ફસાયા છે. સરકાર તેમને ૫૦% ટેક્ષ ભરવાની શરતે અને ૨૫% રકમ વગર વ્યાજથી ડિપોઝિટ કે બોન્ડ પેટે ૪ વર્ષ માટે લોક-ઈન પિરિયડ સાથે રકમ ભરપાઈ કરવા અને ૨૫% રકમ છૂટથી વાપરવાની સ્કીમ જાહેર કરવાનું વિચારી રહેલ હોય તેવું અનુમાન છે.

શું આનાથી અર્થતંત્રમાં કંઈ ફરક પડવાનો છે ખરો? લાગે છે કે જરૂર અસર થશે. કેમકે કરોડો રૂપિયા બેંકોમાં જમા થયા છે અને તે રકમ દેશના વિકાસના કામોમાં લાગશે. અર્થતંત્રની ગતિ વધારે તેજ થશે. વડાપ્રધાનશ્રીનો કોઈ ભરોસો નથી. થોડા સમયમાં નવી રૂા. ૫૦૦/૨૦૦૦ની નોટો પણ રદ કરી નાંખે અને સંગ્રહખોરો તેને તિજોરીમાં રાખવાની જગ્યાએ બેન્કોમાં રાખવાનું મુનાસિબ સમજશે. **સામાન્ય વ્યવહારમાં ઓનલાઈન પેમેન્ટ થવાથી બ્લેક ઇકોનોમિ ઓછી થશે. આ રીતે નાના નાના વ્યાપાર ઉદ્યોગમાંથી સરકારને સીધા કે આડકતરા વેરા મળતા રહે અને તેને કારણે ટેક્ષ અને વ્યાજના દર નીચા થઈ શકે.**

આ બધું કરવા માટે સરકાર સામે ખૂબ જ મોટા પડકારો છે. તા. ૮-૧૧-૨૦૧૬થી તા. ૩૦-૧૨-૨૦૧૬ વચ્ચે બેંકોમાં રોકડ ડિપોઝિટના વ્યવહારોના ખુલાસા મેળવી યોગ્ય ટેક્ષ વસુલ કરવો એ પણ એક મોટો પડકાર છે. ગ્રામીણ વિસ્તારમાં બેન્કિંગ, એ.ટી.એમ. કે ઓનલાઈન પેમેન્ટની વ્યવસ્થા ગોઠવવી એ પણ મોટા પડકારરૂપ છે. આ બધું ઝાંઝવાના જળની માફક લાગે છે. પરંતુ એ ભૂલવું જોઈએ નહીં કે ભારત વિશ્વમાં બીજા નંબરનો સૌથી વધારે વસતિ ધરાવતો દેશ છે અને ઈ.વી.એમ.થી વોટિંગ કરનાર વિશ્વનો એક નંબરનો દેશ છે. વિશ્વમાં ઘણાં દેશો આપણી વોટિંગ વ્યવસ્થા સમજવા માટે અભ્યાસ કરે છે અને તે વિષયે સહકાર પણ માંગે છે. આ રીતે ભારત ઓનલાઈન પેમેન્ટ કરવાની ચેલેન્જ પણ ઝીલી લેશે અને વિશ્વની સૌથી મોટી ઈકોનોમિ બની શકે છે.

આ માટે આપણે સૌએ માનસિક રીતે તૈયાર થવાની જરૂર છે. **ભ્રષ્ટાચારને 'ના' કહો. પ્રતિજ્ઞા લો કે મારું કામ મોડું ભલે થાય પણ ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપીશ નહીં. કાળાં નાણાંના વ્યવહારને સાથ ના આપો** અને પ્રામાણિકપણે કાયદેસરના નાણાંથી કામકાજ નિયમાનુસાર કરો. આપણે સૌએ આ દિશામાં નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવાની જરૂર છે.

આવો, થોડી તકલીફ વેઠીને પણ આપણાં દેશને બદલીએ અને પ્રગતિ તરફ આગેકૂચ કરીએ.

'સ્વચ્છ ભારત'ના અભિયાનની જેમ ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંને તિલાંજલિ આપીને સરકારે આપણને જે તક આપી છે તેને ખેલદિલીપૂર્વક ઝડપી લઈએ – તેનું સમર્થન કરીએ.

*બી/૧૬, ફ્લોરેન્સ રેસિડેન્સી, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૭૨૫૦ ૧૦૮૪૭*

*ક્યારેક હોઠ અને પ્યાલા વચ્ચેનું અંતર બ્રહ્માંડના કોઈ પણ એક ગ્રહથી બીજા ગ્રહ વચ્ચેના અંતરથી ક્યાંયે વધારે હોય છે.*

ચલણી નોટ્સ નાબૂદી

# સરકારની નોટબંધી અને દેશ ઉપર થનાર અસર

• નીલેશ કોટક •



*શ્રી નીલેશભાઈ કોટક સર્ટિફાઈડ ફાઈનાન્સિયલ પ્લાનર છે અને તેઓશ્રી ધનવર્ષા ફિનકેપ પ્રા.લિ. નામની કંપની દ્વારા ફાઈનાન્સનું કાર્ય સારા એવા મોટા પ્રમાણમાં કરે છે. ફાઈનાન્સ બાબતે તેમને વર્ષોનો જાત અનુભવ છે અને તેમના તારણને તેમના પરિચયમાં આવનાર કોઈ પણ વ્યક્તિ અવગણી શકતી નથી.*

*– તંત્રી મંડળ*

તા. ૮મી નવેમ્બરના રોજ રાત્રે ૮ વાગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના ટેલિવિઝન વક્તવ્યમાં ઘોષણા કરી હતી કે આજે મધ્ય રાત્રિના ૧૨.૦૦ વાગ્યા પછી ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો વ્યવહારમાંથી રદબાત્તલ કરવામાં આવે છે. આ હકીકતને આજે ૨૦ દિવસનો સમયગાળો પસાર થઈ ગયો છે. જે દરમિયાન સમગ્ર ભારત દેશમાં પ્રથમ તો બેંકમાં નક્કી કરેલી મર્યાદામાં જૂની નોટો બદલાવવા, ખાતામાં જૂની નોટો જમા કરાવવા, નવી નોટો મેળવવા માટે અભૂતપૂર્વ કતારો જોવાઈ હતી. આ દરમિયાન દેશમાં અર્થતંત્ર ઠપ્પ થઈ ગયાની પરિસ્થિતિ જોવાઈ રહી છે. લોકોમાં એક પૅનિકનું વાતાવરણ જોવાઈ રહ્યું છે. ૨૪મી નવેમ્બર પછી જૂની નોટો નહીં બદલી આપવાનો નિર્ણય અને બેંકમાંથી સરકારે બચત ખાતામાં દરેક અઠવાડિયા દીઠ રૂા. ૨૪,૦૦૦/- અને ચાલુ (કરન્ટ) ખાતામાં ૫૦,૦૦૦/- સુધીની રકમ મળશે તેવી જાહેરાત છતાં બેન્કોમાંથી આ રકમ મળતી નથી અથવા તો ૨ થી ૫ હજારની જ રકમ મળે છે. જ્યારે ATMમાં પણ માત્ર બે હજારની રકમ મળે છે. અને આ રકમ પણ ખૂબ જ ઓછા લોકોને મળી રહી છે. **સરકાર બેન્કોને નવી નોટોનો પુરવઠો આપવામાં તદ્દન નિષ્ફળ નીવડી છે** અને તેના કારણે લોકોમાં વધુ ભયનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે.

સરકારે ભારતીય લોકોના માનસનો વિચાર કર્યા વગર આ પગલું લીધું છે. કોઈપણ પગલું ભરતા પહેલાં સરકારે સામાન્ય માનવીને શું તકલીફ પડશે તેનો વિચાર કરવો જોઈએ. અર્થશાસ્ત્રી, મોટા બ્યુરોક્રેટ્સ અને કહેવાતા સલાહકાર ગ્રાસ રૂટ લેવલની તકલીફથી અજાણ હોય છે. સરકારે છુટક વેપારી, ટ્રેડર્સ, હોલસેલ વેપારી અને વિવિધ કામ કરતા લોકોની કામ કરવાની પદ્ધતિને સમજ્યા બાદ જ કોઈ ક્રાંતિકારી પગલું ભરવું જોઈએ. માત્ર ને માત્ર ઓચિંતા લેવામાં આવેલું પગલું દેશ માટે નુકસાનકારક બની શકે છે. નાણાં એ કાળાં કે સફેદ નથી હોતા. **વ્યક્તિના પોતાના ઉપયોગ પરથી નાણું સફેદ છે કે કાળું તે સાબિત થાય છે.** ધારો કે કોઈ વ્યક્તિ કરિયાણાના વેપારી પાસેથી ૫૦૦/- રૂા.ની ખરીદી કરે છે અને કરિયાણાનો વેપારી તેનું બીલ નથી આપતો કે કોઈ શાકભાજીવાળા પાસેથી નાના પાયે ખરીદી કરે છે તો નિયમિત વેરો ભરનાર વ્યક્તિ નિયમિત ટેક્ષ ભરે છે, તેના માટે એ નાણું વ્હાઈટ મનીની ખરીદી છે જ્યારે વસ્તુ વેચનાર માટે તે નાણું બ્લેક બને છે અને બ્લેક મની બીજી વ્યક્તિને આપે અને તે નાણું બીજી વ્યક્તિને આપવામાં આવે તે ચોપડે દર્શાવે છે તો તે નાણું વ્હાઈટ બને છે. એટલે કે વ્યક્તિએ વ્યક્તિએ નાણાંની પરિસ્થિતિમાં ફેરફાર થાય છે.

ભારતમાં GDPના ૧૩ ટકા ટ્રાન્ઝેક્શન કેશથી થાય છે જ્યારે અન્ય દેશોમાં ડિજિટલાઈઝેશન અને પ્લાસ્ટિક કરન્સી સંભવ છે. **જ્યારે ભારતના ગામડાંમાં પીવાના પાણી અને વીજળીની અછત છે ત્યાં વ્યક્તિ કેવી રીતે મોબાઇલથી પેમેન્ટ કરી શકશે?** આ ઉપરાંત ૫થી ૧૦ નાના ગામડાં વચ્ચે એકાદ બેન્કની શાખા અથવા તો પોસ્ટ ઓફિસ જોવા મળે છે. એટલે જ્યાં સુધી પાયાના લેવલ સુધી મુળભૂત જરૂરિયાતો પૂરી ના પડાતી હોય ત્યાં સુધી સૌથી વધારે ખરાબ અસર આ લોકો ઉપર જોવાશે. આ ઉપરાંત જન-ધન યોજના હેઠળ ખાતા ખોલાવી દેવાયા પરંતુ કેટલા ખાતામાં ખરેખર વ્યવહાર થયા કે નહીં તે પણ સરકારે જોવાની જરૂર હતી. વિશ્વ કરતાં ભારતની પરિસ્થિતિ જુદી છે. **એટલે સરકારે કોઈપણ નિર્ણય વૈશ્વિક નહીં પરંતુ સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લેવો જોઈએ.** આ ઉપરાંત વડાપ્રધાન પોતાને ચા વેચીને આગળ આવ્યાની વાત કરે છે. તો શું કોઈ ચા વાળો રસ્તા ઉપર ચા વેચીને ચેકથી પૈસા લેશે ખરો? કે

મોબાઈલથી પેમેન્ટ સ્વીકારશે ખરો? જે કોઈ મજૂર રોજ મજુરી કરીને કમાય છે તે ચેકથી પેમેન્ટ સ્વીકારશે? અથવા તો કોઈ શાકભાજીવાળો ચેક સ્વીકારશે? આ બધા સંજોગોમાં ક્રાંતિકારી પગલું ભરવા છતાં કેશના વ્યવહારો બંધ થવાની શક્યતા નહિંવત્ છે. હકીકતમાં સરકારે પહેલા પાયાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યા પછી મોટો નિર્ણય લેવાની જરૂર હતી. તેના બદલે નાનામાં નાનો માણસ કામધંધો છોડી હાલમાં બેંકમાં પૈસા બદલવાની લાઈનમાં અને બેંકમાં ખાતું હોય તો પૈસા ભરવાની લાઈનમાં ઊભો રહેલો જોવા મળે છે. એટલે કે હાલમાં પ્રજાની હાલત ગુજરાતીમાં કહેવત છે કે '**છતે પૈસે ભિખારી બની ગયા**' જેવી છે. જો ખરેખર ખોટી નોટો કે કાળાં નાણાં બહાર લાવવા હોય તો તેના માટે ભારતમાં સૌથી ઊંચો વ્યક્તિગત ટેક્ષ ૩૦ ટકા છે તે પ્રમાણે લોકોને પૈસા જમા કરાવવાની એક તક આપી એકસાથે સિસ્ટમમાં સુધારો કરી શકાય. પરંતુ તે માટે પણ અગાઉથી વ્યવસ્થાતંત્ર ઊભું કરવું જોઈએ.

ઈન્ડોનીશ્યામાં કાળાં નાણાં માટે માત્ર ૪ ટકા ભરીને એક યોજના તાજેતરમાં કરવામાં આવી હતી. તેમાં સરકાર પાસે ૩૦૦ બિલિયન ડોલર આવ્યા છે. સરકાર પાસે ૫૦૦ અને ૧૦૦૦ની નોટોમાં ફરતું નાણું ૧૫ લાખ કરોડ છે અને સરકારે હાલમાં ૧૦ લાખ કરોડ રૂપિયા મેળવ્યા છે. જો સરકારે ૩૦ ટકાનો સ્લેબ રાખીને એક તક આપી હોત તો ૧૫ લાખ કરોડ પૈકી બાકી રહેતા રૂા. ૫ લાખ કરોડવાળા આ યોજનાનો લાભ લે તો ૩૩% નાણાં એટલે કે રૂપિયા ૧.૫૦ લાખ કરોડ સરકારને મળી જાત અને લોકોનું નાણું સિસ્ટમમાં આવી જાત અને અર્થતંત્ર - ઈકોનોમિનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલાં ઊભું કર્યું હોત તો તેનો ખર્ચ તેમાંથી નીકળી ગયો હોત અને ભારતમાં એક ડિજિટલ યુગનો પ્રારંભ થઈ શક્યો હોત. તેના બદલે સરકારે ઉતાવળિયું પગલું ભરીને અંધાધૂંધીનું વાતાવરણ ઊભું કર્યું છે.

હકીકતમાં સરકારે કાળા નાણાં બહાર લાવવા હોય તો સૌથી વધારે નાણાં રાજકારણીઓ, સરકારી અધિકારીઓ અને કહેવાતા મોટા માથા પાસે છે. એટલે આ તો એવું થયું કે **એક મગરને મારવા માટે આખું તળાવ ખાલી કરાયું અને તે તળાવ ખાલી કરાતા તેમાં રહેલી માછલીઓ પણ મરી ગઈ.** હકીકતમાં સરકાર નોટો બંધ કરવાને બદલે કહેવાતા મોટા લોકો પાસે જો આવક કરતાં વધારે સંપત્તિ હોય તો તેની વિગતો મેળવી લઈને તે જપ્ત કરવાની જરૂર હતી.

આ ઉપરાંત કાળું નાણું માત્ર રોકડ સ્વરૂપે રહેતું નથી. કાળા બજારીયાઓ અને સંઘરાખોરો અનાજ, કેમિકલ અને મેટલ જેવી વિવિધ કોમોડિટી સ્વરૂપે પણ સંગ્રહ કરી રાખે છે. આ ઉપરાંત સરકારે પ્રથમ લોકરો પણ સીલ કર્યા હોત તો પણ મોટી રકમ મેળવી શકી હોત. જેના બદલે સરકારે નાના માણસને પરેશાની થાય તેવું પગલું ભર્યું. જેની અર્થતંત્ર ઉપર નેગેટિવ અસર જોવાશે અને સરકાર પૂરતા પ્રમાણમાં કરન્સીનો પુરવઠો પૂરો નહીં પાડે તો અંધાધૂંધીનું વાતાવરણ જોવાશે અને જ્યાં સુધી સરકાર કેશલેસ સિસ્ટમ ઊભી નહીં કરે ત્યાં સુધી અગાઉની જેમજ રોકડ આધારિત સિસ્ટમ ફરીથી ચાલુ થઈ જશે.

એટલે સરકારે પૂરતું હોમવર્ક કર્યા વગર કરેલો આ સર્જિકલ સ્ટ્રાઈકનો આ હુમલો બુમરાણ સાબિત થશે.

*ધનવર્ષા ફીનકેપ પ્રા.લિ.*
*૪૦૮-૪૦૯, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે,*
*એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*મો. ૮૮૬૬૦ ૦૪૦૭૬*

## મગરમચ્છને પકડવા જતાં નિર્દોષ માછલીઓ મરી!

**(અનુસંધાન : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

બેન્કોની પરિસ્થિતિ નબળી થતી જશે.

હાલમાં ૭૬% ક્ષમતા પર કામ કરતા ઉદ્યોગ બજારમાં કરકસર અને નાણાં ઓછા થવાના કારણે ઓછી માંગથી પીડાઈ ઉત્પાદન ક્ષમતા હજુ પણ ઓછી કરવા માટે બાધ્ય થશે. જેના કારણે બેરોજગારી વધશે અને આર્થિક અરાજકતા વર્તાશે.

હાલ ૫૦% ક્ષમતા પર કામ કરતાં ઉદ્યોગો એમની લીધેલી લોનનો ભરપાઈ કરવા માટે સક્ષમ થશે નહીં અને એની અસર આગળ બેન્ક લોનની NPA બાજુએ થશે અને તે વધશે.

આયોજન વિના ભારતીય અર્થવ્યવસ્થાનાં સમજણનાં અભાવે પ્રધાનમંત્રી દ્વારા લેવાયેલ આ નિર્ણય રાષ્ટ્રને આર્થિક અરાજકતા બાજુ લઈ જશે. આ કારણે રાષ્ટ્રનો વિકાસદર ૨થી ૩% સુધી નીચો જતો રહે તો પણ કોઈ નવાઈ ના કહેવાય.

રાષ્ટ્રભક્તિ અને સામ્યવાદનાં વિચારો હંમેશાં વિરોધાભાસી રહ્યા છે. સામ્યવાદ સૌપ્રથમ જનતાની સુખાકારી આયોજનો તથા સમાન વ્યવસ્થા ઊભી થાય એના માટે કામ કરતું હોય છે. તો સામે રાષ્ટ્રભક્તિ ક્યાંક યુધ્ધને પણ રાષ્ટ્રસ્વાભિમાન બનાવી, રાષ્ટ્રનાં સ્વરૂપ ગણાવી હાલાકી વધારવા માટે પણ તત્પર થઈ શકે છે. સવાલ અને જવાબ બંને વાચકોએ આપવાના છે...!!!

*બી/૭૦૪, નરનારાયણ કોમ્પ્લેક્સ,*
*સ્વસ્તિક ક્રોસ રોડ પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

ચલણી નોટ્સ નાબૂદી

# ચલણી નોટ્સ – સિક્કાની બે બાજુ... આવકવેરાનો દર ઓછો જરૂરી

• હર્નિશ પી. મોઢ, એડવોકેટ •
ઈન્કમટેક્ષ તથા કાયદાના નિષ્ણાત



*અમદાવાદ સ્થિત લેખકશ્રી, ખાસ કરીને ઈન્કમટેક્ષ તથા સંબંધિત કાયદાકીય ક્ષેત્રના નિષ્ણાત ઍડવોકેટ છે. પોતાના વ્યવસાયમાં સતત કાર્યરત રહેતા હોવાની સાથે કો-ઓપરેટિવ સોસાયટી, બિલ્ડિંગ એસોસિએશન વગેરે ક્ષેત્રે પોતાની સામાજિક સેવાનું પ્રદાન કરતા હોય છે. તેઓશ્રી મિલનસાર સ્વભાવ ધરાવે છે તથા અન્યને ઉપયોગી થવા હંમેશાં પ્રયત્નશીલ રહે છે.*

*– તંત્રી મંડળ*

આ અભિપ્રાય આપતા પહેલાં આપ સૌને જણાવવા માગું છું કે હું કોઈપણ રાજકીય પાર્ટીની તરફેણ કરી રહ્યો નથી તથા નીચે જણાવેલ તમામ અભિપ્રાયો મારા અંગત છે, જે ધ્યાનમાં લેશો.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા ૮-૧૧-૨૦૧૬ના રાતે ૮ વાગે ઐતિહાસિક પગલું લેતા જણાવેલ કે દેશમાં વધી રહેલો ભ્રષ્ટાચાર, ત્રાસવાદી ગતિવિધિઓ, નકલી ચલણની નોટો તથા ડ્રગ્સ જેવી પ્રતિબંધિત પ્રવૃત્તિને નાથવા માટે રૂા. ૫૦૦ તથા રૂા. ૧૦૦૦ની નોટો તાત્કાલિક અસરથી એટલે કે તા. ૮-૧૧-૨૦૧૬ના રાત્રિના ૧૨ વાગ્યાથી રદ કરેલ જણાવેલ હતું. પરંતુ શું આ ચલણની નોટો બંધ કરવાથી ઉપરોક્ત જણાવેલ તમામ પ્રવૃત્તિઓ બંધ થઈ જશે??? જવાબ તો આવનાર સમય જ કહેશે.

પણ આવનાર એક-બે વર્ષ માટે જરૂરથી ઉપરોક્ત તમામ પ્રવૃત્તિઓમાં ઘટાડો આવશે. પરંતુ સમયની સાથે સાથે ઉપરોક્ત જણાવેલ પ્રવૃત્તિઓ તથા નકલી ચલણની નોટો ભારતના અર્થતંત્રમાં આવી જશે અને હાલ મુજબ જ તમામ પ્રવૃત્તિઓ ચાલુ થઈ જશે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ ચલણ બંધ કરીને એક તીરે બે શિકાર કરવાનો પ્રયાસ કરેલ છે. જેમકે (૧) જે લોકો પાસે બેનામી રોકડ છે અથવા બેનામી આવક છે તેમની પાસેથી આવકવેરો વસુલ કરવાનો તથા (૨) ઉત્તર પ્રદેશ તથા અન્ય રાજ્યોમાં આવનાર ચૂંટણીમાં લાભ લેવાનો...

પરંતુ પોતાના અંગત સ્વાર્થ માટે કે દેશના વિકાસ માટે આ પગલાંથી જે આશરે ૭૫ નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા છે તેની જવાબદારી કોઈ રાજકારણી પક્ષ લેશે??? શું આપણા દેશમાં નિર્દોષ વ્યક્તિની કોઈ કિંમત જ નથી??? જો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તથા તેમના પક્ષે આ ચલણ બંધ કર્યા પહેલાં નાના નાના ગરીબ વ્યક્તિઓ કે મધ્યમ વર્ગના લોકો માટે વિચાર્યું હોત તો કદાચ આ પગલું ભરતાં પહેલા હાલમાં જે લાંબી લાંબી કતારો, બેન્કમાં નાણાંની અછત, એ.ટી.એમ.માં નાણાંનો અભાવ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું ન હોત અને **જે બતાવે છે કે કોઈપણ તૈયારી વગર રૂા. ૫૦૦ તથા રૂા. ૧૦૦૦ની ચલણી નોટો બંધ કરી દેવામાં આવી છે.** આ બાબતે અન્ય હાઈકોર્ટે તથા માનનીય સુપ્રિમ કોર્ટે પણ ટકોર કરીને નિંદા કરેલ છે.

વધુમાં શું આ પગલાં ભરવાથી ભારતનું અર્થતંત્ર, દરેક વ્યક્તિની સુરક્ષા, મોંઘવારી જેવી બાબતો સુધરી જશે? જે જાણવા આપણે બે-ત્રણ વર્ષ સુધી હજુ વધારે રાહ જોવી પડશે. પછી કદાચ મોંઘવારી કે ભારતીય અર્થતંત્રમાં સુધારો થયેલ ન પણ હોય!

હાલમાં આ રદ કરેલ ચલણથી જે અફરાતફરી દેશમાં ચાલી રહી છે તેના કારણે ઘણા ધંધા રોજગારો પર ખરાબ અસર જોવા મળી છે. જ્યારે બીજા અન્ય ધંધાઓ પર તેની સારી અસર પણ જોવાઈ રહી છે.

જેમ દરેક સિક્કાની બે બાજુ હોય છે તેમ રદ કરેલ ચલણના પણ ફાયદા તથા ગેરફાયદા છે.

**ફાયદાની વાત** કરીએ તો આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે વિચારધારાથી આ નોટો બંધ કરેલ છે તે અનુસંધાને આવકવેરો મેળવવાનો મહત્ત્વનો હેતુ રહેલ છે અને જો એમાં સફળતા મળે તો ભારતના અર્થતંત્ર ઉપર સારો પ્રભાવ આવી શકશે તથા મોંઘવારીનો દર ઘટી શકશે. આ સિવાય આ નોટો બંધ કરવાથી કોઈ ફાયદા દેખાતા નથી. પરંતુ આપણે જાણીએ છીએ કે જે વેરો (ટેક્ષ), અન્ય સરચાર્જ પર લગાવી દેવામાં આવ્યા હોય તે ક્યારેય પરત લેવાતા નથી.

એટલા માટે હું ફરીથી કહું છું કે મોંઘવારીનો દર ઘટાડવો ઘણું મુશ્કેલીભર્યું કામ છે

બીજી તરફ **ગેરફાયદા**ની વાત કરવામાં આવે તો આપણે સૌ જાણીએ છીએ કે લોકોએ બેન્કોમાં લાઇનોમાં ઊભા રહીને જૂની નોટોના બદલે નવી નોટો બદલાવીને **ફરીથી ભ્રષ્ટાચાર આચરેલ છે** તેવી રીતે લોકોએ જૂની ચલણી નોટો આપીને ચેકો અથવા સોનાની લગડી ખરીદીને ભ્રષ્ટાચાર આચરેલ છે. આમ, સરકારને આ નાણાં પર વેરો મળશે નહીં. બીજી બાજુ ૭-૮ દિવસ પહેલાં એક આતંકવાદી પાસેથી પણ રૂા. ૨,૦૦૦ની નવી ચલણી નોટો મળી આવેલ હતી.. આમ, **ત્રાસવાદી ગતિવિધિઓ પણ રોકી શકીએ તેમ નથી.** વધુમાં રૂા. ૨,૦૦૦/-નવી ચલણી નોટોની પણ નકલી નોટો બનીને બજારમાં આવી ગયેલ છે. આમ, **નકલી ચલણી નોટો પણ રોકી શકાય તેમ નથી.** આમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ત્રણેય આશાઓ પર પાણી ફરી વળેલ છે.

વધુમાં ચર્ચા કરીએ તો આવકવેરાનો દર ખૂબ જ વધારે હોવાથી લોકો ખોટા ખર્ચા બતાવીને પણ નાણાં ભેગા કરે છે અને તેની પર વેરો ભરાતો નથી. આવા નાણાં જ એક કે બે વર્ષની અંદર ભારતના અર્થતંત્રમાં ફરી આવી જશે. **આમ ૧૨૫ કરોડની વસતિમાં આ પ્રમાણેની નોટોને રદબાત્તલ કરીને કોઈ ઉકેલ આવી શકે તેમ નથી.**

મારા મંતવ્ય તથા અભિપ્રાયો મુજબ ભારત સરકાર તરફથી નીચેની ભૂલો કરવામાં આવેલ છે :

૧. રૂા. ૫૦૦ તથા રૂા. ૧૦૦૦ની ચલણી નોટો બંધ કરવામાં આવી તેના બદલામાં ફક્ત રૂા. ૫૦૦ની જ નવી ચલણી નોટ મૂકવી જોઈતી હતી.

૨. ભારતમાં ૭૦ કરોડ લોકો કે જેમની પાસે બેન્કિંગ વ્યવસ્થા નથી તથા જેની આસપાસ અમુક કિલોમીટર સુધી બેન્ક નથી તો આ અમલ કરતાં પહેલાં બેન્કિંગ વ્યવસ્થા સુધારવાની જરૂર હતી.

૩. બે લાખ એ.ટી.એમ.માંથી હાલ પણ માત્ર ૮૦,૦૦૦ એ.ટી.એમ ચાલી રહેલ છે. તો સરકારે આ અમલ કરતાં પહેલાં દરેક એ.ટી.એમમાં સુધારો કરવાની જરૂર હતી.

૪. પોસ્ટમાસ્ટર દ્વારા તથા અમુક બેન્કના મેનેજર દ્વારા ગેરરીતિ આચરીને જૂના ચલણની નોટોને બદલે નવી ચલણની નોટો બદલી આપવામાં આવેલ છે. તો તેમાં આક્રમક પગલાં લેવાની જરૂર હતી.

૫. ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ તરફથી તા. ૨૮-૧૧-૨૦૧૬ના રોજ બેનામી નાણાં માટે જે સ્કીમ લાવેલ છે તેના બદલે આ સ્કીમ તા. ૮-૧૧-૨૦૧૬ના રોજથી લાવ્યા હોત તો ભારત સરકારને જરૂરથી સકારાત્મક પરિણામ મળી શક્યા હોત.

અંતમાં હું એક વાત કહેવા માગું છું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે કાર્ય કરેલ છે તે બિરદાવવા લાયક છે પરંતુ સત્યની વાત કરીએ તો આપ સૌ જાણો છો કે **સૌથી વધારે કાળાં નાણાં રાજકારણીઓ પાસે રહેલ છે** પરંતુ આ દરેકના કાળાં નાણાં આ સ્કીમ આવતાં પહેલાં જ સગેવગે કરી દેવામાં આવેલ છે અને આ સ્કીમથી ફક્ત આપણાં જેવા મધ્યમ વર્ગના તથા ગરીબ વર્ગના લોકોને તકલીફ ભોગવવાનો વારો આવેલ છે.

હું પ્રાર્થના કરૂં છું કે વડાપ્રધાને જે વિચારેલ છે તે પ્રમાણે ભારત સરકારને કાળાં નાણાંમાં ધાર્યા મુજબ સફળતા મળે તથા આપણે સૌ વિકાસશીલ ભારત જોઈ શકીએ તેવી આશા સહ પૂર્ણવિરામ કરૂં છું.

*૯૦૧-૯૦૨, સ્પાન ટ્રેડ સેન્ટર,*
*કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*ફોન : (ઓ) (૦૭૯) ૨૬૫૭૫૪૭૮, ૨૬૫૭૮૫૩૮*
*મો. ૯૯૨૫૦ ૩૯૫૪૦*

## સાધુ થવું એ મનની સ્થિતિ છે, તેને કપડાં સાથે શું સંબંધ?

'ભગવા' એ વસ્ત્ર નથી પણ 'વિચાર' છે.

જૈન સાધુ-સાધ્વીજીઓના સફેદ કપડાં પણ આ જ પ્રકારે એક 'વિચાર' છે.

તેની સામે એ પણ હકીકત છે કે

વિરક્તિ અને આસક્તિ એ બંને સ્થિતિ મનન છે.

તેને કપડાં સાથે શું સંબંધ?

અને તેથી જ આપણે અનેક સંસ્કારીઓમાં સાધુ સમાન દર્શન થાય છે! ■

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

ચલણી નોટ્સ નાબૂદી

# કરન્સી નાબૂદી – અભિપ્રાય માટે હજુ સમય પાકેલ નથી

• સી.એ. હિતેશ શાહ •



*લેખકશ્રી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. ઓડિટ તથા ટેક્ષેશન વિષયના નિષ્ણાત છે અને છેલ્લા ૧૮ વર્ષથી અમદાવાદના ઉપરોક્ત ક્ષેત્રમાં પોતાની પ્રેક્ટિસ કરી રહ્યા છે.*

*– તંત્રી મંડળ*

૫૦ દિવસની રોજિંદી હાડમારી એ સૂર્ય ઉગતા પહેલાના અંધકાર જેવું લાગે છે. આપણા દેશના નાગરિકોને અચાનક જ એક ઝટકો આપીને ઊંઘતા ઝડપી લીધા જેવું થયેલ છે. કોઈપણ સામાન્ય માણસની કલ્પનામાં ના આવે તેવું! આપણા વડાપ્રધાન શ્રી મોદી સાહેબે તા. ૮-૧૧-૨૦૧૬ના રોજ રાત્રે ૮ કલાકે કહેલ કે તેઓશ્રીએ રૂા. ૫૦૦ તથા રૂા. ૧૦૦૦ની ચલણી નોટો બંધ કરવાનું નક્કી કરેલ છે આ હજી પણ સ્વપ્નવત્ લાગે છે. જેમ ૨૦૦૧માં થયેલ ભૂકંપ આપણે હજી પણ ભૂલ્યા નથી તેવો જ આ આર્થિક નિર્ણય આપણે ઘણાં સમય સુધી ભૂલી શકીએ તેમ નથી. તેમ છતાં શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં જણાવેલ છે કે **સારા આશયથી કરવામાં આવેલ કાર્ય / કર્મ કદી નિષ્ફળ જતું નથી.** તેવી જ રીતે મનુષ્યે પોતાનું કર્મ કરે જવાનું છે – કોઈ પણ પ્રકારના ફળની અપેક્ષા વિના.

મોદી સાહેબે ભરેલ આ પગલું ચોક્કસપણે અવિચારી તો નહોતું જ પણ ઉતાવળે લીધું હોય તેવું તો ચોક્કસ લાગે જ છે. આર.બી.આઈ. તથા પોતાના અન્ય મંત્રીઓને વિશ્વાસમાં લીધા વિના આ પગલું લીધું હોય તેમ લાગે છે. આપણે અનુભવ્યું તેમ, આ પગલાંની ફળશ્રુતિ સ્વરૂપે બે નંબરની આવકવાળા તથા અપ્રમાણસર સંપત્તિ ધરાવનારાઓમાં કેટલી દોડાદોડી થઈ જવા પામેલ છે. લોકો સોનું, પ્રોપર્ટી વગેરે જૂની નોટોથી ખરીદવા માટે જ્યાં ને ત્યાં ફાંફાં મારવા લાગ્યા છે. ત્યાં સુધી કે જૂની નોટોના બદલામાં નવી નોટો કે પછી બેંક બેલેન્સ વગેરેથી પૈસા બદલી આપવાના પણ લગભગ ૩૦% થી ૪૦% સુધીના પ્રીમિયમ પણ સાંભળવા મળ્યા હતા. પણ હવે તેઓ બધા ઠરીઠામ થઈ ગયા હોય તેવું લાગે છે.

**મારા મતે સરકારશ્રીએ સામાન્ય માણસલક્ષી એ પણ ચિંતન કરવું જ રહ્યું કે આશરે ૬૫%થી પણ વધારે ગામડાંમાં રહેતાં લોકો માટે તથા કૃષિલક્ષી દેશ માટે આ પગલું કેટલે અંશે વ્યાજબી છે?** જે લોકોને પોતાના ઘરે શૌચાલય બનાવવા માટે પણ સરકારે વિજ્ઞાપન તથા સબસીડી આપવી પડે છે, તે લોકો માટે તથા આશરે ૧૨૫ કરોડની વસતિ ધરાવતા ભારત દેશ માટે પ્લાસ્ટિક મનીનો વિકલ્પ કેટલે અંશે વ્યાજબી છે તેનો નિર્ણય તો સમય જ કરશે. પણ હા, સરકારશ્રીનું આ પગલું પ્રજાના પૈસે તાગડધિન્ના કરતાં રાજકારણીઓ, સરકારી બાબુઓ વગેરે માટે Eye Opening (આંખ ઉઘાડવા) સમાન છે. આને લીધે જમીનો, પ્રોપર્ટીઓ તથા રોજબરોજની ઘણી વસ્તુઓ જેમાં ફુગાવો ટોચ પર છે તે જરૂર અંકુશમાં આવશે જ તેવું પ્રતીત થાય છે.

અંતમાં ઓવરઓલ GDP ની સરખામણીએ ગ્રોથ રેટ કેટલો વધે છે કે ઘટે છે તેનો ફેંસલો તો સમય જ કરશે. પણ હા, આ પગલાંથી સૌ કોઇ પોતાની નૈતિક જવાબદારીઓ તથા મૂલ્યોનું પાલન કરવા ચોક્કસ પ્રેરાશે તે જ અભિલાષા સાથે....

*707, સ્પાન ટ્રેડ સેન્ટર, એલિસબ્રિજ,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૮૨૫૪ ૫૪૭૧૦*

## મોટી નોટોની નાબૂદીથી
## કાળા નાણાંનું ઉપાર્જન બંધ થઈ જશે?

ચૂંટણી વ્યવસ્થાની ખામી અને ચૂંટણીમાં વપરાતું બેમર્યાદ કાળું નાણું એ દેશના તમામ ભ્રષ્ટાચારનું મૂળ કારણ હોવાનું કોઈથી અજાણ્યું નથી. **એ સંજોગોમાં મોટી નોટો રદ્દ કરવાથી આ બધું બંધ થઈ જશે એવું માની લેવું હાલના તબક્કે અઘરું છે.** કાળા નાણાંનું ઉપાર્જન દેશની ચૂંટણી પદ્ધતિને કારણે નવી નોટો આવ્યા પછી પણ થશે જ થશે. હા, અત્યારના પગલાથી બનાવટી નોટો અને તેની પાછળના આતંકી તત્ત્વોને જનોઈવઢ ઘા થયેલ છે.

ચલણી નોટ્સ નાબૂદી

# નોટબંધી આરપાર....

• ચૌલા કુરુવા •



*લેખિકા મૂળ કચ્છના વતની છે તેમજ લેખન અને સમાજસેવાના કાર્ય સાથે વરસોથી સંકળાયેલા છે. તેમના વિવિધ વિષયો પરના લેખો અનેક અખબારો અને મેગેઝિનોમાં પ્રકાશિત થતા રહે છે. તેમણે વિવિધ દેશોના પ્રવાસ કર્યા છે. તેમજ તેમનાં આઠ જેટલા પુસ્તકો પણ પ્રકાશિત થયા છે.*

*– તંત્રી મંડળ*

**લગભગ આઠ માસ પહેલાં રાજકોટના બપોરના દૈનિક 'અકીલા'માં એક સમાચાર છપાયેલા કે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો બંધ થાય છે.** મને નવાઈ લાગી. મોદીસાહેબ આવું ગાંડપણ તો ન જ કરે. શું વાંક બિચારી આ નોટોનો કે તેમને ચલણમાંથી રદ કરવી પડી?

જો કે પછી ખબર પડી કે નીચે એપ્રિલફૂલ લખેલ છે.

પણ ના, આ કંઈ એપ્રિલ ફૂલ નહોતું. જાણકારોને અને નજદીકના લોકોને ખબર હતી અને વહીવટ બરાબર શરૂ થઈ ગયો હતો. પણ આ અખબારવાળાઓમાં હિંમત નહોતી કે આ તૈયારીના સમાચાર છાપે.

સમાચાર બીજા કોઈ નહીં રાજકોટના જાણીતા રાજકારણી તેમજ જાણીતા બ્યુરોક્રેટના હતા. પણ એમણે બહુ સાહજિકતાથી લીધું હતું. હશે, જે થશે તે, સાહેબ બધું સારું જ કરશે. અને પાસ ઓન કર્યા અખબારોને... વરસો જૂની ટેવ પ્રમાણે... પણ કોઈની હિંમત નહોતી કે છાપે.

**જો કે ૨૦૦૦ની નોટો તો ક્યારની Whatsapp પર ફરી રહી હતી.** અને રાજન સાહેબ – રિઝર્વ બેંકના ગવર્નર નનૈયો પણ ભણી ચૂક્યા હતા.

એટલે સ્વામીને તેમની પાછળ દોડાવાયા. જે કામ તેમણે પાર પાડ્યું. સ્વામીનો દાવો નાણામંત્રી બનવાનો લાંબા સમયથી હતો. રાજને સ્વેચ્છાએ જ નિવૃત્તિ લઈ લીધી.

ગુજરાતી ભાઈ ઉર્જિતને તૈયાર કરાયા. ગવર્નર થવું હોય તો હું કહું તેમ જ કરવું પડશે... એમની અસલ અદામાં... ગુજરાતમાં સૌ કોઈ આ રીત જાણે જ છે અને દિલ્હીમાં તેમજ દેશમાં પણ આ કંઈ નવી બાબત નથી... વરસોથી આ પ્રથા જ ચાલે છે.

પોઝિશન કે પોસ્ટ જોઈએ તો હું કહું તેમજ કરવું પડશે... તેમ પ્રત્યેક બોસ ઈચ્છતો હોય છે.

ગુજરાતમાં આવી રહેલ ચૂંટણી માટે પટેલ વોટ લેવાના હતા. ઉર્જિત પટેલ કરતાં બીજો સારો ઉમેદવાર કોણ થઈ શકે? અમેરિકામાં પણ પટેલોનો ડંકો વાગે છે અને ગુજરાતમાં તો એમના વગર ચૂંટણી જીતવી મુશ્કેલ છે.

દિવસ પણ આ જાહેરાત માટે સારો પસંદ કરાયો. અમેરિકાની ચૂંટણીમાં શરૂઆતમાં હિલેરીનું પલ્લું ભારે હતું. પણ પછી ડોનાલ્ડ ટ્રમ્પનું પલ્લું ભારે થઈ ચૂક્યું હતું.

ચૂંટણીમાં સમાચાર ચાલી રહ્યા હતા ટ્રમ્પની જીતના અને વચ્ચે જ પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે આવતીકાલથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણમાંથી રદ થાય છે અને નવી નોટો સૌએ બેન્કમાંથી લઈ લેવી. બેંકો એક દિવસ બંધ રહેશે. વગેરે વગેરે...

ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યોની આવી રહેલી ચૂંટણી જીતવા આથી બીજો સારો કયો માર્ગ હોઈ શકે? ગરીબો અને કાળાં નાણાં તેમજ આતંકવાદને નાથવા માટે પણ આ જરૂરી છે એમ કહેવાયું છે.

શરૂઆતમાં તો જોક્સ અને ટુચકાઓ શરૂ થઈ ગયા Whatsapp પર અને સોશિયલ મીડિયા ઉપર. પણ હકીકત ધાર્યા કરતાં વધુ ગંભીર છે અને કડવી પણ છે. આજે ૨૦ દિવસ થયા લોકો પોતાના પૈસા લઈ શકતા નથી. ૭૦ જેટલા લોકોએ જાન ગુમાવ્યા છે. પ્રામાણિક અને મહેનતુ માણસોએ પણ પૈસા ગુમાવ્યા છે, ઈમાનદારીની બચત પણ ગુમાવી અથવા મેળવવી મુશ્કેલ બની ગઈ છે. કારણ કેશમાં વ્યવહાર કરવો વિશેષ સરળ છે તેમ ઘણાં માને છે. કેટલાક **મગરમચ્છોને પકડવા આખું તળાવ સૂકવી નાખો અને હજારો નિર્દોષ માછલીઓ મરણ પામે** તેવા હાલ દેશના થઈ રહ્યા છે.

વિદેશ ભાગી ગયેલા વિજય માલ્યા અને લલિત મોદી

જેવાઓએ દેશની બેન્કોને ૭૦૦૦ કરોડથી વધુનો ચૂનો લગાડ્યો હતો. જેમાં બીજા લેણા પણ છે. સરકારની આ લોકોને પકડવાની અને તેમની પાસેથી લેણા વસુલ કરવાની નિષ્ફળતાનો ભોગ નાના અને મધ્યમ વર્ગના લોકો પણ બન્યા છે.

દેશમાં ૮૦ ટકા જેટલી કરન્સી ૫૦૦ રૂપિયાની અને ૧૦૦૦ રૂપિયાની હતી. જેને રાતોરાત રદ કરી દેવાતાં અરાજકતા ફેલાય તે સ્વાભાવિક છે. દેશ રાતોરાત ભિખારી અને કાળા બજારિયાનો થઈ ગયો છે.

૨૦ દિવસ પછી બેન્કોમાંથી પૂરતી કેશ નથી મળતી અને ATM બંધ છે અને લાઈનોમાં કલાકો સુધી ઊભા રહેવું પડે છે તે અલગ. જોકે જે લોકોમાં પૈસા બનાવવાની અને ટેક્ષ પણ બચાવવાની આવડત છે તેઓ પોતાના પૈસા આરામથી બચાવી શક્યા છે. કાળાં નાણાંને ધોળા પણ બે-ચાર દિવસમાં કરી શક્યા છે. **આગામી સમય બેકારી અને મંદીનો હશે તેમ જાણકારો માને છે.** આ દેશમાં કેશ ઈઝ કિંગ છે. ૮૦ ટકાથી વધુ વ્યવહાર કેશથી થાય છે અને ધંધા પણ કેશથી થાય છે. આ બધાને રાતોરાત કહેવું કે પ્લાસ્ટિક મની વાપરો એ સરળ નથી. દુનિયાના વિકસિત દેશો ચેક અને પ્લાસ્ટિક મનીનો બહોળો ઉપયોગ કરે છે. વિકસિત દેશોમાં માંડ ૨૫ ટકા કે તેથી ઓછો ઉપયોગ કેશનો છે. જ્યારે આપણે ત્યાં ડૉક્ટરો કે હોસ્પિટલો કે સરકારી સંસ્થાઓ પણ ચેક અને પ્લાસ્ટિક મની લેવાનો ઈન્કાર કરે છે. આવો અનુભવ ઘણાને થઈ રહ્યો છે. **આ સમય દરમિયાન સામાન્ય લોકો પર પડી રહેલો માનસિક ત્રાસ અને યાતનાની ભાગ્યે જ નોંધ લેવાઈ છે.** આવી માનસસ્થિતિ ઉત્પાદન અને વ્યક્તિગત શક્તિને અવશ્ય અસરકર્તા બનશે.

કરન્સી બદલવાની પ્રક્રિયામાં ૨૦ દિવસમાં બહુ મોટા વ્યવહારો દેશની બેન્કોમાં પડદા પાછળ થયા છે. એટલા દિવસોમાં બેન્કની લાઈનમાં કોઈ નેતા કે ફિલ્મી અભિનેતાઓ કે ક્રિકેટરો કે મોટા ઉદ્યોગપતિ કે પૈસાદાર લોકો કે મોટા અધિકારીઓ દેખાયા નથી. **તેમને હોમ ડિલીવરી કરવામાં આવી છે. એટલે જ 'કેશ નથી'ની ફરિયાદ વ્યાપક બની છે.** બીજી તરફ રિઝર્વ બેંક સતત કહે છે કે પૂરતી કેશ પહોંચાડવામાં આવી છે. જો કે જાણકારો કહે છે કે પૂરતી કેશ માટે બીજા આઠ દસ મહિના લાગી શકે છે.

**આ બધું અરાજકતા નહીં તો શું છે? ૧૨૫ કરોડની વસતિવાળા વિશાળ દેશમાં ૮૬ ટકા કરન્સીને રાતોરાત તોડી નાખવી, એ પણ કોઈ મજબૂત કારણ વગર, એ માત્રને માત્ર તઘલખી નિર્ણય કહી શકાય.**

ઘણા અર્થશાસ્ત્રીઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ પણ નેગેટિવ અર્થતંત્ર જુએ છે દુનિયાની માર્કેટમાં ભારતીય માલનું વેચાણ પૂરજોશમાં હોય તેવા સમયે આ પ્રકારનો નિર્ણય કરવો એ આત્મઘાતી પગલું બની શકે છે.

**જો કે બીજા અનેક hidden agenda તૈયાર થઈ રહ્યા છે** અને માર્ચ પછી એક પછી એક જાહેર થઈ શકે છે. આમાં બીજા અનેક સમાન વિચારસરણી ધરાવતા લોકોનો સાથ હોઈ શકે છે.

**જમીન, મિલ્કત** તેમજ **સોના** સંબધી અને અન્ય અર્થ વ્યવસ્થાના અધિકારો અને નિયંત્રણો સંબંધી કાયદા અને નીતિનિયમો હોઈ શકે છે.

આ બધામાં પાકિસ્તાન અને આતંકવાદ અને મસ્જિદોમાંના કાળાં નાણાં વગેરે વાતોને સાથે લઈ, દેશપ્રેમની વાતો અને ઈમોશન્સનો સાથ લઈ ચૂંટણી અને સત્તાને કેન્દ્રસ્થાને રખાશે. ચોક્કસ વ્યક્તિઓના હિતો અને ચોક્કસ સમૂહના હિતો પણ અગ્રક્રમે હશે.

**આગામી સમયમાં હવે બેંકો માલદાર થશે.** સૌથી વધુ ફાયદો આ પરિવર્તનમાં બેંકોને થશે કારણ તેમની જ બૂમો વિશેષ હતી. લોન ભરપાઈ ન થવા બાબતે... અને બાકી લેણા તેમજ ખોટ સંબંધી... હાલે બેંકોમાં આઠ લાખ કરોડથી પણ વધુની રકમ જમા થઈ છે. જે તેમની બાકી રકમ કરતાં અનેકઘણી વધુ છે. જ્યારે સામે માંડ ૨ લાખ કરોડ જેવી રકમ ચૂકવી છે

ડિપોઝિટોના વ્યાજ ઘટ્યા છે જે વધુ ઘટી શકે છે અને લોનના વ્યાજ પણ ઘટી શકે છે. એટલે કે લોન લેવી સસ્તી થશે પરંતુ બજારમાં ઓવરઓલ મંદી સર્જાય, જે નિરાશાનું વાતાવરણ દેખાય છે. આ સ્થિતિમાંથી બહાર નીકળતાં સારો એવો સમય લાગી શકે છે.

વિશેષ કડક પગલાં હજુ આવશે તો તે દેશ માટે મોટી પનોતી નીવડી શકે.

*એમ-૩-૧૫, પ્રગતિનગર,*
*નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.*

## પથ્થર મારનારને પણ ફળ આપી શકું


મોરારિબાપુ કહે છે મારું અસ્તિત્વ વૃક્ષ જેવું છે. મારનારને પણ ફળ આપી શકું એટલી જ પ્રાર્થના કરું છું.

ચલણી નોટ્સ નાબૂદી

# જૂની કરન્સી રદબાત્તલ થયા પછીના તારણો....

• બલવીરસિંહ જાડેજા •

*(આજે તા. ૨૪ નવેમ્બરે, જૂની કરન્સી બદલાવવાનો છેલ્લો દિવસ અને આ લેખ આપની પાસે પહોંચે અને વંચાય કે છપાય ત્યાં સુધીમાં લાગતું નથી, છતાં કાંઈક હકારાત્મક પરિણામ દેખાય તો તારણોમાં થોડો બદલાવ આવી શકે. છતાં આજ સુધીના અનુસંધાને મારા તારણો જણાવી રહ્યો છું.)*



*લેખકશ્રી મૂળ કચ્છ જડોદર (કોટડા)ના વતની છે. મિકેનિકલ એન્જિનિયરિંગ કરીને અનેક રાજ્યોમાં એગ્રીકલ્ચર ટ્રેક્ટર - ટ્રેડની અલગ અલગ કંપનીઓમાં લગભગ ત્રીસ વર્ષ સુધી કામ કરીને તે ક્ષેત્રના નિષ્ણાત છે. અભ્યાસકાળ દરમિયાનથી જ વાંચન, સાહિત્ય - લખાણ, સ્પોર્ટસ વગેરે ક્ષેત્રમાં ઝંપલાવીને સારી નામના પ્રાપ્ત કરી છે. ક્રિકેટ તેમની પ્રિય રમત છે અને એક સારા બોલિંગકર્તા તરીકે અનેક સન્માન મેળવ્યા છે.*

***– તંત્રી મંડળ***

૧. હેતુ ભલે ને લાખ દરજ્જે ઉમદા હોય તો પણ ભારત દેશની લોકશાહી સરકારની કામ કરવાની રીત, બ્યુરોક્રેટનું વર્ચસ્વ અને રીઢા રાજકારણીઓની ગળથૂથીમાં જ, જન્મજાત વિકસેલી નિંભરતાને લઈને **'કરવા ગયા કંસાર અને થઈ ગઈ થૂલી'** બનવાની પૂરી શક્યતા છે – એ છે મારૂં પહેલું તારણ.

૨. જશ ખાટવાની લ્હાયમાં, લોકસભામાં મળેલી અદ્‌ભુત સફળતાને ટકાવી રાખવાની શતરંજ બાજીમાં, પ્રસિદ્ધિની સાથે પ્રમાણભાન પણ જરૂરી છે. જાણીતા લેખક શ્રી ચેતન ભગતે પોતાના લેખમાં દાખલો આપીને લખ્યું છે કે, 'કેન્સરનો ઈલાજ કરનાર ડૉક્ટર માટે ઈલાજ સાથે સંવેદનશીલતા પણ એટલી જ જરૂરી છે.'

આવનારી પંજાબ, ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં હરીફોના સુપડા સાફ કરવા બી.જે.પી.એ એવો દાવ ખેલ્યો છે કે કદાચ, 'હું મરૂં ને તને રાંડ કરૂં' થવાની પૂરી શક્યતા રહેલ છે.

૩. ક્યાં શ્રી નરેન્દ્ર મોદીની કાર્યશૈલી અને ક્યાં પક્ષના જવાબદાર કાર્યકરો, લોકસભાના તેમના સભ્યો કે તેમના પ્રધાન મંડળના સાથીદારોની કાર્યપદ્ધતિ. દા.ત. શ્રી અરૂણ જેટલી અને તેમના નાણાં ખાતાનો કારભાર સંભાળતા અધિકારીઓ કે લાગતા વળગતાઓ, એમાં રિઝર્વ બેન્કના ગવર્નર શ્રી ઉર્જિત પટેલ અને તેમની ટીમ પણ આવી જાય. એ સૌ શ્રી નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વ ઉપર 'બેગાની શાદીમેં અબ્દુલ્લા દીવાના'ની જેમ મુસ્તાક થઈને પૂરા હોમવર્કના અભાવે, જેની તા. ૯મી નવેમ્બરથી અરાજકતા દેખાઈ રહી છે તે, અણઆવડત, બેજવાબદારી કે 'ડૂબતો માણસ જે હાથમાં આવે તેને પકડે'ની જેમ વારંવાર કદાચ લાંબાગાળાનું વગર વિચાર્યે, દરરોજ બહાર પાડતા નવા નવા સમીકરણો રજૂ કરી રહ્યા છે. જે કદાચ વિરોધ પક્ષના ઘણા નેતાઓને વિરોધ કરવાની તક આપવાની સાથે એમની (વિરોધ પક્ષની) નબળાઈઓ ઉપર અજાણતા જ ઢાંકપિછોડો કરી, ફરી માથું ઊંચકવાની તક પૂરી પાડી રહ્યા છે. આ સાથે મુસ્તાક થઈ, 'અમે કર્યું એ જ સાચું' એવા ખ્વાબમાં રાચી રહ્યા છે એવું મારૂં તારણ છે.

૪. જૂની કરન્સી પાછી ખેંચવાના પરિણામના સાચા લેખા-જોખા તો સમય આવ્યે જ ખબર પડશે કે શું અને કેટલું સાચું હતું અને દેશને કે આમજનતાને કેટલો અને કેવો ફાયદો થયો. પરંતુ 'ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે ત્યારે... નવ લાધશે' એ કાવ્ય પંક્તિની જેમ 'બહુ તાણ્યે રબ્બર તૂટી જાય' એમ જો એકાદ અઠવાડિયામાં પરિસ્થિતિ નહીં સુધરે તો ઘરઆંગણે આમ આદમી, ખેડૂતોની સાથે સાથે દેશ અને વિદેશમાં મળેલી શ્રી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા બૂમરેંગ થઈને નાલેશી, અણઆવડત અને અવિચારીપણું કે મૂર્ખતાનો ઈલકાબ લઈને પાછી આવશે એવું મારૂં માનવું છે.

૫. 'ઝાઝી વાતે ગાડાં ભરાય' એ કહેવત અનુસાર ભલે કદાચ ૧૦૦૦ કે ૫૦૦ની નોટો તા. ૮ નવેમ્બરની મધરાતથી

ચલણમાંથી નાબૂદ કરીને એકને બદલે બે કે ત્રણ દિવસના સમય પૂરતી બેન્કો બંધ રાખીને (આમેય ઘણીવાર ત્રણ દિવસ સળંગ રજા હોય છે!) સોના-ઝવેરાતના વેપારીઓને માટે માર્ગદર્શિકા પૂરી પાડીને, સાથે-સાથે કો-ઓપરેટીવ સંસ્થાનો, ખેડૂતો કે જેમને ત્યાં લગ્નપ્રસંગ છે તેમને અનુકૂળ અને યોગ્ય રીતે ઉકેલ માટે સમજાવીને તેમજ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટને સતર્ક કરીને, ટંકશાળમાં સતત નવી નોટો છાપી, બેન્કોને પૂરતો પુરવઠો પહોંચાડીને, સમય મર્યાદા જણાવીને જો જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોત તો 'જોઈએ તેટલું કે તેટલી, નાણું કે નવી નોટો મળે છે' એ આશ્વાસનથી જ એકાદ અઠવાડિયામાં બધું વ્યવસ્થિત બની જાત એમ હું માનું છું.

૬. ઉપર બેઠેલા કે જેમણે આ કહેવાતી 'સર્જિકલ સ્ટ્રાઈક'ને અંજામ આપ્યો તે સૌ, આ લખનાર કરતાં વધુ બુધ્ધિશાળી જરૂર હશે પણ એ.સી. ઑફિસમાં બેસનારા હોવાથી, આમજનતાને શું જોઈએ છે કે શું તકલીફ પડશે અને તેમને કઈ રીતે આપીને રાજી કરી શકાય, તે આપણે સૌ સામાન્ય માણસો વધુ સારી રીતે સમજી શકતા હોઈએ છીએ. આ અંગેનો ખ્યાલ આપણા પી.એમ. સાહેબ જાણતા હોવા છતાં, એકલા કેપ્ટને કેપ્ટન ઈનિંગ રમી, પણ ટીમના બીજા પ્લેયરો ઉણા ઉતર્યા કે કૌવત વિનાનું રમ્યા એમ હું માનું છું.

૭. છેલ્લે છેલ્લે કોઈને પણ શંકા થાય કે, શાસકના મળતિયાઓ, પક્ષ પ્રમુખના ખુશામતિયાઓ કે કદાચ ઉદ્યોગપતિઓના નજીકનાઓ, કેમ નિશ્ચિંત થઈ ગયા? હજી ૨૦૦૦ રૂ.ની નોટ સામાન્ય માણસો પાસે નથી પહોંચી ત્યાં ઠાર મરાયેલા આતંકવાદીઓ પાસે ક્યાંથી આવી? ક્યાંક તો 'કુછ તો ગરબડ હૈ'ની ઉક્તિને સાર્થક કરે છે એમ લાગી રહ્યું છે.

૮. એક વાત ચોક્કસ છે કે, આ પગલાંથી અને આવા જ શ્રેણીબધ્ધ પગલાંઓ જો હજી લેવાય, કે જેને લઈને કાળા નાણાંનો વહીવટ કરનારા, ભ્રષ્ટાચારીઓ, આતંકીઓ અને તેમના પાકિસ્તાની કે બીજા આકાઓ વગેરે ઉપર દબાણ વધારીને, સાવ નિર્મૂળ નહીં તો પણ ઘણા અંશે કાળા નાણાં, ભ્રષ્ટાચાર અને મોંઘવારીના રાક્ષસને સકંજામાં લઈને, આમ જનતા કે સામાન્ય માણસનું જીવન ધોરણનું સ્તર સુધારી શકાય. તે ઉપરાંત નાનામાં નાનો માણસ, અભણ કે ભણેલો, હવે પછી આધારકાર્ડ, આઈ.ડી. પ્રુફ આધારિત બેન્ક સાથેનો વ્યવહાર તથા 'કેશલેસ મની'નો વપરાશ અને જરૂરિયાત સમજીને, પોતાની જાતે જરૂર સુધરવાનો પ્રયત્ન કરશે. જે દેશના અને અંગત વિકાસ કે ઉપલબ્ધિ બની શકે. જે નિર્વિવાદિત છે.

૯. અને છેલ્લે, હજી મોડું નથી થયું અને પી.એમ. સાહેબે અપનાવેલ સૂત્ર 'સૌનો સાથ, સૌનો વિકાસ'ની સાર્થકતા, પોતાના પક્ષનો નહીં કે વિપક્ષનો પણ નહીં, કે ન બિલ્ડરોનો કે ન માલેતુજારોનો, પણ ફક્ત અને ફક્ત દેશના સામાન્ય માણસ, જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના, સૌને નડતા મોંઘવારી, હાડમારી, આરોગ્ય સેવાઓ, દેશની અખંડિતતાને દૂર કરીને કે ભોગ લઈને, લાંબાગાળાના ફાયદાઓને જો પ્રાધ્યાન્ય અપાશે તો જ પાંચ વરસ પૂરા થયે, ફરીવાર કે બીજીવાર જનતા વિશ્વાસ મૂકશે એવું હું માની રહ્યો છું.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ, પ્રોફેસર્સ કોલોની સામે,*
*'ચાઈલ્ડકેર' પાછળ, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## નોટબંધી કેટલી કારગત નીવડશે?

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

આમ, ચલણ નાબૂદીના લાભો અનિશ્ચિત છે પણ તેની માઠી અસરો આપણે સહુ ભોગવી રહ્યા છીએ. **હજારો રોજમદાર મજૂરોએ તેમની રોજગારી ગુમાવી છે. વેપારીઓના વેચાણમાં ઘટાડો થયો છે. અનેક ઔદ્યોગિક ચીજો માટેની માંગ ઘટી જવા પામી છે.** આમેય ઉદ્યોગોના ક્ષેત્રમાં મંદીનો માહોલ પ્રવર્તતો હતો તે સારા ચોમાસાને કારણે દૂર થવાની આશા હતી તે ધૂંધળી બની છે. ચલણ નાબૂદી માટે આનાથી વધારે ખોટો સમય સરકાર પસંદ ન કરી શકી હોત. **ખરીફ પાક બજારમાં આવવાના અને શિયાળુ વાવેતરના દિવસોમાં ગ્રામ વિસ્તારમાં રોકડ નાણાંની જરૂરિયાત વધી જાય છે ત્યારે જ સરકારે નોટબંધી કરીને તંગી સર્જી છે. દેશમાં લગ્નની મોસમ શરૂ થઈ ત્યારે જ નોટબંધીનું મુહૂર્ત કાઢીને તેણે હજારો કુટુંબોને મુશ્કેલીમાં મૂકી દીધા છે.** આવું ગંભીર પગલું પૂરતી વિચારણા અને તૈયારી વિના જ ભરવામાં આવ્યું છે તે સ્પષ્ટ થઈ ગયું છે. એક સંસ્થાએ મૂકેલા અંદાજ પ્રમાણે નોટોની ફેરબદલીનો દેશનો ખર્ચ રૂપિયા સવા લાખ કરોડ જેટલો થશે.

ચલણી નોટ્સ નાબૂદી

# નોટબંધી કેટલી કારગત નીવડશે?

● રમેશ બી. શાહ ●



*શ્રી રમેશભાઈ બી. શાહ ૧૯૬૧માં અમદાવાદની એચ.કે. આર્ટસ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા અને ૩૬ વર્ષ અર્થશાસ્ત્રનું અધ્યાપન કરીને જૂન ૧૯૯૭માં નિવૃત્ત થયા. નિવૃત્તિ પછી તેઓ ગુજરાત વિશ્વકોશમાં વિષય નિષ્ણાત તરીકે સેવા આપે છે.*

*તેમણે અર્થશાસ્ત્રમાં વિવિધ કક્ષાના આઠ પાઠ્ય પુસ્તકોના લેખનમાં સહયોગ આપ્યો છે. અર્થસાસ્ત્રનાં ચાર પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. જ્ઞાનગંગોત્રીની ગ્રંથશ્રેણીના ૨૮મા ગ્રંથ 'ભારતીય અર્થતંત્ર'ના પૂર્વાર્ધના તેઓ લેખક છે. તેમણે અર્થશાસ્ત્રના પારિભાષિક કોશનું સંપાદન કર્યું છે. જેમાં અર્થશાસ્ત્રના ૧૫૦૦થી અધિક પારિભાષિક શબ્દોની સમજૂતી આપવામાં આવી છે. 'હિંદ સ્વરાજ : અહિંસક સંસ્કૃતિની ખોજ'માં તેમણે ગાંધીજીના પ્રથમ પુસ્તક 'હિંદ સ્વરાજ'ની સમજૂતી આપી છે. 'વિનોબાની વાણી' એ તેમનો સંપાદિત ગ્રંથ છે. તેમણે બે પરિચય પુસ્તિકા લખી છે.*

*સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ દ્વારા પ્રકાશિત અર્ધવાર્ષિક 'માધુકરી'ના તેઓ ૧૯૭૪થી ૨૦૦૫ સુધી એક સંપાદક હતા. આ સામાયિક માટે તેમણે અર્થશાસ્ત્રના ૨૦૦ જેટલા લેખોના અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યા હતા. ૧૯૭૪થી ૧૯૮૯ સુધી તેઓ ઉચ્ચ શિક્ષણના પ્રશ્નો ચર્ચતા માસિક 'દૃષ્ટિ'ના એક સંપાદક હતા. ૨૦૦૪થી તેઓ ગુજરાતના સૌથી જૂના સામાયિક 'બુદ્ધિપ્રકાશ'ના એક સંપાદક છે.*

*શૈક્ષણિક અને આર્થિક પ્રશ્નો પર તેમણે 'જનસત્તા', 'સંદેશ', 'મુંબઈ સમાચાર' અને 'ફાઈનાન્સિયલ એક્સપ્રેસ'માં કોલમ લખી છે. 'નિરીક્ષક', 'નયા માર્ગ', 'બુદ્ધિપ્રકાશ', 'પરબ' વગેરે સામયિકોમાં તેઓ સાંપ્રત આર્થિક, શૈક્ષણિક અને સામાજિક પ્રશ્નો પર લખતા રહ્યા છે. તેમના લેખોનો એક સંગ્રહ 'બૌદ્ધિકોની ભૂમિકા અને બીજા લેખો' એ નામે ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રગટ કર્યો છે.*

*તેમણે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની કારોબારીના સભ્ય તરીકે આઠ વર્ષ, ગુજરાતી સાહિત્ય પરિષદના ચૂંટણી અધિકારી તરીકે ૧૫ વર્ષ અને ગુજરાત યુનિવર્સિટી સંચાલિત પત્રકારત્વ વિભાગના સંયોજક તરીકે છ વર્ષ સેવાઓ આપી છે.*

*તેમણે ડૉ. ડી.ટી. લાકડાવાલા, વિઠ્ઠલદાસ કોઠારી, તારાબહેન પટેલ અને પ્રમોદરાય પટેલની સ્મૃતિમાં યોજાતાં વ્યાખ્યાનોની શ્રેણીમાં વ્યાખ્યાનો પણ આપ્યા છે.*

*– તંત્રી મંડળ*

વડાપ્રધાન મોદીએ રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણમાંથી નાબૂદ કરીને એક ઐતિહાસિક પગલું ભર્યું છે. તેમણે જે ઉદ્દેશો આગળ ધરીને ૮૫% ચલણી નોટોનું વિમુદ્રીકરણ કર્યું છે એવા ઉદ્દેશોથી દુનિયાના કોઈ દેશે એના ચલણનું વિમુદ્રીકરણ (ડિમોનિટાઈઝેશન) કર્યું નથી. ભૂતકાળમાં આર્જેન્ટિના, રશિયા વગેરે કેટલાક દેશોએ પ્રચંડ ફુગાવાને ડામવા માટે એમનાં ચલણોનું વિમુદ્રીકરણ કર્યું હતું. પ્રચંડ ફુગાવાના મૂળમાં ચલણનો એવો જ પ્રચંડ ફુગાવો હોવાથી ચલણના ઘટાડા દ્વારા ભાવોનો ફુગાવો કાબૂમાં આવશે એ તર્ક તેની પાછળ રહેલો હતો. કાર્યકારણનો આ સંબંધ સાચો છે, પણ અધૂરો છે. **દેશમાં ચલણમાં ઊંચા દરે વધારો થવાના મૂળમાં સરકારની મોટી અંદાજપત્રીય ખાધ હતી. એ ખાધ દૂર કર્યા વિના ચલણના ફુગાવાને કાબૂમાં લઈ શકાય નહીં.** તેથી પ્રવર્તમાન ચલણને નાબૂદ કરીને નવું ચલણ મૂકનાર મોટાભાગના દેશોમાં ફુગાવાની સમસ્યા ચાલુ રહી હતી કેમકે એ દેશોની સરકારો તેમની અંદાજપત્રીય ખાધને ઘટાડવામાં નિષ્ફળ નીવડી હતી.

ભારતમાં જે ઉદ્દેશો પાર પાડવા માટે લોકોને તેમજ ઉદ્યોગ ધંધાને હાડમારીમાં મૂકવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે : કાળાં નાણાંને નાબૂદ કરવું, ચલણમાં ઘુસાડવામાં આવેલી નકલી નોટોને દૂર કરવી અને આતંકવાદીઓ, દાણચોરો વગેરે પાસે રહેલા નાણાંને નિરર્થક બનાવી દઈને એ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ નાબૂદ કરવી. આ ત્રણ ઉદ્દેશો સારા છે તે વિશે કોઈ મતભેદ નથી. **પણ તેના માટે કરવામાં આવેલી ચલણ**

**નાબૂદી યોગ્ય પગલું નથી.** કેમકે એ ત્રણ અનિષ્ટોના મૂળમાં ચલણમાં ફરતી રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો નહોતી. તેથી આ નોટોને નાબૂદ કરવાથી એ અનિષ્ટો નાબૂદ ન થાય. થોડી વિગતે ચર્ચા કરીએ.

મોટો પ્રશ્ન કાળાં નાણાંનો છે. જેને કાળાં નાણાં તરીકે ઓળખવામાં આવે છે તે હકીકતમાં 'કાળી આવક' છે. તેના બે ભાગ છે : (૧) કાયદેસર મેળવવામાં આવેલી જે આવક પર વેરો ભરવામાં ન આવ્યો હોય તે. (૨) લાંચ રુશવત, દાણચોરી જેવા ગેરકાનૂની માર્ગે મેળવવામાં આવી હોય તે. ભ્રષ્ટાચારથી મેળવવામાં આવતી આ આવક પર વેરો ભરવામાં ન આવે તે સહજ છે. આ કાળી આવકનો કેટલોક ભાગ જમીન, મકાનો, સોનું, ઝવેરાત જેવી સંપત્તિની ખરીદી પાછળ ખર્ચવામાં આવે છે. એટલે કે કાળી આવકનું સંપત્તિમાં રૂપાંતર કરવામાં આવે છે. કેટલોક ભાગ જેમની પહોંચ છે એવા લોકો વિદેશોમાં રોકે છે. બાકી રહેતો થોડો ભાગ ચલણી નોટોમાં રાખવામાં આવે છે. આમ કાળી આવક રોકવા માટેનો એક વિકલ્પ ચલણી નોટો છે. એના મૂળમાં કરચોરી અને ભ્રષ્ટાચાર દ્વારા મેળવવામાં આવતી આવક છે. **તેથી જ્યાં સુધી કરચોરી અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવામાં ન આવે ત્યાં સુધી કાળી આવક (જેને કાળા નાણાં તરીકે ઓળખવામાં આવે છે તે) નાબૂદ થાય નહીં.** કાળાં નાણાંનું સર્જન રાજકીય પક્ષો પોતે જ ચૂંટણી લડવા માટે કરે છે. એ માટે ખર્ચાતા કરોડો રૂપિયા ક્યાંથી આવે છે, એનો સાચો હિસાબ કોઈ રાજકીય પક્ષે ક્યારેય આપ્યો છે? ચલણી નોટો નાબૂદ થવા માત્રથી સરકારી વહીવટી તંત્ર લાંચ લેતું બંધ થઈ જશે? પ્રધાનો અને ધારાસભ્યો ભ્રષ્ટાચાર બંધ કરીને સાચા લોકસેવક થઈ જશે? કાળી આવકનો બહુ મોટો ભાગ આ બધાના ભ્રષ્ટાચારમાંથી પેદા થાય છે. આ ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે અસરકારક પગલાં અને તેનો એવો જ અસરકારક અમલ કરવામાં નહીં આવે તો ચલણ નાબૂદીથી દેશના કરોડો નિર્દોષ નાગરિકોએ ભોગવેલી હાડમારી એળે જશે.

કાળાં નાણાં વિશે એક બીજી પણ મોટી ગેરસમજ પ્રવર્તે છે. લોકો એમ માને છે કે કરચોરો અને ભ્રષ્ટાચારીઓ દર વર્ષે તેમની પાસે રહેલા કાળાં નાણાંમાં વધારો કર્યે જાય છે. તેથી તેમની પાસે અબજો રૂપિયાનું કાળું નાણું જમા થયેલું છે. ઉપર નોંધ્યું છે તેમ કરચોરીની આવક અને ભ્રષ્ટાચાર દ્વારા મેળવવામાં આવતી આવકના બદલામાં સોનું, જમીન, મકાનો જેવી સંપત્તિ મેળવવામાં આવે છે અને તેનો બહુ ઓછો ભાગ રોકડ નાણાંરૂપે રાખવામાં આવે છે. **ચલણની નાબૂદી સોના અને જમીન જેવી સંપત્તિમાં રોકાયેલાં કાળા નાણાંને સ્પર્શી શકે તેમ નથી. આમ વર્ષોવર્ષ સર્જાતી કાળી આવકના એક નાના ભાગને ચલણ નાબૂદીની અસર થશે.**

ચલણ નાબૂદી માટેના અન્ય બે ઉદ્દેશો વિશે ટૂંકમાં ચર્ચા કરીએ. ચલણમાંથી રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો દૂર કરવામાં આવી તેના પરિણામે હવે આતંકવાદીઓની પ્રવૃત્તિ નાણાંના અભાવે બંધ થઈ જશે? રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણમાં હતી ત્યારે તેઓ જે માર્ગે નાણાં મેળવતા હતા, એ જ માર્ગોએ તેઓ નવી નોટોના રૂપમાં નાણાં નહીં મેળવી શકે એમ માનવા માટે કયો આધાર છે? **ચલણી નોટો બદલવા માત્રથી આતંકવાદીઓ માટે નાણાં મેળવવાના માર્ગો બંધ થઈ જશે એમ માનવામાં નર્યું ભોળપણ છે.**

ચલણમાં ઘુસાડવામાં આવેલી નકલી રૂા. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણ નાબૂદીથી દૂર થઈ જશે એ નિશ્ચિત છે. **પણ ચલણમાં નવી મૂકવામાં આવેલી ચલણી નોટોની નકલી નોટો તૈયાર કરવાનું મુશ્કેલ હશે, પણ અશક્ય નથી. નવી મૂકવામાં આવેલી ચલણી નોટો માણસે જ તૈયાર કરી છે. જે નોટો માણસોની એક ટીમે તૈયાર કરી છે તે નકલખોર માણસોની ટીમ પણ તૈયાર કરી શકે.** દુનિયાના વિવિધ દેશોમાં ચલણી નોટોની નકલી નોટો ફરતી જ હોય છે. આંતરરાષ્ટ્રીય ચલણ તરીકે વપરાતા અમેરિકાના ડોલરની નકલી ચલણી નોટો આંતરરાષ્ટ્રીય સ્તરે ફરતી હોય છે. પણ તેનું પ્રમાણ નજીવું હોવાથી તેના તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે. **ભારતમાં પણ નકલી નોટોનું પ્રમાણ નહિવત્ છે. તેના માટે ચલણ નાબૂદી જેવું મોટું પગલું ભરવાનું ન હોય.**

ચલણ નાબૂદીથી દેશમાં ચલણની જે તીવ્ર તંગી સર્જાઈ એમાંથી સરકારે ચલણ નાબૂદીનો એક નવો લાભ શોધી કાઢ્યો છે. ચલણની અછતના પરિણામે અર્થતંત્ર કેશલેસ થશે. એટલે કે આર્થિક પ્રવૃત્તિઓમાં રોકડ નાણાંનો ઉપયોગ ઘટી જશે. તેને પરિણામે કરચોરી કરવાનું મુશ્કેલ થશે. આ દલીલમાં તથ્ય છે પણ તેની એક મોટી મર્યાદા છે. અર્થતંત્ર કેશલેસ થતાં સરકારી તંત્રો ભ્રષ્ટાચારથી પણ મુક્ત થશે એવું આપણે કહી શકતા નથી. ભારતમાં ચલણનું પ્રમાણ જી.ડી.પી.ના ૧૨ ટકા જેટલું છે, જે ઈન્ડોનીશ્યામાં પાંચ ટકા જેટલું છે. મતલબ કે ઈન્ડોનીશ્યાનું અર્થતંત્ર કેશલેસ છે, પણ ભ્રષ્ટાચારથી ભરપૂર છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)**

ચલણી નોટ્સ નાબૂદી

# નિર્ણય સાચો પરંતુ પદ્ધતિ અયોગ્ય

• શશીકાંત એમ. ઠક્કર, એડવોકેટ •



*લેખકશ્રી હાલે એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરે છે. જમીન મહેસૂલી બાબતે તેમનું જ્ઞાન અથાગ છે. દૈનિક મુખપત્ર 'કચ્છમિત્ર'માં 'પ્રજાતંત્રના પ્રશ્નો' નામની કોલમ અનેક વર્ષોથી ચલાવે છે. તદુપરાંત તેઓ અનેક ટ્રસ્ટોમાં પોતાની સેવા આપે છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના તેઓશ્રી ઉપપ્રમુખ છે.*

*– તંત્રી મંડળ*

સને ૨૦૦૧નાં ૨૬મી જાન્યુઆરીની સવારે ભયંકર ભૂકંપે ધરતીને ધણધણાવી નાખી ત્યારે જે આંચકો અને અફડાતફડી સમગ્ર જનજીવનને ઘેરી વળી હતી, કાંઈક એવો જ આંચકો અને અફડા તફડી તારીખ ૮ નવેમ્બર, ૨૦૧૬ની રાત્રિના ૮ વાગે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરવાની જાહેરાતથી જનજીવનમાં વ્યાપ્ત થઈ હતી. આ જાહેરાતની અસર બીજા જ દિવસથી ગંભીરપણે જોવા મળી હતી. જે આજે તારીખ ૨૧ સુધી દિન પ્રતિદિન વધારે ને વધારે વ્યાપક થતી જાય છે.

કચ્છમાં સને ૧૮૧૯થી ૧૯૫૬ સુધી થયેલા ભૂકંપોની માહિતીનું વિશ્લેષણ કરી તા. ૨૦-૮-૧૯૯૬ના 'કચ્છમિત્ર'માં આપેલ લેખમાં જણાવેલ કે ૧૯મી અને ૨૦મી સદીના પ્રથમ અને બીજા દશકમાં થયેલા ભૂકંપોના ચક્રનું પુનરાવર્તન થાય તો સને ૨૦૦૧થી ૨૦૨૦ સુધીના વર્ષો સંભાળવા જેવા ગણી શકાય અને તેથી જરૂરી સલામતી અને સાવચેતીના પગલા રાજ્ય અને પ્રજાકીય બંને સ્તરે લેવાની જરૂરિયાત મેં તેમાં બતાવી હતી. વર્ષ ૧૯૯૮ના વાવાઝોડા પછી તા. ૨૧-૬-૧૯૯૮ના લેખમાં પણ આ બાબત દોહરાવી હતી. પરંતુ આ સંભાવનાને કોઈએ ગંભીરતાથી લીધી નહીં અને તેના પરિણામે આપણે સૌએ અકલ્પ્ય જાન-માલની નુકસાની ભોગવી.

બરાબર આ જ રીતે ગુજરાતમાં તા. ૨૩મી ઓક્ટોબર અને તેની આસપાસની તારીખોમાં પ્રિન્ટ માધ્યમોમાં એવા સમાચાર આવ્યા હતા કે રૂપિયા ૨૦૦૦ની નોટોનું છાપકામ મૈસુર ખાતે થઈ રહ્યું છે અને ત્યાંથી આ નોટોની રવાનગી થઈ રહી છે અને સરકાર કાળા નાણાંને નાથવા રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરવા વિચારી રહી છે. આમ આ બાબત ગુપ્ત રાખવામાં આવી હતી તેવા નિવેદનો સાચા ઠર્યા નથી છતાં આ બાબત આટલી ઓચિંતી અને આ સ્વરૂપે બહાર આવશે તેવું સામાન્ય પ્રજાએ ગંભીરતાથી માન્યું ન હતું. અલબત્ત હોંશિયાર અને દૃષ્ટિવાન લોકો તથા સરકારી તંત્રના આસપાસના લોકો માટે આ સંકેત પૂરતો ગણી શકાય.

કેન્દ્ર સરકારના આ પગલાં પાછળ મુખ્યત્વે ત્રણ કારણો જણાવાયા છે : (૧) નકલી નોટો ચલણમાં ફરી રહી છે તેને નાબૂદ કરવી, (૨) આતંકવાદીઓને મળતા નાણાનો સ્રોત બંધ કરવો અને (૩) દેશમાં ઊભું થયેલું કાળું નાણું નષ્ટ કરવું. આમ, આ ત્રણે હેતુઓ પ્રજાહિતના છે તેમાં કોઈ શંકા નથી. વાસ્તવમાં આતંકવાદીઓની કેડ આ પગલાથી ભાંગી ગઈ છે તેનો અહેસાસ કાશ્મીરમાં જનજીવન ધબકતું થયું છે તેથી થયો જ છે. નકલી નોટો જે પાડોશી દેશમાં છપાઈને ભારતમાં ચલણમાં મૂકાઈ છે તેના પર પણ પૂર્ણવિરામ મૂકાયું છે. દેશમાં ઊભા થયેલા કાળા નાણાંને નાબૂદ કરવા માટે આ પગલું કેટલું અસરકારક સાબિત થાય છે તે આવનારા સમયમાં જાણવા મળશે. અત્યારે તેનું મૂલ્યાંકન કરવું અઘરું છે.

આમ છતાં જે રીતે આ પગલું લેવાયું છે તે રીત ગળે ઉતરે તેવી નથી. સરકારી આંકડા મુજબ જ્યારે દેશમાં ૮૬% ચલણ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટોમાં જ હોય ત્યારે ઓચિંતા આ સમગ્ર ચલણ રદ કરી **માત્ર ૧૪% જેટલી નાની નોટોના આધારે આખા દેશનું અર્થતંત્ર ચલાવવું પડે તે હકીકત જ સ્વયં એક મોટા પ્રશ્નચિહ્ન સમાન છે.** આથી આ પગલું ભરવા પહેલા નાના મૂલ્યની નોટોનો પૂરતો પુરવઠો ચલણમાં લાવવાની પ્રથમ જરૂર હતી એમ લાગ્યા વિના રહેતું નથી. પ્રથમને અવગણીને મુખ્ય તરફની દોટ સામાન્યતઃ સફળ થતી નથી.

આમ, હકીકતમાં શુભ હેતુથી લેવાયેલો આ સાચો નિર્ણય હોવા છતાં તેની પદ્ધતિ યોગ્ય ન હોવાથી પરિણામ સ્વરૂપ અનેક પ્રશ્નો ઊભા થયા છે અને અનેક મુશ્કેલીઓ સામાન્ય પ્રજાને થઈ છે. જે પ્રિન્ટ અને ઇલેક્ટ્રિક માધ્યમો દ્વારા ઉજાગર થઈ છે. તેથી તેની પુનરુક્તિ જરૂરી નથી. કાયદાનો એક પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે સાચો નિર્ણય પણ ખોટી સત્તા દ્વારા લેવાયો હોય તો તે નલીટી બરાબર ગણાય. **અહીં સાચો નિર્ણય ખોટી રીતે લેવાયો છે તેવું પ્રતીત થયા વિના રહેતું નથી.**

આમ છતાં એક સામાન્ય જાગૃત નાગરિક તરીકે જે પ્રશ્નો મનમાં ઉપસ્થિત થાય છે તે આ મુજબ છે :

- સૌપ્રથમ તો આવું પગલું લેવા માટે સંસદ ચાલું ન હોય ત્યારે વટહુકમ બહાર પાડવો જોઈએ. તે વિના કેન્દ્ર સરકાર વહીવટી સત્તાની રૂએ આવા પગલાં લઈ શકે કે કેમ? તે પ્રશ્ન છે.
- બીજું, જ્યારે ચલણમાં રહેલી નોટોને રદ જાહેર કરવામાં આવે ત્યારે તેવી નોટો બદલીને નવું ચલણ મેળવવાનો પ્રજાનો અધિકાર છે. આ અધિકારનો ઉપયોગ કરવા વ્યાજબી વ્યવસ્થા કરવાની જ રહે. નોટો બદલવા માટે રૂા. ૪,૦૦૦/- કે રૂા. ૨,૦૦૦/-ની એક વખતની મર્યાદા કઈ રીતે વ્યાજબી ગણાય? જેની પાસે ૨૦-૨૫ હજારની નોટો હોય તેમને બાકીની નોટો બદલવાનો અધિકાર નથી?
- ત્રીજું, જેના કાયદેસરના નાણાં બેન્કના ખાતામાં હોય તેમને તેમાંથી ઉપાડ કરવા માટે મર્યાદા બિન બંધારણીય ગણાય. **બંધારણ મુજબ દરેક નાગરિક પોતાની મિલ્કતનો કાયદેસર ઉપયોગ કરવા અધિકાર ધરાવે છે.** આ અધિકાર ઉપર તરાપ મારવાનું પગલું વહીવટી રીતે લેવાનું બંધારણ મુજબ પરવાનગીપાત્ર છે?
- ચોથું, જ્યારે રદ થયેલ ગણાતી નોટો સરકારી અને સ્થાનિક સંસ્થાઓ પોતાની બાકી ઉઘરાણી વસુલ કરવા સ્વિકારી શકે, ખાનગી પેટ્રોલ પંપો આવી નોટો લઈ શકે, દવાની દુકાનવાળા આવી નોટો લઈ શકે ત્યારે અન્ય વેપારીઓ પોતાની ઉઘરાણી વસુલવા કે માલ વેચવા માટે આ નોટો ન લઈ શકે તે બંધારણીય ભેદભાવ નથી? સરકારે જ રદ કરેલી નોટો સરકાર જ સ્વીકારે તે હાસ્યાસ્પદ નથી?
- પાંચમું, જ્યારે સરકાર ખાનગી વ્યક્તિઓને પોતાના તમામ વ્યવહારો બેંકો દ્વારા કરવા ફરજ પડે તેવા કાયદાઓ કરતી હોય ત્યારે આ બેંકોમાં ઉચાપત, ગેરરીતિઓ કે કપટયુક્ત પ્રયુક્તિ વડે પ્રજાના નાણાંનો બગાડ થાય ત્યારે આ નાણાંની સલામતીની બાંહેધરી સરકાર ન આપે તો નાગરિકનો મિલ્કતનો બંધારણીય હક્ક ઝુંટવાય છે. સરકારી બેંકોમાં અને પોસ્ટ ઓફિસમાં પણ ઉચાપત કે ગેરરીતિથી પ્રજાના નાણાં ચાંઉ થાય છે ત્યારે વર્ષો સુધી થાપણદારોને પોતાના નાણાં મળતા નથી. સિવાય કે એક લાખ રૂપિયા સુધીની રકમ વીમા કંપની દ્વારા લાંબા સમયે ચૂકવાય છે. સરકાર બેંકોમાં રહેલા પ્રજાના નાણાંની સલામતીની જવાબદારી ન સ્વિકારતી હોય ત્યારે પ્રજા પોતાના નાણાં ફરજિયાત રીતે બેંકોમાં રાખે તેવા કાયદા બંધારણને અનુરૂપ છે?

આ અને આવા કેટલાય પ્રશ્નો રોજબરોજ દરેકના મનમાં ઉઠતા રહે છે. જેના ઉકેલ સૌએ વિચારવાના રહે.

*'જલિયાણ', જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂના વાસ, માધાપર, તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧, ૯૪૦૯૪ ૫૧૬૧૪*

## નોટબંધી! – શું પરિણામ લાવશે?

**(અનુસંધાન : પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)**

કદાચ થોડો ધક્કો અનુભવશે પણ પછી 'પૈસાથી બધાને ખરીદી શકાય છે' તે સમજણથી ભ્રષ્ટાચાર કરવો શરૂ કરશે અને કાળું નાણું ધોળું કરી લેશે. આજે પણ લાઇનોમાં રાજકારણી, ધનવાનો, ગુંડા, અધિકારીઓ – કોઈ ઊભેલા નથી દેખાતા. કેવળ સામાન્ય વ્યક્તિઓ જ દેખાય છે.

**એટલે આ 'તત્ત્વો' આ યોજનાને કેટલી સફળ થવા દેશે તે સંશયનો મુદ્દો છે.** કેવળ સામાન્ય લોકો જ તકલીફો ભોગવ્યા કરશે જે તેમની નિયતિ છે! કરૂણતા એ છે કે તેમને કોઈ મુદ્દો સ્પર્શતો પણ નથી છતાં!

તકલીફો જો લાંબી ચાલી તો ભાવિ ચૂંટણીઓ પર પણ અસર કરી શકે. એટલે સરકારે સામાન્ય લોકોની તકલીફોને ઝડપથી ઘટાડવા ત્વરિત પગલાં લેવાં પડશે અને જે હેતુથી આ પગલું ભર્યું છે તેને જવાબદાર ગુનેગારોને પકડી પૂરતી સજા કરશે તો જ લોકોને ખાતરી થશે કે સરકાર 'અસરકારક' છે.

શક્યતા ઓછી છે કારણકે આ 'તત્ત્વો' જ ચૂંટણી જીતાડવામાં મદદ કરે છે!

*મીન્ટ સ્ટ્રીટ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

ચલણી નોટ્સ નાબૂદી

# નોટબંધી! – શું પરિણામ લાવશે?

• હરેશ ધોળકિયા •



*સ્વભાવે અને વ્યવસાયે શિક્ષક હરેશ ધોળકિયા ભુજ (કચ્છ)ના વતની છે.*

*વાંચનના શોખે ગાંધીજી, વિવેકાનંદ, રજનીશ, કૃષ્ણમૂર્તિ, વિનોબા, ટાગોર, ગીતા વગેરે તરફ આકર્ષણ જન્માવ્યું. તેના પ્રભાવે શિક્ષક થવાનું નક્કી કર્યું. પચ્ચીસ વર્ષ (૧૯૬૬-૯૧) શિક્ષક-કાર્ય કર્યું. પ્રથમ વીસ વર્ષ ભુજનાં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં શિક્ષક તરીકે અને છેલ્લા પાંચ વર્ષ ભુજની જ શ્રી વી.ડી. હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે કામગીરી બજાવી. પ્રથમ શાળાએ વૈચારિક ઘડતર તથા પ્રવૃત્તિ કરવાની તાલીમ આપી. પછી આંતરિક જીવન જીવવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. આ પચ્ચીસ વર્ષમાં ઉત્તમ કેળવણીકારો તથા વિચારકોનો સીધો તથા આડકતરો સત્સંગ કર્યો. સાથે પુષ્કળ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ અને વાલીઓનો અનર્ગળ સ્નેહ મેળવ્યો.*

*વાંચનશોખ સાથે લેખનશોખ વિકસાવ્યો. તેમાં મહત્ત્વનો ફાળો 'કચ્છમિત્રે' આપ્યો. છેલ્લાં ચાર દાયકાથી પણ વધારે સમયથી તેમાં લેખન થાય છે. અત્યાર સુધી ૧૩૦ પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેમાં સ્વતંત્ર, અનુવાદ, સંપાદન, હાસ્યલેખો, પ્રેરણાત્મક પુસ્તકો, આરોગ્ય પુસ્તકો વગેરેનો સમાવેશ થાય છે. તેમાં 'અંગદનો પગ' નવલકથા તો બાર આવૃત્તિ અને પંદર હજાર નકલો પસાર કરી ગઈ છે. તો કલામની આત્મકથા 'અગનપંખ' પણ લગભગ પંદર આવૃત્તિ પસાર કરી ગઈ છે. બીજાં પણ અનેક પુસ્તકો એકથી વધારે આવૃત્તિ પસાર કરી ગયેલ છે. લખવાનું હજી પણ ચાલુ જ છે.*

*લેખન ઉપરાંત માનસિક સ્વાસ્થ્ય, શિવામ્બુ, પ્રાકૃતિક ચિકિત્સા, જાતીય સ્વાસ્થ્ય, ભારતીય વેદાંત, મેનેજમેન્ટ વગેરે વિષયો પર પ્રવચનો આપે છે અને શિબિરોનું સંચાલન કરે છે.*

*ટૂંકમાં, નિવૃત્તિમાં લેખકશ્રી ખાય છે, પીએ છે, વિચારે છે અને મજા કરે છે. ઔર ક્યા હોના?*

*– તંત્રી મંડળ*

વડા પ્રધાનને આશ્ચર્ય જન્માવવાનો શોખ છે. સમયાંતરે એવી કશીક જાહેરાતો કરતા રહે, જે લોકોને 'શોક' આપે છે!

તાજેતરમાં તેમણે રૂા. ૫૦૦/- અને રૂા. ૧૦૦૦/-ની નોટોને રાત વચ્ચે રદબાત્તલ કરી. તેનો હેતુ જણાવતાં તેમણે કહ્યું કે તેનાથી કાળા બજાર, ત્રાસવાદ, છુપાવેલ નાણાંને નુકસાન થશે અને કાળું નાણું બહાર આવશે. અર્થકારણ સ્વચ્છ થશે.

જાહેરાતના બીજા દિવસથી જ જૂની નોટો બદલાવવા સમગ્ર દેશમાં પોસ્ટ ઓફિસો અને બેન્કોમાં વિરાટ લાઈનો લાગવી શરૂ થઈ. આ લાઈનો સામે માળખાકીય વ્યવસ્થા નબળી પડી અને સંસ્થાઓ સુંદર કામ કરવા છતાં ભીડમાં એક ટકાનો પણ ઘટાડો કરી શકતી ન હતી. લોકોએ બહારથી તો સરકારને ટેકો આપ્યો, પણ સતત તકલીફ પડવાથી અંદરથી અકળાતા અને ધૂંધવાતા હતા.

**બીજી બાજું ચલણમાં નોટોનો ઘટાડો થવાથી અર્થકારણના પૈડા થંભી ગયા.** ૮૦થી વધારે ટકા વ્યવહાર રોકડમાં થતો હોવાથી, તેના અભાવે ધંધા - રોજગાર અટકી ગયા. ઉદ્યોગોનું ઉત્પાદન ઘટવા લાગ્યું. તેથી પણ લોકોની તકલીફ વધવા લાગી.

સમગ્ર બજારમાં પૂરતા પ્રમાણમાં નોટો આવતાં તો દિવસો લાગશે. ત્યાર પછી જ અર્થકારણ ફરી સ્વસ્થ થશે. ત્યાં સુધી એક - દોઢ માસ સુધી લોકોને પુષ્કળ તકલીફો ભોગવવી જ પડશે.

આ પગલું યોગ્ય છે? — અનેકોના મનમાં વિચાર જન્મે છે. તેનો જવાબ તો અર્થશાસ્ત્રી જ આપી શકે. પણ એમ જરૂર કહી શકાય કે જો તેનો યોગ્ય રીતે અમલ થાય, તો અર્થકારણ સ્વચ્છ અને સ્વસ્થ જરૂર થઈ શકે.

પણ વર્તમાન ઉપભોક્તાવાદી, લાલચુ અને સ્વાર્થી માનસનો અભ્યાસ કરાય તો સમજાઈ જાય કે આ માનસ કોઈ પણ સ્વસ્થ અને યોગ્ય બાબતને વિકૃત અને નિષ્ફળ કરવામાં માહેર હોય છે. એટલે જેના પાસે વધારાનો પૈસો છે તેઓ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)**

ચલણી નોટ્સ નાબૂદી

# નવી કરન્સી માટેનું પૂર્વ આયોજન ખામી રહિત હોઈ શકે?

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •



*લેખકશ્રી મૂળ કચ્છ - ભુજના જાણીતા અર્થશાસ્ત્રી છે. તેમણે ૩૫ વર્ષ સુધી સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ અધ્યાપન કાર્ય કરેલ છે. તેમણે ઈંદિરા ગાંધી નેશનલ ઑપન યુનિવર્સિટીમાં પણ વિઝિટિંગ પ્રોફેસર તરીકે સેવા આપેલ છે. તેઓશ્રીએ માનસશાસ્ત્રમાં પણ બી.એ. ઑનર્સ કર્યું છે. લોકકલા, સંગીત તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે તેઓ સારું જ્ઞાન ધરાવે છે. તેમના વિવિધ વિષયના લેખો 'કચ્છશ્રુતિ' સહિત અન્યત્ર નિયમિતપણે પ્રકાશિત થાય છે.*

*– તંત્રી મંડળ*

વિશ્વના અનેક દેશોએ પોતાના ચલણમાં બદલાવ લાવવાના પ્રયત્નો કર્યાના દાખલા ઈતિહાસના પાને નોંધાયેલા છે. એક જ ઝાટકે સફળતા પ્રાપ્ત થઈ હોય તેવું ઘણું ઓછું બનવા પામ્યું છે. **ભારતમાં રૂપિયાનું મૂલ્ય ઘટતું ચાલ્યું છે. પહેલાં માત્ર એક રૂપિયામાં જે કોઈ ચીજવસ્તુ ખરીદી શકાતી, તે આજે નથી ખરીદી શકાતી.** અલબત્ત તે માટે વધુ રૂપિયા આપવા પડે છે. લોકો કહેતા રહે છે કે મોંઘવારી વધી છે. એવું પણ બન્યું છે કે જ્યારે લોકો નાણામાં વિશ્વાસ ગુમાવે ત્યારે કરન્સી બદલવી પડી છે. આ દુનિયાના દેશોના અનુભવો છે.

જો કાળા નાણાંથી મુક્ત હોત તો જગતમાં ભારત જેવો કોઈ સુદ્રઢ દેશ ના હોત. આપણે જાણીએ છીએ કે કાળા નાણાંની સમસ્યાથી દેશ તંગ આવી ગયો છે. ભારતીય કાળા નાણાંથી સ્વીસ બેન્કો ઉભરાતી રહી. લોકોને રાતોરાત ધનાઢ્ય થઈ જવાની જાણે હોડ લાગી જવા પામી છે. ખોટું કરવામાં કોઈ ખચકાટ નથી. ચારિત્ર્ય ખરડાવાનો કોઈ ભય નથી. તે એટલે સુધી કે જેલ ભેગા થવું પડે તો પણ શું? મંત્રીઓથી માંડીને નાના મોટા કર્મચારીઓ, અધિકારીઓ લાંચની લાલચ રાખે અને ફસાય પણ ખરા. એમ જણાય કે જાણે આ બધો કોઈ ચાલ કે રિવાજ ન પડી ગયો હોય?

કાળા નાણાંના અવિરત વધતા સામ્રાજ્યને નાથવાની વિચારણા તો ભારતમાં પ્રત્યેક પક્ષની સરકારો કરતી રહી. જેમાં અલ્પ સફળતા પ્રાપ્ત થતી રહી. પરંતુ મોદી સરકારે આ અતિ ગંભીર સમસ્યા કે જે દેશના આર્થિક વિકાસને સતત અવરોધતી રહી છે તેને ટાળવા તાજેતરમાં રૂા. ૫૦૦ તથા ૧૦૦૦ની નોટો રદ્દ કરી, નવી કરન્સી મેળવવા અવધિ આપી. પગલું આવકાર્ય જ ગણાય. છતાં આ આર્થિક પગલાં ખામી રહિત તો નથી જ. કારણકે લોકોને નોટોને બદલવામાં, નાની નોટો મેળવવા અંગે જે તકલીફો પડી તેનો ખ્યાલ કરીએ તો અનેક મુશ્કેલીઓથી અનેક લોકો ત્રસ્ત થવા પામ્યા. પરિણામે સરકાર તરફથી નોટો બદલવાના સમયમાં વધારો થતો રહ્યો. કેટલીક ખરીદી અને ચૂકવણીમાં રાહતો અપાતી રહી.

પહેલી વાત તો એ છે કે નવી કરન્સીનો જથ્થો અનેક ગામડાંઓમાં પહોંચ્યો જ નહીં. દુર્ગમ વિસ્તારોમાં તો હેલિકોપ્ટરો દ્વારા કરન્સી પહોંચાડવી પડી. **રવિ પાકમાં વ્યસ્ત ખેડૂતોએ ખેતરમાં કામ કરવાને સ્થાને કલાકો લાઈનમાં ઊભા રહેવું પડ્યું.** બેન્કના કર્મચારીઓને રાત-દિવસ વ્યસ્ત રહેવું પડ્યું. કલાકો પછી 'રકમ નથી'ની જાહેરાતોથી લોકો નિરાશ થયા. કાળા બજારિયા, લાંચિયા અને લૂંટારાઓએ નોટ બદલવા બદલ અનેક નવા નુસ્ખા શોધી કાઢ્યા. કોઈએ વ્યાજ લીધું તો કોઈ સોનું ખરીદવા લાગ્યા. આવા બેઈમાનોએ ખિસ્સા ભરવા પ્રયત્નો કર્યા.

લગ્નગાળો શરૂ થઈ ગયો હોઈ લગ્નના ખર્ચને પહોંચી વળવા અત્યારે સામાન્ય ત્રણ-ચાર લાખ તો ખર્ચ થાય. કંકોત્રી, જમણવાર, પહેરામણી, રોશની, હોટેલ બુકિંગ, વસ્ત્રો અને સોના-ચાંદીની ખરીદી આદિને માટે અઢી લાખ રૂપિયાની જોગવાઈ ઓછી જ પડે. મજબૂરીને કારણે કોઈ પિતાએ આત્મહત્યા કરી. કેટલીક ફેક્ટરીઓ સવેળા મજૂરી ન ચૂકવી શકતાં કચ્છ જેવા ભૂકંપ બાદ આગળ વધતા ઉદ્યોગોના પરપ્રાંતિય મજદૂરોએ ઉચાળા ભર્યા. લોકો નવી કરન્સી વ્યાજે લેવા માટે મજબૂર બન્યા. પીડિતો કોર્ટે ચઢ્યા.

આપણો રૂપિયો ડોલર સામે ગગડીને ૬૮.૮૬ના તળિયે આવી ગયો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આ પહેલને અનેક લોકોએ બિરદાવી. કેટલાક વિપક્ષી નેતાઓએ પણ બિરદાવી. તેમણે લોકોને પચાસ દિવસ ધીરજ ધરવા જણાવ્યું. છતાં લોકો

એમ અવશ્ય કહે છે કે 'ઉપાડની રકમમાં વધારો જરૂરી હતો. સમયમાં વધારો જરૂરી હતો. સેન્ટરોમાં નોટો પૂરતા પ્રમાણમાં વેળાસર પહોંચાડવી જરૂરી હતી. એ.ટી.એમ.માં નવા નાણાં વેળાસર ભરાઈ જવાની આવશ્યક્તા હતી. ઘણી જાહેરાતો પાછળથી કરવાની જરૂરત જ ન રહેવા પામત.

આજે ગામડાંઓમાં મની ઓર્ડર ઈકોનોમિ પર નભતા લોકો ઘરમાં ખાસ્સા પ્રમાણમાં નાણાં રાખી રહ્યા છે. અલબત્ત કેટલાક અભણ લોકો કે કેટલાક વૃધ્ધો બેંકમાં ધક્કા ખાવાની મજબૂરી ધરાવે છે. અન્યોના નામે એક જ વ્યક્તિ ખાતા ખોલાવી કાર્યવાહી કરે છે. આવક છુપાવવા, કરવેરા ન ભરવા કીમિયા શોધી કાઢે છે.

સરકારી આંકડાઓ મુજબ તા. ૨૩-૧૧-૨૦૧૬ સુધી છ લાખ કરોડ રૂપિયા જમા થયા છે. જનધન ખાતાઓમાં ૨૧,૦૦૦ કરોડ ડિપોઝીટ થયાના આંકડા છે. એક લાખથી વધુ એ.ટી.એમ.માં ૫૦૦થી ૨૦૦૦ની નવી નોટો નીકળતી થઈ ગઈ છે. તો બીજી બાજું નેશનલ હાઈવે ટોલ ફ્રી રહેવાથી કંપનીઓને ૭૦૦ કરોડનું નુકસાન થયું છે. એક સમાચાર મુજબ 'નોટ નથી' એવા પ્રત્યુત્તરોથી કચ્છના ચોબારી ગામે એક બેન્કનો બહિષ્કાર કર્યો.

પ્રવર્તમાન કેટલીક છુટછાટ મુજબ શાળા કૉલેજમાં રૂપિયા ૨૦૦૦/- સુધીની ફી જૂની કરન્સીથી ભરાવી શકાશે. તા. ૧-૧૨-૨૦૧૬ સુધી ટોલટેક્સ મુક્તિ રહેશે. હવે ૧૦૦૦ની નોટ માત્ર ખાતામાં જ જમા થશે. અમુક આવશ્યક સેવાઓમાં રૂા. ૫૦૦ની નોટ તા. ૧૫-૧૨-૨૦૧૬ સુધી જ ચાલશે. ૩૦ ડિસેમ્બર, ૨૦૧૬ સુધી નોટ બદલવા છેલ્લી મુદત અપાઈ.

ભારતના પૂર્વ પ્રધાનમંત્રી, અર્થશાસ્ત્રી શ્રીમાન મનમોહનસિંઘે કરન્સી બદલવા બાબતે જણાવ્યું કે, 'જી.ડી.પી.માં બે ટકાનો ઘટાડો થશે. સરકારનું આયોજન ખામીયુક્ત છે.'

દેશમાં આ કરન્સી પ્રક્રિયામાં લગભગ ૭૦ જણા મૃત્યુને વર્યા છે. એમની જવાબદારી કોણે સ્વીકારી? – કરન્સી બદલ્યા બાબતે સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, 'નોટબંધીના કેસો પર રોક નહીં લાગે.'

અભ્યાસીઓ કરન્સી બદલાવને ક્રાંતિ તરીકે નીરખે છે. કોઈપણ વસ્તુ કે વિષયમાં પાયાનો ફેરફાર થવા પામે તેને ક્રાંતિ કહે છે. અર્થશાસ્ત્રીઓ નાણાં વિશે ઉલ્લેખે છે તે મુજબ 'MONEY IS WHAT MONEY DOES.' અર્થાત્ નાણાંનું કાર્ય કરે તે નાણું. તો નાણાંના કાર્યો કયા?

'Money is a matter of function four : a Medium, a Measure, a Standard and a Store.'

નાણાંના ચાર કાર્યો છે : વિનિમયના માધ્યમ તરીકે, એક સ્વીકૃત ધોરણ તરીકે, મૂલ્યના માપદંડ તરીકે તથા સંગ્રહ કરવાનું કાર્ય.

નાણાંને કાનૂની માન્યતા મળવાથી ચલણમાં આવે છે. જેમણે પોતાની કરપાત્ર આવકો છૂપાવી રાખી હોય તે કાળું નાણું છે. આવી રકમો લોકો જમીનોની ખરીદી, ખેતર - વાડી - ફ્લેટોની ખરીદીમાં રોકે છે. વિદેશી બેન્કોમાં નાણું મૂકે. સટ્ટાખોરી, નફાખોરી, સંગ્રહખોરી કરે, સોનુ-ચાંદી ખરીદે.

જૂની કરન્સી રદ્દબાત્તલ થવાથી લાંબાગાળે કેટલાક ફાયદા જોવા મળે - **રિયલ એસ્ટેટની વેલ્યુ ઘટવા પામે. વિદેશોની બેન્કોમાં જમા થતી રકમ ઘટવા પામે. સંગ્રહખોરીમાં ઘટાડો થાય. કરપાત્ર રકમો વિશેષ ભરપાઈ થતી રહે. મતદારોને નાણાંથી આડેધડ ખરીદવા મુશ્કેલ બને.**

નોટ બદલીના સંદર્ભમાં લોકોનો અલ્પ ત્યાગ ધીરજ મહત્ત્વના છે. જાપાનના આર્થિક ઇતિહાસમાં લેખક G. C. ALLEN લખે છે કે જ્યારે બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના હિરોશીમા તથા નાગાશાકી પર અણુબોમ્બથી પ્રહાર થયો ત્યારે અસંખ્ય લોકો મૃત્યુ પામ્યા, અનેકો ઘાયલ થયા. અણુબોમ્બની અસરથી કેટલાય વિકલાંગ બન્યા - કારમી વેદનાઓથી પીડાયા.

આવા અતિ વિપરીત સમયે જાપાનવાસીઓએ પોતાની રાષ્ટ્ર ભક્તિ, રાષ્ટ્રીય ચારિત્ર્ય જગતને બતાવી આપ્યા. તે એ કે જાપાનીઓ જ્યાં જ્યાં કાર્ય કરતા હતા અર્થાત્ રોજગારી મેળવતા હતા ત્યાં **ત્યાં તેમણે સ્વૈચ્છિક વેતનોમાં કાપ સ્વીકાર્યો.** જોતજોતામાં જાપાન પુનઃ ધબકતું થયું.

કચ્છના ભુજ નિવાસી પ્રથમ I.F.S. ભાઈશ્રી ભૂપતભાઈ મહાશંકરભાઈ ઓઝા જ્યારે જાપાનમાં ભારતના રાજદૂત હતા તે સમયની એક વાત જણાવી કે, 'જાપાનીઓ અંગ્રેજ જાણતા હોવા છતાં પણ આપણી સાથે તેઓ જાપાનીઝ ભાષા - પોતાની માતૃભાષામાં જ વાત કરે. તેઓનો રાષ્ટ્રપ્રેમ નિરાળો છે.'

આશા રાખીએ કે આપણા દેશના સર્વાંગી વિકાસ માટે થોડો ત્યાગ - ભોગ આપી આપણા ભારત દેશને અતિ ઉન્નત કરીએ.

*લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*ખાલી વાસણને ભરી શકાય છે, પણ અભિમાનથી ભરેલા વાસણમાં જ્ઞાનનું એક ટીપું પણ ભરી શકાય નહીં.*

INSTA-POWER™
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company
www.confortinstapower.com

**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class upto 7000 KVA, Confirming to IS-2026, IS-1180, 2014



**OTHER PRODUCTS**
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

**COMFORT INSTA-POWER LTD.**

| Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489 | Works 2 (Waghodia - Vadodara) |
|---|---|---|

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123

**SHUKRA**
Land Developers Ltd.

12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

M. : 93750 22555 • Ph. : 2756 0480

**FORTUNE SURGICALS**

• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL

C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Rajesh Shah

**Ayu Plus**
Herbal Beauty Products

**Everyday Herbal Beauty Care**
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.

"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



॥ જય જલારામ ॥

**જલારામ એસ્ટેટ**

બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪

**શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ**

**શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો**

દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com

**Shah Net Technologies Pvt. Ltd.**

406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

Ramesh Savla
Manish Savla
94260 77479

**ARIHANT INDUSTRIES**

Mfg :
Bakellit, eMoulding & Panel Board, Accessories,
Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નમ્ર વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**

Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



II SHRI HARI II
**SHREE SWAMINARAYAN TRAVELS**
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ
મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ
લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે, બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ




**SHREE SAHJANAND TRAVELS**
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa

FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)
AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS, WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS
FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)
**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031

BLUE EYE
YOUR SPY EYE
ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE
For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254
CHINA • INDIA • KENYA





079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

# કચ્છના ખેતરો સુધી નર્મદા નદીના સિંચાઇના પાણી – એક શુભ સમાચાર

• અશોક મહેતા •

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં જ્યારે કચ્છની મુલાકાત લીધી હતી ત્યારે તેઓશ્રીએ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી માંડવી તાલુકાના મોડકુવા સુધી વર્ષ ૨૦૧૭માં જ પહોંચી આવશે તેવી જાહેરાત કરેલ હતી. ત્યારબાદ કચ્છના વિવિધ અગ્રણીઓ દ્વારા એ પૃચ્છા થતી રહેલ હતી કે કચ્છ બ્રાંચ કેનાલ મોડકુવા સુધી પૂર્ણ થશે એ વાત તો યોગ્ય જ છે પરંતુ કચ્છના ખેતરોમાં આ પાણી ક્યારે પહોંચશે તે જાણવાની વિશેષ મહેચ્છા કચ્છના ખેડૂતોની રહેવા પામેલ છે.

આદરણીય શ્રી મૂકેશભાઈ ઝવેરી હાલે પોતાની સેવા નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે આપી રહેલ છે અને તેમનાથી આ વાત અજાણ નથી. તેઓ જાહેરમાં બોલે ઓછું છે પરંતુ અંદરખાનેથી કચ્છહિતના પ્રયત્નો કરતા જ રહે છે.

તેઓશ્રી દ્વારા જાણવા મળ્યું કે આવતા દિવસોમાં કચ્છ બ્રાંચ મુખ્ય કેનાલમાંથી સબસીડિયરી, માઇનોર વગેરે પ્રકારની કેનાલ કામના રાપર વિભાગના ટેન્ડરો બહાર પાડવામાં આવનાર છે કે જે લગભગ સુનિશ્ચિત થઈ ગયેલ છે. આ સમાચારને કચ્છ માટે આપણે ખૂબ જ 'શુભ સમાચાર' તરીકે ગણી શકીએ. તેના અનુસંધાને નર્મદા નિગમની આદિપુર ઓફિસના સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી શ્રીનિવાસનનો સંપર્ક સાધવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું કે પ્રથમ વિભાગના અંદાજિત રૂા. ૩૦૦ કરોડના કામોનું હાલે આયોજન વિચારાઈ રહેલ છે. એ વિગત પૂર્ણ થશે ત્યારે તેના ટેન્ડરોની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. કદાચ આવતા બે મહિનામાં તેના ટેન્ડર બહાર પાડી દેવાની ધારણા રાખવામાં આવેલ છે. વિશેષમાં તેમણે જણાવેલ કે અગાઉના આયોજનો મુજબ સબસીડિયરી કે માઈનોર કેનાલ ઓપન કેનાલ બનાવવાના બદલે પાઈપ લાઈન કેનાલ બનાવવાના નિર્ણયો લેવામાં આવેલ છે અને તેના કારણે જે તે વિભાગની જમીન સંપાદન પ્રક્રિયાની જરૂરત રહેશે નહીં. પરિણામે કામ સરળ થઈ શકશે અને પ્રક્રિયા પણ ઝડપી બની શકશે.

સરદાર સરોવર નર્મદા નિગમના મોડ્યુલ પ્રમાણે નિગમ જાતે ખેતરે ખેતરે પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરશે નહીં પરંતુ તેઓ ખેડૂતોની બનેલ 'પાણી મંડળી'ને આ પાણી પહોંચતા કરશે અને નિયત દરે તેના પૈસા આ 'પાણી મંડળી' પાસેથી વસુલ કરશે.

તેના અનુસંધાને ખેતરે ખેતરે પાણી પહોંચાડવા દરેક વિભાગમાં પથી ૭ ગામોના લાભદાયક ખેડૂતોની એક પાણી મંડળી બનાવવામાં આવશે. આ પાણી મંડળીને નક્કી કરેલ એક સ્થળે નિગમ દ્વારા પાણી પહોંચાડવામાં આવશે. પાણી મંડળી એ પોઇન્ટથી જે ખેતરોમાં પાણી પહોંચાડવાનું હોય તે ખેતરો સુધી પોતાની દેખરેખ હેઠળ પાઈપ લાઈનો બિછાવશે. આ પાઈપ લાઈન બિછાવવાનો સંપૂર્ણ ખર્ચ નર્મદા નિગમ પાણી મંડળીને ચૂકવી દેશે. તેથી પાણી મંડળીએ એ ખર્ચની ચિંતા સેવવાની ના રહે. ત્યારબાદ જે ખેડૂત જેટલું પાણી વાપરે તે પ્રમાણે પાણી મંડળી જે તે ખેડૂત પાસેથી તેની કિંમત વસુલ કરી નર્મદા નિગમને ભરી દે. નર્મદા નિગમ સંપૂર્ણ ગુજરાતમાં આ પદ્ધતિથી કાર્ય કરશે તેવું અગાઉથી નક્કી કરવામાં આવેલ છે.

પરંતુ જાણકારી મુજબ હજુ સુધી કચ્છમાં એક પણ પાણી મંડળીની રચના કરવામાં આવેલ નથી કે જેના કારણે ખેતરો સુધી પાણી પહોંચાડી શકાય. તેના અનુસંધાને આ વિભાગના ગાંધીનગર સચિવાલયના બ્લોક નં.-૧૨ના છઠ્ઠા માળે બિરાજતા અધિકારી શ્રી પી.કે. દવેનો સંપર્ક સાધવામાં આવેલ હતો. તેઓશ્રીએ જણાવેલ કે હજુ સુધી આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને જે એન.જી.ઓ.ને કચ્છની પાણી મંડળી રચવાનું કામ આજથી ૩-૪ વર્ષ અગાઉ સુપ્રત કરવામાં આવેલ હતું, તે એન.જી.ઓ.એ શું કાર્ય કરેલ છે તેનો રિપોર્ટ હાલે મારી જાણકારીમાં નથી.

આ પ્રત્યુત્તરનો મતલબ એ થયો કે કચ્છના ખેડૂતોની પાણી મંડળીની રચના માટે શિથિલતા પ્રવર્તે છે અને તે શિથિલતા દૂર કરવા માટે કચ્છના જાહેર કાર્યકરોએ આ પ્રશ્ને પણ થોડી મહેનત કરવાની રહેશે.

નર્મદા નદીના પાણી કચ્છના ખેતરોમાં પહોંચતા કરવા નીચે મુજબના તબક્કા નર્મદા નિગમે શક્ય ત્વરાએ પૂર્ણ કરવા પડશે કે જેથી શક્ય ત્વરાએ આ પાણી કચ્છના ખેતરોમાં પહોંચાડી શકાય.

- કચ્છ બ્રાંચ કેનાલનું કામ માંડવી તાલુકાના મોડકુવા સુધી પૂર્ણ કરાવવું.

(અનુસંધાન : જુઓ પાના નં.-પ૬ ઉપર)

વિચાર વિમર્શ

# રાજવંશ અને રાજઅંશ

• મુરજી ગડા •

બધાના બે પેરંટ (માતા + પિતા) હોય છે અને ચાર ગ્રાંડપેરંટ હોય છે. દર પેઢીએ આ સંખ્યા બમણી થાય છે. ત્રીસ વર્ષે પેઢી બદલાય છે એ હિસાબે સવા સો વરસમાં ચાર પેઢી બદલાઈ જાય. આનો અર્થ એ થયો કે આપણાથી સવા સો વર્ષ મોટા ૧૬ પૂર્વજોના જનીન (genes) કે અંશ આપણામાં આવેલા છે. આ ચાર પેઢીની ત્રીસ વ્યક્તિઓનાં નામ ભાગ્યે જ કોઈને યાદ હશે. ખાસ કરીને માતૃપક્ષના અને સ્ત્રી સમુદાયના. એમના જીવન વિશેની વાત તો દૂર રહી.

આ ગણતરીને વધુ ભૂતકાળમાં લઈ જઈએ તો દસ પેઢી પહેલાંની એક હજાર વ્યક્તિઓ, વીસ પેઢી પહેલાંની દસ લાખ વ્યક્તિઓ અને ત્રીસ પેઢી પહેલાંની એક અબજ વ્યક્તિઓ આપણી પૂર્વજ થાય. જેમના જનીન કે અંશ આપણામાં હોઈ શકે છે. એમના પહેલાંની દર પેઢીએ આ સંખ્યા બમણી તો થાય જ છે.

ત્રીસ પેઢી એટલે આશરે ૯૦૦ વરસ થયા. ત્યારે દુનિયાની વસ્તી અબજોમાં નહોતી. એક અંદાજ પ્રમાણે ત્યારની દુનિયાની વસ્તી દસ કરોડ જેટલી હતી અને સમસ્ત ભારતની વસ્તી બે કરોડથી પણ ઓછી હતી. માત્ર આજના બૃહદ્ મુંબઈ શહેર જેટલી.

આપણા બધા પૂર્વજોના નામ પેઢી પ્રમાણે કાગળ પર લખીએ તો ઊંધો ત્રિકોણ બને. આજ રીતે જો કોઈ એક વ્યક્તિના વંશજોના નામ લખીએ તો સીધો ત્રિકોણ બને. જોકે આ બે ત્રિકોણોમાં એક મોટો તફાવત છે. દરેક વ્યક્તિના પેરંટ બે હોય છે. જ્યારે એના સંતાનો ઘણા હોઈ શકે કે એક પણ ન હોય. જો દરેક પેઢીના સરેરાશ બે સંતાન ગણીએ તોય ૯૦૦ વરસમાં એક જ વ્યક્તિના જનીન ધરાવનાર કરોડો વ્યક્તિઓ હોઈ શકે છે.

આજની જેમ રાજાશાહીમાં એક પત્નીનો કાયદો નહોતો. પુરુષ ઈચ્છે એટલી અને પોસાય એટલી પત્નીઓ રાખી શકતો. ખાસ કરીને રાજાઓને ઘણી રાણીઓ હતી અને રખાતો પણ હતી. જિંદગીને સંપૂર્ણપણે માણવાનો પોતાનો હક્ક ગણતા. એટલું જ નહીં, આને પુરુષત્વનું પ્રતીક ગણાતું. રાજાઓ ઉપરાંત અન્ય સત્તાધીશો, જમીનદારો વગેરે ઘણા પોતાની શક્તિ મુજબ આ પ્રણાલિકાનો લાભ ઉઠાવતા. સમાજને એ સ્વીકાર્ય હતું.

વિદેશના ઘણા સામ્રાજ્યોમાં આ ખુલ્લેઆમ થતું. ભારતના કેટલાક પ્રદેશોમાં પણ આ ચાલતું જ્યારે અન્ય પ્રદેશોમાં અનૌરસ સંબંધોને સમાજની નજરથી છુપાવવામાં આવતા હતા. વર્ણવ્યવસ્થા આધારિત આભડછેટને લીધે તેમજ ભારતની ધાર્મિક / સામાજિક મર્યાદાઓએ આ પ્રકારની પોલિગમીને (બહુ પત્નીત્વને) મર્યાદામાં રાખી હતી.

રાજાઓ તેમજ અન્ય શક્તિશાળી પુરુષોના અનૌરસ સંબંધોના આટલા ઊંડાણમાં જવા પાછળનો હેતુ એ છે કે સામાન્ય માણસના હોય એના કરતાં રાજાના કેટલાયે વધારે વંશજ થતા. તે ઉપરાંત એ બધા રાજ્યાશ્રયમાં ઉછેરાતા હોવાથી એમનું જીવનધોરણ સામાન્ય પ્રજાજન કરતાં સારું રહેતું. આ બાબત અનૌરસ વંશજોને પણ લાગુ પડે છે. એ સમયમાં ભૂખમરો, કુપોષણ અને ચેપી રોગોને કારણે ઘણાના અકાળે મોત થતાં હોવાથી સરેરાશ આયુષ્ય ત્રીસ વરસથી ઓછું હોવાનું મનાય છે. આવા સંજોગોમાં રાજાના વંશજો પ્રમાણમાં લાંબું જીવતા.

જે માણસનું આયુષ્ય લાંબું હોય અને જેને ઘણી પત્નીઓ હોય એનો વંશવેલો લાંબો હોવાની શક્યતા વધતી જાય છે. છેલ્લાં બે-અઢી હજાર વરસમાં લાખોની સંખ્યામાં થઈ ગયેલા રાજાઓના અંશ દુનિયાની મોટા ભાગની વસ્તીમાં હોવાની શક્યતા છે. ત્યારે ગર્ભનિરોધક સાધનો ઉપલબ્ધ નહોતાં.

અહીં ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો એક સિદ્ધાંત, 'સર્વાઈવલ ઑફ ધ ફિટેસ્ટ' કામ કરતો દેખાય છે. એ સિદ્ધાંત પ્રમાણે **જે જીવ પોતાની આસપાસના વાતાવરણ સાથે અનુકૂળ થઈ શકે છે, તે ટકી રહે છે. જે અનુકૂળ નથી થઈ શકતા એમનો અંત આવે છે.** એને નેચરલ સિલેક્શન પણ કહેવાય છે. માનવીના કિસ્સામાં કુદરતી નહીં પણ માનવસર્જિત પરિબળોએ ભાગ ભજવ્યો છે અને હજી પણ ભજવી રહ્યો છે.

આપણી વંશાવળીની નોંધ ભટ્ટ રાખતા હતા. રાજાઓના ઔરસ વંશાવળીની વ્યવસ્થિત નોંધ ઈતિહાસકારોએ રાખી છે. એમના અનૌરસ વંશજોની નોંધ કેટલાક ઠેકાણે મળે છે. વિદેશમાં જિનોલોજિના વિશેષજ્ઞ આવી વંશવેલી પ્રમાણ સાથે શોધી આપે છે. આવા જિનોલોજિસ્ટની સંસ્થાઓ પણ છે.

માણસના ગુણ - અવગુણ અમુક અંશે એના વંશજોમાં ઊતરે છે. એના પરથી 'બાપ તેવા બેટા' જેવી કહેવતો પડી છે. ગુણથી વિશેષ શરીરની રચના અને

સ્વાસ્થ્ય પર કેટલીયે પેઢી સુધી વારસાગત અસર જળવાઈ રહેવાના પુરાવા છે. અલબત્ત દર પેઢીએ વારસામાં નવા જનીન ઉમેરાતા હોવાથી કોઈ એક જનીનની અસર એટલી ઓછી થતી જાય છે. છતાં વાળ અને આંખના રંગ જેવા લક્ષણ કેટલીયે પેઢી પછી દેખા દેતા હોય છે.

ઘણા રાજાઓ પોતામાં દેવતાઈ અંશ હોવાનું માનતા હતા કે પછી એમના ખુશામતિયા એવો પ્રચાર કરતા હતા. તોય રાજયના વડા હોવાને નાતે એમનામાં હિંમત, શૌર્ય, નિર્ણયશક્તિ, શાણપણ વગેરે ગુણ તેમજ અભિમાન અક્કડપણું વગેરે અવગુણ અન્યના પ્રમાણમાં વધારે હોય તે સ્વાભાવિક છે.

પ્રાચીન તેમજ મધ્યકાલીન ભારતમાં શિક્ષણ બ્રાહ્મણો પૂરતું મર્યાદિત હતું. બ્રાહ્મણોની સંખ્યા અન્ય વર્ણો કરતાં ઘણી ઓછી હતી. એમનો વંશવેલો મર્યાદિત રહેતો. એમની સરખામણીએ અન્ય વર્ણોની સંખ્યા ઘણી વધતી ગઈ. સતત સંકોચાતા શિક્ષિત વર્ગની દેશના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ પર કેટલી અસર થઈ તે એક સંશોધનનો વિષય છે. સદીઓની આપણી પીછેહઠ પાછળ આવાં કારણોએ કેટલો ભાગ ભજવ્યો હશે?

બીજી એક કરુણ વાસ્તવિક્તા એ છે કે સાધનસંપન્ન અને સત્તાધારી પુરુષો દુરાચાર દ્વારા પોતાનો અનૌરસ વંશવેલો વધારતા જાય, સદાચારી ગૃહસ્થનો વંશવેલો મર્યાદિત હોય તેમજ ધાર્મિક સમાજમાં વંદનીય ગણાતા આજીવન બ્રહ્મચારીના સદ્‌ગુણી જનીનના લાભથી દુનિયા વંચિત રહી જાય — આને માનવ સમાજની સેવા કહેવાય કે અવહેલના?

હિટલરે કરાવેલી યહુદીઓની સામૂહિક કતલ જગજાહેર છે. જે ખાસ જાહેર નથી થયું એ છે એની શુદ્ધ નૉરડિક - આર્યન જાતિ માટેની ઘેલછા. એના માટે એણે ઘડેલી વિસ્તૃત યોજના હેઠળ ચુનંદા યુવક - યુવતીઓ માટે ખાસ સંસ્થા ઊભી કરી હતી. જેનું મુખ્ય કામ હતું શુદ્ધ જાતિની પ્રજોત્પતિનું. બીજા વિશ્વ યુદ્ધમાં જો હિટલરની જીત થઈ હોત તો આજની દુનિયા કેવી હોત એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

**હિંદુ દંતકથા પ્રમાણે આપણે બધા લાખો વરસ પહેલાં થઈ ગયેલ મનુના વંશજ છીએ. ખ્રિસ્તી વિચારધારા પ્રમાણે બધા જ માનવી સાત હજાર વરસ પહેલાં થઈ ગયેલા આદમ - ઈવના વંશજ છે. નૃવંશશાસ્ત્ર પ્રમાણે સમસ્ત માનવજાતિ દોઢ-બે લાખ વરસ પહેલાંના પૂર્વ આફ્રિકાના નાનકડા આદિ માનવ સમુદાયની વંશજ છે.** આ લેખક છેલ્લા વિધાનમાં સંપૂર્ણપણે માને છે.

આટલા દૂરના ભૂતકાળમાં ન જતાં નજીકના ભૂતકાળની એવી થોડી વ્યક્તિઓ શોધવી અઘરી નથી જેમના જનીન વિશાળ જનસમુદાયમાં હોય. લાંબો સમય સત્તા ભોગવતા "રંગીલા" રાજાઓ અને સરમુખત્યારોનો એમાં સમાવેશ થાય છે. ભારતની પ્રાચીન દંતકથાનું પાત્ર રાજા યયાતિ આવું એક ઉદાહરણ છે.

આવી યાદીમાં સૌથી મોખરાનું નામ હશે ચંગીઝખાનનું (૧૧૬૨-૧૨૨૭). આઠસો વરસ પહેલાં થઈ ગયેલ મંગોલિયાના આ વતનીએ દુનિયાનો સૌથી વધુ પ્રદેશ જીત્યો હતો. એમ કહેવાય છે કે એ જ્યાં પણ જતો ત્યાં પોતાના જનીન મૂકતો જતો હતો. ચંગીઝખાને ચીન, મધ્ય એશિયાનાં મુસ્લિમ અને આરબ રાજ્યો, પૂર્વ યુરોપ તેમજ દક્ષિણપૂર્વ એશિયાના કેટલાંક રાજ્યો જીતી ત્યાં પોતાના પુત્રો અને પૌત્રોને ગાદીએ બેસાડ્યા હતા. એના વંશજોએ લાંબો સમય રાજ કરી પોતાનો વંશવેલો આગળ વધારવામાં જરાય કચાશ નહોતી રાખી.

ચંગીઝખાનનો એક પૌત્ર કુબલાઈખાન ચીનનો અતિ શક્તિશાળી અને પ્રખ્યાત રાજા થઈ ગયો છે. ચીનના રાજાઓની હજારો કન્ક્યુબાઈન (રખાતો) રાખવાની પ્રથા જાણીતી છે. ભારતના શક્તિશાળી મોગલ સમ્રાટો પણ ચંગીઝખાનના વંશજ હતા. એમનામાંથી કેટલાકના જનાનખાનામાં સેંકડો સ્ત્રીઓ હોવાનું કહેવાય છે.

મોટાભાગનું એશિયા, પૂર્વ યુરોપ તેમજ ભારતના કેટલાક ભાગની પ્રજાના ઘણા નવજાત શિશુઓના શરીર પર 'લસણ' કહેવાતા ઘેરા રંગના ચાઠા હોય છે જેને મેડિકલ ભાષામાં 'મંગોલિયન સ્પોટ' કહેવાય છે. આ ચાઠાં ચંગીઝખાન અને એના સૈનિકોને આભારી હોવાનું કેટલાક નૃવંશશાસ્ત્રીઓનું માનવું છે. જો આમાં તથ્ય હોય તો પચીસ-ત્રીસ પેઢી પછી પણ જેનેટિક અસર દેખા દેતી હોય એ સાબિત થાય છે.

નેશનલ જિયોગ્રાફિક સોસાયટી અને અમેરિકાની આઈ.બી.એમ. કંપનીએ થોડા વરસ પહેલાં દુનિયાના દૂર દૂરના પ્રદેશોમાં માણસો મોકલી ત્યાંના લોકોના જનીન એકઠા કરી એકબીજા વચ્ચેના જૈવિક સંબંધ શોધ્યા છે. ડી.એન.એ.ની નવી ટેકનોલોજીને લીધે આ શક્ય બન્યું છે. આ સર્વેક્ષણના તારણો રસપ્રદ છે. એના આધારે ઘણા લોકો પોતાના લાંબા જૈવિક વારસાની ભાળ મેળવે છે.

દુનિયાની મોટાભાગની પ્રજાઓ જૈવિક રીતે (બાયોલોજિકલી) એકબીજાની ઘણી જ નજીક છે. આપણા જાતીય વારસાનું કોઈએ બહુ ગુમાન ન કરાય. ગમે ત્યાંથી ગમે તે નીકળી શકે છે. દેશ, જાતિ કે ધર્મના નામે થતાં યુદ્ધો અંતે તો પીતરાઈઓ વચ્ચેની જ લડાઈ છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*

સમાજની ક્ષિતિજો

# રૂા. ૨૩ હજારમાં લગ્ન! જમણવાર સાથે! ધરતી સંસ્થાને ધન્યવાદ!

● ભીમજી નાકરાણી, તંત્રી : 'સરદાર જ્યોત', 'ઉમિયા દર્શન' ●

આજથી ઘણા વર્ષો પહેલાં પટેલ (કણબી) ને ત્યાં ગામડાંમાં ગાડા જોડીને ૨૫, ૩૦ કે વધુમાં વધુ ૫૦, ૬૦ માણસની જાન જતી. નાની ઉંમરેય લગ્ન થતાં, દીકરાના બાપને 'દેશ' ભરવો પડતો. ક્યાંક વળી દીકરીના બાપને દહેજ આપવાનો રીવાજ હતો. ઘરેણાં, ગાંઠા, કપડાં બધું મર્યાદિત અને સાદું હતું. પછીથી આણાની પ્રથા હતી. ઘર પ્રમાણે વરો થાય, જાન બે-ચાર દિ રોકાય. સમય જતાં દિવસો ઘટ્યા, બે ખર્ચ થયા, તેમાંથી એક ખર્ચ થયો, દિવસને રાતના લગ્ન-સમય ઘટ્યો, ખર્ચ વધ્યો. શહેરીકરણ થતાં શહેરમાં થતા લગ્નની જેમ ગામડામાં થતા લગ્નમાં પણ ખર્ચ વધ્યા. પ્રથમ દિવસ મંડપ, વચ્ચેના દિએ જમણવાર, ગરબા (પછી આવ્યા), ત્રીજા દિવસે જાન, અને પછી રીસેપ્શન (પાછળથી ઉમેરાય). આ પરંપરામાં ગુજરાતમાં પાટીદાર કે અન્ય જ્ઞાતિમાં આજ પેટર્નમાં મોટાભાગના લગ્ન થાય. સમય બદલાયો, દેખાદેખી વધ્યા, આર્થિક ક્ષમતા ધરાવનાર લોકોએ લગ્નને ખર્ચાળ બનાવ્યા અને આ બધું જોઈને નાના અને મધ્યમ વર્ગની વ્યક્તિઓ માથે દેવું કરીને પણ લગ્નમાં દેખાડો કરવાના રવાડે ચડવા લાગી. આના માઠા પરિણામ પણ સમાજે ભોગવ્યા છે અને ભોગવી રહ્યા છે. હવે લગ્ન એક બે દિવસના હોય છે પણ ખર્ચ લાખો ને કરોડોમાં થાય છે. અનાજનો બગાડ અને કુરિવાજોને પ્રોત્સાહન આપતા લગ્ન, એ આર્થિક માપદંડનું માધ્યમ બનતું જાય છે. અમુક સમયે કેટલાક વિચારશીલ જ્ઞાતિ આગેવાનોને ચિંતા થઈ અને સમૂહલગ્નનો વિચાર આવ્યો, અમલ થયો. બધી જ જ્ઞાતિને લાગ્યું કે સારી યોજના છે. સુરત જેવા શહેરમાં સાદાઈથી તદ્દન ઓછા ખર્ચે લગ્ન માટે 'આર્ય સમાજ' પદ્ધતિથી પટેલો લગ્ન કરતા થયા. પરંતુ જેના માટે, જે સમૂહ માટે સમૂહ લગ્ન અને આર્ય સમાજની લગ્ન યોજના લાવવામાં આવી તે બધા સામાન્ય વર્ગના પરિવારોએ આજેય જમણવાર, મામેરુ, વરઘોડો જેવા કુરિવાજો ચાલુ રાખ્યા છે. સમૂહલગ્ન એ કરીયાવર મેળવવા માટેનું માધ્યમ બન્યું છે. અને આર્ય સમાજમાં જગ્યા મળી રહે તે માટે લગ્ન રાખવા માંડ્યા, ઘેર જઈને બધો જ ખર્ચ કરે છે. સમાજને તો બે બાજુથી માર પડી રહ્યો છે. પરંતુ આ બન્નેના આયોજકો પાસે આ 'પ્રજા' ને કન્ટ્રોલ કરવાનો કોઈ ઉપાય દેખાતો નથી. ઇચ્છીએ કે આ માટે કંઈક ગંભીરતાપૂર્વક વિચારણા થાય. હવે સમૂહ લગ્ન એ સામાજિક-રાજકીય પ્લેટફોર્મ બનતું જાય છે. સમાજના અને સામાન્ય માણસના પૈસા બચાવવાનો હેતુ ક્યાંક માર્યો જતો હોય તેમ લાગે છે. હવે તો લગ્ન ફરી પાછા બે કે ત્રણ દિવસના થવા માંડ્યા છે. 'એક દિવસ' ઓછો પડે છે. ફરી પાછું મંડપ, ગરબા, ભોજન, લગ્ન, રીસેપ્શન અથવા 'વરવિવાહ!' ખર્ચ વધી રહ્યા છે. સમજણના અભાવે લોકો દેખાદેખી અને પેલા અને છેલ્લા લગ્નના બહાને ખર્ચ કરે છે, દેવું કરે છે. લાખ-બે લાખથી માંડી બે-પાંચ કરોડ સુધીના લગ્નની વચ્ચે અમદાવાદમાં ૭૦ વર્ષ જૂની કડવા પાટીદારની સંસ્થા ધરતી વિકાસ મંડળે 'સાદા લગ્ન યોજના' દ્વારા માત્ર ૧૧,૫૦૦ માં લગ્ન કરવાની યોજના ઘણાં વરસોથી અમલમાં મૂકી છે. વર અને કન્યા પક્ષ બન્નેએ અહીં આ સંસ્થામાં રૂ. ૧૧,૫૦૦ + ૧૧,૫૦૦ = ૨૩૦૦૦ ભરવાના થાય. સવારે ઘેર મંડપ નાંખી અહીં સંસ્થાના હોલ ઉપર આવી જવાનું, થોડા સમય પછી જાન આવે - બન્ને પક્ષના ૨૦૦ વ્યક્તિ આવી શકે છે. જાન આવે ત્યાંથી માંડી દીકરીને વળાવો ત્યાં સુધીની તમામ વિધિ બ્રાહ્મણ સંસ્થાના ખર્ચે જ કરાવે. ચા, પાણી, પૂર્ણ ભોજન વ્યવસ્થા, હોલ અને તમામ વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવે છે. શરત એટલી છે કે ફટાકડા ફોડવાના નહીં, વરઘોડો નહીં, મંડપમાં કોઈપણ પ્રકારનો આર્થિક વ્યવહાર નહીં, માત્ર આશીર્વાદ આપવાના. આટલી સુંદર વ્યવસ્થા, મીઠાઈ, ફરસાણ સાથેનું ભોજન, સંપૂર્ણ પૂજા સામગ્રી અને બ્રાહ્મણ પણ સંસ્થા તરફથી. બહારગામના કોઈ વ્યક્તિઓ આવે તો ૮૦ થી ૧૦૦ માણસને રહેવાની સરસ સુવિધા મળે છે. ઓછા ખર્ચમાં ત્યાંજ બનેલા બીજા બિલ્ડિંગમાં જગ્યા મળે... બોલો શા માટે દેવું કરીને લગ્ન કરવા જોઈએ?

આવી યોજનામાં મેં (આ લેખ લખનાર પોતે) મારી સગી ભત્રીજી અને એક બહેનની પૌત્રીના લગ્ન અહીં કર્યા છે. બન્ને લગ્નમાં મામેરા પ્રથા બંધ રાખી હતી અને વર કન્યાને તેનાથી થઈ શકે તેટલો ખર્ચ કરીને ઘરેણું આપવામાં આવ્યું હતું. બીજો કોઈ કરિયાવર કે કોઈ જ લેતી-દેતી નહીં, એટલે તાજેતરમાં જ થયેલા લગ્નમાં મારા ભાણેજને બે દિવસનો મળીને કુલ ખર્ચ રૂ. ૨૮,૦૦૦ જેટલો થયો, દીકરી ધામધૂમથી પરણી

ગઈ. ધરતી વિકાસ મંડળની આ સાદા લગ્નની યોજના તમામ સમાજે અમલમાં મૂકવા જેવી છે. બાકી સમૂહ લગ્નમાં જો કરિયાવર આપવાનું બંધ કરે તો સમૂહલગ્નમાં સંખ્યા શોધવા જવું પડે. સ્વજનો 'ધરતી' ને અભિનંદન આપો કે ગુજરાતમાં આવી સાદાઈથી લગ્નની પહેલ તેમણે કરી છે. જેમને પણ આ યોજના સમજવી હોય તો ચોક્કસ અમદાવાદ આવો, ધરતી વિકાસ મંડળની મુલાકાત લો અને સાદા લગ્ન કોને કહેવાય તે સમજો, શીખો, જાણો અને ધરતીને અભિનંદન આપો!

*૩, સંગાથ એપાર્ટમેન્ટ, એસ.બી.આઈ.ની પાછળ,*
*સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*ફોન : ૨૬૪૩૦૬૨૨, ૨૬૪૩૦૪૧૯ મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*

*(લેખકશ્રીને જણાવવાનું કે ભુજ - કચ્છમાં શ્રી કચ્છી વીસા ઓસવાળ મહાજન કે જેના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા છે ત્યાં આ પ્રથા વર્ષોથી ચાલુ છે. અહીં માત્ર કન્યા પક્ષ તરફથી પૈસા લેવામાં આવે છે. વરરાજા જાન લઈને આવતા હોવાથી તેમની પાસેથી કંઈ પણ લેવામાં આવતું નથી. કન્યાના પરિવારની પરિસ્થિતિ પ્રમાણે ૦૦ થી રૂા. ૨૫,૦૦૦/- સુધીનો ચાર્જ લેવામાં આવે છે. મોટાભાગે રૂા. ૫,૦૦૦/- લેવામાં આવે છે. જાનને ઢોલ - નગારાના સામૈયા સહિત સત્કારવામાં આવે છે. બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત પદ્ધતિથી લગ્ન કરાવવામાં આવે છે. વધુમાં વધુ ૨૦૦ વ્યક્તિઓનો ભોજન સમારંભ રાખવાની પરમિશન આપવામાં આવે છે. વિદાય વખતે કન્યાને રૂા. ૧૧,૦૦૦/-ના બોન્ડ આપવામાં આવે છે કે જેને 'માવતરનું મામેરું' કહેવામાં આવે છે. સમાજના સખી દાતાઓ પોતાના તરફથી વર-કન્યાને બક્ષિસ આપે છે. વ્યવસ્થિતપણે જાનને વિદાય પણ આપવામાં આવે છે.* ***અહીં કચ્છમાંથી કોઈ પણ જ્ઞાતિની કન્યાના લગ્ન કરાવી આપવામાં આવે છે.*** *તે માટે અંદાજિત ૩,૦૦૦ ચોરસ વારનો લોન સહિતનો ઑપન પ્લોટ ફાળવી રાખવામાં આવેલ છે. લગ્નનો સંપૂર્ણ ખર્ચ મહાજન ભોગવે છે કે જે તેમને સમાજના સખી દાતાઓ પાસેથી હોંશે હોંશે પ્રાપ્ત થઈ શકે છે. તાજેતરમાં જ આ પ્રકારના ૧૮૦મા લગ્નનો ઉત્સવ ઉજવાઈ ગયો. "ધરતી"ની જેમ અહીં પણ સમાજની કોઈપણ જ્ઞાતિના ભેદભાવ વગર કોઈના પણ લગ્નનો પ્રસંગ ખૂબ જ સારી રીતે ઉજવાય છે. લગ્ન બાદ વિદાયના પ્રસંગે સમાજના શક્ય અગ્રણીઓ અચૂકપણે ઉપસ્થિત રહી વર-કન્યાને આશીર્વાદ આપે છે. આ કાર્યથી શ્રી ક.વી.ઓ મહાજનનું નામ ખૂબ જ ઉજ્જવળ બનેલ છે. આપણે ઈચ્છીએ કે અમદાવાદમાં જે જે સમાજની પોતાની વાડી હોય તેઓ આ પ્રથા શરૂ કરે તો તે સમાજે સામાન્ય પરિવારની ખૂબ જ સારી સેવા કર્યાનું ગણાશે.*

***– તંત્રી મંડળ)***

## તમામ થકાન દૂર કરવા મનગમતું સંગીત સાંભળીએ!

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

માટે જીવનની ગુણવત્તા સારી વધારવા માટે એક સાધન તરીકે ઉપયોગ થાય છે. સંગીત થેરાપિસ્ટ તમામ ઉંમરના વયસ્કો, બાળકો સાથે તેના પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. આ ઉપરાંત તે ઓટિસ્ટિક સ્પેક્ટ્રમ ડિસઑર્ડર, મગજનો લકવો, ડાઉન સિન્ડ્રોમ, એપીલેપ્સી, લાગણીની વર્તણૂકલક્ષી ચિંતા, કોમ્યુનિકેશન સમસ્યાઓ, ચેલેન્જિંગ વર્તણુંક, માનસિક આરોગ્ય સમસ્યાઓ, મજ્જાતંત્રની શરતો, શારીરિક હાનિ પહોંચવાથી, જાતીય એબ્યુઝ, કેન્સર, માંદગીઓ, એચ.આઈ.વી. / એઈડ્સ, પોસ્ટ ટ્રોમેટિક સ્ટ્રેસ, વ્યસન જેવા રોગોને દૂર કરે છે. આ ઉપરાંત સંગીત થેરાપી લોકોને હકારાત્મક ચિકિત્સક સાથે સંબંધો, સંભાળ, મિત્રો બનાવવામાં, શારીરિક, ભાવનાત્મક અને જ્ઞાનાત્મક વિકાસ સુધારો કરવામાં તણાવ - ચિંતા દૂર કરવામાં, એકલતા અને તકલીફ ઘટાડવામાં ખૂબ કામ આવે છે.

મિત્રો, આજે પણ આપણે જો જૂના ૬૦થી ૯૦ના દસકના હિંદી ફિલ્મી ગીતો કે ગઝલો સાંભળીએ તો મન પ્રફુલ્લિત થઈ જાય છે. **અરે, આ મ્યુઝિક થેરાપીથી ઝાડપાન પણ વધે છે એવું પુરવાર થયેલું છે.** પાગલપન સરખું કરવામાં પણ આ મ્યુઝિક થેરાપી અક્સીર છે. આમ, આ મ્યુઝિક થેરાપી ખરેખર લાભકારક ચિકિત્સા છે. છેલ્લે અત્રે એક વાત કહેવી જરૂરી બને છે કે જેમ સંગીતમાં સરગમ ૭ સ્વરોની 'સા રે ગા મા પ ધ ની સા' છે તેમ ફિઝિક્સમાં પણ સાત રંગોનો વર્ણપટ છે 'જા ની વા લી પી ના રા'. ઉપરાંત અવાજ તરંગોને કારણે જ સંગીત વિસ્તરે છે અને પ્રસરણ પામે છે. આમ મ્યુઝિક થેરાપીમાં ફિઝિક્સ તમામ સ્તરે જવાબદાર છે તેવું પુરવાર થાય છે. મહાન સંશોધક આઈન્સ્ટાઈનને વાયોલીન વગાડવાનો શોખ હતો અને તમામ વિજ્ઞાનીઓને મ્યુઝિક થેરાપી પોતાના સંશોધનમાં રાહતરૂપ રહી છે તેવું મારું માનવું છે.

છેલ્લે એક નાની પણ મજાની વાત. મને સંગીતકાર આર.ડી. બર્મનના ગીતો સાંભળવા ગમે છે. તમે પણ રોજ મનગમતું સંગીત સાંભળો અને ફિઝિક્સમાં નવું સંશોધન કરો અને કરાવતા રહો તેવી ફિઝિક્સ પ્રેમી તરીકેની મારી અપીલ છે.

***પરમેશ્વરી, પ્લોટ નં. ૧૬૫, વિજયનગર એરિયા,***
***હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***

નિબંધ

# છાશની માટલી

• ગુલાબ દેઢિયા •

ઘરમાં ગાય વિયાય એ ખુશીનો અવસર બની રહેતો. સાથે થોડીક આશાઓ જન્મતી. વાછરડી જન્મી હોય તો વિશેષ આનંદ થતો. ભવિષ્યની ગાયના દર્શન એમાં થતાં. વાછરડા સામે પણ બહુ વાંધો નહોતો. ખરી મજા તો ઘરમાં દૂધનાં બોઘરણાં છલકાશે તેની હતી. દૂઝાણું ઘરનો મોભો ગણાતો.

બે-ત્રણ દિવસ કાચું દૂધ બરફી જેવી વાનગી બનાવવામાં વપરાતું. ઘરમાં તો વપરાય અડોશપડોશમાં પણ વહેંચાય, જેને અમે બરઈ કહેતા. પછી રોજ ગાય દોહવાય કે તરત જ એક એક કળશિયો ભરીને દૂધ પડોશમાં કે અમુક સ્નેહીઓને ઘેર મોકલતા. એ લોકો દૂધ સ્વીકારી તે કળશિયો ઠાલો પાછો ન વાળતાં અંદર બે સોપારી કે અન્ય કંઈક આપતા. પરસ્પરનાં સ્નેહ અને સંબંધના એ પ્રતીક હતાં. દૂધ વધુ છે તો વહેંચવું. વેચવાનું પણ હોય જ. છતાં પંદરેક દિવસ લગી નક્કી કરેલા સ્નેહીઓના ઘરે રિવાજ પ્રમાણે, એમના તરફથી પણ વ્યવહાર છે માટે મોકલવું. ભેટ આપનાર અને સ્વીકારનાર બંનેને આવા નાના-નાના આનંદો ગમતાં. ભાર નહોતો, સહજતા હતી. એ માટે વધારાનો ખર્ચ નહોતો કરવો પડતો. લેણદેણમાં ઉપદ્રવ નહોતો.

વૈશાખ મહિનામાં લગ્નસરા આવે. જેના ઘરે લગ્નપ્રસંગ હોય તેને ઘણી વસ્તુઓની જરૂર પડે. અમારા પડોશીને ઘરે સોનાનો ઢોળ ચડાવેલી એક મોટી મગમાળા હતી. નાટકમાં રાજાઓ પહેરે છે એવો મોટો હાર. એ માળા વરરાજા માટે લઈ જાય. માળા પાછી આપવા આવે ત્યારે આજનું થેન્ક યુ કહીને ચાલતા થોડા થાય! વસ્તુ પરત કરતી વેળાએ ખુશી અને આભાર બંનેના પ્રતીક રૂપે લાડવા કે અન્ય કોઈ મીઠાઈ ભેટ આપે. બંને પક્ષે આવું તો સહજ કહેવાતું.

આપણી સંસ્કૃતિએ આપણને પ્રસંગ પ્રસંગના કેવાં કેવાં પ્રતીકો આપ્યાં છે. પ્રતીકો અત્યંત ભાવવાહી, માર્મિક અને મોઘમ છે. કોઈ અમૂર્ત બાબતને વ્યક્ત કરવી હોય તો યોગ્ય પ્રતીક આપણી મદદે આવે છે.

હમણાં રજાઓમાં અમારે ઘેર સ્નેહી રોકાવા આવ્યા હતા. નાના બાળક માટે પારણાંની જરૂર પડી. અમારા મેંગલોરી પડોશી પાસેથી પારણું માગી લાવ્યા. એમણે ખુશી-ખુશી આપ્યું. આશ્ચર્ય ત્યારે થયું જ્યારે એમણે પારણું ખાલી ન આપતાં અંદર એક શ્રીફળ મૂકી દીધું હતું. પૂછ્યું તો કહે, “અમારે ત્યાં આ પ્રથા છે. પારણું ખાલી ન અપાય.’ ખાલી પારણું જાણે અશુભનું પ્રતીક અને શ્રીફળ સાથે શુભનું પ્રતીક. આખી વાતને ટૂંકામાં ટૂંકી રીતે કહી દે તે પ્રતીક, ઈંગિત ઈશારો દઈ દે તે પ્રતીક.

શહેરના અભિવાદન સમારંભોમાં પુષ્પગુચ્છોના ખડકલા થાય છે. એ ગંજથી સમારંભનું માપ નીકળે છે. ફૂલો દેનાર-લેનાર નિર્મમ બની જાય છે. સ્ટેજ પર લાંબી કતાર લાગે છે. બંને પક્ષે ફરજનો ભાર હોય છે. પુષ્પો ખુશી અને શુભેચ્છાના પ્રતીક ખરાં પણ અતિરેક સહી ન શકે. કરમાયાં પહેલાં જ ફૂલો સ્ટેજ પર નમાયાં થઈ જાય છે. કોઈ ઉપયોગ નથી રહેતો. ભેટની વસ્તુ ઉપયોગી પણ હોય હવે એવું આપણે નથી માનતા. આજકાલ પાર્ટીઓ વધતી જાય છે. પ્રસંગ ઉલ્લાસનો હોય છે પણ ઘણીવાર ઉલ્લાસ પ્રગટતો નથી. મનની તાણ આપણને હળવા થવા નથી દેતી. યજમાનને આયોજનની ચિંતા સતાવે છે તો મહેમાન વિચારે છે શું ગિફ્ટ લઈ જવી? થોડી કૃત્રિમતા, થોડી ચિંતા અને થોડી માથે આવી પડેલી વ્યવહાર સાચવવા પૂરતી ફરજ આપણને ખીલવા નથી દેતી. સહજતા વિરલ જણસ થઈ ગઈ છે. ગણતરી ચશ્મા તળેથી બધું નીરખી રહે છે.

શૈશવની એ ઘડી યાદ આવે છે. ઘરે મહેમાન આવે એ અમ બાળકોને ખૂબ ગમતું. મહેમાન ખાલી હાથે થોડા આવે! પેંડા, ગોળપાપડી સાથે ચીકુ, કેરી, બોર કે શેરડી પણ લાવે. પાછા જવા નીકળે ત્યારે અમને એકાદ-બે રૂપિયાની ‘સુખડી’ દેતા જાય. ખાવાની વાનગીને સુખડી કહેતા તેમ આ રોકડ ભેટને પણ સુખડી કહેતા. જે સુખ દે તે સુખડી. વડીલો ના-ના કહેતા રહે, પણ અમે મહેમાનોની આસપાસ ભમતા રહેતા. એકાદ રૂપિયો કેવી ધન્યતા અને સભરતાનો અનુભવ દઈ જતો! ફરીથી મહેમાનોનું આગમન થાય એમ મનોમન પ્રાર્થતા. મહેમાનોની હાજરીમાં તોફાનમસ્તીને માફી મળી જતી અને હઠ જલદી સંતોષાતી. મહેમાનોની ઉપસ્થિતિ અમારું રક્ષાકવચ હતું. વડીલોનું વર્ચસ્વ બૂમરેંગ થઈ જતું. અમારા એક ફોઈમા સાડલાના છેડે બાંધેલ પૈસામાંથી જે ભાવ સાથે નાનકડી રકમ ક્યારેક તો ચાર આની કે આઠ આની દેતા તે સુખડી યાદ છે. ઘણી વાર વિચારું છું કે પાર્ટીમાં જતાં લઈ જવી પડતી સુશોભિત ગિફ્ટ સુખડી કેમ નથી બનતી?

વર્ષો પછી અમારે ઘરે દૂઝાણું ન રહ્યું ત્યારની વાત છે. મારા પિતાજીના એક મિત્ર પોતાના મોટા વસ્તારી પરિવાર સાથે વાડીમાં રહેતા હતા. વાડી ગામથી સારી એવી દૂર હતી. એ વડીલ કે એમના ઘરમાંથી કોઈ નાની-મોટી ખરીદી માટે ગામમાં આવે. ઘરે આવી સહેજ પોરો ખાય, પાણી પીએ, ખબરઅંતર પૂછે. પોતાની સાથે માટલી ભરીને તાજી ઘટ્ટ

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૪ ઉપર)

વાર્તાત્મક

# કોને શું કહું?

• ડૉ. ઊર્મિલા શાહ •

ઘડિયાળમાં દસના ટકોરા થયા ને હું ચમક્યો. હજીય સુમી પરવારી નથી? છેલ્લા કલાકથી એની રાહ જોતો આ મેગેઝિન હાથમાં લઈને બેઠો છું...હવે તો એના પાનાં ઉથલાવી ઉથલાવીનેય થાક્યો. તોય સુમી ન પરવારી. આનાં કરતાં તો લગ્ન થયાં એ પહેલાં મને સુમીની કંપની સારી મળતી હતી. રોજ સાંજ પડે કેવાં અમે બેઉ દૂર દૂર સુધી ફરવા નીકળી પડતાં! પશ્ચિમ આકાશમાંથી નમતાં સૂરજનાં સોનેરી કિરણોથી સંધ્યા ખીલી હોય, ત્યારે દૂર સુદૂર સુધી વૃક્ષો અને હરિયાળી કાંઈ નવું જ રૂપ ધારણ કરે, ત્યારે સુમીના સાંનિધ્યમાં આ નિસર્ગના સૌંદર્યને માણવાની કંઈ અનેરી મઝા હતી. અને તેમાંય સુમી સાથે રસભરી વાતો. મારા જીવનના એ સોનેરી દિવસો. ને હું ભાવિ સુખનાં શમણામાં રાચતો હતો. વિવાહ અને લગ્ન વચ્ચેના આઠ માસનો ગાળો આ સંવનન અને સાંનિધ્ય માણવામાં ક્યાં વહી ગયો તે ય ખબર ન પડી ને અમારાં લગ્ન લેવાયાં. અમે પ્રભુતામાં પગલાં પાડ્યાં. અમે સંસાર શરૂ કર્યો.

હવે સુમી આ ઘરની ગૃહલક્ષ્મી બની હતી. ઘરમાં નવવધૂ બનીને આવી હતી. એટલે એણે જુદી જુદી ભૂમિકાઓ ભજવવાની હતી, તેમાં ગોઠવવાનું હતું. અત્યાર સુધી તો એ માત્ર મારી પ્રેયસી હતી. હવે એ મારી પત્ની તો બની હતી પણ તે સાથે ગૃહિણી પણ, એટલે એને બેવડી ભૂમિકા ભજવવાની હતી તે ઉપરાંત તે નોકરી પણ કરતી હતી. એટલે એ એની ત્રીજી ભૂમિકા. સુમીમાં ઉત્સાહ અને ઉમંગ ઘણાં હતાં. નાની હતી ત્યારથી 'મારે પણ એક સરસ મજાનું ઘર હોય' એવા સ્વપ્નમાં એ રાચતી હતી અને એટલે લગ્ન પછી એણે એની ગૃહિણીની ભૂમિકાને સૌથી વધુ પ્રાધાન્ય આપ્યું હતું. ઘરનાં લોકોની નાનામાં નાની સગવડો સાચવી. સૌનાં દિલ જીતી લેવા તે હંમેશાં આતુર રહેતી 'હું છું ને!' હું છું ત્યાં સુધી કોઈને કોઈ જ રીતે અગવડ પડવી ન જોઈએ. ઘરમાં મંદિર જેવું પવિત્ર ને પ્રફુલ્લિત વાતાવરણ સર્જવા તે સતત મથામણ કર્યા જ કરતી. આ બધું કંઈ એમ ને એમ ન થાય. તે માટે તે સતત મથામણ કરતી, એ ભાવનાશાળી હતી.

સવારે છ પહેલાં ઊઠી સુમી કામે લાગી જતી. ઘરમાં બે દિયર, સાસુ, સસરા શું કામ ન હોય! દસ વાગે તો તેણે ઑફિસે જવા નીકળી જવું પડે. ક્યારેક તો એમ થઈ જાય કે ભગવાને આ દિવસ પણ કેટલો ટૂંકો કર્યો છે! સરસ રીતે ઘર ચલાવવું અને સાથે નોકરી પણ કરવી કાંઈ સહેલી વાત નથી. પળે પળનો વ્યવસ્થિત રીતે ઉપયોગ કર્યા વિના ચાલે એમ ન હતું. પહોંચાય તેમ જ ન હતું. ક્યારેક તો ઑફિસે જતાં પહેલાં જમવાનો ય સમય રહેતો નહીં. પણ ઘરમાં કોઈને ય ખ્યાલ સુધ્ધાં ન આવે કે સુમી આજે જમ્યા વિના ઑફિસે ગઈ છે એવી રીતે તે નીકળી જતી. સાંજે આવે ને હાથ-મોં ધોતાં જ સીધી રસોડામાં. તેના હૃદયમાં એક જ રટણ હતું : મારે મારા કુટુંબને પ્રસન્ન રાખવું છે. ઘરને મંદિર બનાવવું છે. અને એ માટે મારે ધૂપસળી બની એને સુખ-શાંતિ ને સમૃદ્ધિથી મહેકાવવું છે. પણ આ સાધના કંઈ નાનીસૂની નથી. ઘર સરસ રીતે ચલાવવું ને નોકરી પણ નિષ્ઠાપૂર્વક કરવી એ કાંઈ સહેલી વાત નથી. એ સમય પણ માંગી લે, શ્રમ પણ માંગી લે. ફક્ત ગૃહિણી અને વ્યવસાયની ભૂમિકાઓમાં જ સુમીનો સમય ને શક્તિ એટલાં ખરચાંઈ જતાં કે રાતે દસ પછી સુમી રૂમમાં પ્રવેશે ત્યારે એના મોં પર સખત થાક સિવાય કશું જ વરતાતું ન હોય. વહેલી સવારથી ઊઠીને સુમીએ એકધાર્યું જે કામ કર્યું હોય તેને કારણે તેનું મોં થાકથી સાવ કરમાઈ ગયું હોય. હું તો તેના સાંનિધ્યની રાહ જોતો બેઠો હોઉં પણ આવી થાકેલી સુમીને રૂમમાં પ્રવેશતી જોઉં ને મારો ઉત્સાહ ભાંગી પડે. મને એમ થાય 'આજે સુમી ખૂબ થાકી ગઈ છે. કંઈ નહીં કાલે નિરાંતે વાતો કરીશું' ને જોતજોતામાં તો સુમી પથારીમાં પડતાંવેંત જ ઘસઘસાટ ઊંઘી જાય. અસહ્ય થાક લાગે ત્યારે એ બિચારી કરે પણ શું? સાવ નિશ્ચેતન જેવી થઈ એ સૂતી હોય, હું બાજુમાં જ સૂતો હોઉં પણ હું આંખનું મટકું ય મારી શકતો ન હોઉં...મારા મનમાં વિચારોનું પ્રલય ધમસાણ ઊમટે.

કેવા હતા એ દિવસો! જ્યારે હું ને સૂમી. સુરખીભરી સંધ્યામાં સાંનિધ્ય અને એકબીજાના વિચારોનું સાહચર્ય માણતાં હતાં. કેવા સરસ હતા એ દિવસો! સુમી કેટલી ભાવનાશીલ! કેટલી સંવેદનશીલ હતી ત્યારે! કેવું જીવંત ને ધબકતું ને નિરાળુ વ્યક્તિત્વ હતું તેનું! હું ક્યારેક તો મનોમન મારી જાતને નસીબદાર માનતો. મને સુમી જેવી સર્વગુણ-સંપન્ન જીવનસંગિની મળવા

બદલ હું ભગવાનનો પાડ માનતો. પણ લગ્ન થયાં ને બધું જ બદલાઈ ગયું. સુમીની ભૂમિકાઓનો અગ્રતાક્રમ બદલાઈ ગયો. હવે એ પ્રથમ ગૃહિણી હતી ને પછી પત્ની. તેમાં વળી વચ્ચે નોકરી તો ખરી જ. ગૃહિણી અને નોકરી એ બે ભૂમિકામાં જ તેની લગભગ મોટા ભાગની શક્તિ ખરચાય પછી મારે માટે તો સુમીની હું અપેક્ષા જ કેવી રીતે રાખું? હજી તો લગ્નને માંડ છ મહિના થયા છે ને હું ને સુમી માનસિક રીતે દૂર ને દૂર થતાં જઈએ છીએ. મને ક્યારેક થાય છે આનો ઉપાય શો? આમાં દોષ કોનો?

સુમી તો એની ફરજ પ્રત્યે પૂરી જાગ્રત છે. પરણી એ જ દિવસથી એણે તો એનું સર્વસ્વ મારે ચરણે ધરી દીધું છે. હું જાણું છું એ ખૂબ ભાવનાશીલ છે, એ ખૂબ સંવેદનશીલ છે અને મને યોગ્ય ન્યાય નહીં આપી શકવાથી તેને દુઃખ પણ થાય છે. વસવસો પણ થાય છે. પણ સમય અને શક્તિની મર્યાદા તેને નડે છે. તે પણ લાચાર છે. કોઈ દિવસ એણે ક્યારેય અકળામણ વ્યક્ત નથી કરી. ગુસ્સો નથી કર્યો, પણ કાલે એ રાતે રૂમમાં આવી. એને દૂધનો ગ્લાસ આપવા કહ્યું ત્યારે એ છેડાઈ પડી. 'હવે તમે લઈ આવો. હું તે કંઈ મશીન છું?' ને મને ચમકારો થયો. સુમી કેટલી થાકી ગઈ હશે કે તે આવા શબ્દો બોલી હશે! તેની સહનશક્તિની ય મર્યાદા બહારનો શ્રમ તે કરે છે. તે આમ અકળાય એમાં એનો શો દોષ? અને એટલે મેં મનોમન નક્કી કર્યું, 'કાલથી મારે સુમીને મદદ કરવી છે. થોડોક યથાશક્તિ હાથટેકો કરું તો એને કેટલી રાહત રહે! એને કેટલું સારું લાગે!'

અને સવારે ચા પીને હું મારો કપ રસોડામાં મૂકવા ગયો ત્યાં તો મમ્મીએ ભવાં ચડાવ્યાં 'કેમ? સુમી નથી? તારે કપ ઉપાડવાની શું જરૂર હતી?' મને મનમાં તો થયું કે મમ્મીને કહું કે સુમીને મદદ કરું છું. એ થાકી જાય છે પણ ત્યાં તો મમ્મીનું મોં જ જોઈ હું અટકી ગયો. નાહકની ગેરસમજ ઊભી થશે ને અનર્થ ઊભો થશે માની હું ચૂપચાપ રસોડાની બહાર નીકળી ગયો. સુમીએ એક વેધક નજર નાંખી મોં ફેરવી લીધું.

સાંજે મમ્મી બહાર ગયાં હતાં. સુમી ઑફિસેથી આવીને તરત રસોડામાં પેસી ગઈ હતી. મને થયું લાવ, મમ્મી નથી. એને થોડી મદદ કરું. ને હું શાકની થાળી લઈ બહાર આવ્યો. ત્યાં તો બાજુવાળા પુષ્પાબહેન આવ્યાં. 'શું વાત છે? હવે તો તમે શાક સમારવા માંડ્યાં ને કાંઈ? સુમીય નસીબદાર છે હોં! આ તારા કાકાએ તો ક્યારે ય પાણીનું પવાલું ભર્યું નથી. સુમી તેં તો દસેય આંગળીએ ભગવાન પૂજ્યા હશે ત્યારે આવો ધણી મળ્યો છે. નહીંતર શાક સમારવું એ તે કાંઈ મરદ માણસનું કામ છે? ભણેલાં બૈરાં પતિને પતિવ્રતા બનાવી દે છે ખરાં' ને હું મૂંઝાયો. પુષ્પાબેનની ટીકાએ મારા મનને ટકોર્યું, મારામાં રહેલો પુરુષ સળવળ્યો. ને હું શાકની થાળી ચૂપચાપ રસોડામાં મૂકી આવ્યો.

તે દિવસે સુમી ઑફિસેથી ઘેર આવી. તેનું માથું સખત દુખતું હતું. આવતાંવેંત જ પથારીમાં માથું બાંધી સૂઈ ગઈ. 'સહન નથી થતું આ સુનિલ.' હું તો રાહ જોતો બેઠો હતો કે સુમી આવશે એટલે ચા બનાવશે એટલે ચા પીશું.

કારણ સુમી આવે તે પહેલાં અડધો કલાક પહેલાં જ હું ઑફિસેથી આવતો એટલે હું રોજ જ સાંજે ચા માટે તેની વાટ જોતો પણ એ દિવસે તો સુમીના માથાનો દુખાવો અસહ્ય હતો. મને થયું લાવ હું જ ચા મૂકી દઉ, બા મંદિરે ગયાં હતાં એટલે હિંમત કરી હું રસોડામાં ગયો. ચાનું પાણી મૂક્યું, ફ્રીજ ખોલી દૂધ નાંખ્યું ને ખાંડ ચા શોધતો હતો ત્યાં તો બા આવી પહોંચ્યા. 'કેમ તું ચા મૂકે છે? સુમી નથી?'

'છે ને...એનું માથું દુખે છે એટલે સૂતી છે.'

'ઓ હો હો. એવું તે કેવું માથું દુખે છે તે જરા ચા પણ ન મુકાય? આ ક્યાં પારકાને ચા પાવાની છે? પોતાની ને પોતાના ધણીની ચા ય એ ન મૂકી શકે? કે તમ જેવા પુરુષ માણસને માથે આવું કામ આવી પડે? તું લાજતો નથી? આજુબાજુવાળા જુએ તો કોઈ ટીકા ન કરે? વહુને બહુ લાડે લડાવવા સારાં નહીં સમજ્યો?'

ને હું ચૂપચાપ રસોડાની બહાર નીકળી ગયો. એ દિવસે ન સુમીએ ચા પીધી કે ન મેં. મારા મનમાં ય ઘણું દુઃખ થયું કે 'સુમીને માથું દુખે છે. ચા સાથે માથાની ટીકડી આપી હોય તો તેને રાહત થાય.' પણ એ ચા મૂકે કોણ! બાના વર્ચસ્વ આગળ હું નિઃસહાય હતો, લાચાર હતો. મારા અને સુમીની વચ્ચે અંતર વધતું જતું હતું.

અમારું દાંપત્ય ડગમગી રહ્યું હતું.

ભાવનાશાળી સુમી દિવસે દિવસે વધુ ઉદાસ રહેતી હતી અને હું કહેવાય નહીં ને સહેવાય નહીં એવી વ્યથામાં અટવાતો હતો. કોને કહું? શું કહું?

*૨૫, પાર્થ બંગલોઝ, કર્ણાવતી ક્લબ પાસે,*
*સરખેજ-ગાંધીનગર હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૭૬૦૦૦૩, ૨૬૭૬૯૭૦૦*

***દુનિયાની કોઈ પણ પરિસ્થિતિનો ઉકેલ ભાગી છુટવાથી નથી મળતો. આપણી વસ્તુ જ્યાં ખોવાઈ હોય ત્યાં જ શોધવી પડે છે.***

વાર્તા

# અમે ટામેટા ખાધા

• બલવીરસિંહ જાડેજા •

અમારા શહેરની શાક માર્કેટ હોય કે શેરીએ શેરીએ શાકની લારી લઈને ફરતા શાકવાળા કે ટોપલામાં શાક લઈને વેચતી બહેનો હોય, જ્યાં અને ત્યાં સંભળાય કે 'લઈ લો મનુભાઈની વાડીના રીંગણા, ટામેટા, મરચા, દૂધી, તાજુ શાક, આપણા શહેરનું પોતાનું શાક.'

મનુભાઈ એટલે અમારો મિત્ર મનસુખ. જે મિત્રો શાકવાળાના આ ટહુકા સાંભળે એ બીજે દિવસે, એમાંના કોઈક તો મનસુખને જરૂર પૂછે. 'મનસુખ, યાર તારી વાડીના ટામેટા ખવડાય ને યાર! શહેર આખું વખાણ કરે છે તારી વાડીના શાકના. રીંગણા, મરચા, દૂધી તો કાચા ખવાય નહીં પણ ટામેટા તો ખવાય હોં! ટામેટા તો કોઈક દિવસ ખવડાવ્ય યાર!'

'હ...હ...હહહ.. અઅઅ... જરૂર.'

મોં ઉપર રાજકારણીઓ જેવા, સમજી ન શકાય તેવા ભાવ લાવીને સાંભળતો મનસુખ, બીજી મિનિટે હસીને આગવી અદામાં હસીને, 'હહહ... અઅઅ... જરૂર' જવાબ આપે જ. 'જરૂર' એ અમારા મનસુખનો તકિયા કલામ! કોઈપણ પ્રશ્ન પૂછાય એટલે તેનો આગવા અંદાજમાં હસવાનો અવાજ 'હ...હ...હ... અઅઅ...' અને પછી 'જરૂર'.

અમારી શાળાનો સમય બપોરનો પણ શનિવારે શાળાનો સમય સવારનો. શનિવારના પહેલા બે પીરિયડ મનસુખ અચૂક ગેરહાજર હોય જ. કેમ? કે એના બાપા અને ઘરના સભ્યો સાથે માથે શાકભાજીના ટોપલા, નદીના સામા કાંઠાની વાડીએથી ઉપાડીને શહેરની શાક માર્કેટમાં વેચવા અચૂક જવાનો નિયમ પાકો. શનિવારના શરૂઆતના બે પીરિયડની નોટ, હંમેશાં મિત્રો પાસેથી લઈને ભણવાનું કે વાંચવાનું, ને સાથે સાથે પૂછાતો પ્રશ્ન પણ હોય જ 'મનસુખ, તારી વાડીના ટામેટા તો ખવડાવ્ય યાર!'

'હ..હ..હ.. અઅઅ...! જરૂર.'

અમારી મિત્રોની ટોળીએ તો એકવાર નક્કી જ કરી લીધું કે આ વખતે તો ટામેટાની સીઝનમાં ગમે તેમ કરીને મનસુખની વાડીના ટામેટા તો ખાવા જ છે, વાડીએ જઈને જ. આ વરસે તો મનસુખને છોડવો જ નથી. અમારું આઠ મિત્રોનું અંગત ગ્રુપ હતું. એમાં ઈશ્વર, પ્રભુ, જય, કનક, બાબુ, જશો, મનસુખ અને આઠમો હું એટલે કે બધાનો ભાણુભા. મોસાળમાં મામાના ઘરે રહી ભણતો એટલે કહેવાય ભાણાભાઈ. પણ અમને ક્ષત્રિયોને, દરબારોને સૌ કોઈ પોતાના વડીલો પણ ભાણુભા જ કહે. એટલે શહેર જ નહીં, આખો જિલ્લો ભાણુભા તરીકે જ ઓળખે. મિત્રો તો બધા જ હતા પણ અમારી આ આઠ જણની ટોળકી.

એમાં થોડા દિવસ પછી અમારો ટામેટા ખાવાનો મેળ પડી ગયો. મનસુખના બાપા, અમારા મકનકાકા બહુ કોઠાસુઝવાળા. ટૂંકી ખેતી અને સામા કાંઠાની વાડીએ લાંબાગાળાનો પાક કરવાને બદલે નદીના પાણીથી જે થાય અને જેટલી થાય એટલી શાકભાજી વાવે અને દર અઠવાડિયે રોકડી. બહુ ઝંઝટ નહીં. દૂરના ખેતરમાં શિયાળુ, ચોમાસું કે ઉનાળુ પાક, વરસાદ અને વરસ ઉપર આધારીત હોય તે રીતે કપાસ, એરંડા, ઘઉં કે બાજરી જે યોગ્ય હોય તે વાવે, પણ નદીના સામા કાંઠાની વાડીએ તો બસ શાકભાજી. એટલે જ્યારે મનસુખનો જનમ થયો ત્યારે જ મકનકાકાએ આ વાડી બનાવેલી. એટલે સૌ ખેડૂતો શેઢા પાડોશીઓ, સગાવહાલાં, સૌને મકનકાકાએ કહેલું કે, 'આ મનસુખની વાડી.' બસ, ત્યારથી શાકવાળાઓએ મનસુખને બદલે મનુભાઈ કરી નાખેલું અને સાદ પાડે કે, 'એ... લઈ લો મનુભાઈની વાડીના તાજા દેશી શાકભાજી રીંગણ, ટામેટા, દૂધી, મરચા, મનુભાઈના શાક. નસીબદારના ભાણે આ શાક. મનસુખની વાડી વિશે પણ કોઈ પૂછે કે વાત કરે તો પણ મનસુખ 'હહહ... અઅઅ.... જરૂર.'

મકનકાકા શાકભાજીનું વધું ઉત્પાદન માટે, કોઈને પૂછે પણ ખરા. પોતે ભણેલા નહીં પણ મનસુખને કહે પણ ખરા, 'અલ્યા, વાંચજે હોં. તું ભણેલો ગણેલો શું કામનો હેં?' એમાં એક વખત ખેતીવાડી વૈજ્ઞાનિક શ્રી સખિયા સાહેબ શહેરમાં તેમના સગાને ત્યાં મહેમાન બનેલા અને યજમાને મનુભાઈની વાડીના રીંગણાનો ઓળો ખવડાવ્યો. એ ખાઈને સખિયા સાહેબ તો ખુશ ખુશ થઈ ગયા. 'હેં... આવા સરસ ઓળા / ભડથાના રીંગણા ક્યાંથી લાવો છો તમે?' યજમાને મનુભાઈની વાડીનો ઉલ્લેખ કર્યો. સખિયા સાહેબ તો ઉપડ્યા મકનકાકાને મળવા.

'રીંગણ તો બહુ સારા આવે છે પણ આ ટામેટાનું કાંઈક કરો. હમણાથી ઉતારો ઓછો થયો હોય એવું લાગે છે. કોઈ નવી જાત કે બિયારણ આવ્યું હોય કે

શોધાયું હોય તો મોકલાવોને... આપણે અખતરો કરીએ.' મકનકાકાએ વૈજ્ઞાનિક સાહેબને વિનંતી કરી. સાહેબે, ખેતીવાડી કૉલેજમાં જઈને, ટામેટાનું નવી જાતનું બિયારણ પાર્સલમાં મોકલ્યું સાથે કાગળ પણ લખ્યો, 'નવું છે. માટે પહેલા તેનો ફાલ અને ઉતારો જોવાનો અને બરોબર હોય તો સ્વાદ અને આડઅસર નથી ને તે જોવાની. સીધેસીધું માણસોના વપરાશમાં લેવાનું નહીં. અમે પણ અહીં અખતરા કરીએ છીએ. પાક તૈયાર થાય ત્યારે લખજો એટલે હું જોવા આવીશ. પછી વપરાશ માટે જોઈને મંજૂરી આપીશું.'

મકનકાકા અને કાકીએ વાડીની ઓરડી હતી તેની આથમણી બાજુ નવી ટમેટીના બી વાવ્યા અને ઉગમણી બાજુએ જે પહેલાથી વાવતા હતા તે જ ટમેટા વાવ્યા. પણ કાકા અને કાકી સિવાય બીજા કોઈને ખબર નહોતી કે કઈ બાજુ નવા બી ની ટમેટી છે અને કઈ બાજુ જૂની ટમેટી છે. કાકા કાકી આ વાત કરતા હતા ત્યારે એક શનિવારે વહેલો ઉઠી શાકભાજી પહોંચાડી, શાળાએથી છૂટીને થાક્યો પાક્યો બપોર પછી જમીને વાડીએ ખાટલામાં મનસુખ સૂતો હતો. અડધો ઊંઘમાં અને અડધો જાગતો. મનસુખે, ટમેટા વિશે મા-બાપને વાત કરતા અને ઉગમણી આથમણી એટલું સાંભળ્યું હતું. બીજું કાંઈ યાદ નહોતું. નવી અને જૂની જાતના બી વાવેલા છે એટલી ખબર હતી.

બેથી ત્રણ મહિને, ટમેટી ઉપર લાલ ચટક ટમેટા લટકવા લાગી ગયા હતા. હજી ફાલ લીધો નહોતો. કાકા-કાકીને અચાનક સગામાં લૌકિક પ્રસંગે બહારગામ જવાનું થયું કે જેના કારણે તેઓ બીજે દિવસે જવાના હતા.

અમને ટામેટા ખાવાની તક મળી ગઈ. મનસુખે જાહેર કર્યું કે, 'આવતીકાલે મોટી રીસેસ પછી આપણી મંડળી પાછલા પીરિયડ નહીં ભરે અને ટામેટા ખાવા જશે. બીજા કોઈને કહેવાનું નથી. ઝાઝાને ખબર પડશે તો મજા બગડી જશે.'

અમે તો તૈયાર જ હતા. તૈયારી રૂપે, ઈશ્વર અને કનકે મીઠું લાવવાનું, જય અને હું મરચું લાવવાના હતા. બાબુ અને જશવંત બે જણાએ છરી અને છાપાના કાગળ લાવવાનું નક્કી કર્યું. અમે તો ઉપડ્યા બીજે દિવસે મનસુખની વાડીએ બપોર પછી. અને જઈને જોયું તો બધે લાલ-લાલ ટમેટા – ઓરડીની બંને બાજુએ. બાબુલાલથી તો રહેવાયું નહીં એટલે ટામેટા જોઈને દોડ્યો. હરિહરનો સાદ પડે અને બાવા-સાધુ પંગતમાં બેસવા હડી કાઢે એમ બાબુની પાછળ અમે સૌ દોડ્યા.

'એએએ... બાબુડા - વાણિયા, ઊભો રહે. અલ્યા હું કહું એ જ ટામેટા તોડવાના છે.' મનસુખે ચીસ પાડી. બધા અટકી ગયા. પછી તો એણે ઉગમણા ખેતરની વચ્ચેના બે-પાંચ ચાસ બતાવ્યા. એક છોડીને એક, એમ એટલે બાપાને કે કોઈને નજરે ન ચડાય કે, એક સાથે એક જગ્યાએથી ટમેટા ઓછા થયા છે. અમે તો કહ્યું ત્યાંથી વીણીને કર્યો ઢગલો. મનસુખ તગારામાં પાણી લાવ્યો. ધોઈને છાપા ઉપર ગોઠવીને બેસી ગયા, ગોળાકાર.

જેને જે રીતે ફાવે તે રીતે કાપી-કાપીને, મીઠું - મરચું નાખીને કે કાચા – મંડ્યા બધા મોંમાં મૂકવા. બધાને ટેસડો પડી ગયો. અરે વધુને વધુ ટામેટા ખાવાની લાયમાં, કોઈ કોઈની જોડે વાત કરતું નહોતું કે બોલતું નહોતું. બસ મનસુખ એકલો જ બોલતો હતો.

'કેવા લાગ્યા? મજા આવી ને? હજી ખાવ યાર. ફરી ક્યારે આવવાનું થશે હેં!' હું, બાબુ અને જશો, જરા શરીરે હાડેતા, બીજાની સરખામણીએ, એટલે મીઠું મરચું લીધા વિના જ મોંમાં આખા ટામેટા મંડ્યા મૂકવા. ટમેટાના રસના રેગાડા મોંની બંને બાજુથી ઉતરતા જાય, લૂછતા જઈએ ને ખાતા જઈએ. આવો મોકો ક્યારે મળવાનો હતો. મનસુખ ફરી વાર જઈને તગારામાં બીજા ટમેટા લઈ આવ્યો. 'ખાવ, ખાવ યાર. પછી કે'તા નહીં કે મનસુખે ટમેટા ઓછા ખવડાવ્યા. બધાએ ભેગા થઈને બે તગારા ટમેટા થોડીવારમાં સફાચટ કરી નાખ્યા. પછી બધાએ ઓડકાર ખાઈને સંતોષ વ્યક્ત કર્યો. પેટ ઉપર હાથ ફેરવવા લાગ્યા. બાબુએ તો પેટની ફાંદ બતાવી, ટમેટા ખાધા પછી કેટલી વધી તેનું નિર્દેશન કરી બતાવ્યું. બધાએ 'મનસુખ, આજ તો મજા પડી ગઈ હોં... ખરેખર મજા પડી ગઈ.' 'હહહ.... અઅઅ...' 'આવતા વરસે ફરીવાર બોલાવજે યાર.' 'હહહ.... અઅઅ... જરૂર.'

સૌ મજાક મસ્તી કરતાં છૂટા પડ્યા. બીજે દિવસે પ્રભુ શાળાએ આવ્યો નહીં. તે દિવસે સાંજે જશવંત એના ઘરની નજીક રહેતો એટલે પૂછવા ગયો કે કેમ સ્કૂલે આવ્યો નહોતો? એ ખાટલામાં સૂતો હતો એટલે પૂછ્યું, 'કેમ, આજે સ્કૂલે આવ્યો નહોતો?' 'અરે, રાત્રે ઝાડા થઈ ગયા એટલે.' જોકે મરચું - મીઠું ટામેટા સાથે વધારે ખવાયું હતું એ પ્રભુને પોતાને જ ખબર હતી. એણે કોઈને, અમને કે ઘરનાને કહ્યું પણ નહીં. રાત્રે અમારી મંડળી, ગ્રીન ચોકમાં ભેગી થઈ ત્યારે જશવંતે સમાચાર આપ્યા કે પ્રભુને ઝાડા થઈ ગયા છે એટલે આવ્યો નથી અને શાળાએ એટલે જ આવ્યો નહોતો. એ વખતે મનસુખ હજી ઘરેથી આવ્યો નહોતો. તે આવ્યો એટલે અમે વાત કરી.

'હેં... પ્રભુને ઝાડા થઈ ગયા, હોય નહીં...' મનસુખે મનમાં વિચાર કર્યો. 'કદાચ સાલી નવી જાતની ટમેટીના ટમેટા તો આપણે ભૂલથી ખાધા નહીં હોય ને? સખિયા સાહેબે બાપાને કહ્યું હતું કે, માનવ વપરાશ પહેલાં મને જાણ કરજો અને હું આવું અને કહું પછી જ વાપરજો કે વેચજો.' મનસુખ થોડો ગભરાઈ ગયો. ઈશ્વરને એક બાજુ બોલાવી ખાનગીમાં કહ્યું, 'યાર, મોટી ભૂલ થઈ ગઈ. કદાચ નવી જાતની ટમેટીના ટમેટા આપણે ખાધા લાગે છે. એટલે જ કદાચ પ્રભુને ઝાડા થઈ ગયા.' (પ્રભુ સિવાય કોઈને ક્યાં ખબર હતી કે ટમેટા સાથે સ્વાદ માટે મીઠું - મરચું એનાથી વધું ખવાઈ ગયું હતું એટલે ઝાડા થઈ ગયા.) હવે...

'એલા બાબુ, તને કાંઈ પેટમાં દુઃખતું તો નથીને?' 'થોડુંક દુઃખે છે પણ પેટ ભારે ભારે લાગે છે.' 'ભાણુભા તમને?' 'મને પણ પેટ ભારે ભારે તો લાગે જ છે ને છાતીમાં બળે છે.' (પેટ પણ ભારે લાગે અને દુઃખે તે બળતરા પણ થાય જ ને કારણકે દબાવી દબાવીને અમે બંનેએ ટામેટા ખાધા હતા. વળી પ્રભુને ઝાડા થઈ ગયા એટલે અમને પણ કાંઈક થશે તો નહીંને! એવી મનોવૈજ્ઞાનિક રીતે બીક હતી.)

'હાલો, એલા બધા રાવલ ડૉક્ટર સાહેબ પાસે. કદાચ આપણે ભૂલથી નવી જાતની અખતરાવાળી ટમેટીના ટમેટા ખાઈ ગયા હોઈએ તો બધાને કાંઈ થાય તે પહેલા દવા લેવી સારી. બાબુ ડૉ. રાવલ સાહેબ તારા ખાસ ઓળખીતા છે ને! મનસુખે ગભરાઈ જઈને બધાને કહ્યું. રાત્રે ડૉ. રાવલ સાહેબ તો દવાખાનું બંધ કરીને, દવાખાનાની પાછળ જ રહેતા હતા એટલે જમવા બેઠા હતા.

'સાહેબ ગજબ થઈ ગયો!' બાબુએ સંબંધના હિસાબે અંદર જઈને કહ્યું.

'કાં... શું થયું?'

બધા ઘરની અંદર આવી ગયા હતા પણ કોઈ કાંઈ બોલી શક્યું નહીં.

'કેમ એલા મૂંગા થઈ ગયા છો. શું થયું છે?'

'સાહેબ, ટમ..ટમ... ટમેટા ખાધા...!'

'શું...ઉં...! ટમેટા ખાધા એટલે...? ચોખ્ખું બોલો, થયું છે શું?'

બધા એકબીજાના મોં સામે જોવા લાગ્યા. થોડીવાર પછી બાબુલાલને થોડી હિંમત આવી ને તેણે વાત કરી. 'અમે બધાએ આ મનસુખની વાડીએ ગઈકાલે ટામેટા ખાધા હતા. નવી જાતની ટમેટીના ટમેટા હતા. અમારા બીજા ભાઈબંધ પ્રભુને ઝાડા થઈ ગયા. કદાચ ઝેરી હશે? એટલે ઝાડા થઈ ગયા હશે? મને ને ભાણુભાને પણ પેટમાં દુઃખે છે અને છાતીમાં બળે છે.'

'ક્યારે ખાધા હતા?'

'ગઈકાલે બપોર પછી.'

'બીજા કોઈને કાંઈ થયું છે?'

'ના.'

'ચાલો હું દવાખાનું ખોલું છું. આવો બધા અંદર.'

ડૉક્ટર સાહેબે જમવાનું અધૂરું છોડી સૌને દવાખાનામાં બોલાવ્યા. મને ને બાબુલાલને તપાસ્યા.

'આજે સવારે સંડાસ ગયા'તા?'

'હા સાહેબ.'

'બરોબર પેટ સાફ આવ્યું?'

'હા સાહેબ.'

'લ્યો આ ગોળી, બંને જણ ખાઈ જાવ. કદાચ ઉલટી થાય તો ગભરાતા નહીં. બીજા કોઈને કાંઈ થાય છે? બધાને સંડાસ બરોબર થયું છે?'

'હા સાહેબ...'

અમારી શાળાના હેડમાસ્તર પાસે પણ જેટલી બીક નહોતી લાગી એટલી બીક બધાને લાગી હતી. ઘણાને સવારે પેટ સાફ નહોતું આવ્યું તોય બધા પોપટની જેમ હા... એ હા... કરતા હતા. કારણકે ઝેરી ટામેટા ખાઈ ગયાની બીક હતી. એક-બે જણ તો બીકના લીધે રીતસરના ધ્રુજતા હતા. બધાને એક એક ગોળી આપી 'ઉલટી થાય તો ગભરાવવાનું નહીં' કહીને બધાને વિદાય કર્યા.

બધા ગભરાયેલા હતા. હવે શું થશે? મનસુખ તો બિચારો જાણે હસવાનું જ ભૂલી ગયો હતો. કાયમ હસતો રહેતો એનો ચહેરો વિલાઈ ગયો હતો. ત્યાં રસ્તામાં જ, મારી અને બાબુલાલની સાથે, વધારે ટામેટા ખાનાર જશવંતને ઓ...ઓ... કરીને ઉલટી થઈ. ડૉક્ટર સાહેબે કહેલું કે ઉલટી થાય તો ગભરાતા નહીં. પણ છતાં ટામેટા ઝેરી હશે એ વિચારે, હવે નક્કી બીજાને પણ ઉલટી કે ઝાડા થશે કે શું? બધા વધું ગભરાયા. મોડું થયું એટલો સૌ ચૂપચાપ પોતાના ઘરે ગયા.

મકનકાકા અને કાકી રાત્રે ઘરે પાછા ફર્યા ત્યારે મનસુખ અમારી સાથે ડૉક્ટર સાહેબને ત્યાં હતો. મનસુખ ઘરે ગયો એટલે કાકાએ પૂછ્યું, 'કેમ અલ્યા, કેમ આટલો મોડો આવ્યો? ક્યાં ગયો હતો?' મનસુખે બીતા બીતા બધી વાત કરી.

'અલ્યા કયા પડા (ખેતર)માંથી ટામેટા ખાધા હતા?'

'ઉગમણા પડામાંથી.'

'એમાં તો અલ્યા આપણે પહેલાથી વાવીએ છીએ એ જૂની ટમેટી જ છે. નવા બિયારણવાળા તો આથમણી ટુકડી (ખેતર)માં છે.'

'હેં....? હોય નહીં...!'

'હા.'

'મૂરખા કોણે કહ્યું કે ઉગમણી બાજું નવા બિયારણવાળા ટામેટા છે.'

'મને શી ખબર, તમે ને મારી બા, ઉગમણી - આથમણી એવી કાંઈક વાત કરતા હતા ત્યારે હું ઊંઘમાં હતો. મને કાંઈ ઓસાણ રહ્યું નહીં.'

'હું હમણાં આવું છું.'

'ક્યાં જાય છે આટલી રાતે, અલ્યા?'

'બાપા, મારા બધા ભાઈબંધોને કહેવા જાઉં છું કે આપણે ખાધા એ ટમેટા નવી જાતના બિયારણના કે ઝેરી નહોતા. નહિંતર બધા આખી રાત ઉંઘશે નહીં.' કહીને મનસુખે દોટ મૂકી.

જે જે ભાઈબંધના ઘર નજીક, પહેલા આવતા હતા તે સૌને વારાફરતી ઉઠાડી, સાથે લઈને બીજાને ત્યાં, એ રીતે બધાના ઘરે ફરી વળ્યા. સૌને હાશકારો થયો.

'પણ એલા પ્રભુને કેમ ઝાડા થઈ ગયા?'

'હાલો પરભુના ઘરે.'

પરભુ તો ઝાડા મટી ગયા પછી, આગલી રાતે ઝાડાને લઈને સૂઈ શક્યો નહોતો એટલે ઘસઘસાટ ઊંઘતો હતો. બારણું ખખડાવીને મનસુખે પ્રભુના મા-બાપને જગાડ્યા.

'એલા તમે બધા આટલી રાતે...?' શું થયું?'

'કાંઈ નહીં, પરભુને કેમ છે?'

અવાજ થતાં પરભુ જાગી ગયો. આંખો ચોળતો બહાર આવ્યો.

'શું થયું આટલી રાતે તમે બધા?'

'તને ઝાડા થઈ ગયા હતા, કેમ છે હવે?'

'હવે તો સારૂં છે. એ તો ટામેટા સાથે જરા મીઠું - મરચું વધારે ખવાઈ ગયું હતું એટલે પેટમાંથી બધું નીકળી ગયું. પણ તમે બધા.... શું થયું?'

'હાશ...' મનસુખે બધી વાત કરી.

ત્યારે પહેલા તો પરભુને હસવું કે રડવું કાંઈ ખબર ન પડી. પછી એકાએક જોરથી હસી પડ્યો. બધા મિત્રો પણ હળવા થઈ હસવા લાગ્યા. પછીના દિવસોમાં જેને જેને ખબર પડી, કાનોકાન વાત ફેલાઈ, તે બધા, 'મનસુખ તેં તો બધાને ખરા ટામેટા ખવડાવ્યા હોં...'

'હહહ... અઅઅ...' ફરી પાછું મનસુખના ચહેરા પર કાયમી, મુત્સદ્દી રાજકારણી જેવું હાસ્ય ફરી વળતું.

જો કે હવે કોઈ મનસુખને ટામેટા ખવડાવવા માટે કહેતું નથી પણ જો કહે, તો મનસુખ 'હહહ...અઅઅ... જરૂર..' જરૂર કહે.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ, પ્રોફેસર્સ કોલોની સામે,*
*'ચાઇલ્ડકેર' પાછળ, વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## કચ્છના ખેતરો સુધી નર્મદા નદીના સિંચાઈના પાણી

**(અનુસંધાન : પાના નં.-૪૫ ઉપરથી ચાલુ)**

- મુખ્ય કેનાલમાંથી આયોજન મુજબ ઠેર ઠેરથી સબસીડિયરી, માઇનોર વગેરે પ્રકારની કેનાલોના કામ પૂરા કરાવવા.
- લાભકર્તા ગામડાંઓના દરેક વિભાગમાં ૫-૭ ગામની એક સંયુક્ત પાણી મંડળીની રચના કરવી.
- ખેડૂત મંડળીઓએ પાણી વહન કરવા દરેક ખેતર સુધી પાઈપ લાઈન નાંખીને એ પ્રક્રિયા પૂર્ણ કરવી.
- નર્મદા નિગમ ખેડૂત મંડળીને પાણી પહોંચાડે અને દરેક ખેડૂત મંડળી પોતાના વિભાગના ખેડૂતોને પાણી પહોંચાડે.

ત્યારે આ પ્રક્રિયા પૂર્ણ થઈ ગણાશે. અને નહીં તો મેઈન કેનાલ પર ડીઝલ પંપ મૂકીને ગેરકાયદેસર પાણી લઈ જવાની પ્રક્રિયા જે રીતે આખા ગુજરાતમાં ચાલે છે તેમ કચ્છમાં પણ ચાલશે. તેના કારણે અમુક ખેડૂતોને પાણી મળશે અને અમુક ખેડૂતોને પાણી નહીં પહોંચી શકે. ડીઝલ પંપ મૂકનાર તે પાણીની, જે તે ખેડૂતો પાસેથી ભારે કિંમત વસુલ કરશે. પોતે નર્મદા નિગમને એક પણ પૈસો ચૂકવશે નહીં પરંતુ લાગતા વળગતા ઓફિસરની તેમાંથી જરૂરી કટકી થઈ શકશે. નર્મદા નિગમ આ પાણીની કિંમત વસુલી ન શકવાથી તે પ્રક્રિયા ખોટની જ સાબિત થઈ શકશે.

આપણે ઈચ્છીએ કે નર્મદા નિગમના કચ્છના ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરીની નજરમાં ઉપરોક્ત દરેક હકીકત બરાબર અભ્યાસપૂર્ણ રીતે ગોઠવાયેલી જ હશે અને તેઓશ્રી દ્વારા આ બાબતે જરૂરી કાર્યવાહી કરવામાં આવી જ રહેલ હશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

વાર્તા

# બેટા.... તેમની પાસે જે નથી તે આપજે...

• ડૉ. આશિષ એસ. ચોક્સી •

અમારે પ્રેક્ટિસમાં ઘણીવાર પેશન્ટ અમને ઘણું શીખવીને જાય છે. ઘણીવાર તે સુંદર સામાજિક સંદેશો આપીને પણ જાય. એકવાર એક પેશન્ટ સૃષ્ટિબહેન એમના નણંદ અને તેમના સાસુ એક નવજાત બાળકને લઈને રૂમમાં પ્રવેશ્યા. સૃષ્ટિબહેન ચાર વર્ષથી તેમના બાળકને લઈને તો આવતા જ હતા. તેમના નણંદને પોલિયો છે. તે રૂમમાં બેઠા બેઠા ઘસડાઈને આગળ વધતા રૂમમાં આવ્યા. બાળકની બધી જ વસ્તુ સૃષ્ટિબહેને બતાવી. ખૂબ સરસ રીતે પાછું નવજાત શિશુને ઢાંકી દીધું. તેમના નણંદની ઉંમર વધુ છે તેમ મને જણાવ્યું. સ્તનપાન માટે પણ તેમને ઘણા પ્રશ્નો હતા. તેમના નણંદ તો કશું કરી શકે તેમ ન હતા. મારું બધું કામ પતી ગયું પછી સૃષ્ટિબહેનના સાસુએ તેમને કીધું, 'તમે ઉતરતા થાઓ. હું બે મિનિટ ડૉક્ટર સાથે વાત કરીને આવું છું.' તેઓ બહાર નીકળ્યા એટલે તરત તેમના સાસુએ મને પૂછ્યું, 'બાળકને તો બધું બરાબર છે ને? એને બધી જ રસી આપજો. તેના મમ્મીને એટલે મારી દીકરીને અમારાથી પોલિયોની રસી અપાવવાની રહી ગઈ હશે એટલે એ આખી જિંદગી હેરાન થઈ.' મેં બાળકનું તો કીધું કે તે બધી જ રીતે સારું છે પણ મને વધુ સારું સૃષ્ટિબહેને રૂમમાં જે રીતે તેમના નણંદના બાળકને સાચવ્યું હતું તે લાગ્યું હતું. એટલે મેં તેમના સાસુને કહ્યું, 'તમારી દીકરી ખૂબ નસીબદાર કે તેને સૃષ્ટિબહેન જેવા ભાભી મળ્યા છે. કેટલું સરસ સાચવે છે.' તેમના સાસુની આંખમાં પાણી આવી ગયા. તેમણે કહ્યું, 'તમારી પાસે બે મિનિટ હોય તો હું કઈ કહું?' મને પણ રસ હતો. એટલે તેમની વાત હું પણ સાંભળવા આતુર હતો. હવે તેમણે કીધેલું સાંભળવા જેવું છે. 'નસીબદાર તો અમે છીએ કે અમને સૃષ્ટિ જેવી વહુ મળી. મારી દીકરી, જેના આ બાળકને તમે જોયું તે ૩૭ વર્ષની છે. પોલિયો હોવાને કારણે અમે જ માની લીધેલું કે તેના લગ્ન નહીં થઈ શકે. અમે ઘરના સભ્યોએ જ ખાસ એ વિષય પર ઉત્સાહ નહોતો બતાવ્યો. ભલે કોઈ શારીરિક તકલીફ હોય, પણ તે વ્યક્તિમાં પણ જિંદગીના ઘણા અરમાન હોય તે અમે નહોતા સમજી શક્યા. પછી તો તેના લગ્ન ના થયા અને તેની ઉંમર પણ વધતી ગઈ. પાંચ વર્ષ પહેલાં સૃષ્ટિ અમારા ઘરે લગ્ન કરીને આવી ત્યારે મારી દીકરીની ઉંમર ૩૨ વર્ષની હતી. થોડા જ સમયમાં મારી દીકરી અને સૃષ્ટિ ખૂબ સારા ફ્રેન્ડ થઈ ગયા. દીપ્તિની (મારી દીકરીની) જે લાગણીઓને અમે ૩૨ વર્ષ સુધી નહોતા સમજી શક્યા, તે લાગણીઓને સમજતા સૃષ્ટિને છ માસ પણ ના લાગ્યા. પછી સૃષ્ટિએ દીપ્તિની લાગણીઓને વાચા આપવાનું શરૂ કર્યું. છ માસ વિત્યા હશે અને સૃષ્ટિએ ઘરમાં જાહેર કર્યું કે દીપ્તિબહેન માટે (નણંદ માટે) સારું પાત્ર શોધીએ. જે વિષય અમે ભૂલી જ ગયા હતા તે સૃષ્ટિએ કાઢ્યો. તમને દીપ્તિબહેન કહી નથી શકતા પણ તેમને પણ કોઈ આશા, અરમાન હોય. અમે તો સડક થઈ ગયા. પછી તેની દીપ્તિની શારીરિક તકલીફો સાથે સૃષ્ટિના આગ્રહને લીધે અમે તેને માટે પાત્ર શોધવાનું ચાલું તો કર્યું પણ અમને તો એમ જ કે આ ઉંમરે અને આ તકલીફ સાથે તેનો હાથ કોણ પકડે? સૃષ્ટિ જરાય હિંમત ના હારી અને થાકી નહીં. મેરેજ બ્યુરો, છાપામાં, ઈન્ટરનેટ પર જાહેરાતો જોવી, દરેક જગ્યાએ સંપર્ક કરવો તે કામને તેણે પોતાની અન્ય જવાબદારીઓમાં અગ્રતા ક્રમ આપ્યો. જ્યાંથી જવાબ આવે ત્યાં રૂબરૂ જવું. વચ્ચે તેને પણ બાળક આવી ગયું. પણ તેના આ અભિયાન માટે તે થાકી નહીં. અમારા ઘરે પણ આ માટે ઘણીવાર ઝઘડા થતા. મારા દીકરાએ (સૃષ્ટિના પતિએ) એકવાર તેને કહ્યું પણ ખરું કે તે દીપ્તિના મનમાં ખોટી આશા જગાવી છે. પણ સૃષ્ટિ બહેનના પ્રયત્નો જ એટલા ઊંચા હતા કે નસીબે પણ તેમની આગળ ઝુકવું પડ્યું. ત્રણ વર્ષની તેની શોધ અને તપશ્ચર્યાને અંતે સૃષ્ટિએ મારી દીકરીને લાયક ઘર શોધી નાખ્યું. તેના પતિને પણ થોડી તકલીફ છે પણ સાસરીવાળાઓ ઘણા સમજુ અને સારા છે. પોલિયોગ્રસ્ત મારી દીકરીના લગ્ન તો થયા, બાળક પણ આવ્યું. હવે બાળકનું બધું જ ધ્યાન સૃષ્ટિ રાખે છે. દીપ્તિ માટે તેણે બહેન, સહેલી અને માતાના રોલ નિભાવ્યા. તેણે દીપ્તિને કહી દીધું છે કે આ બાળકની બીજી માતા હું છું. આ બાળક ૨૦ વર્ષનું થાય ત્યાં સુધી તેની કોઈ પણ પ્રકારની ચિંતા ના કરતા. અમને બધાને તો આ વસ્તુ એક સ્વપ્ન સમાન લાગે છે. કેટલું સરસ કહેવાય... સૃષ્ટિ જેવા ભાભી દરેકને મળે. એકવાર સૃષ્ટિબહેન મળ્યા અને આ વાત નીકળી ત્યારે મેં તેમને પૂછ્યું, 'તમને આવું ઉમદા કામ કરવાનો વિચાર અને શક્તિ કેવી રીતે મળી? તમારો પ્રેરણાસ્રોત કોણ છે?' તેમણે મને કહ્યું, **'મારા લગ્ન વખતે મારા પિતાએ મને એક શિખામણ આપી હતી. બેટા, તું સાસરે જાય છે. ત્યાં એ લોકોને એ વસ્તુ તું આપજે, જે તેમની પાસે નથી.'** ખરેખર સાસરીમાં કંઈ મેળવવા કરતાં કંઈ આપવાનો ભાવ સ્ત્રીનું આખું જીવન બદલી નાખે છે.

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ,*
*મેમનગર, અમદાવાદ.*
*મો. ૯૮૯૮૦ ૦૧૫૬૬*

સ્વાસ્થ્ય

# તમામ થકાન દૂર કરવા – મનગમતું સંગીત સાંભળીએ!

• ડૉ. મિહિર એમ. વોરા •

મિત્રો, જો સવારના પહોરમાં કે રાતની શાંતિમાં મનગમતું સંગીત સાંભળીએ તો આપણી તમામ થકાન ઊતરી જાય છે અને માનસિક આરામ મળી જાય છે. આથી જ મ્યુઝિક થેરાપીના અનેક ફાયદાઓ છે. **જ્યારે તન કે મન ઉદાસ હોય ત્યારે હંમેશાં મનગમતું સંગીત સાંભળવું તેવું આધુનિક વિજ્ઞાન કહે છે. ઋગ્વેદ અને સામવેદમાં સંગીત ચિકિત્સા છે. જુદા જુદા રાગ દ્વારા અલગ અલગ પ્રકારની બીમારી નિયંત્રિત કરી શકાય છે. ભારત પાસે પ્રાચીનકાળથી મ્યુઝિક થેરાપી રહેલી છે.** કિંતુ આજે એ તરફ જાગૃતિનો અભાવ જોવા મળે છે. ભારત પાસે રાગ ચિકિત્સા રહેલી છે. દરેક સંસ્કૃતિમાં મ્યુઝિક થેરાપી છે. ઓમકાર હોય, એક ઓંકાર સતનામ હોય કે પછી અલ્લાહ અકબર... તેને ગાવાની જે પદ્ધતિ છે તે એક પ્રકારની સંગીત ચિકિત્સા જ છે. ભારતમાં મ્યુઝિક થેરાપીનું ચલણ વધારવા માટે એક ખાસ કોર્સ શરૂ થવો જોઈએ. **પશ્ચિમમાં અત્યારે પુરાવા સહિત સંગીત ચિકિત્સા થાય છે. એટલે કે દર્દીને મ્યુઝિક થેરાપી આપ્યા પહેલાં તેના માટે જરૂરી હોય એવા એમ.આર.આઈ., પી.ઈ.ટી., યુરિનરી, સલાઈવરી, બી.પી., હાર્ટરેટ વેરિયેબિલિટી કે બ્લડ સુગર ટેસ્ટ કરવા. ત્યારબાદ દર્દીને સંગીત ચિકિત્સા આપીને ફરીથી પરીક્ષણો કરવા અને શું તફાવત આવ્યો તેની નોંધ કરવી. આ કન્સેપ્ટ આપણા દેશમાં આવે એ ખૂબ જ આવશ્યક છે.** ડી.જે.નું મ્યુઝિક આરોગ્ય માટે સારું છે કે નહીં એ વિશે જોઈએ. અગર નાચવું હોય તો ડી.જે.નું સંગીત સારું છે પરંતુ માત્ર સાંભળવા માટે તે નથી જ. મ્યુઝિક થેરાપીના બે પ્રકાર છે. એક પ્રકાર એટલે એક્ટિવ ફોર્મ. તેમાં દર્દી પોતે જ વાદ્ય વગાડે છે અથવા ગાય છે. બીજો પ્રકાર છે પેસિવ ફોર્મ. તેમાં દર્દીએ ખાસ પ્રકારના સંગીતનું શ્રવણ કરવાનું હોય છે. મ્યુઝિક થેરાપી માટે ગાતા આવડવું જરૂરી નથી. બાથરૂમ સિંગીંગ પણ એક પ્રકારની મ્યુઝિક થેરાપી જ છે. વેલનેસ અને ફિટનેસ માટે રોજ સંગીત સાથે ધ્યાન કરવું જોઈએ. ગાડી ચલાવતી વખતે અને કામ કરતી વખતે ધીમું ધીમું સંગીત સાંભળવું જોઈએ. આવું કરવાથી યાદશક્તિ અને એકાગ્રતામાં વધારો થાય છે. **આ ઉપરાંત દરેક રાગ પણ પોતાની રીતે દરેક પ્રકારના રોગોમાં કામ આવે છે. જેમ કે બ્લડપ્રેશર ઓછું કરવા પૂર્વાધનાશ્રી, સ્ટ્રેસ ઘટાડવા ભુપાલી, અનિંદ્રા ઓછી કરવા આભોગી, માલકૌંસ, અત્યંત પીડા ઓછી કરવા રાગ ધાની, હૃદયરોગ દૂર કરવા રાગ આનંદભૈરવ નિયમિતપણે પદ્ધતિસર રીતે સાંભળવાથી રોગને નિયંત્રણમાં લાવી શકાય છે.** અત્રે એ નોંધવું ખાસ જરૂરી છે કે મ્યુઝિક થેરાપી એ એક પૂરક સારવાર છે. તે દવાની સાથોસાથ લેવાની હોય છે. તે દવાનો વિકલ્પ ન બની શકે. એક મહિલાને બ્રેસ્ટ કેન્સર થઈ ગયું હતું. કેન્સર હાડકાં સુધી પહોંચી ગયું હોવાથી અસહ્ય દુઃખાવો થતો હતો. તેમને નિયમિત સંગીત ચિકિત્સા આપવામાં આવતાં તેમની પીડા સાવ ગાયબ થઈ ગઈ હતી. સ્મૃતિભ્રંશનો ભોગ બનેલા એક વૃધ્ધની યાદશક્તિ પણ મ્યુઝિક થેરાપી દ્વારા પાછી લાવવામાં સફળતા મળી હતી.

સંગીત થેરાપી સંગીતપ્રેમી વ્યક્તિઓ, શારીરિક ભાવનાત્મક, જ્ઞાનાત્મક અને સામાજિક જરૂરિયાતો સંતોષવા એક રોગનિવારક સંબંધ તરીકે વપરાય છે. દરેક રોગીની શક્તિ અને જરૂરિયાતોની આકારણી કર્યા પછી, ગુણવત્તાવાળું સંગીત ગાવાનું અથવા સંગીત સાંભળીને સૂચવાયેલ સારવાર કરવામાં આવે છે. સંદર્ભમાં સંગીત વાદ્યોની સંડોવણી દ્વારા રોગોની ક્ષમતાઓ મજબૂત બને છે અને પોતાની જાતને વ્યક્ત કરવા માટે મદદરૂપ થઈ શકે છે કે સારવાર સાથે સંકળાયેલ રોગોને અને તેમના પરિવારો માટે ભાવનાત્મક ટેકો પૂરો પાડે છે. લાગણીઓ અભિવ્યક્તિ માટે એક તક પૂરી પાડવાની લોકોને પ્રેરણા આપે છે. ભારતીય અને અમેરિકન મ્યુઝિક થેરાપી એસોસિએશનના સંશોધન પ્રમાણે સંગીત થેરાપીની જવાબ ક્ષમતા મનુષ્યમાં એક સહજ ગુણવત્તા કે સમજણ પર આધારિત છે. આ ક્ષમતા સામાન્ય રીતે વિકલાંગતા, ઈજા કે બીમારી દ્વારા રહે પરંતુ સંગીત તાલીમ પર નહીં. સંગીત ઉપચાર, લાગણીઓ અને વિચારો વ્યક્ત કરી શકે છે. એક સંગીતમય સંબંધો વિકાસ દ્વારા થેરાપ્યુટિક હેતુઓ હાંસલ કરવા કામ કરે છે. સંગીત વ્યક્તિત્વ, સંચાર અને સામાજિક કૌશલ્ય, આત્મવિશ્વાસ, પ્રેરણા અને સ્વ અભિવ્યક્તિ અર્થમાં વિકાસ કરવા માટે સાથે સાથે છે. જરૂરિયાતો અને પડકારો એક શ્રેણી સાથે તમામ ઉંમરના લોકો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)**

# સ્વાસ્થ્ય વારંવાર / લાંબા સમયનો થતો માથાનો દુ:ખાવો : માઇગ્રેન - ૩

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

આગળના લેખમાં આપણે જાણ્યું કે શારીરિક તપાસ અને માનસિક તપાસ તથા માથાના દુખાવાની વૈજ્ઞાનિક પધ્ધતિની નોંધ પરથી યોગ્ય નિદાન કરી શકાય છે.

મનની તપાસ તથા માથાના દુખાવાની વૈજ્ઞાનિક પધ્ધતિની વ્યવસ્થિત નોંધ પરથી મનના આંતરિક પરિબળો તથા બાહ્ય પરિબળો વારંવાર થતા માથાના દુખાવામાં શું અને કેટલો ભાગ ભજવે છે એ જાણી અને સમજી શકાય છે. જે સારવારમાં તથા ખાસ કરીને કાઉન્સેલિંગમાં ખૂબ જ મદદરૂપ થાય છે તથા સારવારના અપેક્ષિત પરિણામો મળે છે.

● **લક્ષણો :**

લાંબા સમયના / વારંવાર થતા માથાના દુખાવાના બે પ્રકાર છે : (૧) સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુખાવો (Muscle Contraction Headache), (૨) આધાશીશી (Migraine.)

**(૧) સ્નાયુઓના સંકોચાવાથી થતો માથાનો દુખાવો અથવા ટેન્શન હેડેક (Muscle Contraction Headache or Tension Headache) :**

આ સર્વસામાન્ય માથાના દુખાવાની બીમારી છે. લાંબા સમયના / વારંવાર થતાં માથાના દુખાવાના ૧૦૦ દર્દીઓમાં ૬૫% (બે તૃતીયાંશ) સ્નાયુઓના સંકોચાવાથી થતા માથાના દુખાવાના દર્દીઓ હોય છે. જ્યારે બાકીના ૩૫% (એક તૃતીયાંશ) આધાશીશીના દર્દીઓ હોય છે એવું સર્વેક્ષણનો રીપોર્ટ છે.

૧. માથું ભારે ભારે લાગે છે.

૨. આખું માથું દુ:ખે છે અથવા દુ:ખાવો એક બાજુથી શરૂ થઈ બીજી બાજું જાય છે.

૩. માથું ઝીણું ઝીણું દુ:ખે છે. માથાના દુ:ખાવાની તીવ્રતા પ્રમાણમાં ઓછી હોય છે.

૪. ઉલટી કે ઉબકા આવતા નથી.

***અન્ય લક્ષણોમાં :***

૫. શારીરિક નબળાઈ લાગે છે.

૬. શરીરના અન્ય ભાગમાં / સ્નાયુઓમાં દુખાવો થતો હોય છે.

૭. ઊંઘમાં ખલેલ પડે છે. સ્ફુર્તિદાયક ઊંઘ નથી હોતી.

૮. રડવું આવી જાય છે.

૯. રૂટીન કામમાં ઉત્સાહ કે મન ઓછા હોય છે.

૧૦. નજીવી બાબતમાં ગુસ્સો આવી જાય છે.

શારીરિક તપાસ – લોહીની તપાસ, એક્સ-રે, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન, ઇ.ઇ.જી. વગેરે નોર્મલ હોય છે.

આ પ્રકારના દુખાવા માટે માનસિક ટેન્શન મુખ્ય ભાગ ભજવે છે. દર્દીનો ભાવનાત્મક લાગણીશીલ સ્વભાવ તથા ઘડાતા નકારાત્મક પ્રસંગો અને દર્દીનો નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયા મુખ્ય ભાગ ભજવે છે.

(a) નિરાશાજનક પરિસ્થિતિનો સામનો કરવાના પૂરતા મનોબળનો અભાવ.

(b) નકારાત્મક પ્રતિક્રિયા.

(c) નિરાશાજનક લાગણીઓને વ્યક્ત કરવાની અણઆવડત.

(d) અવ્યક્ત નકારાત્મક લાગણીઓને દાબી દેવાની માનસિક વૃત્તિ.

(e) વાસ્તવિક્તા કરતાં વધારે પડતી અપેક્ષાઓ.

(f) અપેક્ષિત પરિણામ ન મળવું.

(g) 'ના' પાડવા માટેના મનોબળનો અભાવ વગેરે માનસિક ટેન્શનનું કારણ બને છે. આ ટેન્શનને લીધે માથાનો દુ:ખાવો શરૂ થાય છે અને / અથવા પ્રમાણ વધી જાય છે.

**(૨) આધાશીશી / માઈગ્રેન (Migraine) :**

૧. અડધું માથું દુ:ખે છે. કોઈક વખત આખું માથું દુ:ખે છે.

૨. દુ:ખાવાની તીવ્રતા વધારે હોય છે.

૩. માથું હમણાં ફાટી જશે એવું લાગે છે.

૪. સાથે ઉબકાં આવે છે કે ઉલટી થાય છે.

૫. આંખોમાં અંધારા આવે છે કે પ્રકાશના ઝબકારા (Flashes of light) આંખોમાં થાય છે.

૬. પ્રકાશ કે અવાજ એ સમય દરમિયાન સહન થતાં નથી.

૭. ઘણી વખત બે (ડબલ) દેખાય છે.

૮. અંધારા ઓરડામાં રહેવાનું મન થાય છે.

૯. માથાનો દુ:ખાવો બે-ત્રણ દિવસમાં મટી જાય છે.

૧૦. બે દુ:ખાવાના સમયની વચ્ચે અન્ય ફરિયાદો નહિંવત્ હોય છે.

સંશોધન દ્વારા પુરવાર થયેલ છે કે આધાશીશી માટે પણ માનસિક ટેન્શન અગત્યનો ભાગ ભજવે છે. બનેલા કે ઘટિત પ્રસંગોની ઉર્મિતંત્ર (Emotions) પર નકારાત્મક અસર, પ્રસંગો પ્રત્યે નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયાને લીધે માનસિક ટેન્શનનું નિર્માણ થાય છે.

*માનસિક ટેન્શનને લીધે –*

(a) આધાશીશીના હુમલાઓ વધી જાય છે.

(b) દુ:ખાવો વધારે તીવ્ર બને છે.

(c) સારવારમાં માનસિક ટેન્શન અવરોધક બને છે.

- **સારવાર :**

સ્નાયુઓના સંકોચાવાથી થતાં માથાના દુ:ખાવામાં ચોક્કસ (Specific) પ્રકારની દવાઓ આપવામાં આવે છે. જેથી મગજના સ્નાયુઓ (frontal and forehead muscles) શિથિલ (relax) થાય. આથી દુ:ખાવામાં રાહત મળે છે.

આધાશીશીના દુ:ખાવાના હુમલા વખતે ચોક્કસ દવાઓ આપવામાં આવે છે. ઘણી વખત સાથે દર્દનાશક દવાઓ (pain killers) થોડાક સમય માટે આપવામાં આવે છે. આથી દર્દીને માથાના દુ:ખાવામાં ત્વરિત રાહત મળે છે.

- **માનસિક ટેન્શન :**

માનસિક ટેન્શન તથા એને લીધે થતાં ઉર્મિતંત્રના ફેરફારોને લીધે માથાનો દુ:ખાવો વધે છે તથા દુ:ખાવો લાંબો સમય રહે છે તથા દુ:ખાવા માટેની આપેલી દવાઓની પણ અપેક્ષિત અસરો થતી નથી.

આથી માથાના દુ:ખાવા માટે અપાતી ચોક્કસ દવાઓ સાથે માનસિક ટેન્શન દૂર કરવા માટેની સારવાર શરૂ કરાય છે જેમાં (૧) દવાઓ, (૨) માનસિક શિથિલતા તથા (૩) કાઉન્સેલિંગ મુખ્ય છે.

**(૧) દવાઓ :** માનસિક ટેન્શનને લીધે મગજમાં આવેલ મનના અવયવોમાં રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સમાં) ફેરફારો થાય છે. જેની અસર શરીર પર થતાં માથાનો દુ:ખાવો શરૂ થાય છે અને / અથવા વધે છે. ચોક્કસ (Specific) દવાઓ દ્વારા આ રાસાયણિક ફેરફારો નોર્મલ થાય છે. જેથી શરીર પર માથાના દુ:ખાવામાં રાહત મળે છે, માનસિક ટેન્શનનો સામનો કરવાની ઉર્જા વધે છે, આત્મવિશ્વાસ વધે છે અને દુ:ખાવામાં પણ રાહત મળે છે.

**(૨) માનસિક શિથિલતા** (Mental Relaxation) **:** માનસિક શિથિલતા મેળવવા માટે દર્દીએ સક્રિય પ્રયાસ કરવો જોઈએ. રોજિંદા કાર્યમાં આ માટે ચોક્કસ સમય ફાળવવો જરૂરી છે. યોગ, વિપશ્યના, મેડિટેશન, ધ્યાન, પ્રાણાયામ વગેરે માનસિક શિથિલતા મેળવવાની અલગ અલગ પદ્ધતિઓ છે. આમાંથી કોઈપણ એક અથવા વધારે પદ્ધતિઓ નિયમિત રીતે, દરરોજ એકચિત્તે ધ્યાનથી થવી જોઈએ. આથી માનસિક ટેન્શનમાં રાહત મળે છે અને માથાનો દુ:ખાવો દૂર થાય છે.

**(૩) મનોવિશ્લેષણ** (Counselling) **કાઉન્સેલિંગ :**

દર્દીના વ્યક્તિત્વ, વલણ, લાગણીશીલતા, સંવેદનશીલતા, અપેક્ષાઓ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી સહાનુભૂતિપૂર્વક (emphathetically) વર્તમાન સમયની સમસ્યાઓ પર નિખાલસપણે દર્દી તથા નજીકના કુટુંબીજનો જોડે ચર્ચા કરવામાં આવે છે. કાઉન્સેલિંગની અલગ અલગ પદ્ધતિઓ જેવી કે કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy), ઈન્ટરપર્સનલ થેરાપી (Interpersonal Therapy), એસર્ટીવ થેરાપી (Assertive Therapy) વગેરે પદ્ધતિઓ દ્વારા સારવાર કરવામાં આવે છે. આદર્શવાદી અભિગમ જતો કરી, વ્યવહારુ અભિગમ અપનાવી માનસિક સમસ્યાનો ઉકેલ લાવવા બાબત ચર્ચા કરાય છે. દર્દી જાતે નિર્ણય કરી, એ નિર્ણયનો અમલ કરે છે. મનથી યોગ્ય બાંધછોડ કરે છે જેથી સમસ્યાઓનું નિરાકરણ થાય છે. હકારાત્મક પ્રતિભાવ તથા સકારાત્મક પ્રતિક્રિયાથી માનસિક શાંતિ મળે છે તથા રોગ પર કાબૂ મેળવાય છે.

ઉપરોક્ત સારવારથી અપેક્ષિત પરિણામ મળે છે. માથાનો દુ:ખાવો નાબૂદ થાય છે તથા દર્દી ગુણવત્તાભર્યું જીવી શકે છે.

***(સંપૂર્ણ)***

## ટેક્ષ વસુલાતની રીત

આપણા શાસ્ત્રોમાં લખ્યું છે કે જે રીતે સૂર્ય દ્વારા તળાવમાંથી પાણી શોષવામાં આવે છે એ રીતે રાજાએ જનતા પાસેથી ટેક્ષ વસૂલ કરવો જોઈએ. પાણીના બાષ્પીભવનથી તળાવને પીડા થતી નથી. **એ રીતે ટેક્ષના દર એટલા ઓછા કરી દેવા જોઈએ કે જેથી ટેક્ષ ભરનારને ટેક્ષ અદા કરવાનું આરામદાયક થઈ જાય.**

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**

(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**

મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...

All things will be destroyed with time but time never just like...

शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS







Site Address : **Shashwat Green**
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

મોટા થઇને ખારા થવું એના કરતાં નાના રહીને મીઠાં રહેવાનું ગમતું હોવાથી ઝરણાને કદી દરિયો થવાની ઇચ્છા જ થતી નથી.

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

**Raju ENTERPRISE**

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING / S.S PATTA-PATTI

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭। ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭। ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬
















શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ દ્વારા આયોજીત સમૂહ લગ્નોત્સવ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો દૃષ્ટિગોચર થાય છે.



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ દ્વારા આયોજીત સમૂહ લગ્નોત્સવમાં
૧૪ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. તે શુભ અવસરની સમૂહ તસવીર.

માહિતી

# ઊંચાઈ, વજન, કેલરી તથા વિટામિન્સ

*કોઈપણ સામાન્ય વ્યક્તિએ પોતાનું સ્વાસ્થ્ય યોગ્યપણે જાળવવા વિટામિનયુક્ત પૂરતા પ્રમાણમાં જરૂરી ખોરાક લેવાની કાળજી રાખવી જોઈએ. વિટામિનની ખામીથી શારીરિક રીતે શું અસર થાય અને એ વિટામિન લેવાથી શરીરમાં કઈ રીતે ઉપયોગી બને છે, તેનું ધ્યાન રાખવું જોઈએ. કયા પ્રકારનું વિટામિન કઈ ચીજવસ્તુઓમાંથી મળે તેની વિગત અહીં જણાવેલ છે. ઉપરાંત, વ્યક્તિની ઊંચાઈ પ્રમાણે તેનું વજન કેટલું હોવું જોઈએ અને દરરોજની આવશ્યક કેલરી સંબંધિત જરૂરી માહિતી અત્રે પ્રકાશિત કરી છે.*

## વિટામિન

| વિટામિન | ઊણપની અસર | ઉપયોગ | શામાંથી મળે? |
|---|---|---|---|
| એ | રતાંધળાપણું, આંખનું તેજ ઘટે | રોગ પ્રતિકારક, ચેપી રોગ અટકાવે છે | દૂધ, માખણ, ઈંડાં, ગાજર, ભાજી, ટામેટાં |
| બી | અપચો, કબજિયાત, બેરીબેરી (લકવો) | ચામડીની તંદુરસ્તી માટે આવશ્યક | ઘઉંના છોડાં, ટમેટા, તુવેર, મગ, સોયાબીન |
| સી | રક્તપિત્ત, દાંતના રોગ | લોહી પોષક | નારંગી, લીંબું, ખાટાં ફળો |
| ડી | સુક્તાનનો રોગ થઈ શરીર નિર્બળ બને | હાડકાંની વૃદ્ધિ, દાંતની વૃદ્ધિ માટે | માખણ, સૂર્યપ્રકાશ, કોડલીવર ઓઈલ |
| ઈ | વંધ્યત્વ, કસુવાવડ | જનનેન્દ્રિયો માટે | ઈંડાં, માંસ, ફણગાવેલું અનાજ, ભાજી |
| કે | વધુ પડતો રક્તસ્રાવ | લોહીના યોગ્ય બંધારણ માટે | કોબીજ, ઈંડાં વગેરે |

## ઊંચાઈ અને વજનનો ચાર્ટ

### પુરુષ

| ઊંચાઈ (ફૂટમાં) | વજન (કિ.ગ્રા.) | ઊંચાઈ (ફૂટમાં) | વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|
| ૫.૨ | ૫૬.૨ – ૬૦.૩ | ૫.૮ | ૬૫.૭ – ૭૨.૫ |
| ૫.૩ | ૫૭.૬ – ૬૧.૬ | ૫.૯ | ૬૭.૫ – ૭૨.૫ |
| ૫.૪ | ૫૮.૯ – ૬૩.૫ | ૫.૧૦ | ૬૯.૩ – ૭૪.૩ |
| ૫.૫ | ૬૦.૭ – ૬૫.૩ | ૫.૧૧ | ૭૧.૩ – ૭૬.૨ |
| ૫.૬ | ૬૨.૧ – ૬૬.૬ | ૬.૦૦ | ૭૩.૦ – ૭૮.૪ |
| ૫.૭ | ૬૩.૯ – ૬૮.૩ | | |

### સ્ત્રી

| ઊંચાઈ (ફૂટમાં) | વજન (કિ.ગ્રા.) | ઊંચાઈ (ફૂટમાં) | વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|
| ૪.૧૧ | ૪૯.૮ – ૫૩.૫ | ૫.૫ | ૫૭.૬ – ૬૧.૨ |
| ૫.૦ | ૫૦.૮ – ૫૪.૪ | ૫.૬ | ૫૮.૯ – ૬૩.૮ |
| ૫.૧ | ૫૧.૭ – ૫૫.૩ | ૫.૭ | ૬૦.૭ – ૬૫.૮ |
| ૫.૨ | ૫૩.૦ – ૫૬.૬ | ૫.૮ | ૬૨.૧ – ૬૬.૬ |
| ૫.૩ | ૫૪.૪ – ૫૮.૫ | ૫.૯ | ૬૩.૯ – ૬૮.૪ |
| ૫.૪ | ૫૬.૨ – ૫૯.૮ | | |

*મંદિરમાં આવો ભેદભાવ કેમ?*
*પુરુષ પહેરેલી ટોપી ઉતારીને દર્શન કરે અને સ્ત્રી માથે ઓઢીને!*

# કેલેરી ચાર્ટ

## દરરોજની આવશ્યક કેલેરી : પુરુષ : ૨૪૦૦, સ્ત્રી : ૧૯૦૦

| ખાદ્ય સામગ્રી | માપ | કેલેરી |
|---|---|---|
| **દૂધની બનાવટો** | | |
| શુદ્ધ દૂધ | ૨૨૫ મિલિ | ૧૫૦ |
| પનીર (દૂધ) | ૬૦ ગ્રામ | ૧૫૦ |
| માખણ | ૧ મોટી ચમચી | ૪૫ |
| ઘી | ૧ મોટી ચમચી | ૪૫ |
| **જ્યુસ** | | |
| પપૈયા | ૧ ગ્લાસ | ૯૨ |
| નારંગી | ૧ ગ્લાસ | ૧૬૦ |
| કેરી | ૧ ગ્લાસ | ૧૮૮ |
| મોસંબી | ૧ ગ્લાસ | ૧૬૦ |
| **કોલ્ડ ડ્રિંક્સ** | | |
| કોલા, ઓરેન્જ, લેમન | ૧ બોટલ | ૧૩૧ |
| **સ્વીટ ડિશ** | | |
| ગાજર હલવા | ૪૫ ગ્રામ | ૧૬૫ |
| જલેબી | ૨૦ ગ્રામ | ૧૦૦ |
| ખીર | ૧૦૦ ગ્રામ | ૧૮૦ |
| ગુલાબજાંબુ | ૧ નંગ | ૧૦૦ |
| આઈસ્ક્રીમ | ૧ નાનો કપ | ૨૦૦ |
| **કોરો નાસ્તો** | | |
| બિસ્કીટ | ૧૫ ગ્રામ | ૭૦ |
| કેક (સાદી) | ૫૦ ગ્રામ | ૧૩૫ |
| કેક, રાઈસ, ચોકલેટ | ૫૦ ગ્રામ | ૨૨૫ |

| ખાદ્ય સામગ્રી | માપ | કેલેરી |
|---|---|---|
| **સ્ટાર્ચવાળી શાકભાજી** | | |
| બટાકા | ૧ નંગ | ૮૦ |
| દાળ | ૧ વાટકી | ૮૦ |
| મિક્સ સબ્જી | ૧૫૦ ગ્રામ | ૮૦ |
| **કોરો નાસ્તો** | | |
| ઢોંસા (સાદા) | ૧ નંગ | ૧૩૫ |
| પકોડા | ૫૦ ગ્રામ | ૧૭૫ |
| પૂરી | ૧ મોટી | ૮૫ |
| સમોસા | ૧ મોટું | ૧૪૦ |
| બટાકા પૌંઆ | નાની વાડકી | ૧૫૦ |
| **જમવાનું** | | |
| રોટલી (ઘી વગરની) | ૨ | ૧૦૨ |
| રોટલી (ઘી વાળી) | ૧ | ૧૦૨ |
| પરોઠા | ૧ | ૨૪૩ |
| ભાત | ૧ પ્લેટ | ૧૦૩ |
| પુલાવ | ૧૦૦ ગ્રામ | ૧૩૦ |
| **ફરસાણ** | | |
| ઢોકળાં | ૧ નંગ | ૫૨ |
| બટર ઈડલી | ૨ નંગ | ૧૦૦ |
| વડા સંભાર | ૨ નંગ | ૧૪૦ |

## છાશની માટલી

(અનુસંધાન : પાના નં.-૫૦ ઉપરથી ચાલુ)

છાશ લઈ આવે તે સહજ ભાવે આપે. આ ગ્રીષ્મના મધ્યાહ્ને એ છાશની શીતળતા અને મીઠાશ એમના સ્નેહની યાદ આપે છે. ભાર વગરની ભેટ છાશ જેવી મધૂર હોય છે.

એક મહારાષ્ટ્રીયન બહેન પોતાની દીકરીનાં લગ્નની કંકોતરી દેવા આવ્યા હતા. કંકોતરી આપી અને રીતસર પગે લાગ્યા. મોટી ઉંમરના બહેનની આ રીતથી કૌતુક થયું. પૂછ્યું તો કહે, 'અમે તો આ રીતે જ નિમંત્રણ દઈએ છીએ.' પોતાના પારિવારિક આનંદમાં સહભાગી કરવાનો પ્રસન્ન ભાવ અને તે માટેની વિનંતી કેવાં પરાકાષ્ટાએ હતાં. પ્રસન્નતા અને નમ્રતાનાં સખીપણાં કેવા સોહામણાં છે!

માંગલિક પ્રતીકો ભાવની અંબાડીએ ચડીને આવે છે ત્યારે આનંદની રાજસવારી શોભે છે, જે મુખર નથી તે ગમે છે. પ્રતીકો ગમે છે. જુનવાણીની ગાળ ખાઈને પણ થોડાંક પ્રતીકો, રિવાજો સાથે જીવવાનું ગમે છે.

*૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩.*

# ટમ ટમ તારલિયા

## દુનિયાના દેશોની સંખ્યા

અત્યારે યુનોના સભ્ય દેશોની સંખ્યા ૨૨૨ની છે. અંદાજિત ૧૬ દેશો (જે પ્રમાણમાં ખૂબ જ નાના છે) હજુ સુધી સભ્ય બન્યા નથી.

## ભારતની વસતિ

૧૯૪૭માં ભારતની વસતિ ૩૫ કરોડની હતી. હાલે ૧૨૦ કરોડની છે. એ સામે હાલે વિશ્વની વસતિ ૬ અબજની છે.

## ગુલામ દેશો

અગાઉ ગુલામ દેશોની સંખ્યા ૧૦૦ જેટલી હતી. બીજા વિશ્વયુદ્ધ પછી યુનોની રચના થઈ. ત્યારબાદ ૮૦ જેટલા દેશો આઝાદ થયા છે. બાકીના દેશો હજુ પણ ગુલામ છે. એ બધા દેશો ખૂબ જ નાના છે. ૨૦૦૦થી ૨ લાખની વસતિ ધરાવનારા આ દેશોમાં બ્રિટનના તાબા હેઠળ ૧૦ દેશો, અમેરિકાના તાબા હેઠળ ૩ દેશો અને ફ્રાન્સ, ન્યુઝિલેન્ડ તથા મોરોક્કોના તાબા હેઠળ એક-એક દેશ ગુલામ છે.

## તઘલખી નિર્ણય

ભારતમાં સહુ પ્રથમ ચલણ દાખલ કરનાર શહેનશાહનું નામ હતું મહમ્મદ બીન તઘલખ. ૧૪મી સદીમાં દિલ્હીમાં ગાદીએ આવેલા આ મહમ્મદ તઘલખના ઘણા નિર્ણયો તઘલખી હોવાના કારણે આજે પણ 'તઘલખી નિર્ણય' એમ રૂઢીપ્રયોગ તરીકે તે પ્રચલિત છે. ચલણની શરૂઆત મહમ્મદ બીન તઘલખે ઈ.સ. ૧૩૩૦ (આજથી ૬૮૬ વર્ષ પહેલા)માં કરી હતી. તેમણે તાંબા-પિત્તળના સિક્કા બહાર પડાવ્યા. આ સિક્કાનો આકાર ઢંગધડા વગરનો હતો. થોડા સમય પછી તો આ પ્રકારના નકલી સિક્કા બજારમાં ફરતા થઈ ગયા. નકલી સિક્કાથી રાજ્યની તિજોરી પણ ભરાઈ ગઈ. સરવાળે તઘલખે આ સિક્કાઓ પાછા ખેંચવા પડ્યા. એ જ રીતે તેમણે રાજધાની દિલ્હીથી દોલતાબાદ (મહારાષ્ટ્રના ઔરંગાબાદ પાસે) ખસેડવાનો નિર્ણય લીધો. થોડા સમય પછી એ નિર્ણય પણ ફેરવવો પડ્યો અને રાજધાની ફરી દિલ્હીમાં લાવવી પડી. ત્યારથી કહેવત પડી ગઈ છે 'દિલ્હીથી દોલતાબાદ અને દોલતાબાદથી દિલ્હી.'

## ૫૦૦ - ૧૦૦૦ની કરન્સી નોટો

ભારતની વસતિ હાલ ૧૨૫ કરોડની છે. તેમાંથી ૧૭ કરોડ લોકો એવા છે કે જેમને બેન્કમાં ખાતા જ નથી. વસતિના લગભગ ૭ ટકા લોકો આ પ્રકારમાં આવે છે. વળી કેટલાક દુર્ગમ સ્થળોમાં બેન્ક જ નથી. કચ્છના ધોળાવીરાથી નજીકની બેન્ક ૧૦૦ કિ.મી. દૂર રાપરમાં છે. અન્ય કેટલાક સ્થળોએ પણ આ પ્રકારની પરિસ્થિતિ છે. અહીંના લોકોએ કરન્સી બદલવા શું કર્યું હશે? વિચારતા જ હલબલી જવાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. શું આ લોકો પાસે ૫૦૦ - ૧૦૦૦ની નોટો નહીં હોય?

## જનધન ખાતામાં રૂા. ૨૧૦૦૦ કરોડનો વધારો

નવમી નવેમ્બર પહેલા જનધન યોજનાના ૨૫ કરોડ ખાતામાં રૂા. ૪૫,૬૩૬.૬૧ કરોડ રૂપિયા જમા હતા જે ૨૨ નવેમ્બરે એટલે કે ૧૩ દિવસમાં રૂા. ૬૬,૬૩૬ કરોડ સુધી પહોંચ્યા. એટલે કે માત્ર ૧૩ દિવસના ગાળામાં આ ખાતાઓમાં રૂા. ૨૧,૦૦૦ કરોડનો વધારો થયો. જનધન ખાતા કરન્સી નાબૂદીની યોજનાને નુકસાન પહોંચાડી રહ્યા છે. જનધન ખાતાની યોજના ૨૦૧૪માં દાખલ કરવામાં આવેલ હતી.

## જનધન ખાતામાં પ્રથમ ક્રમાંકનું રાજ્ય

જનધન યોજનામાં જે ખાતાઓમાં ૯મી નવેમ્બર પછી રૂપિયા જમા કરાવવામાં આવ્યા તેમાં પશ્ચિમ બંગાળ પ્રથમ ક્રમાંકે અને કર્ણાટક દ્વિતીય ક્રમાંકે આવે છે.

## વાતોથી આગળ શું?

એવું કહેવાય છે કે મનમોહનસિંહની સરકાર મૌન હતી તો મોદી સરકાર ૫૬ની છાતીની વાતોથી આગળ વધતી નથી.

*(કરન્સી નાબૂદી પહેલાંની વાત)*

## નાણાં મંત્રાલય ચમત્કાર કરી શકશે?

નાણાં મંત્રાલયે બહુ ટૂંકા ગાળામાં એટલે કે ૨૦૨૦ સુધીમાં ભારતની અર્થવ્યવસ્થાને સંપૂર્ણ રીતે નગદશૂન્ય બનાવવાનું લક્ષ્ય

જાહેર કરેલું છે. સ્વીડનમાં ૮૯ ટકા, ફ્રાંસમાં ૯૨ ટકા અને બેલ્જિયમમાં ૯૩ ટકા કારોબાર અને લેણદેણ ડિજિટલ પ્રણાલિકા આધારિત છે. ભારતમાં આ ટકાવારી માત્ર ૧૫ ટકા સુધી મર્યાદિત છે. આપણા દેશનો ૬૦થી ૬૫ ટકા ભાગ ગ્રામીણ છે. કરોડો ગ્રામવાસીઓ અને કિસાનો ધોરણ-૧૦ પણ પાસ કરી શક્યા નથી. તેઓ પાસે નવી ટેકનોલોજીનું જ્ઞાન નથી. આ પરિસ્થિતિમાં અર્થવ્યવસ્થાને સંપૂર્ણ રીતે ૨૦૨૦ સુધીમાં નગદશૂન્ય બનાવવી એ ચમત્કાર જ કહેવાશે.

## સર્જિકલ સ્ટ્રાઇક પછી શું?

સર્જિકલ સ્ટ્રાઈકથી ભારતની પ્રજા ખુશ છે. પ્રજા ઈચ્છે છે કે સર્જિકલ સ્ટ્રાઈકની માત્રા વધારીએ. પાકિસ્તાનમાં ડર વધારવો જોઈએ.

## શેખચલ્લીનું સ્વપ્ન

ભારતમાં દર મહિને ૧,૨૬,૦૦,૦૦૦ મોબાઈલ સેટનું વિતરણ થાય છે. તેમાં ૬૦ ટકા મોબાઈલ તો રૂા. ૮૦૦થી ૧૫૦૦ની કિંમત ધરાવતા હોય છે કે જેમાં ઈન્ટરનેટ સુવિધા હોતી નથી. નગદશૂન્ય અર્થવ્યવસ્થા માત્ર સ્માર્ટ ફોન દ્વારા જ આગળ વધી શકે. ગ્રામ જીવનમાં સંઘર્ષ કરતાં નાગરિકો ઈન્ટરનેટ ચાર્જ અને ડેટા કાર્ડનો ખર્ચ વહન કરી શકવા માટે તૈયાર નથી. ભારતના મોટાભાગના નાગરિકો પાસે હજુ પણ ક્રેડિટ - ડેબીટ કાર્ડ નથી. આ પરિસ્થિતિમાં અર્થવ્યવસ્થાને સંપૂર્ણપણે નગદશૂન્ય બનાવવાનું સ્વપ્ન માત્ર શેખચલ્લીના સ્વપ્ન સમાન સાબિત થઈને રહેશે.

## નોટ નવીનીકરણના અભિપ્રાયો

ડોનાલ્ડ ટ્રમ્પનો વિજય થયા પછી અમેરિકામાં રહેલા ભારતીયો વારંવાર કહે છે કે અમે ટ્રમ્પને મત આપ્યો હતો. પરંતુ જો હિલેરી ક્લિન્ટનનો વિજય થયો હોત તો પણ તેઓ એમ કહેતા હોત કે અમે હિલેરીને મત આપ્યો છે. નોટ નવીનીકરણ પ્રકરણનું પણ એવું જ છે. જો આ યોજના સફળ નીવડશે અને ટૂંક સમયમાં લાઈનો ટૂંકી થઈ જશે તો બધા જ કહેશે કે અમે આ યોજનાનું સ્વાગત કર્યું હતું અને અરાજકતા સર્જાશે તો બધા એમ કહેશે કે અમે શરૂઆતથી જ આ પ્રકરણનો વિરોધ કર્યો હતો.

*મર્દોની મૈયતમાં જવું, નામર્દોની જાનમાં ન જવું.*

## અમદાવાદના આંગણે પ્રારંભની પરંપરા

ઈ.સ. ૧૮૪૨માં બાબજીભાઈ અમીચંદ પટેલે પહેલું શિલાછાપનું છાપખાનું શરૂ કર્યું હતું જ્યારે ૧૮૭૦માં એલિસબ્રિજ ખુલ્લો મૂકાયો. ઈ.સ. ૧૮૯૩માં ડાહ્યાભાઈ ધોળાજીએ પહેલું થિયેટર બાંધ્યું અને ૧૮૯૭માં અમદાવાદમાં પ્રથમ ટેલિફોન સેવાનો પ્રારંભ થયો હતો.

## અમદાવાદની સ્થાપના

હેરિટેજની વાત આવે ત્યારે ગુજરાતના ધબકતા શહેરોમાં અમદાવાદનું નામ પ્રથમ ક્રમે આવે છે. ૨૬મી ફેબ્રુઆરી, ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધી અમદાવાદ વિશે વિવિધ હકીકતો અને માન્યતાઓ સમાજમાં પ્રવર્તતી રહી છે. ઈ.સ. ૧૦૩૦માં પ્રથમ વખત ‘કિતાબ-ઉલ-હિંદ’માં આશાપલ્લીનો ઉલ્લેખ થયેલો છે અને ત્યારબાદ અમદાવાદના અલગ અલગ નામો થયા અને આખરે આજનું આપણું અમદાવાદ એટલે હેરિટેજનું નગર અમદાવાદ. કર્ણદેવની કર્ણાવતી નગરી કહો કે અહમદશાહનું અમદાવાદ. આખરે તો આજનું અમદાવાદ એટલે ઈતિહાસ સાથે જોડાયેલું અને આજે પણ ઈતિહાસની ઈમારતોને સાચવતું અમદાવાદ. અમદાવાદમાં ૧૪૧૪માં મસ્જિદનું બાંધકામ પૂરું થયું હતું જ્યારે ૧૪૨૪માં જુમ્મા મસ્જિદ અને ૧૪૪૬માં સરખેજમાં શેખ અહમદ ખટ્ટુના રોજાનું બાંધકામ થયું. લગભગ ૧૪૧૧થી ૧૫૯૦ સુધી કાંકરિયા તળાવ અને અન્ય વસ્તુઓને બાદ કરતાં મોટાભાગે મસ્જિદોનું બાંધકામ થયું હતું.

## અમદાવાદનો પાયો નાંખનાર ચાર અહમદ

કર્ણદેવ સોલંકી પછી અમદાવાદ વસાવનાર અહમદશાહના પિતા તાતારખાનના રાજ સુધી આશાવલ ગુજરાતની બીજી રાજધાનીનું શહેર રહ્યું હોય તેવું જાણવા મળે છે. ઈ.સ. ૧૪૧૦માં પાટણમાં અહમદશાહનો રાજ્યાભિષેક થયા પછી ઈ.સ. ૧૪૧૧માં આશાવલના રોકાણ દરમિયાન અહીં રાજધાની સ્થાપવાનો વિચાર કર્યો. આ વિચારના અમલ માટે સરખેજના અહમદ ખટ્ટુ ગંજબક્ષની દોરવણી હેઠળ આશાવલની નજીક સાબરમતીના તીરે નગર વસાવવાનું નક્કી થયું. પવિત્ર મહાપુરૂષોની સલાહ અને શબ્દોને તો મોટા બાદશાહો પણ માન આપતા અને ભવિષ્યવાણી તરીકે ગણતા હતા. તે વખતે ભવિષ્યવાણી મુજબ ચાર અહમદ નામનાં પુરુષો ભેગા થઈ ખાત મુહૂર્તમાં ભાગ લે તો શહેર આબાદ થાય. તે મુજબ

શેખ અહમદ ખાટુ ગંજબક્ષ, બાદશાહ અહમદ, કાજી અહમદ અને મલીક અહમદ મુખ્ય હતા. તે ઉપરાંત શહેર વસાવવામાં ૧૨ બાબા પણ હતા જેમાં બાબા ખોજુ, બાબા લારુ અને બાબા કરામલ એ ત્રણની કબર ધોળકામાં છે જ્યારે બાબા અલી શેર અને બાબા મહમુદની કબર સરખેજમાં છે. બાબા અલીશેર બીજા અને બાબા તવક્કલની કબર નસીરાબાદ પરામાં છે. બાબા લુલુઈની કબર સંઝુરીપરા (હાલ સપ્તર્ષિ) આગળ એમની મસ્જિદ છે. બાબા લધાની કબર હલીમની ખડકી પાસે છે તો બાબા ઢોકલની કબર શાહપુર અને દિલ્હી દરવાજા વચ્ચે છે. બાબા અહમદ નાગોરની કબર નાળબંધની મસ્જિદ આગળ છે જ્યારે બાબા સહાયની કબર વિરમગામમાં છે.

## અમદાવાદમાં પ્રથમવાર

- અમદાવાદ મરાઠાઓના હકુમત હેઠળ આવ્યા બાદ અમદાવાદમાં વિકાસગાથા શરૂ થઈ હતી. તે સમયે ૧૭૮૧માં જેમ્સ ફાર્બસ અમદાવાદમાં આવ્યા અને તેઓએ ૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી.
- ૧૮૦૪માં સહજાનંદ સ્વામી અમદાવાદમાં આવ્યા.
- ૧૮૨૬માં શાળાઓ દ્વારા અંગ્રેજી ઢબની કેળવણીની શરૂઆત થઈ.
- ૧૮૪૨માં બાબજીભાઈ અમીચંદ પટેલે પહેલું શિલાછાપનું કારખાનું શરૂ કર્યું.
- ૧૮૪૯માં ઝવેરીવાડમાં શેઠ પ્રેમાભાઈએ મહાવીર સ્વામીનું દેરાસર બંધાવ્યું.
- ૧૮૪૯માં નેટીવ લાઈબ્રેરી સ્થપાઈ.
- ૧૮૫૦માં સ્વામિનારાયણ મંદિરની સ્થાપના થઈ.
- ૧૮૫૮માં પ્રથમ વખત મ્યુનિસિપાલિટીની સત્તાવાર સ્થાપના થઈ.
- ૧૮૫૯માં શાહપુર ખાતે રણછોડલાલ છોટાલાલે પહેલી કાપડ મિલ બાંધી હતી.
- ૧૮૬૪માં પ્રેમ દરવાજાનું બાંધકામ થયું અને મુંબઈથી અમદાવાદ સુધી રેલવે શરૂ થઈ.
- ૧૮૬૭માં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજ શરૂ થઈ.
- ૧૮૭૦માં એલિસબ્રિજ લોકો માટે ખુલ્લો મૂકાયો.
- ૧૮૭૪માં મહાલક્ષ્મી સ્ત્રી ટ્રેઈનિંગ કોલેજ સ્થપાઈ.
- ૧૮૭૯માં ગુજરાત કોલેજનો પ્રારંભ થયો હતો.
- ૧૮૮૦માં કેલિકો મિલની શરૂઆત થઈ.
- ૧૮૯૨માં મહિપતરામ રૂપરામ અનાથાશ્રમની સ્થાપના થઈ.
- ૧૮૯૩માં ડાહ્યાભાઈ ધોળાજીએ પહેલું થિયેટર બાંધ્યું.
- ૧૮૯૭માં અમદાવાદમાં પ્રથમ ટેલિફોન સેવાનો પ્રારંભ થયો.
- ૧૯૧૫માં અમદાવાદમાં પહેલવહેલા વીજળીના દીવા આવ્યા હતા.

## અમદાવાદના ટાઉન હોલનો ઇતિહાસ

અમદાવાદમાં અત્યારે જે હોલમાં નાટકો અને પ્રોગ્રામો થાય છે તે ટાઉન હોલનું બાંધકામ ઈ.સ. ૧૮૩૧માં શરૂ થયું હતું અને ૧૮૪૨માં પૂર્ણ થયું હતું. તે સમયે જ્યારે ટાઉન હોલ બંધાયો ત્યારે અમદાવાદમાં વસતિ ગીચતા ઓછી હોવાથી ખેતર વચ્ચે ખુલ્લામાં રાજમહેલ બાંધ્યો હોય તેવો હોલનો નજારો દેખાતો હતો.

## અમદાવાદમાં હઠીસિંગના મંદિરનો ઇતિહાસ

આજના આધુનિક અમદાવાદમાં આજે પણ પ્રવાસીઓનું ધ્યાન આકર્ષિત થાય તેવા હઠીસિંગના મંદિરોનું બાંધકામ ૧૮૪૭માં શરૂ થયું હતું. તે સમયે હઠીસિંહનું અવસાન થતાં કામ અટકી ગયું અને આખરે ૧૮૪૯માં હરકુંવર શેઠાણીએ આ મંદિરને પૂર્ણ કરાવ્યું હતું. ૧૮૪૯માં જ્યારે બાંધકામ પૂર્ણ થયું ત્યારે પ્રજાને મંદિર નિહાળવા આમંત્રણ અપાયું હતું. તે સમયે દિલ્હી ચકલાથી શાહીબાગ સુધી લગભગ એક લાખ જેટલી પ્રજાએ આવી આ મંદિરને નિહાળ્યું હતું. આટલી પ્રજા તે સમયે આવવા છતાં તે સમયનું કુશળ મેનેજમેન્ટ સંશોધનનો એક નવો વિષય માંગી લે તેમ છે. આ મંદિર વિશે વાત કરીએ તો મંદિરની ફરેત બાવન જિનાલયો આવેલા છે જેમાં ૩ ગર્ભગૃહ છે. આ ગર્ભગૃહમાં વચ્ચેનું ગર્ભગૃહ જૈન ધર્મના મુખ્ય દેવ 'ધર્મનાથ' ૧૫મા તીર્થંકરનું છે.

## ગરબાની રચનાની તથા સિંહાસન બત્રીસીની વાર્તાની વિગત

૧૭૨૭માં વલ્લભ ભટ્ટે શક્તિ માતાને લગતા ગરબાની રચના કરી હતી. તો ૧૭૨૯માં શામળભટ્ટે સિંહાસન બત્રીસીની ૧૫ વાર્તાઓ લખી હતી જે આજે પણ પ્રચલિત છે. ■

*ચાણક્યના અર્થશાસ્ત્રમાં એ કહેવાયું જ છે કે સંસારની કોઈ પણ ભાગીદારીનો એક દિવસ અંત આવે છે.*

# વર્તમાનપત્રના આધારે

## અમદાવાદ ખાતે ચારણ ગાથામાં કચ્છ ચમક્યું

ગઢવી ચારણ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા ચારણ સમાજના સંગીતવિદોની પ્રતિભાઓને ખીલવવા માટે 'ચારણ ગાથા' સંગીત સ્પર્ધાનું રાજ્યકક્ષાનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાતના ૮ જિલ્લાઓમાં ઑડિશન કરી કલાકારોનું ચયન કરાયું હતું.

ગાંધીનગર ખાતે આયોજિત સેમિફાઈનલમાં ૧૨ સ્પર્ધકોમાંથી ૬ સ્પર્ધકોએ વિવિધ વિભાગો માટે અમદાવાદ-બાવળા ખાતે ફાઈનલ રાઉન્ડમાં પરફોર્મન્સ કર્યું હતું. જેમાં પસંદગી પામ્યા બાદ રાયણની કુ. દેવલ વાલજી ગઢવી (મૂળ પાંચોટિયા) એ ૮ વર્ષથી ૧૫ વર્ષના વયજૂથમાં રાજ્યમાં પ્રથમ નંબરે વિજેતા બની માંડવી તેમજ કચ્છનું ગૌરવ વધાર્યું હતું.

સમાજના પ્રમુખ વિજયભાઈ ગઢવી, દેવરાજ ગઢવી (રાયણ) સહિત આગેવાનોએ ૧૧ વર્ષની તેજસ્વી બાલિકાની સિદ્ધિને બિરદાવી હતી. કુ. દેવલે ગત વર્ષે યોજાયેલા કચ્છ લોકગાયક ચારણ સ્પર્ધામાં પણ પ્રથમ નંબર મેળવી કલાકારીનો પરચો બતાવ્યો હતો. ગુજરાતભરમાંથી ઊમટેલા કલાકારો વચ્ચે કુ. દેવલે 'ભજો મન રાધે', 'આવો નવ લાખ નેજાળી' ની સુંદર પ્રસ્તુતિ દ્વારા દાદ મેળવી હતી. લોકસાહિત્ય વિભાગમાં રાજ્યમાં દ્વિતીય સ્થાને ભદ્રાયુ કરણીદાન ગઢવી (ભુજ) ૧૫ થી ૩૨ વર્ષના વય વિભાગમાં રહ્યા હતા.

*કચ્છમિત્ર, તા. ૭-૧૧-૨૦૧૬*

## વાગડ નાત બહાર પ્રકરણે તપાસનો આદેશ

દેશ આઝાદ થયાને સાત દાયકા થઈ ગયા. આજે ૨૧મી આધુનિક સદી ચાલી રહી છે. છતાંય ક્યાંક એવી ઘણી જ્ઞાતિઓ ૧૬મી સદીના રિવાજો પ્રમાણે જીવી રહી છે. આધુનિક મોબાઈલ યુગ અને યુવાપેઢી માટે મનગમતું પાત્ર ન મળે તો લગ્ન ફોક પણ થતા હોય છે. વર્ષોથી ઘોડિયા સગપણ અગાઉ વડીલોની સંમતિ પ્રમાણે ચાલતા હતા. ત્યારે આજે યુવક-યુવતીઓમાં સમયને અનુરૂપ બદલાવ આવ્યો છે ત્યાં નાત બહાર કરવાની ગંભીર ઘટના વાગડમાં બહાર આવી છે.

સમાજમાં જૂની વિચારધારા ક્યાંક ચાલી રહી છે. રાપર તાલુકામાં દૂધઈથી પીપરાળા સુધી ચાર ચોવીસી ધરાવતા લેવા પાટીદાર સમાજમાં હજુ પણ સાટા પદ્ધતિનો રિવાજ ચાલી રહ્યો છે. જેમાં સમાજના ઠેકેદાર બની અનેક પરિવારોને લાખો રૂપિયાનો દંડ છેલ્લા ચાર દાયકાથી ચાલી રહ્યો છે. વર્ષો અગાઉ રૂા. ૫૦૦ દંડ તથા બે ગૂણી પંખીને ચણનો દંડ થતો હતો ત્યારે સમય રૂપ દંડની રકમ વધતી ગઈ અને આજે ગયા મહિને એક જ પરિવારને ૩૩ લાખનો દંડ કર્યો અને નાત બહાર કરી દેવા અને જો દંડ ના ભરે તો અન્ય ચાર પરિવારોને અનુક્રમે ૧૧ લાખ, આઠ લાખ, ૧૬ લાખ અને ૨૨ લાખનો દંડ કર્યો છે. મળેલી સત્તાવાર માહિતી પ્રમાણે દેવજી ગોવિંદ વાવિયા, શિવજી અણદા સાંઢા અને પાંચા ધરમશી ગોઠીએ સમાજના પ્રમુખ અને મહામંત્રીને દંડની રકમની પહોંચ આપવા જણાવ્યું હતું. આ બાબતે નનૈયો ભરાયો હતો. દીકરા-દીકરીના સગપણ ફોક થયા હોય તે જોડવાના બદલે સમાજના આગેવાનો ૩૩ સદસ્યો અને ગામેગામથી ૪૦૦ લોકો હાજર રહે છે. જમવાનો ખર્ચ ૩ લાખ અને દંડની જે રકમ નક્કી થાય તે મુજબની કાર્યવાહી કરાય છે. હરિયાણાની ખાપ પંચાયત દ્વારા ગામની બહાર કે કોઈ જાતનો વહીવટ ના કરવાનો ફતવો હોય છે. આ વિસ્તારમાં તો ખાપ પંચાયતને પણ સારી કહેવાય તે રીતે આકરો દંડ કરાય છે.

જે ભોગ બનેલા છે તેમાં દેવજી ગોંવિદ વાવિયા રહે. રાપર હાલે મુંબઈ, શિવજી આણંદા સાંઢા રહે રાપર, રૂપા બાઉ હાથીયાણી રહે. બાદરગઢ, મલા પાંચા ગોઠી રહે. રાપર તથા પૂંજા અવચર પટેલ રહે. સઈ વાડી વિસ્તારનો સમાવેશ થાય છે. આ તમામ સામે દંડ અને નાત બહાર કરવાનો આદેશ કરાયો છે. જેમાં લગ્ન-સગપણનો મામલો હોવાનું બહાર આવ્યું છે.

ભોગ બનેલાઓએ ભારતીય કાયદાની ઉપરવટ જઈ નાત સમાજના આગેવાનો દંડ અને નાત બહાર કરી રહ્યા છે તે બાબતની રાપર કોર્ટમાં ફરિયાદ દાખલ કરતાં રાપર કોર્ટ દ્વારા રાપર પોલીસને તપાસનો આદેશ કરતો હુકમ કર્યો છે.

જે અંગે રાપર પી.એસ.આઈ. એસ.જી. ખાંભલાએ જણાવ્યું હતું કે જો લેવા પાટીદાર સમાજના આગેવાનો દ્વારા અગાઉ અપાયેલા નિવેદનો મુજબનું વર્તન નથી કરતા અને

ભારતમાં રહી ભારતીય કાનૂની મર્યાદામાં નહીં રહે તો તેમની સામે તપાસ કરી જે કસૂરવાર હશે તેની વિરુદ્ધ ફોજદારી થશે અને ન્યાય અપાવવા કોર્ટને તપાસ અહેવાલ આપવામાં આવશે.

રાપર લેવા પાટીદાર સમાજના નાત બહાર અને દંડના ફતવા અંગે રાપર કોર્ટમાં ફરિયાદ દાખલ થતાં આ અંગે કોર્ટ તપાસનો પોલીસને આદેશ કરતાં સમાજના આગેવાનો નો દો ગ્યારહ થઈ ગયા હતા અને પાટીદાર સમાજમાં, સમગ્ર વાગડમાં જડ નિયમો અને દંડ નાત બહાર કરવા અંગે ફીટકાર વરસી રહ્યો છે.

*કચ્છમિત્ર, તા. ૮-૧૧-૨૦૧૬*

## એનડીટીવી વિવાદમાં શા માટે?

૯મી નવેમ્બરે મેઈન સ્ટ્રીમની ન્યુઝ ચેનલ એનડીટીવી ઈન્ડિયાને ૨૪ કલાક માટે પ્રતિબંધિત કરી દેતાં મીડિયા જગતમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. મોદી સરકારના આવા આકરા પગલાંને વિપક્ષો સહિત એડિટર્સ ગિલ્ડે પણ કટોકટી જેવા સંજોગો સાથે સરખાવ્યું છે. તો કેટલાક લોકોને તેમાં સરમુખત્યારશાહી દેખાય છે.

આ પ્રતિબંધ પાછળનું કારણ પઠાણકોટ હુમલા વખતે લાઈવ કવરેજ એનડીટીવી દ્વારા આતંકવાદીઓને મદદ મળે એવું હોવાનું બહાર આવ્યું હતું.

આ વિવાદાસ્પદ પ્રસારણમાં એનડીટીવીના રિપોર્ટર સ્ટુડિયોને માહિતી આપતા દેખાય છે કે, આતંકી શસ્ત્ર ભંડારથી માત્ર ૧૦૦ મીટર દૂર છે અને ત્યાંથી દક્ષિણમાં મિસાઈલ્સ અને રોકેટ રખાયેલાં છે. તે પછી એવુંય કહે છે કે, વાયુસેનાનું વિમાન ઊડી ચૂક્યું છે અને કોઈપણ સમયે આતંકીઓના છૂપાયેલા સ્થાન પર ગોળી વરસાવી શકે છે. ત્યારબાદ એમ કહેવાયું કે, ત્રણે બાજુથી એનએસજી કમાન્ડોએ આતંકીઓને ઘેરી લીધા છે પણ દક્ષિણ તરફ જંગલનો વિસ્તાર હોવાથી ત્યાં કોઈ ઘેરાબંધી કરાઈ નથી. આ માહિતી હવે તો સમજમાં આવી ગઈ હશે કે આતંકીઓને કેટલી બધી મદદ કરતી હતી? મિસાઈલ અને રોકેટ જ્યાં રખાયાં છે અને શસ્ત્ર ભંડારની તમે સાવ નજીક જ છો એવી માહિતી આપવામાં આવી તો વાયુસેનાનું હેલિકોપ્ટર ગમે ત્યારે જ્યાં છુપાયા છો ત્યાં ગોળી વરસાવશે એવું પણ કહી દેવાયું તો ભાગવા માટે જંગલના વિસ્તારમાં ઘેરાબંધી નથી, એવી જાણકારી આપી દેવાઈ. એટલું જ નહીં એરબેઝમાં ક્યાં સૈનિકોના પરિવાર રહે છે, ગામની વસતી કેટલી નજીક છે તે પણ દર્શાવ્યું હતું. ઉપરાંત ગૂગલ મેપથી સ્પષ્ટ તસવીરો આપી એરબેઝની તમામ જાણકારી પણ દેખાડી દેવાઈ. આ પ્રસારણ સામે જાગૃત નાગરિકો અને લશ્કરના સખત વિરોધ પછી કેન્દ્ર સરકારે એક સમિતિ નીમી હતી અને તેમાં આ માહિતી આતંકવાદીઓને મદદકર્તા હોવાનું સાબિત થયું હતું. કેબલ નેટવર્ક અને રેગ્યુલેશન એક્ટની કલમ ૬(૧)(પી) ની જોગવાઈનો ભંગ થવાના કારણે એનડીટીવી પર એક દિવસનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઈન્ટર મિનિસ્ટ્રીયલ કમિટી જેમાં ગૃહ, સંરક્ષણ, માહિતી પ્રસારણ, સ્વાસ્થ્ય, કુટુંબ કલ્યાણ, ગ્રાહકોની બાબતો, કાયદો અને ન્યાય, વિદેશ, બાળ અને કલ્યાણના સચિવો અને એડવર્ટાઈઝિંગ કાઉન્સિલના સભ્યોની એક બેઠકમાં એનડીટીવીનું આ પ્રસારણ એરબેઝનું રક્ષણ કરતા જવાનોની સલામતી અને કામગીરી માટે જોખમી હોવાનું જણાવ્યું હતું. એ સાથે ત્યાં વસતા નાગરિકો અને સલામતી દળો માટે નુકસાનકારક લાગતાં એક દિવસના પ્રતિબંધનો આદેશ અપાયો છે. એટલે આઠમી નવેમ્બરથી રાતના ૧૨ વાગીને એક મિનિટથી ૨૪ કલાક માટે એનડીટીવી પર માત્ર પડદો જ જોવા મળવાનો હતો પણ હવે માહિતી-પ્રસારણ મંત્રાલયે તે આદેશ સ્થગિત રાખ્યો છે.

*કચ્છમિત્ર, તા. ૮-૧૧-૨૦૧૬*

## મોટી ચલણી નોટો રદ કરનારા મોદી બીજા ગુજરાતી વડાપ્રધાન

કાળાં નાણાંની રેલમછેલ સામે આકરા પાણીએ આવીને ૫૦૦ અને ૧,૦૦૦ની નોટ તાત્કાલિક અસરથી રદ કરનારા નરેન્દ્ર મોદી બીજા ગુજરાતી વડાપ્રધાન બની ગયા છે. અગાઉ ૧૯૭૮ માં જનતા સરકારના વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ આવું જ આકરું પગલું ભરી ૧૦૦૦, ૫૦૦૦, દસ હજારની ચલણી નોટો તત્કાળ રદ કરી હતી.

યોગાનુયોગ ૧૯૭૮ માં દેસાઈ સરકારે આવું પગલું ભર્યું ત્યારે પણ મંગળવાર જ હતો પણ તારીખ ૧૬ જાન્યુઆરી હતી. એ સમયે નાણામંત્રી તરીકે પણ ગુજરાતી એચ.એમ. પટેલ હતા. દેશના ઈતિહાસમાં પહેલીવાર પુરાંતવાળું બજેટ રજૂ કરનારા તેઓ એકમાત્ર નાણામંત્રી હતા.

તા. ૧૬મી જાન્યુઆરીના પ્રધાનમંડળની તાકીદની બેઠક પછી ઊંચી ચલણી નોટો તત્કાળ રદ કરવાનો રાત્રે રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીએ વટહુકમ બહાર પાડ્યો હતો. આ વટહુકમ બહાર પડાયાના બીજા દિવસે બધી બેન્કો અને સરકારી તિજોરીમાં આજની જેમ જ રજા રાખવામાં આવી હતી. એ સમયે તા. ૧૮ અને ૧૯ એમ માત્ર બે દિવસમાં જ આવી

ચલણી નોટો રાષ્ટ્રીયકૃત બેન્કોમાં વટાવી લેવાની સૂચના અપાઈ હતી. એ ઉપરાંત એ નોટ વટાવતી વખતે તે ક્યાંથી આવી, ક્યારે આવી અને કેવી રીતે આવી તેની જાહેરાત પણ લોકોએ કરવાની હતી.

એ સમયે પણ સરકારે દેશની આર્થિક સ્થિરતા અને કાળાં નાણાંની હેરફેર દ્વારા રાષ્ટ્રીય હિતને નુકસાન થતું હોવાની વાત કરી હતી.

આમ કાળાનાણાં સામે આકરો જંગ છેડનારા મોરારજીભાઈ પછી નરેન્દ્ર મોદી બીજા વડાપ્રધાન બન્યા છે.

*કચ્છમિત્ર, તા. ૯-૧૧-૨૦૧૬*

## ત્રણ ભારતીય અમેરિકને રચ્યો ઇતિહાસ

અમેરિકાની સામાન્ય ચૂંટણીમાં અભૂતપૂર્વ 'દેશી' લહેર ચાલી હોઈ, યુએસ કોંગ્રેસમાં વિક્રમજનક ચાર ભારતીય અમેરિકનો ચૂંટાઈ આવ્યા હતા, જ્યારે પાંચમા ઉમેદવાર અમી બેરાનાં પરિણામોને ફેરગણતરી માટે મોકલાયાં હતાં.

કેલિફોર્નિયાની બે ટર્મની એટર્ની જનરલ કમલા હેરિસ (૫૧) એ રાજ્યની યુએસ સેનેટ બેઠક જીતી ઈતિહાસ સર્જ્યો હતો, જ્યારે પ્રેમિલા જયપાલ (૫૧) સિએટલની બેઠક જીતી હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવમાં પ્રવેશનારાં સર્વપ્રથમ ભારતીય-અમેરિકન મહિલા બન્યાં હતાં.

રાજા કૃષ્ણમૂર્તિ હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવમાં જયપાલ સાથે જોડાશે, જેમણે બીજા પ્રયાસમાં સેનેટની બેઠક જીતી હતી.

જ્યારે કેલિફોર્નિયાના ૧૭મા જિલ્લાના ડેમોક્રેટિક ઉમેદવાર રો ખન્નાએ તેમના જ પક્ષના માઈક હોન્ડાને ૧૯ ટકા પોઈન્ટથી પરાજય આપ્યો હતો.

દરમિયાન, ડેમોક્રેટિક અમી બેરાનાં ચૂંટણી પરિણામોને ફેરગણતરી માટે મોકલવામાં આવ્યાં છે. બેરાએ રિપબ્લિકન સ્કોટ જોન્સ સામે ચૂંટણી લડી હતી.

બેરાએ જણાવ્યું હતું કે, 'મને સંપૂર્ણ વિશ્વાસ છે કે સેક્રેમેન્ટો કાઉન્ટી રજિસ્ટ્રારમાં કાર્યરત અધિકારીઓ દરેકે-દરેક મતની ગણતરી સુનિશ્ચિત કરશે અને અત્યારે આપણે તેઓને તેમનું કામ કરવા દેવું જોઈએ.'

*કચ્છમિત્ર, તા. ૧૦-૧૧-૨૦૧૬*

*આમ જુઓ તો વિશ્વના તમામ ધર્મો પહેલી વાત માનવ ધર્મની કરે છે. પડોશી ભૂખ્યો હોય તો ઘરમાં રહેલા ભગવાનની મૂર્તિને ભોગ ધરાવવાને બદલે પડોશીને ભોજન પહોંચાડવું એ મોટો ધર્મ છે અને આ વાત લગભગ તમામ ધર્મો એક અવાજે કહે છે.*

## બીમાર પિતાની પુત્રીનું મહાજનની હાજરીમાં ભુજમાં અપાયું કન્યાદાન

કુર્યાત સદા મંગલમ... આવા મંત્રોચ્ચાર સાથે આજે ભુજના કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજનના સંકુલમાં કડવા પાટીદારમાંથી આવતા શ્રમજીવી પરિવારની કન્યાના લગનિયા લેવાયા હતા અને સાચા અર્થમાં મહાજનના સૌ આગેવાનોની હાજરીમાં વિથોણની કન્યા દિવ્યાને કન્યાદાન આપી નવા વર્ષના પ્રારંભે ૧૮૦મા લગ્ન કરાવવાનું સૌભાગ્ય મહાજનને 'મહાજનના મામેરા' યોજના અંતર્ગત મળ્યું હતું.

વિથોણ ગામના એક શ્રમજીવી પરિવારના ગોવિંદભાઈ ધોળુની બે પુત્રી અને એક પુત્ર છે. ભૂતકાળમાં નાનું-મોટું કામ કરીને પેટિયું રળતા આ પિતાના હૃદયમાં વાલ્વની તકલીફ થતાં તેમને કચ્છી વીસા ઓસવાળ સમાજના મોવડી અને ધારાસભ્ય તારાચંદભાઈ છેડા સમક્ષ વાત કરતાં તેમના વાલ્વનું ઓપરેશન તો થઈ ગયું અને હવે તેઓ એક કુલ્ફીના કારખાનામાં કામ કરે છે.

દીકરી મોટી થતાં તેમણે ફરી ભુજ આવીને તારાચંદભાઈ પાસે વાત કરી તો તુરંત જ તેમણે મહાજનનું મામેરું યોજના અંતર્ગત આજે બસ્સો જણની હાજરીમાં સંપૂર્ણ વિધિ સાથે કન્યાદાન પણ કરવામાં આવ્યું હતું. દિવ્યાના લગ્ન કોટડા ચકારના દિનેશભાઈ ધોળુના પુત્ર જિગર સાથે કરાવવામાં આવ્યા હતા.

કન્યાદાન કરાવતા સંસ્થાના અધ્યક્ષ તારાચંદભાઈએ કહ્યું કે, યોજના શરૂ કરી છે ત્યારથી અત્યારે આ ૧૮૦મા લગ્ન છે અને નવા વર્ષના પ્રથમ લગ્ન લેવાય છે. તેમણે કન્યાને રૂા. ૧૧ હજારના બોન્ડ પણ અર્પણ કર્યા હતા. ઉપસ્થિત કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ કહ્યું કે, કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજે સાચા અર્થમાં સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે. મહાજન પરંપરા કોને કહેવાય એ પણ પ્રસ્થાપિત કરી બતાવ્યું છે.

*કચ્છમિત્ર, તા. ૧૩-૧૧-૨૦૧૬*

## કચ્છી યુવાનની કામગીરીની ઈઝરાયેલ સરકારે કદર કરી

ઈઝરાયેલ સરકાર દ્વારા કચ્છી યુવાનને રાષ્ટ્રીય સન્માન મળતાં ખુશીની લહેર ફેલાઈ છે. મૂળ મિરજાપરના વતની છેલ્લા ૧૫ વર્ષથી અન્ડર ગર્વનમેન્ટ ઓફ ઇઝરાયલ કારગીવર સેક્શનમાં ઓફિસર તરીકે ફરજ બજાવતા કચ્છી યુવાન ધર્મેન્દ્ર

મોહનલાલ પરમારની કામગીરીને લક્ષ્યમાં રાખીને ઈઝરાયલ સરકારે રાષ્ટ્રીય સન્માન પ્રસંશનીય પારિતોષિકથી નવાજેલ છે. આ પારિતોષિક જાહેર થતાં પારિતોષિક જેરુસલામ શહેરના પોલીસ કમિશનર સમોઈલ કોદેવ દ્વારા રાષ્ટ્રપતિ ભવન તરફથી સ્વીકાર્યું હતું. માદરે વતનમાંથી શ્રી પરમાર ઈઝરાયેલ પહોંચતાં આ રાષ્ટ્રીય પારિતોષિક સન્માન પોલીસ કમિશનર શ્રી કોદેવ તથા તેમની પત્ની બતસિયોનના હસ્તે એનાયત કરાયું હતું. આ રીતનું ઈઝરાયેલ રાષ્ટ્રીય સન્માન મેળવનાર શ્રી પરમાર પ્રથમ ભારતીય નાગરિક છે.

અગાઉ ધર્મેન્દ્રભાઈને ૧૯૯૫માં ઓમાન સરકારના ફોરેન મિનિસ્ટર તારીક બિન તેમુર દ્વારા ક્રિકેટ ચેમ્પિયન ટ્રોફી પણ એનાયત કરાઈ હતી.

*કચ્છમિત્ર, તા. ૧૦-૧૧-૨૦૧૬*

## બિદડા ટ્રસ્ટની સુવાસ દેશ-વિદેશમાં પ્રસરી છે

બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રિહેબિલિટેશન ઈન્સ્ટિટ્યૂટ અને રિસર્ચ સેન્ટર ખાતે પેરાલિસીસ તેમજ મગજના અન્ય રોગો કે બીમારીનાં કારણે શારીરિક અસક્ષમ લોકોના પુનર્વસન અંગે માર્ગદર્શન કાર્યશાળા શરૂ થઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત કચ્છી અગ્રણી દાનવીર દામજીભાઈએ બિદડા ટ્રસ્ટની સેવા બિરદાવી હતી.

જાણીતા કચ્છી દાતા દામજીભાઈ એન્કરવાલાના પ્રમુખસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં અમેરિકાથી આવેલા ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. નિકોલ વરગોશ અને સ્પીચ થેરાપિસ્ટ ડૉ. મેરીગીફીન, જયા રિહેબના ડાયરેક્ટર મુકેશ દોશી, ઓક્યુપેશનલ થેરાપિસ્ટ ડૉ. લોગનાથન દ્વારા નેપાળ. બેંગ્લોર, મુંબઈ, રાજકોટ, મોરબી તથા અમદાવાદથી આવેલા ૪૦ થી વધુ ફિઝિયોથેરાપિસ્ટ, સ્પીચ થેરાપિસ્ટ અને ઓર્થોટિસ્ટને પક્ષઘાતની સંપૂર્ણ સારવાર વિશેનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યશાળા ત્રણ દિવસ કાર્યરત રહેલી જેમાં ૧૦થી વધુ દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે દામજીભાઈએ કહ્યું હતું કે બિદડા સર્વોદય ટ્રસ્ટનું એ સદ્‌ભાગ્ય છે કે વિદેશના તબીબો કચ્છના નાના ગામમાં આવીને દર્દીઓને આધુનિક ઢબની સારવાર પૂરી પાડે છે. એટલું જ નહીં પરંતુ દર વર્ષે જાન્યુઆરી માસમાં યોજાતા મેગા મેડિકલ કેમ્પમાં ૧૦૦થી વધુ તબીબો અમેરિકાથી આવીને કચ્છના દર્દીઓની સારવાર કરે છે. ટ્રસ્ટની સુવાસ દેશ-વિદેશમાં પ્રસરી છે.

બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાએ જણાવ્યું હતું કે, જયા રિહેબ સેન્ટરને ૨૦૧૨માં વિકલાંગોને ઉત્તમ સારવાર બદલ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયો છે અને દર વર્ષે વિવિધ કેમ્પોનું ટ્રસ્ટ દ્વારા આયોજન થાય છે. જેમાં માત્ર કચ્છ જ નહીં બૃહદ કચ્છના દર્દીઓ આ કેમ્પનો લાભ લે છે.

જયા રિહેબના ડાયરેક્ટર મુકેશ દોશીએ જણાવ્યું હતું કે ભારતમાં ૧૧ જેટલા રિહેબ સેન્ટર છે તેમાં બિદડાના જયા રિહેબ સેન્ટર અવ્વલ નંબર તરીકે ખ્યાતિ પામ્યું છે. ડૉ. નિકોલે અને ડૉ. મેરીનું દામજીભાઈના હસ્તે સન્માનપત્ર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૧૩-૧૧-૨૦૧૬*

## દાઉદ ૧૦૦ની નકલી નોટો છાપશે?

મોટી નોટો રદ કરવાના મોદી સરકારના નિર્ણયથી દુનિયાભરમાં કાળો કારોબાર કરનારા અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમને ઝટકો લાગ્યો છે. આ પગલાંથી 'ડી' કંપની કંગાળ બની ગઈ છે. દાઉદનો પાકિસ્તાનના પેશાવર અને કરાંચીમાં નકલી નોટોનો ધંધો જોરશોરથી ચાલી રહ્યો છે, પરંતુ ગુપ્તચર એજન્સીઓને માહિતી મળી છે કે 'ડી' કંપની નોટો રદ થવા પર કોઈ 'જડીબુટ્ટી' શોધી રહી છે. હવે તે ૧૦૦ રૂપિયાની નકલી નોટો છાપવાનો પ્લાન બનાવી રહી છે. દાઉદનો નીકટનો ઈકબાલ કાના અને આફતાબ બટકી ફેક ઈન્ડિયન કરન્સી નોટ્સનો (એફઆઈસીએન) બધો ધંધો સંભાળી રહ્યા છે. કહેવાય છે આઈએસઆઈની મદદથી તેઓ હવે ૧૦૦ રૂપિયાની નકલી નોટો છાપવા આગળ વધવાના છે. કારણ કે મોદી સરકારે બહાર પાડેલી ૫૦૦ અને ૨૦૦૦ ની નોટોની નકલી નોટો છાપવાનું કોઈને માટે અને ખાસ કરીને દાઉદ માટે સરળ નહીં હોય.

*કચ્છમિત્ર, તા. ૧૪-૧૧-૨૦૧૬*

## ત્રિવાર તલાક

ધણીએ ત્રણ વાર તલાક બોલીને આપેલા છૂટાછેડાથી ત્રાસેલી ઉત્તરાખંડની રહેવાસી શાયરા બાનુએ કરેલી અરજી પરથી મુસ્લિમ સમાજમાં ચાલતા ત્રિવાર તલાક અંગે સર્વોચ્ચ અદાલત સુનાવણી કરવાની છે. સુનાવણી કરવાના સર્વોચ્ચ અદાલતના નિર્ણય સામે મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડે વંટોળ જગાવ્યો છે. ત્રિવાર તલાક શરિયતના કાયદાનો ભાગ હોવાથી એમાં દખલગીરી કરવાનો અધિકાર સર્વોચ્ચ અદાલતને નથી ત્યાંથી માંડીને સહેલાઈથી તલાક આપવાનું બંધ થાય તો

કંટાળેલા પતિઓ પોતાની પત્નીઓનાં ખૂન કરશે ત્યાં સુધીની બધી દલીલો થઈ ચૂકી છે. હવે તો સ્ત્રીઓએ પણ ત્રિવાર તલાકની તરફેણમાં દેખાવો કરવા માંડ્યા છે!

**વિશેષ નોંધ લેવી જરૂરી છે કે અનેક મુસ્લિમ દેશોએ અને પાકિસ્તાને પણ ત્રિવાર તલાક પર પ્રતિબંધ મૂક્યો છે.**

ક્ષણિક આવેશમાં કે નશામાં ધુત પતિ એકસામટું ત્રણ વાર તલાક બોલી જાય તો સ્ત્રીને ઘરબહાર ફગાવી કાઢવામાં આવે એ પ્રણાલી અમાનવીય છે અને સ્ત્રીઓને અતિશય અન્યાયકર્તા છે. આજથી હજાર-દોઢ હજાર વરસ અગાઉની સામાજિક પરિસ્થિતિ આજે ઘણી બદલાઈ ગઈ છે અને મુસ્લિમ સમાજે નવા જમાનાને અનુરૂપ વલણ અપનાવવું જરૂરી છે.

શરિયતના કાયદાનો આગ્રહ રાખનારા ધાર્મિક આગેવાનો શરિયતના ફોજદારી કાયદાનો આગ્રહ રાખતા નથી, કારણ કે એમાં ગુનેગારો માટે અતિશય કડક સજા ફરમાવવામાં આવી છે. શરિયતના સિવિલ કાયદાને પણ મુસલમાન સમાજે અને આગેવાનોએ પડતો મૂક્યો છે. કોન્ટ્રાક્ટ કરવામાં, બેન્કો જોડેના વહીવટમાં મુસલમાનો શરિયતના નિયમો પાળતા નથી. આ બધું બદલી શકાતું હોય તો લગ્ન, છૂટાછેડા અંગેના શરિયતના નિયમો શા માટે બદલી ન શકાય તેનો તર્કશુદ્ધ જવાબ ઉલેમાઓ કે મૌલવીઓ પાસે નથી.

નવાઈની વાત તો એ છે કે મુસલમાનો માટે લગ્ન ધાર્મિક વિધિ નથી, પણ સ્ત્રી-પુરુષ વચ્ચે થયેલા લેખિત અને કાયદેસરના કરાર છે એટલે જો બિન-ધાર્મિક કરારના નિયમોમાં ફેરફાર કરવામાં ધર્મ વચ્ચે કેવી રીતે અને શા માટે આવે? હિંદુઓ - ખ્રિસ્તીઓ માટે લગ્ન ધાર્મિક વિધિ છે, છતાં આ બન્ને સમાજે લગ્નવિષયક સુધારા કર્યા છે. લગ્નને ધર્મ જોડે કશું લાગતું-વળગતું નથી અને ત્રિવાર તલાક નાબૂદ કરવામાં આવે તો ઈસ્લામને કશું નુકસાન થવાની સંભાવના નથી.

ત્રિવાર તલાક અને બહુપત્નીત્વ અંગે ભારતની મુસ્લિમ સ્ત્રીઓના અભિપ્રાય જાણવા માટે અખિલ ભારતીય ધોરણે કરવામાં આવેલા સર્વેક્ષણમાં ૯૮ ટકા સ્ત્રીઓ ત્રિવાર તલાકની વિરુદ્ધમાં હોવાનું જણાઈ આવ્યું છે અને ૯૫ ટકા સ્ત્રીઓએ બહુપત્નીત્વનો વિરોધ કર્યો છે.

ત્રિવાર તલાક, બહુપત્નીત્વ અને સમાન સિવિલ કોડ અંગે સર્વોચ્ચ અદાલતમાં વારંવાર ચર્ચા થઈ છે. દરેક વખતે સર્વોચ્ચ અદાલતે પૂછેલા જવાબમાં સરકારે આ સુધારાઓ સારા અને જરૂરી હોવા છતાં યોગ્ય પરિસ્થિતિના અભાવનું કારણ આપીને આ વાત ટાળી છે કારણકે કોંગ્રેસી આગેવાનો રૂઢિચુસ્ત મુસલમાનોને ખુશ રાખીને એમનો રાજકીય ટેકો મેળવવાની ગણતરી રાખે છે.

ભારતમાં પહેલી જ વખત કોઈ વડા પ્રધાને લગ્ન, ધર્મને અલગ પાડ્યાં છે અને ભારતીય નાગરિકો તરીકે મુસ્લિમ સ્ત્રીઓને સમાનતા કે સલામતીના અધિકાર આપવાની વાત કરી છે.

મુસ્લિમ સ્ત્રીઓ અને ત્રિવાર તલાક કે બહુપત્નીત્વની ચર્ચા કરીએ ત્યારે મનમાં સવાલ ઊભો થાય છે કે મુસ્લિમ સ્ત્રીઓને અન્ય ભારતીય સ્ત્રીઓને મળેલા લગ્નજીવનના અધિકાર ભોગવવાની ઈચ્છા નહીં થતી હોય? મુસ્લિમ સ્ત્રીઓ ઈસ્લામના આ નિયમો તરફ કઈ રીતે જુએ છે એનો તટસ્થ અને સર્વગ્રાહી અભ્યાસ આ પરિસ્થિતિમાં અત્યંત જરૂરી છે.

*ચિત્રલેખા, તા. ૨૧-૧૧-૨૦૧૬*

## અમદાવાદમાં નવી ચલણી નોટો સાથે બે કચ્છી સહિત ત્રણને ઝડપી લેવાયા

નોટબંધીને પગલે રાજ્યમાં નાણાંની ગેરકાયદે હેરફેરની સામે પોલીસ સહિતના જવાબદાર તંત્રોએ લાલ આંખ કરી છે ત્યારે તા. ૨૩-૧૧ના અમદાવાદમાં નવી ચલણી નોટો અને સોનાના એક બિસ્કિટ મળીને રૂા. ૧૭.૪૪ લાખની મતા સાથે કચ્છના બે યુવકો સહિત ત્રણ જણાને પોલીસે ઝડપી લીધા હતા.

તા. ૨૩-૧૧ની સવારે ઈસ્કોન સર્કલ નજીક સેટેલાઈટ પોલીસે શંકાસ્પદ નંબર ધરાવતી એક કારને બાતમીના આધારે અટકાવીને તપાસ કરતાં તેમાંથી રૂા. ૨,૦૦૦/-ની નવી ૫૩૦ નોટ મળીને કુલ રૂા. ૧૨,૧૪,૫૦૦/-ની રોકડ ઉપરાંત અંદાજે રૂા. ત્રણ લાખની કિંમતના સોનાના એક બિસ્કિટ સાથે ત્રણ જણાને ઝડપી લીધા હતા. રૂા. ૧૭.૪૪ લાખની આ મતા સાથે આદિપુરના પ્રવીણભાઈ પથુભાઈ માળી (ઉં.વ.-૪૦), ભુજના વીરભદ્રસિંહ સાવજસિંહ જાડેજા (ઉં.વ.-૪૩) અને અમદાવાદના વાસણાના યજુવેન્દ્રસિંહ જુવાનસિંહ પરમાર (ઉં.વ.-૩૫)ને પોલીસે ઝડપી લીધા હતા. આરંભમાં આ રકમ અંગે સંતોષકારક જવાબ ન આપી શકેલા આ ત્રણે જણાને પોલીસે આવકવેરા વિભાગને સોંપ્યા હતા. આવકવેરા વિભાગ સમક્ષ આ ત્રણે શખ્સોએ પોતે ખેડૂત હોવાના અને ઘરમાં લગ્ન પ્રસંગ હોવાથી પરિવારજનોના અલગ અલગ ખાતામાંથી મેળવીને તેઓ જતા હોવાનો ખુલાસો કર્યો હતો. પોલીસે પણ આ મામલામાં વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સામાન્ય લોકોને બે હજારના દરની નવી નોટો મળતી

નથી અને વચેટિયા કમિશન પર અને બ્લેકમાંથી વ્હાઈટમાં ફેરવવા રોકડની હેરાફેરી કરતા રાજ્યભરમાં ઝડપાઈ રહ્યા છે. થોડા સમય અગાઉ હિંમતનગરના ગઢોડા રોડ પર પોલીસે એક જ સિરીઝની રૂા. બે હજારના દરની ૪૦૯ ચલણી નોટો સાથે બે જણાને ઝડપી લીધા હતા. આ શખ્સો ૩૫ ટકાના કમિશન પર નોટો બદલી આપતા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. એવી જ રીતે દાહોદના ગરબાડા ગામે પણ પોલીસે રૂા. ૬.૫૦ લાખની બે હજારના દરની નવી ચલણી નોટો સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા.

*કચ્છમિત્ર, તા. ૨૪-૧૧-૨૦૧૬*

## કરન્સી નાબૂદી

- જ્યારે કોઇ ઉદ્યોગ સાહસિક નવું સાહસ ઊભું કરે ત્યારે તેના મનમાં નફાનો ખ્યાલ હોય છે. અને જ્યારે રાજકારણી સાહસિક પગલાં લે ત્યારે તેના મનમાં તેને પોતાને અને પક્ષને ચૂંટણીમાં સૌથી વધુ મત મળશે તેવી ગણતરી હોય છે. રાજકારણીનો આ નફો છે. આનો અર્થ એ નથી કે મોદીની આ યોજના તકવાદી છે. તેઓ ગંભીરતાથી માને છે કે કાળા નાણાંને અર્થતંત્રમાંથી દૂર કરવા જોઈએ.
- અમેરિકા સહિતના ઘણાં દેશોએ નોટબંધી કરી છે પણ ભારતની પ્રજાને થઈ એવી હાલાકી કોઈ દેશની પ્રજાએ અનુભવી નથી. જો કે બીજી તરફ એ પણ વિચારવું જોઈએ કે ભારતમાં ત્રાસવાદ તેમજ સ્લીપર યુનિટોનું નેટવર્ક રોકડ પૈસાના જોરે જ ચાલતું હતું.
- કાળા નાણાંને ડામવાની સિસ્ટમની ડિઝાઈન ભૂલભરેલી હતી કે સિસ્ટમનું અમલીકરણ બરાબર ન હતું કે ટાઇમિંગ ખરાબ હતું તે જાણવું જરૂરી હતું. સિસ્ટમની ડિઝાઈન જ ખોટી હોય તેને મેનેજમેન્ટમાં 'સ્ટ્રેટેજીક મિસ્ટેક' કહે છે. તે પછી અમલીકરણ ખરાબ હોય તો તેને 'એક્ઝિક્યુશન મિસ્ટેક' કહે છે અને જો તેનું ટાઈમિંગ ખરાબ હોય તો તેને 'ટેક્ટીકલ મિસ્ટેક' કહે છે. મોદીના ૮મી નવેમ્બરના નિર્ણયમાં આ ત્રણેય તત્ત્વો હાજર હોય તેમ જણાય છે.

*ગુજરાત સમાચારના વિવિધ લેખો, તા. ૨૮-૧૧-૨૦૧૬*

## દેશની ફરી ઇમરજન્સી તરફ કૂચ-કદમ?

કેન્દ્ર સરકારે લોકસભા અને રાજ્યસભાનું રિપોર્ટિંગ કરનારા પત્રકારો, ફોટોગ્રાફરો અને કેમેરામેન માટે નવી માર્ગદર્શિકા અમલી બનાવી છે. જેના અંતર્ગત સંસદના પરિસરમાં પ્રધાન અને સંસદસભ્ય સિવાય અન્ય કોઈ પણ રાજકીય હસ્તીઓ સાથે વાતચીત-મુલાકાત કે તત્સંબંધિત વૃત્તાંત નિવેદન પર એકાએક જ લોકસભાના સચિવાલયે પ્રતિબંધ ફરમાવી દીધો છે. આ પ્રકારના હુકમનામામાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે સંસદના પટાંગણમાં બીજા કોઈ પણ રાજ્યના મુખ્યમંત્રી, પૂર્વ સાંસદ, વર્તમાન કે પૂર્વ ધારાસભ્ય કે એવા 'બિનસંસદીય' નેતાઓ સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કે પૂછપરછ ન કરવી અને એમનો ફોટોગ્રાફ પણ ન લેવો. જો કોઈપણ પત્રકાર કે કેમેરામેનને લોકસભાના સભ્યો, રાજ્યસભાના સભ્યો કે પ્રધાનો સિવાયના નેતાઓ સાથે પૂછપરછ કે છાનબીન કરતા જોવામાં આવશે તો તેમનું સંસદીય રિપોર્ટિંગ સસ્પેન્ડ કરી દેવામાં આવશે.

*વર્તમાનપત્ર, તા. ૨૮-૧૧-૨૦૧૬*

### અમરેલી નગરપાલિકાના પ્રમુખનો આશ્ચર્યજનક વટહુકમ

## મોટા પશુને ૩ કિ.ગ્રા. અને નાનાને ૧ કિ.ગ્રા. જ 'પોદળો' કરવાની છૂટ!

'અમરેલી નગરપાલિકાનાં હદ વિસ્તારમાં મોટા પશુને દૈનિક ૩ કિ.ગ્રા. અને નાના પશુને ૧ કિ.ગ્રા. જ પોદળો કરવાની છૂટ...!' એવો આશ્ચર્યજનક વટહુકમ સુધરાઈ પ્રમુખે બહાર પાડીને મોદી સરકારનાં નોટબંધીનાં ફતવા સામે નવતર અને હાસ્યાસ્પદ વિરોધ પ્રદર્શન કર્યું છે.

કોંગ્રેસ શાસિત અમરેલી નગરપાલિકાનાં મહિલા પ્રમુખ અલકાબેન ગોંડલિયાએ નોટબંદીથી આમજનતાને સરકારે તઘલખી નિયમોમાં જકડી લીધાનો ચિતાર રજૂ કરવા ભારત સરકારનાં સ્વચ્છતા અભિયાનને જ આગળ ધર્યું છે. ભારતમાં કાળાં નાણાંનું દૂષણ દૂર કરવા મોદી સરકારે આરંભેલી નોટબંદીની કવાયતને તેમણે અમરેલીમાં નગરજનોને રખડતા - ભટકતા ઢોરનાં 'પોદળા'ની ગંદકીથી મુક્તિ અપાવવાની ઝુંબેશ સાથે સરખાવી છે. રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની નોટ રદ કર્યા બાદ સરકારે આમજનતાની મરણમૂડી જેવા રૂપિયા બેન્કોમાં જમા કરાવી લીધા ને હવે પરત આપવામાં ભિક્ષુક જેવું વર્તન કરાઈ રહ્યાનો વસવસો પણ વ્યક્ત કર્યો છે.

નોટબંધીની જાહેરાત સમયનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં રાષ્ટ્રજોગ પ્રવચનને ટાંકીને કેન્દ્ર સરકારની જોહુકમી જેવા તઘલખી નિર્ણયો સ્વચ્છતા અભિયાનમાં અપનાવાય તો કેવો હુકમ થાય? એનો નમુનો મહિલા સુધરાઈ પ્રમુખે એવો રજૂ કર્યો છે કે, 'અમરેલી શહેરમાં રખડતા ભટકતા ઢોરનાં ત્રાસથી મુક્તિ અપાવવા માટે અગાઉ જાહેર સ્થળોએ ઘાસચારા ઉપર

મનાઈનું ફરમાન કર્યું હોવા છતાં હજુ સુધી ધાર્યા પરિણામો મળી શક્યા નથી. જેથી હવે રાષ્ટ્રહિતમાં સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે એક ઉદાહરણીય નવતર પગલું લેવા જઈ રહ્યા છીએ. જાહેર જનતાને જણાવવાનું કે, હવેથી અમરેલીમાં મોટી ગાય - ભેંસને દરરોજનાં ૩ કિ.ગ્રા. અને નાના પાડી, પાડરૂં, વાછરડાને દરરોજના ૧ કિ.ગ્રા. 'પોદળો' કરવાની છૂટ આપવામાં આવશે.

એ માટે પણ માત્ર અગાઉથી જાહેર કરેલા નિયત સ્થળોનો જ ઉપયોગ કરવાનો રહેશે. જાહેર સ્થળોએ પોદળાનું વજન માપવા માટે અલગથી ફ્લાઈંગ સ્ક્વોડની રચના કરાશે. હુકમનો અનાદર કરનારા રખડતા ભટકતા ઢોરનાં માલિકોને ઊંધા ગધેડે બેસાડી, ગામમાં ફેરવવાની સખત દંડનીય કાર્યવાહી કરાશે. આજે રાત્રિનાં ૧૨ વાગ્યાથી આ નિયમ લાગુ કરાશે. સ્વચ્છ ભારતનાં રાષ્ટ્રહિતમાં આ નિર્ણયને સમર્થન આપવા માટે દેશપ્રેમી નગરજનોને વિનંતી કરવામાં આવે છે.

***ગુજરાત સમાચાર, તા. ૩-૧૨-૨૦૧૬***

## નોટબંધી પછી ગુજરાતમાં ચલણી નોટ સાથે પકડાવાના ૧૧ કેસ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની ચલણી નોટ્સ રદ કરી દેવાના નિર્ણયની જાહેરાત કરી તે પછી ગુજરાતમાં નવી અને જૂની ચલણી નોટ્સનો મોટો જથ્થો લઈને ફરનારાઓને ઝડપી લેવાના બનેલા અંદાજે ૧૦ કેસમાં ૧૨.૧૫ કરોડની રોકડ લઈને જઈ રહેલા ૧૦ જણને કરવામાં આવેલી પૂછપરછમાં તેમણે બિનહિસાબી નાણાં હોવાની કબૂલાત કરી હતી. તેમની પાસેથી રૂા. ૭.૪ કરોડના બિનહિસાબી નાણાં ઝડપાયા હતા.

| | *વ્યક્તિનું નામ* | *શહેર* | *રકમ (રૂા.)* |
|---|---|---|---|
| ૧. | પ્રશાંત વ્યાસ | રાજકોટ | ૨૪ લાખ |
| ૨. | ગુણવંત રણછોડ પટેલ | સુરત | ૧.૧૯ કરોડ |
| ૩. | ચિંતન | અમદાવાદ | ૨૮ લાખ |
| ૪. | રજનીકાંત ખૂંટ | અમદાવાદ | ૨.૫ કરોડ |
| ૫. | રવિ જયંતવાળા | અમદાવાદ | ૫૦ લાખ |
| ૬. | મોહમ્મદ મકવાણા | સુરત | ૫ લાખ |
| ૭. | સતીષ | રાજકોટ | ૧.૧૫ કરોડ |
| ૮. | રાજા માડમ | સુરત | ૨૨ લાખ |
| ૯. | હીરા રસિક સંઘવી | સુરત | ૧ કરોડ |
| ૧૦. | પ્રદીપ કથોરિયા | સુરત | ૬ લાખ |

***ગુજરાત સમાચાર, તા. ૩-૧૨-૨૦૧૬***

## કોસ્ટલ મરીન બાયોડાયવર્સિટી★

"પાકિસ્તાનના સુક્કુર બેરેજની આસપાસ ફેરફાર થવાના કારણે પાકિસ્તાનથી આવતી સિંધુ નદીનો કેટલોક પ્રવાહ છેલ્લા ૧૬ વર્ષથી કચ્છના રણ તરફ પલટાયો છે. જેના કારણે રણના મેદાનો ખાવડાથી વિઘાકોટ સુધીનો વિસ્તાર ઘાસના મેદાનમાં પલટાયો છે. આ મેદાનો ૧૫૦૦ ચો.કિ.મી.માં ફેલાયેલ છે જે સ્પેસ બુલ તરીકે ઓળખાય છે. જેથી ત્યાં પક્ષીઓ તથા કાળિયાર અને નીલગાય જેવા પ્રાણીઓ પણ જોવા મળ્યા છે. આ સારી વાત છે."

***દિવ્ય ભાસ્કર, તા. ૨૫-૧૦-૨૦૧૬***

*(__નોંધ :__ આ વિસ્તારમાં હું ફર્યો છું. તે કચ્છના બન્ની અને સફેદ રણ કરતા અલગ પડે છે. તે દબાયેલ રેતી એટલે કે compressed Sand છે. રણની રેતી કરતાં ઓછી ખારાશ (Salt Saline) હોઈ ભૂતળ પાણી ઊંચા આવતાં બનવા પામ્યું હશે. જો ઘાસ ઊંચું આવે તો ખાવડા વિસ્તારના માલધારીઓ ખાવડાથી કુરન (ગામ) કાળો ડુંગર સુધી ઘાસ ચરિયાણ મળે અને તેનો લાભ મળે.*

*આ વિસ્તારમાં પાકા રસ્તા નથી પણ લશ્કરી ભારે મોટા વાહનો માટે માત્ર ૪" x ૪"ની જાળીના રોલ પાથરી વહન કરે છે. મેં આ વિસ્તારમાં વિકાસ અધિકારી તરીકે સેવા આપી છે. તેથી જાત અનુભવ રજૂ કરું છું.)*

## હિમાલયથી કચ્છ સુધી મોટી નદી હતી : કેન્દ્ર★

વિશેષજ્ઞોની સમિતિએ રાજ્યસભાને જણાવ્યું હતું કે હિમાલયથી એક મોટી નદી કચ્છના રણ સુધી વહેતી હતી. વૈજ્ઞાનિક પુરાવાને આધારે તેને પૌરાણિક નદી સરસ્વતી માનવામાં આવી રહી છે. રીમોટ સેન્સિંગ ભૂગર્ભિય અને પુરાતત્ત્વના સરવેને આધારે વિશેષજ્ઞોએ એ જાણ્યું હતું કે હિમાલયથી નીકળેલી આ નદી ધાધર - હકારા ચેનલ થઈને કચ્છનાં રણ સુધી જતી હતી.

રાજ્યસભાના જળ સંશોધન પ્રધાન સંજીવકુમાર બાલ્યાને રાજ્યસભામાં આ માહિતી આપી હતી. જાણીતા ભૂગર્ભશાસ્ત્રી બલ્દિયાના વડપણ હેઠળ બનેલી સમિતિએ ૧૫ ઓક્ટોબરે મંત્રાલયને અહેવાલ આપ્યો હતો. અગાઉ પર સરસ્વતી નદી આ રૂટ ઉપર વહેતી હોવાનું તજજ્ઞો જણાવી ચૂક્યા છે.

***દિવ્ય ભાસ્કર, તા. ૨૨-૧૧-૨૦૧૬***

*(__નોંધ :__ શું શક્ય છે તેની રાહ, રસપ્રદ અને ઉપયોગી બનશે.)*

***★ વાળી માહિતીના પ્રેષક : પ્રો. સત્યેન્દ્ર વ. પટણી - અમદાવાદ***
***ફોન : (૦૭૯) ૨૬૭૪૦૮૭૪***

સાંપ્રત મંચ

# સાંપ્રત પ્રશ્ન

• સંકલન : હસમુખભાઈ મહેતા •

'સાંપ્રત વિચાર મંચ' અંતર્ગત છેલ્લે : **"શું મુખ્યમંત્રીની બદલી ગુજરાતની પ્રવર્તમાન સ્થિતિમાં કોઈ બદલાવ લાવી શકશે ખરી?"** – આ નામનો વિષય આપવામાં આવ્યો હતો. તે વિષયના આવેલ લેખો માટે સર્વે લેખકોનો ખૂબ ખૂબ આભાર.

ઉપરોક્ત પૈકી શ્રેષ્ઠ લેખોની યાદી હવે પછીના અંકમાં જાહેર કરવામાં આવશે.

આ વિભાગમાં અપાતા વિવિધ વિષયો પર વાચકવર્ગને પોતાના વિચારો લખી મોકલાવવા જાહેર આમંત્રણ છે. ■

# ગાંધીનગર ગાથા

• શ્રીમતી વર્ષા જયંત મહેતા •

## હાર્દિક નિમંત્રણ

કચ્છમિત્ર મંડળ - ગાંધીનગરની તાજેતરમાં મળેલ મીટિંગમાં નક્કી થયા મુજબ મંડળ દ્વારા સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે ઈન્ટરનેશનલ કોમેડી કિંગ ઉમેશ રાવનો હાસ્યસભર કાર્યક્રમનું આયોજન રવિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૬ના રોજ ગાંધીનગરમાં ખીમજી વિશ્રામ હોલ, કડી શૈક્ષણિક સંકુલ, ગેટ નં.-૭, સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવેલ છે. બાળકોને પ્રોત્સાહિત કરવા કાર્યક્રમમાં પધારવા સૌને હાર્દિક આમંત્રણ છે. કાર્યક્રમના અંતે અલ્પાહારની વ્યવસ્થા છે.

## અભિનંદન

ગાંધીનગર મહાનગર પાલિકાનાં નગરસેવક હર્ષાબા ધાધલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના અગ્રણી જીલુભા ધાધલની દીકરી બુલબુલે પોતાનો જન્મ દિવસ સ્થાનિકે સ્મશાનગૃહમાં વિશિષ્ટ રીતે ઉજવીને ગરીબ બાળકોને નાસ્તો કરાવીને રમકડાંની ભેટ આપી હતી.

*મોરારિબાપુ ઘણીવાર કહે છે કે દીવો કરવો, ઉપવાસ કરવા કે પૂજા કરવી એ સરસ બાબત છે. તમને ગમતું હોય તો ચોક્કસ કરો પણ ક્યારેક છૂટી જાય - રહી જાય તો એને વિશે અફસોસ કરવાની જરાય જરૂર નથી. મોરારિબાપુ સૌથી મોટા ધર્મ તરીકે માનવ ધર્મને જુએ છે.*

## શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ - ગાંધીનગર

શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ - ગાંધીનગર દ્વારા ગત ઓક્ટોબર માસમાં નાથીબા કોમર્સ કોલેજ હોલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતે બપોરે ૩.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. દાતાશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય તથા રાષ્ટ્રગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સ્વાગત પ્રવચન સમાજના ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ માકાણીએ આપ્યું હતું. વિવિધ ક્ષેત્રના સન્માન કાર્યક્રમ પછી સરસ્વતી સન્માનમાં પ્રથમ ૩૭, દ્વિતીય ૧૩, તૃતીય ૧૦ અને આશ્વાસન ૬૨ એમ કુલ મળીને ૧૨૨ વિદ્યાર્થીઓનું દાતાશ્રીઓના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે સમાજના સભ્યશ્રી ભાવેશભાઈ રામજીયાણીની ૧૧ વર્ષની દીકરી કુ. દેવાંશીએ જિલ્લા, રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે રમતગમત તેમજ અન્ય ઈવેન્ટ્સની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ તેનું પ્રમુખશ્રી દિલીપભાઈ સેંઘાણીના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કુ. દેવાંશી ૧૪ વર્ષથી નીચેના ખેલાડીઓની રોલબોલ રમતગમતમાં ગુજરાતની ટીમનું બે વર્ષથી નેતૃત્વ સંભાળી રહેલ છે. કુ. દેવાંશીએ સ્કેટિંગ તથા રોલબોલ સ્પર્ધામાં અત્યાર સુધી ૧૨ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર મેડલ, ૫ ટ્રોફી તથા ૨૨ પ્રમાણપત્રો મેળવેલ છે. કુ. દેવાંશી ગાંધીનગરમાં અભ્યાસ કરે છે. આમ, કુ. દેવાંશીએ સ્કુલ તથા સમાજનું નામ રોશન કરેલ છે. ■

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોન પ્રેરિત સમૂહલગ્ન આયોજન સમિતિ દ્વારા આયોજિત ષષ્ઠમ્ સમૂહલગ્નોત્સવ રંગેચંગે સંપન્ન

રવિવાર, તા. ૧૩-૧૧-૨૦૧૬ના તુલસી વિવાહના મંગળ દિવસે ઉમિયા માતાજી કેમ્પસ, સોલા મુકામે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોન પ્રેરિત અને સમૂહલગ્ન આયોજન સમિતિ દ્વારા આયોજિત છઠ્ઠા સમૂહ લગ્નમાં ૧૪ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

તા. ૩૧-૮-૨૦૧૬ના રોજ લગ્ન નોંધણી કાર્ય પૂર્ણ થતાં જ સમૂહલગ્ન સંબંધિત કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ હતી. વિવિધ સમિતિના અંદાજે ૪૦૦ સ્વયંસેવકો રાત દિવસ કામે લાગી ગયા હતા અને આ કાર્યક્રમને સુચારુરૂપે પાર પાડેલ.

સવારના મા ઉમિયા સમક્ષ દીપ પ્રાગટ્ય અને આરતીથી આ કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવેલ. ૧૪ નવયુગલો વહેલી સવારના સાજન-માજન સાથે પધારી ચૂક્યા હતા. ત્યારબાદ જરૂરી શાસ્ત્રોક્ત વિધિ પૂર્ણ કરવામાં આવી હતી. સવારે ૧૦ કલાકે બગીઓમાં બેસી વરઘોડા રૂપે ડી.જે. સંગીતના તાલે સાજન-માજન નાચતા-રમતા કન્યાના માંડવે પોંખણા વિધિ સાથે ચોરીમાં પધારેલ. ગોર મહારાજાઓએ મંગલાષ્ટકથી શરૂ કરી સપ્તપદીની વિધિથી ચોરીફેરા સંપન્ન કરાવેલ. સંગીત પાર્ટીના તાલે વાતાવરણ આહ્લાદક બની ગયું હતું.

ત્યારબાદ જેમના થકી આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ દીપી ઉઠ્યો તેવા ભામાશાઓ તથા સમાજનાં આમંત્રિતોનું સન્માન કરવામાં આવ્યું હતું

સન્માન સમારોહ અમદાવાદ ઝોનના પ્રમુખશ્રી બાબુભાઈ માકાણીના સ્વગાત પ્રવચનથી થયેલ. દાતાશ્રીઓનું સન્માન ઝોન પ્રમુખશ્રી તથા સમૂહ લગ્ન આયોજન સમિતિના પ્રમુખશ્રી નરસિંહભાઈ સાંખલાના કરકમળોથી કરવામાં આવેલ. આ પ્રસંગે કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીશ્રી મનસુખભાઈ રૂડાણી તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ તથા અમદાવાદ ઝોનના પૂર્વ પ્રમુખશ્રી પ્રેમજીભાઈ ભાવાણીએ નવદંપતિઓને આશીર્વાદ આપેલ અને ઝોનની ઉમદા કામગીરીને બિરદાવેલ હતી. ઉમિયા માતાજી સંસ્થાન - ઉંઝાના મહામંત્રી શ્રી દિલીપભાઈ (નેતાજી)એ સમાજની સંગઠન શક્તિને બિરદાવેલ. ઉંઝા સંસ્થા તથા સોલા કેમ્પસ વપરાશ માટે જે પણ આર્થિક સહયોગ આપવાનો થશે તે તેઓ કરી આપશે એવી ખાતરી ઉચ્ચારી હતી.

આ અવસરે ઝોન દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આરોગ્ય સમિતિ તથા મહાત્મા ગાંધી રીજિયન યુવાસંઘના ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ લાયન્સ ક્લબના સહકારથી યોજવામાં આવેલ હતો. જેમાં ૧૨૫થી વધારે બોટલોનું સ્વૈચ્છિક રક્તદાન નોંધાયેલ.

આજના આ સમૂહ લગ્નના આયોજનનો ભાર સતત પાંચ વર્ષથી નિભાવતા આવ્યા છે એવા પ્રમુખશ્રી નરસિંહભાઈ સાંખલાની વ્યવસ્થાપન શક્તિનો પ્રભાવ સર્વત્ર નજરે પડતો હતો. સ્વયંભુ બધી જ સમિતિઓ પોતપોતાનું કાર્ય નિષ્ઠાપૂર્વક કરી રહેલ હતી. શિસ્ત તેમજ સમયસર બધા જ કાર્યક્રમો ચાલી રહ્યા હતા. પ્રમુખશ્રીએ સમૂહ લગ્નમાં ભાગ લેનારાઓને અભિનંદન તેમજ નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા.

સાતમો સમૂહ લગ્નોત્સવ તા. ૧-૧૧-૨૦૧૭, બુધવારના રોજ યોજાશે તેવી જાહેરાત પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે સમાજના હોદ્દેદારો, અગ્રણીઓ, અન્ય સમાજના મહાનુભાવો તથા બહોળી સંખ્યામાં સમાજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્વક અને આનંદમય રીતે માણ્યો હતો.

*(સમૂહ લગ્નોત્સવના કલર ફોટોગ્રાફ માટે જુઓ પાના નં.-૬૨)*

## ગુજરાત પ્રતિભા એવોર્ડ
## સમગ્ર ગુજરાતનું ગૌરવ છે : મુખ્યમંત્રીશ્રી રૂપાણી

“અમારે માટે ગુજરાતનો વિકાસ એટલે શિક્ષણ, સાહિત્ય, ઈતિહાસ અને એકંદરે સંસ્કૃતિની અસ્મિતા સર્જાય તેવો હેતુ અને નિશ્ચય છે.” ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ આ શબ્દોથી સન્માનિત મહાનુભાવો સાહિત્યકાર કુમારપાળ દેસાઈ અને શિક્ષણકાર ડૉ. સી.એલ. પટેલને અભિનંદન આપ્યા હતાં.

વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા તા. ૧૯મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ આયોજિત 'શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા ઍવોર્ડ' સમારંભમાં શ્રી રૂપાણી બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે, ગુજરાતનું ગૌરવ એ આપણા સૌનો સામૂહિક પુરુષાર્થ છે.

શ્રી સી.એલ. પટેલ અને શ્રી કુમારપાળ દેસાઈને એક-એક લાખની ધનરાશિ, પ્રશસ્તિપત્ર તેમજ સ્મૃતિચિહ્ન એનાયત કરાયા હતા. જે બંનેએ ધનરાશિ શિક્ષણ - સંસ્કારના કામ માટે સાભાર પરત કરી હતી.

ગુજરાત વિદ્યાપીઠના હીરક મહોત્સવ સભાખંડમાં પ્રમુખ કૃષ્ણકાંત વખારિયાએ સ્વાગત પ્રવચનમાં વિશ્વ ગુજરાતી સમાજના ગૌરવવંતા કાર્યોની રૂપરેખા આપી હતી જ્યારે મહામંત્રી શ્રી વિષ્ણુ પંડ્યાએ જણાવ્યું હતું કે, સમાજ આ ઍવોર્ડ્ઝ આપે છે તેની પાછળની ભાવના અને હેતુ એ છે કે વ્યક્તિનાં સન્માન ઉપરાંત ગુજરાતની અસ્મિતાનો ઉજાસ સમગ્ર પ્રજાને પ્રેરિત કરે.

રઘુવીર ચૌધરીએ આ પ્રસંગે ગુજરાતી ભાષાના અભ્યાસ માટે સરકાર વધુ સક્રિય થાય તેવું સૂચન કર્યું હતું. સન્માનિત મહાનુભાવોએ શિક્ષણ - સાહિત્ય - સંસ્કૃતિ ક્ષેત્રે પોતાના સંકલ્પની વિગતે વાત કરી હતી.

મુખ્યમંત્રીએ 'આ સન્માન સમગ્ર ગુજરાત તરફથી છે' એમ જણાવીને સન્માનિત મહાનુભાવો તેમજ વિશ્વ ગુજરાતી સમાજને બિરદાવ્યા હતા, એમ વિશ્વ ગુજરાતી સમાજ - અમદાવાદના એક અહેવાલમાં જણાવાયું હતું.

## અબોલ જીવોને અભયદાન

ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના સંચાલકને મળેલ બાતમીના આધારે તા ૨૨-૧૧-૨૦૧૬ના રોજ ખેડા જિલ્લાના કઠલાલ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં લાડવેલ ચોકડી પાસેથી એક ટ્રક નં. જી.જે.-૧ સી.વાય. ૯૨૦૩ને પકડતાં અંદરથી જીવતા બળદ જીવ-૧૭ને કતલખાને જતાં બચાવી લીધેલ હતા. છેલ્લા એક માસમાં અમદાવાદ શહેર તેમજ ખેડા જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી કુલ ૫૫ જેટલા અબોલ જીવોને કતલખાને જતાં બચાવી અભયદાન અપાવેલ છે, એમ ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

## રઘુવંશી ભાઈ-બહેનો માટે
## "નેશનલ વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફી કોમ્પિટીશન - ૨૦૧૬"

શ્રી કિરીટ ભીમાણી, રાષ્ટ્રીય અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ – દેશમાં વસતાં તમામ રઘુવંશી ભાઈ-બહેનોને 'નેશનલ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કોમ્પિટીશન-૨૦૧૬'માં જોડાવા આમંત્રણ આપે છે.

આ સ્પર્ધા ૨ ઓક્ટોબર, ૨૦૧૬થી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૬ સુધી ચાલશે. આ સ્પર્ધામાં ઉંમર પ્રમાણે ત્રણ વિભાગ છે : ગ્રુપ-એ : ૨૦ વર્ષ સુધી, ગ્રુપ-બી : ૨૧થી ૪૦ વર્ષ, ગ્રુપ-સી : ૪૦ વર્ષથી વધુ. સ્પર્ધકોએ પોતાની પસંદગી પ્રમાણે પ્રિન્ટેડ ફોટો સાઈઝ (સાઈઝ : 12" x 8") મોકલવાનો રહેશે અથવા ઈ-મેઈલ : jaijalarambapa999@gmail.com પર ૭ MB થી નાનો JPEG અથવા JPG ફોરમેટમાં મોકલાવી શકાશે.

વધુ વિગત માટે મોબાઈલ : ૯૦૯૯૦ ૧૦૯૫૧ ઉપર સંપર્ક કરી શકાય છે એમ શ્રી લોહાણા મહાપરિષદની એક પ્રેસનોટમાં જણાવાયું છે. ■

## હેપ્પીનેસ ઇન્ડેક્ષ કરતાં અન્ય હકીકત

સંયુક્ત રાષ્ટ્રસંઘ જે હેપ્પીનેસ ઈન્ડેક્સ તૈયાર કરે છે એમાં નાઈજિરિયા ૧૦૩માં ક્રમે, ઘાના ૧૨૪મા નંબરે, મેક્સિકો ૨૧મા ક્રમે અને કોલંબિયા ૩૧મા નંબરે છે. છતાંય ત્યાંના લોકોને સૌથી વધુ સુખી ગણવા પડે છે. તેનું રહસ્ય તેમના શરીરમાં રહેલું 'ફેટી એસિડ એમિડ હાઈડ્રોલેસ-ફાહ' નામનું જિન્સ (જનીન) છે. 'જર્નલ ઓફ હેપ્પીનેસ' માં જાન્યુઆરી ૨૦૧૬ માં પ્રગટ થયેલા સંશોધન પ્રમાણે આ ચારેય દેશની પ્રજામાં વારસાગત રીતે જ ફાહ જિન્સનું પ્રમાણ વધારે છે. આ જિન્સનું કામ માણસનું દુઃખ ઓછું કરવાનું અને ખુશ રાખવાનું છે. મૂળ તો આ જિન્સને કારણે એવા પ્રોટિનનું સર્જન થાય છે, જેનાથી શરીરને અનુભવાતું દુઃખ મોળું પડે, આનંદ વધારે આવે. હેપ્પીનેસ ઈન્ડેક્સ લોકોને મળતી સુખ સુવિધાની માપણી કરે છે, જ્યારે આ સંશોધન લોકોના શરીરને અનુભવાતું દુઃખ માપે છે.

કેટલાક સંશોધકોએ તો આ ફાહ પ્રકારના જનીનને લોકોને હેપ્પી રાખનારા જનીન તરીકેની ઓળખ આપી દીધી છે. વળી આ ગણતરી એક વર્ષના આધારે નહીં, ૨૦૦૧ થી લઈને ૨૦૧૪ સુધીના અભ્યાસ પરથી રજૂ કરવામાં આવી છે. માટે ઘણા વિદ્વાનો આ સુખ ક્રમાંકને વધારે સત્તાવાર માને છે. એ લિસ્ટ પ્રમાણે સુખી દેશો, એટલે કે સુખ અનુભવી શકતી પ્રજા આ પ્રમાણે છે...

મેક્સિકો, નાઈજિરિયા, કોલંબિયા, ઘાના, મલેશિયા, દક્ષિણ આફ્રિકા, સ્વીડન, વિએટનામ, ન્યુઝિલેન્ડ, થાઈલેન્ડ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા. ■

# વતનના વાવડ

● સંકલન : ભરત ઓઝા ●

## અજરખ બ્લોક પ્રિન્ટના કચ્છી કસબીને 'શિલ્પગુરુ' એવોર્ડ

કચ્છમાં ધમડકા ગામના હસ્તકલા કારીગર અબ્દુલ રઝાક ખત્રીને અજરખ હેન્ડ બ્લોક પ્રિન્ટ પર શ્રેષ્ઠ કળા પાથરવા બદલ પ્રતિષ્ઠિત શિલ્પગુરુ માસ્ટર ક્રાફ્ટ્સ પર્સન ઍવોર્ડ અને બે લાખની રોકડ રકમનો પુરસ્કાર તાજેતરમાં જાહેર કરાયો છે. ભારત સરકારના વસ્ત્ર મંત્રાલયની હસ્તકલા કચેરી તરફથી આ ઍવોર્ડ ટૂંક સમયમાં રાષ્ટ્રપતિ ભવન - દિલ્હી ખાતે અપાશે. આ વારસાગત કસબ અબ્દુલભાઈને ૧૭ વર્ષની વયથી મળ્યો છે. વનસ્પતિ રંગ, હરડે, પડવાસ, ધાવડા, ફૂલ, બાજરો, જુવાર, મજીઠ, અલીઝર, ફટકડી, ચણાનો લોટ, ગોળ, નીરવલ, દાડમની છાલ, હળદર, ચૂનો, ગુંદ વગેરે વનસ્પતિનો આ પ્રકારની કારીગરીમાં ઉપયોગ કરાય છે.

## રાજ્ય કક્ષાએ કચ્છની યુવા પેઢીનો દબદબો

રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ - ગાંધીનગર દ્વારા તાજેતરમાં મહેસાણા જિલ્લાના ગણપતનગર ખાતે રાજ્ય કક્ષાના યુવક મહોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ભુજની માતૃછાયા કન્યાલયની વિદ્યાર્થિની કુ. તર્જની જાગૃતભાઈ અંજારિયાએ નિબંધ સ્પર્ધામાં પ્રથમ તથા કુ. ધૈર્યા અતુલભાઈ ગોર શાસ્ત્રીય કંઠ્ય સ્પર્ધામાં પ્રથમ વિજેતા બની છે. માંડવી તાલુકાના મોટા ભાડિયા ગામના કરશન નારાણભાઈ ગઢવીએ લોકવાર્તા વિભાગમાં પ્રથમ જ્યારે મુંદ્રા તાલુકાના વવાર ગામના હરિભાઈ કલ્યાણભાઈ ગઢવીએ દુહા - છંદ - ચોપાઈ વિભાગમાં પ્રથમ ક્રમાંક મેળવી કચ્છને ગૌરવ બક્ષ્યું હતું.

## દિલ્હીમાં બાળકલા ઉત્સવમાં કચ્છને છ રાષ્ટ્રીય પુરસ્કાર

તાજેતરમાં સુનયના દ્વારા દિલ્હી મધ્યે બાળકલા ઉત્સવની રાષ્ટ્રીય નૃત્ય સ્પર્ધામાં કચ્છની છ કૃતિને રાષ્ટ્રીય પુરસ્કાર મળતાં કચ્છના કલાકારોએ મેદાન માર્યું છે. ભુજ અને માધાપર ખાતે કાર્યરત નુપૂર ડાન્સ એકેડેમિના સંચાલક વૈશાલીબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ કચ્છના કલાકારો દ્વારા આ સ્પર્ધા દરમિયાન અલગ અલગ શૃંખલામાં સેમિ ક્લાસીકલ, લોકનૃત્ય અને મોડર્ન શ્રેણીમાં નવ કૃતિઓ રજૂ કરાઈ હતી.

## નાગર જ્ઞાતિમાં મરણ થાય ત્યારે કુટુંબીજનો માટે ટિફિન વ્યવસ્થા

ભુજના હાટકેશ ચેતના અને સદ્‌ભાવના ટ્રસ્ટ તરફથી વિવિધ પ્રકારની જ્ઞાતિ હિતવર્ધક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી 'હાટકેશજન' નામનું જ્ઞાતિ મુખપત્ર પ્રસિધ્ધ કરવામાં આવી રહ્યું છે. મુખપત્ર સમગ્ર ભારતમાં વસતા નાગર જ્ઞાતિજનોમાં ફેલાવો ધરાવે છે. જ્ઞાતિજનોને મદદરૂપ થવાની ભાવનાથી એક નવી પહેલ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે અન્વયે કોઈપણ નાગર પરિવારને ત્યાં સવારે કે રાત્રે મરણના બનાવને કારણે અંતિમયાત્રા કે પ્રાર્થનાસભામાં લૌકિક વ્યવહાર નિભાવથી બહારગામથી કુટુંબીજનો શોકગ્રસ્ત પરિવારને ત્યાં આવતા હોય છે ત્યારે દુઃખદ પ્રસંગમાં પરિવાર મહેમાનોની જમવાની વ્યવસ્થા માટે ચિંતાગ્રસ્ત થઈ જાય છે કારણકે જ્ઞાતિના રિવાજ મુજબ જે ઘરમાં મરણ હોય ત્યાં ચૂલો પેટાવી શકાતો નથી. જેથી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને 'હાટકેશજન' (માસિક)ના તંત્રી પરિમલભાઈ ધોળકિયાના જણાવ્યા અનુસાર આવા પરિવારની ચિંતા હળવી કરવાના ઉદ્દેશથી મહેમાનોની સંખ્યા મેળવી ટિફિન પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. જે માટે કોઈ ચાર્જ વસૂલ લેવામાં આવશે નહીં. વ્યવસ્થા નિઃશુલ્ક છે અને કોઈ ધર્માદા હેતુ નથી. ફક્ત શોકગ્રસ્ત પરિવારોને સધિયારો આપવાનો પ્રયાસ છે. આવા શોકગ્રસ્ત પરિવારના વડીલ, ટ્રસ્ટીઓ અવિનાશભાઈ વૈદ્ય (મો. ૯૪૨૬૮ ૩૮૩૩૦) તથા રસેન્દુભાઈ વોરા (મો. ૯૮૨૫૬ ૬૨૧૩૫)નો સંપર્ક કરી શકે છે.

## જલગાંવ વિધાન પરિષદમાં દેવપરવાસી કચ્છી ચૂંટાયા

જલગાંવ વિધાન પરિષદમાં દેવપરના ચંદુભાઈ રૂડાણી (ચંદ્રેશ) મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણીમાં જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે. કુલ ૫૧૨ મતોમાંથી ચંદુભાઈને ૪૨૧ મતો મળ્યા છે. તેમના તમામ હરીફોને પાછળ છોડીને દેવપર, જલગાંવ, કચ્છ અને કડવા પાટીદાર જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

## હાણે અસીં મિસ્કીન નયું, સોંજા થઈ વ્યાશું!

વિવિધતામાં એકતા ધરાવતા આપણા વિશાળ ભારત દેશના ચારેચાર ખૂણામાં વૈવિધ્યતા છે. છતાં સામ્યતા પણ

એટલી જ છે એવું કચ્છના અફાટ રણમાં ધોરડોની ભૂમિ પર ઊભા ઊભા વિચાર આવ્યો અને નાના મુદ્દા એકત્રીકરણ સાથે ઊભા કર્યા. હિમાલયના ઉત્તુંગ શિખર પર કાશ્મીરમાં ઉત્તરે અમરનાથ ધામ છે, જ્યાં એકાદ માસ માટે જ ભાવિકોની કતાર લાગે છે. તો પશ્ચિમ ભારતમાં આપણા ધોરડોમાં કોઈ ધામ ભલે નથી પણ સફેદ ચાદર ઓઢીને નિરાંતે બેઠું હોય તેવું અફાટ રણ છે. અહીં પણ બાર માસમાં માંડ બે-ત્રણ મહિના જ યાત્રીઓનો પ્રવાહ હોય, બંને સ્થળ ઉત્તર-પશ્ચિમ અને દેશની સીમા છે. બંને સ્થળોએ અત્યાધુનિક ઉપકરણો હોવા છતાં મુખ્ય આકર્ષણ તો સ્વયંભુ સર્જાતા બરફના શિવ અને સ્વયંભુ સર્જાતા નમકનું સરોવર છે. આ નાના એવા ધોરડો ગામે પ્રવાસન ક્ષેત્રમાં જે વિસ્ફોટક ક્રાંતિ કરી છે એ આજે નહીં તો કાલે મેનેજમેન્ટના અભ્યાસમાં એક વિષય તરીકે સ્થાન લે તો નવાઈ ન પામતા! બી.એ.ડી.પી.માં બનેલું રિસોર્ટ સમગ્ર રાષ્ટ્ર માટે પ્રેરણારૂપ બને તેવી રીતે ઊભરી આવ્યું છે.

## ભુજના માલધારીઓને દૂધ આપવા સરહદ ડેરી તૈયાર : પાણી ન નાખજો

કચ્છના શહેરી માલધારીઓનું પ્રથમ વખત સંગઠન રચવામાં આવ્યા પછી ભુજ ખાતે સાધારણ સભા યોજાઈ હતી. જેમાં સરહદ ડેરીએ દૂધમાં પાણીનું મિશ્રણ નહીં કરી ગ્રાહકોને ચોખ્ખું દૂધ આપવાની અપીલ કરી હતી. સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે શહેરના માલધારીઓને સંગઠન બનાવવા માટે અભિનંદન પાઠવ્યા હતા અને હવે અગર ભુજ શહેરના માલધારીઓની ડેરીને દૂધ ભરાવવાની તૈયારી હોય તો સરહદ ડેરી ચોક્કસથી મદદ કરશે એવી ખાતરી આપી હતી. જેના કારણે ભુજ શહેરના માલધારીઓને ચોખ્ખા દૂધના સારા ભાવ મળી શકશે. આપણા દૂધને બ્રાન્ડ નેમ કરવા માટે આપણે માલધારીઓ દૂધમાં પાણી મિશ્રણ ન કરીને આપણી નૈતિક ફરજ નિભાવવાની રહેશે.

## દાર-એ-સલામમાં હિન્દુ ઉત્સવો ઉજવાયા

કચ્છડો ખેલે ખલકમેં... જ્યાં જ્યાં વસે ગુજરાતી સદાકાળ ગુજરાત... ઉક્તિને શબ્દશઃ સાચી પાડતાં તાન્ઝાનિયા, દાર-એ-સલામ ખાતે હિન્દુ ઉત્સવોમાં કચ્છી-ગુજરાતી પરિવારોએ મિની હિન્દુસ્તાન ખડું કર્યું હતું. સ્વામિનારાયણ મંદિર ખાતે દીપાવલીના સ્નેહમિલન પછી તુલસી વિવાહ સુધી ઉત્સવો ચાલ્યા હતા. લક્ષ્મીપૂજન, ચોપડા પૂજનની ધાર્મિક વ્યવહારિક વિધિ હતી. તો બાળકો - યુવતીઓ માટે વેસ્ટમાંથી બેસ્ટ, મહેંદી, રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. દાર-એ-સલામથી ચોવીસીના પ્રતિનિધિ વિનોદ લક્ષ્મણ પીંડોરિયા (સામત્રા) અને શાંતા રાબડિયાના જણાવ્યાનુસાર ઘનશ્યામ બાલવાટિકા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત તથા સરસ્વતી સન્માન કરાયા હતા. વિદેશની ધરતી પર સ્થાનિક કાયદા-કાનૂનના દાયરામાં રહીને ઉત્સવો ઉજવનાર ભારતીયોમાં કચ્છીઓ સંખ્યા - ઉત્સાહની દૃષ્ટિએ અગ્ર રહ્યા હતા. મણિયારો રાસ, કચ્છી સંગીત, સાંપ્રદાયિક કીર્તન ભક્તિનાં ગીતો રજૂ કરતાં બાળકો, યુવક-યુવતીઓએ દિલ જીત્યાં હતાં. વ્યવહારિક શિક્ષણ ઉપરાંત મંદિરમાં ચાલતા ગુજરાતી - ધાર્મિક વર્ગોમાં તેજસ્વી તારલાઓને કચ્છના માયાણી પરિવાર તથા વ્યાસ ફેમિલી તરફથી પ્રોત્સાહિત કરાયા હતા. પ્રતિવર્ષ ઉજવાતા તુલસી વિવાહને ચાલુ વર્ષે વધુ વ્યાપ સાથે સાકાર કરાયો હતો. બેન્ડ પાર્ટી, નૃત્યુ, લેઝીમ સાથે ઠાકોરજીની અડધો કિ.મી. લાંબી અસવારીને માણવા અશ્વેત સ્થાનિકોએ પણ મોબાઇલમાં કંડારવા કતાર લગાવી હતી. તુલસીબાઈની પીઠી - મહેંદી 'નાઇટ' પણ ધાર્મિક લક્ષ્મણરેખા જાળવતાં યુવતીઓએ ઉજવી હતી. રાસોત્સવની ધૂમમાં આબાલવૃધ્ધ થનકાર પામ્યા હતા. દિવાળી પછીની ઉત્સવ શૃંખલાએ કચ્છીઓના સંગઠન, ધાર્મિક અસ્મિતાને સંકોરી હતી. પરસ્પર સંગઠનમાં વધારો થયો હતો.

## અમેરિકાની મિનેસોટા હિસ્ટોરિકલ સોસાયટીમાં કચ્છી અગ્રણીની વરણી ★

અમેરિકામાં મિનેસોટા રાજ્યની હિસ્ટોરિકલ સોસાયટીમાં કચ્છી અગ્રણીની સદસ્ય તરીકે વરણી કરવામાં આવી હતી. મિનેસોટા સ્ટેટના ઇતિહાસમાં મહત્ત્વની સેવાઓ આપનારા વ્યક્તિને આ સન્માન મળતું હોય છે.

સોસાયટીની ૧૬૭મી સામાન્યસભામાં કચ્છના સામાજિક કાર્યકર અને ગડા એસોસિએટ્સ કન્સલ્ટિંગ એન્જિનિયરિંગના સ્થાપક રામભાઈ ગડાની સદસ્ય તરીકે વરણી કરવામાં આવી હતી. આ વરણી પ્રાપ્ત કરનારા તે પ્રથમ ભારતી અમેરિકન અને સૌપ્રથમ એશિયન છે. તે મિનેસોટા રાજ્યના ઇતિહાસ અને સ્થાનિક સંસ્કૃતિમાં ભારતીયોના પ્રદાન સંદર્ભે સતત જાગૃતિ કાર્યક્રમો ચલાવતા રહ્યા છે. તેમના પ્રયાસોથી બિયોન્ડ બોલીવુડ : ઇન્ડિયન અમેરિકન 'શેઈપ ધી નેશન' પ્રદર્શની મિનેસોટા ખાતે આયોજિત થઈ શકી હતી. રાજ્ય માટે વિવિધ તબક્કે ઉલ્લેખનીય સેવા આપનારાને આ સોસાયટીના સદસ્ય તરીકે સન્માનિત કરવામાં આવે છે.

★ *પ્રેષક : ભોલાભાઈ ગોલીબાર*

# પ્રતિભાવ

## ‘કચ્છશ્રુતિ’ દ્વારા કચ્છ અને કચ્છીયતની સેવા

માસિક મુખપત્ર ‘કચ્છશ્રુતિ’ દ્વારા અમદાવાદથી કચ્છ, કચ્છી અને કચ્છીયતની સેવા કરો છો તે માટે સમગ્ર કચ્છીજન અને કચ્છ આપનો આભાર માને એ સ્વાભાવિક છે. હું નિયમિત રીતે ‘કચ્છશ્રુતિ’ વાંચું છું. આપની સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને મારા લખેલા પુસ્તકો-૬ આ સાથે આપની લાઈબ્રેરી માટે સહર્ષ મોકલાવેલ છે. સર્જકો માટે આ વાત જ મોટી છે કે પુસ્તકો યોગ્ય જગ્યાએ પહોંચે અને તેનો સદુપયોગ થાય.

*અરુણા અરુણ ઠક્કર ‘માધવી’ - ભુજ*
*મો. ૯૮૭૯૫ ૩૯૧૭૮*

★

## ‘કચ્છશ્રુતિ’ માસ નવેમ્બર-૨૦૧૬ : પ્રતિભાવ

‘કચ્છશ્રુતિ’ માસ નવેમ્બર-૨૦૧૬માં અંકના મુખપૃષ્ઠ પર રણોત્સવ ધોરડોનું કચ્છના રણની ઝાંખી કરાવતું દશ્ય કાયમ યાદ રહે તેવું છે. તંત્રી શ્રી અશોકભાઈ મહેતાએ કચ્છને નજર સમક્ષ રાખી સંવત ૨૦૭૩ના બાકી રહેતાં કાર્યોની યાદી જણાવેલ છે. જે કચ્છ માટે ઘણી જ ઉપયોગી છે. જેથી તેને યોગ્ય ન્યાય આપવો જોઈએ. સાથે સાથે મોટી ચલણી નોટોની નાબૂદી લેખમાં જે વિચાર દર્શાવ્યો છે એ ઉત્તમ છે. ઉજ્જવળ ભાવિની અપેક્ષા આપણે રાખવી જોઈએ. ઉપરાંત કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટીની વિગતમાં વિકાસનાં કાર્યો સંબંધી જાણવા મળ્યું.

‘કચ્છશ્રુતિ’માં વાચક વર્ગ માટે ‘ટમ ટમ તારલિયા’ વિભાગ શરૂ કરવામાં આવેલ છે. જેથી એ વિભાગમાંથી ઘણું જાણવાનું મળશે. વિશેષ વિભાગમાં જણાવવામાં આવેલ જલારામ બાપા, પીરોના પીર દરિયાલાલ, રઘુવંશીઓનો ઈતિહાસ, વેપારી ગણાતી લોહાણા જ્ઞાતિનો ઈતિહાસ વાંચવાથી ઘણું જાણવા મળ્યું. મેઘધનુષમાં આવેલ કાવ્યો ઉત્તમ છે.

સ્વાસ્થ્ય વિભાગમાં આવેલ લેખોમાં જણાવેલ વિગત જાણવાથી અને સ્વાસ્થ્ય શરીરને કોઈપણ જાતના રોગ વગર તંદુરસ્ત રાખવા ડૉક્ટરની સલાહ - સારવાર કરાવવી જરૂરી. જેથી અપેક્ષિત પરિણામ તુરત મળે. આ પ્રકારના લેખો ‘કચ્છશ્રુતિ’માં પ્રકાશિત કરવામાં આવે છે, એ ઘણું જ પ્રશંસનીય છે, ઉત્તમ છે.

‘કચ્છશ્રુતિ’ના અંકની પ્રગતિ અને વિકાસ થાય અને આગળ જ વધતું રહે એવી શુભેચ્છા.

*મહાભાઈ આર. વોરા - ભુજ*

## ‘કચ્છશ્રુતિ’ માસ નવેમ્બર-૨૦૧૬ પ્રતિભાવ

નવેમ્બર-૨૦૧૬ના ‘કચ્છશ્રુતિ’ના અંકમાં ‘મોટી ચલણી નોટોની નાબૂદી’ પર શ્રી અશોકભાઈ મહેતાનો લેખ વાંચી તેમણે દર્શાવેલ કેટલીક શંકાઓનું સમાધાન આપવાનું મન થાય છે.

તેમની પ્રથમ શંકા બીજા પેરામાં તેમણે પ્રયોજેલ ‘ખરેખર’ વિશેષણમાં દેખાય છે જે ત્રણ કારણો (૧) કાળાં નાણાં, (૨) ભ્રષ્ટાચાર અને (૩) નકલી નોટો માટે મોટી નોટોને રદ કરવામાં આવેલ છે તે ત્રણ કારણો આ ‘ખરેખર’ વિશેષણને કારણે શંકાના દાયરામાં આવી જાય છે.

બીજું તેમણે શ્રી કેશુભાઈ પટેલ અને શ્રી સુરેશચંદ્ર મહેતા જેવા મોટા ગજાના નેતાઓનો ઉલ્લેખ કરેલ છે. તેઓની કામગીરી અને શ્રી નરેન્દ્રભાઈની નિર્ણય લેવાની ક્ષમતાથી ગુજરાતની પ્રજા સુપેરે વાકેફ છે. જ્યારે ૨૦૦૧ના ગોઝારા ધરતીકંપ બાદ તેઓએ મુખ્યમંત્રીપદ સંભાળેલ અને કેટલાક અગત્યના નિર્ણયોમાં જ્યારે ગુપ્તતા કે ઝડપ જરૂરી હોય ત્યારે કેટલાક લોકો તેમની અવહેલના થતી અનુભવી શકે છે અને દરેક નેતાની કાર્યપદ્ધતિ પણ અલગ રહેવાની ને?

આખો દેશ જાણે છે કે આ પ્રજા વારંવાર થતી ચૂંટણીઓ અને તેને કારણે થતાં ખર્ચ તેમજ તેમાં ખેલાતા રાજકારણનો ભાર અનુભવી રહેલ છે અને તેથી જ બધી ચૂંટણીઓ એક સાથે કેમ ના થઈ શકે તેની ચર્ચા લાંબા સમયથી ચાલે છે. પરંતુ દેશહિતના કોઈ પગલાંમાં ચૂંટણી જોવી અને રાજકારણ ખેલવું તે જાણે આ દેશમાં રાજકીય પક્ષો માટે સામાન્ય બાબત બની ગયેલ છે. પછી તે ભલે બુરહાન વાણી હોય, સર્જિકલ સ્ટ્રાઈક પાકિસ્તાનની ધરતી પર હોય કે નોટબંધી જેવા જોખમી નિર્ણયો હોય.

અત્યારે તો પ્રધાનમંત્રીશ્રીએ એકહથ્થુ શાસન જમાવવા જેવા પગલાં ભર્યા નથી અને તેથી તેઓ આવું કરશે તે શંકા અસ્થાને છે. વળી, આપણા દેશનું બંધારણ તેમજ લોકશાહીના ચાર પાયામાં સમાવિષ્ટ ચેક અને બેલેન્સની વ્યવસ્થા તેમને તેવું કરતા રોકવા પણ ચોક્કસપણે સક્ષમ છે. આ દેશમાં આવું તો અત્યાર સુધીમાં માત્ર એક જ પક્ષની સરકારમાં થયેલ છે, તેથી ઉજ્જવળ ભાવિની અપેક્ષા રાખવી જ વ્યાજબી લેખાશે.

*તુલસી કંસારા - અમદાવાદ*
*“હેલ્થ ફર્સ્ટ”*

## 'કચ્છશ્રુતિ' – તંત્રીલેખ તથા અન્ય સામગ્રી માટે અભિનંદન

'કચ્છશ્રુતિ' (નવેમ્બર-૨૦૧૬)ના અંકમાં બંને તંત્રીલેખ બદલ હાર્દિક વધાઈ સાથેની અનુમોદના. વિશેષરૂપે, મોટી ચલણી નોટોની નાબૂદી બાબતે જે ઠાવકાઈથી વાતને મૂકી છે એ વિચક્ષણ અને પરિપક્વ કલમની સાક્ષી પૂરે છે તથા નવોદિત સંપાદકો - પત્રકારોને પ્રેરણા પૂરી પાડે છે. આખરે તો સંપાદકનો ધર્મ પ્રજામતને વાચા આપવાનો છે... છતાં મર્યાદામાં રહીને દિશાસૂચક પણ થઈ શકે એ સત્યનો તાદશ નમૂનો આ લેખ છે. આપને એ બદલ પુનઃ પુનઃ વધાઈ.

'દિવાળી બાકી' લેખમાં કચ્છના સર્વાંગી વિકાસના પાયાના પ્રશ્નો પરત્વે ધ્યાન કેન્દ્રિત કરી એ પ્રત્યેની ગતિવિધિના લેખાજોખા... થઈ અને થવાની કે થવી જોઈતી કામગીરીનું સટીક અને વિહંગમ આલેખન સમગ્ર લેખને દસ્તાવેજ બનાવે તેવું છે.

હા, મારા તરફથી એક વિનમ્ર સૂચન એવું ખરું કે એવા વિષયોમાં આકાશવાણી - ભુજની સાંપ્રત સ્થિતિ તેમજ કામગીરી સંદર્ભે વિકાસલક્ષી દૃષ્ટિકોણ અપનાવતા શું શું થવું ઘટે એ વિશે પણ વાત થાય તો એક લગભગ ઉપેક્ષિત અને વણવપરાયેલા માધ્યમની શક્તિઓનો સમાજ - ઉન્નયનમાં વિનિયોગ થઈ શકે

આ ઉપરાંત એ જ વિષય પર 'ડાઉન ધ મેમરી લેન' જતાં યાદ આવે છે કે કેન્દ્રિય મંત્રી શ્રી પ્રમોદ મહાજનજીએ એલ.પી.ટી.વી. કેન્દ્રનો પાનન્ધ્રો ખાતે પ્રારંભ કરાવ્યો ત્યારે પૂર્વસાંસદ અને લોકલાડીલા નેતા પુષ્પદાન ગઢવીજીની ઉપસ્થિતિમાં કચ્છને દૂરદર્શન સેવાઓ માટેનું સ્ટુડિયોઝ સાથેનું સ્વતંત્ર કેન્દ્ર આપવાની ખાત્રી પણ આપી હતી. એ મુદ્દો પણ વિચારવા જેવો છે.

ભૂકંપોત્તર સમયમાં ઘણાં પરદેશી રાષ્ટ્રો દ્વારા કચ્છને મળેલી વિવિધ સહાય પૈકી એક એવો પ્લાન્ટ મોડકુબા (તા. માંડવી) ખાતે કાર્યરત થયો હતો અને તેનું લોકાર્પણ તે વખતના મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતા સાહેબના હસ્તે થવાનું યાદ છે. વળી, એવો જ પ્લાન્ટ નારાયણ સરોવર ખાતે ચાલુ કરવાની પ્રક્રિયા પણ એ જ અરસામાં શરૂ થઈ હતી. તો આ બંને, અત્યંત આવશ્યક્તાવાળા વિસ્તારોમાં આ યોજના કેમ આટોપાઈ ગઈ કે કેમ એનું બાળમરણ થયું એ પરત્વે ધ્યાન દઈ એ મુદ્દો ફરીથી ઉકેલવા જેવો છે.

વિવિધ વિષયોની ચર્ચા વિચારણા હેતુ આપે નેતૃત્વ લઈ આયોજન કરવા માટે સૂચવેલી સંસ્થાઓમાં કચ્છ ગ્રામ વિકાસ સમિતિ તથા વી.આર.ટી.આઈ. જેવી સંસ્થાઓનો નામોલ્લેખ પણ થયો હોત તો વધુ યોગ્ય લેખાત.

મુ.શ્રી કંસારા સાહેબ તેમજ આપની સમગ્ર ટીમના સહુ સભ્યોને સવિનય અભિવંદના સહ વધાઈ.

*જયંતી જોષી 'શબાબ' - ભુજ*
*મો. ૯૪૨૭૭ ૧૯૨૮૮*

★

## 'કચ્છશ્રુતિ'ના અંકોમાં સરસ લેખન સામગ્રી

'કચ્છશ્રુતિ' ખૂબ સુંદર રીતે અને સરસ લેખન સામગ્રી સાથે પ્રકાશિત થાય છે. વિવિધ - રસપ્રદ કૃતિઓ વાંચીને આનંદની લાગણી થાય છે. ધન્યવાદ. આ પૈકી શ્રી કિરણ ચાંપાનેરી લિખિત 'ગૂર્જર ધરા' લેખ ખાસ ગમ્યો. આ લેખમાં ગુજરાતની ધરતીનાં અણમોલ રત્નોની રસપ્રદ માહિતી આપેલ છે. તેમજ વિશિષ્ટ સ્થાનોનું વર્ણન છે. જય જય ગરવી ગુજરાત.

*ઇશ્વરભાઈ પરમાર, નવા વાડજ, અમદાવાદ*

★

## સમગ્ર કચ્છમાં દૂધ - દહીં - માખણ - ઘી વગેરે મિલાવટયુક્ત

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના દરેક અંકો ઉત્તમ કક્ષાના હોય છે, તે માટે ખૂબ ખૂબ અભિનંદન. વધુમાં ગામડેથી વધુ દૂધ ડેરીમાં જાય તેવા પ્રયાસ આદરવા અંગે વાસ્તવિક્તા એ છે કે, આજે ધનના લોભે, ઘરના બાળકોને દૂધથી વંચિત રાખી લોકો ડેરીએ દૂધ ભરાવે છે. બીજી બાજુ એ જ દૂધમાં મિલાવટ કરીને તેના પાઉચ ગામડાંની દુકાનોએ વેચાય છે. **તે પાઉચના એમ.આર.પી. ઉપરાંત વધારાની રકમ લેવામાં આવે છે. ફ્રીજ - વીજળી ચાર્જ માટે કચ્છભરમાં એમ.આર.પી.થી વધારે ભાવ લેવાય છે.** આ એક પ્રકારનો ભ્રષ્ટાચાર છે. તે સિવાય, છૂટક દૂધ વેચાણ કરનારા પાવડરના નકલી દૂધનું ઘરોઘર વિતરણ કરે છે. બાળકો એટલે ભારતનું ભાવિ. તેમને આ રીતે માયકાંગલા બનાવવા છે શું? હાલના સમયમાં દૂધ-દહીં - ઘી માખણ વગેરે મિલાવટ રહિત નથી જ. આ બાબતે સંકળાયેલા તેમજ ડેરી ઉદ્યોગોમાં ઉપલી કક્ષાએથી થતા કરોડોના ભ્રષ્ટાચારને ખુલ્લા પાડવા જરૂરી છે.

સંબંધિત સરકારી વિભાગો તેમજ તેના અધિકારીઓ યોગ્ય પગલાં લેશે તેવી અપેક્ષા.

*હરિદાસ કે. ઠક્કર - મસ્કા, કચ્છ*

# શબ્દ શોધ : ૫૬

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | ■ |
| ૬ | | | ■ | ૭ | ■ | ૮ | | |
| ■ | ૯ | | ૧૦ | ■ | ૧૧ | | | ■ |
| ૧૨ | ■ | ■ | ૧૩ | | | ■ | ■ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | ૨૦ | |
| ■ | ૨૧ | | ■ | ૨૨ | ■ | ૨૩ | | ■ |
| ૨૪ | ■ | ૨૫ | ૨૬ | | ૨૭ | | ■ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ■ | | ■ | | ■ | ૩૧ | |
| ૩૨ | | | | | | | | |

## આડી ચાવીઓ

૧. કચ્છમાં નખત્રાણા પાસે આવેલું તે તાલુકાનું એક ગામ (૩)
૩. કચ્છના પ્રવેશદ્વાર સમો એક તાલુકો (૩)
૬. હથિયાર, સાધન (૩)
૭. ત્રણ આંકડાની પહેલી સંખ્યા કે રકમ, શતક (૧)
૮. શરીર, કાયા તન (૩)
૯. થોડા રૂની ઓઢવાની ગોદડી (૩)
૧૧. નિર્ભય, ડર વિનાનું (૩)
૧૩. ડહાપણ, બુદ્ધિમત્તા, શાણા હોવાપણું (૩)
૧૫. ગણપતિ, ગણેશજી (૪)
૧૮. શ્રમ, મહેનત, પ્રયત્ન (૪)
૨૧. પુરુષ, આદમી (૨)
૨૩. 'સોળે સાન, વીસે ______ ' (૨)
૨૫. કદર કરનારૂં, સામાના કામની બૂજ કરનારૂં (૫)
૨૯. દુર્ગંધ (૨)
૩૧. ફાયદો, એક સારૂં ગણાતું ચોઘડિયું (૨)
૩૨. ભારતના પ્રથમ વડાપ્રધાન (૯)

## ઊભી ચાવીઓ

૧. કચ્છમાં જેસલ તોરલની સમાધિ કયા શહેરમાં આવેલી છે? (૩)
૨. જંગલની ઝાડીમાં થતું લાવરી જાતનું એક પક્ષી (૩)
૪. સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિની એક અટક (૩)
૫. પેટ (૩)
૧૦. ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો (૩)
૧૧. ઉપજ, પેદાશ, ઉત્પન્ન, લાભ (૩)
૧૨. અગ્નિ (૨)
૧૪. ચૂંટણી વખતે શું અપાય? (૨)
૧૬. "______ માં કોઈ જાણે નહીં હું લાડાની ફોઈ" (૨)
૧૭. દોજખ (૩)
૧૯. ઢોર, પશુ, જાનવર (૩)
૨૦. "______ હોય તો માળવે જવાય." (૨)
૨૨. "ધરતીનો છેડો ______", મકાન (૨)
૨૪. ધ્વનિ, શોર, 'શી...શ... અહીં ______ કરવાની મનાઇ છે'' (૩)
૨૬. કાનૂન, ધારો, કાયદો (૩)
૨૭. પ્રવેશ કરાવેલું હોય તેવું (૩)
૨૮. કોમળ કે પોચા સ્વભાવનું, સરળ, ભોળું, નિર્દોષ (૩)
૩૦. "શેરને માથે ______ શેર." (૨)
૩૧. ઇચ્છા, લગની (૨)

## શબ્દશોધ : ૫૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પ્ર | સ | વ | ■ | કા | ર | ત | ક | ■ |
| ■ | મા | ત | તા | ત | ■ | ■ | ર | જા |
| ગાં | ધી | ન | ગ | ર | ગા | થા | ■ | ગી |
| ધી | ■ | ના | ડ | ■ | થા | ણા | દા | ર |
| ધા | ■ | વા | ■ | મે | ■ | ■ | સ | દા |
| મ | હા | વ | ત | ■ | ના | ■ | જ | ર |
| ■ | ક | ડ | બ | ■ | ન | વી | ન | ■ |
| ન | ■ | ■ | લ | ખ | પ | ત | ■ | મો |
| ખ | જા | ન | ચી | ■ | ■ | ક | તા | ર |

## શબ્દ શોધ : ૫૪/૫૫નો ઉકેલ મોકલાવનારના નામ

- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- પ્રભુલાલ આર. સિધ્ધપુરા - ગાંધીધામ
- રશ્મિ એમ. સાવલા - ભુજ
- રાકેશ કે. ગાંધી - અંજાર
- નીલેશ વી. શાહ - ભુજ
- વિનય ડી. આશર - માંડવી

# મેઘધનુષ

## નોટું કુછેં તીયું

ન્યારેઓ નોટેં જો સંવાદ
વાદ ક વિખવાદ?

હજારવારી ચે સો વારી કે
જીયણ મુંજો અણમોલ!

મુંકે વાલ કરેતી ધુનિયાં
તો નું ડો ઘણું મુંજો મૂલ.

આઉં અમીરેં જી અમીરી
મુંજો વડો આય ઠાઠ

તોકે ડિસી રંક જન
મનમેં કરીએં માઠ

ચૂપ થઈ સૂણે સો વારી
મનમેં જલેતી માઠ

'હરિ' મોદી જે સપાટે
ઝુરેઓ હજારીજો ઠાઠ

## સુનામીજો સપાટો

સુનામી સપાટો ડિનેં
અઠ-અગીયારો જી રાત

પંજ સો - હજારજી પંચાત મેં
માડુ જાગી કઢેંઆં રાત

શીયાડ થઈ સટું કઢેંતા
જૂકો ભનેઆતે સિંહ

'હરિ' કૂડી કમાણી કંધલ
તારા ડિસેંતા ધોરે ડીં.

*હરિદાસ કે. ઠક્કર 'હરિ' - મસ્કા, કચ્છ*

*નિર્બળતાનો ઉપાય તેનો વિચાર કર્યા કરવો એ નથી, પણ શક્તિનો વિચાર કરવો એ છે. મનુષ્યોમાં જે શક્તિ પહેલેથી જ છે તેની કેળવણી આપો.*

## ભુજ શહેરનો સ્થાપના દિન

કચ્છના પાટનગર ભુજ શહેરની ગાથા છે યાદગાર
માગશર સુદ પાંચમ સંવત ૧૬૦૫માં સ્થાપના કરનાર
કચ્છના મહારાવશ્રી જાડેજા વીર પહેલા ખેંગાર (૧)

કચ્છ દેશની કુળદેવી માતા આશાપુરા
જાજરમાન સ્વરૂપમાં દીપી ઊઠે મધુરા
માતાના દરશન કરતાં શ્રદ્ધાળુઓ આનંદ પામે અપાર (૨)

કલાત્મક મંદિરમાં સ્વામિનારાયણ બિરાજે
આરતીને ઘંટારવથી મધુર ધ્વનિ ગાજે
ભક્તિ સુખ સંપત્તિ દેવામાં ઘનશ્યામ મહારાજ ઉદાર (૩)

દરબારગઢનો અતિ સોહામણો રાજમહેલ
કલાત્મક નકશીકામથી શોભતો આઈનામહેલ
મહોલ્લાતની પ્રતિભા વચ્ચે ટાવરમાં થાય મીઠો રણકાર (૪)

હમીરસરનાં પાણી જેવી મીઠી મધુરી કચ્છી વાણી
કચ્છના ઈતિહાસમાં હમીરસરની ગાથા લખાણી
ભુજ શહેરનો નયનરમ્ય હમીરસરનો શણગાર (૫)

પાટવાડીના નાકે ખારી નદી ને શિવને પ્યારૂં સ્મશાન
યોગિની આનંદ લહરી માજીશ્રીએ આહીં આપ્યું યોગદાન
માજીશ્રીનો ઉપદેશ ને યોગદાન યાદ રહેશે લગાતાર. (૬)

મહાદેવનાં નાકે દેવ દેવીઓના મંદિર ચોફેર
ઉત્સવો ઉજવી કચ્છી માડુ આંહી કરતાં લહેર
સૌના દુઃખડા હરતો આંહી બેઠો જગ તારણહાર. (૭)

વાણિયાવાડનો વિસ્તાર ભુજનો શણગાર
બુધ્ધિપ્રદાન વાતોનો આંહી જોવા મળે અણસાર.
વ્યવસ્થિત ચાલતો આંહી લોકજીવન વ્યવહાર. (૮)

ભીડનાં નાકે ભુજિયો કિલ્લો ભુજનું રક્ષણ કરતો
રાતદિવસ ચોકી કરતો સતત સજાગ રહેતો
ભુજને મળ્યો છે અડીખમ દ્વારપાળ વફાદાર. (૯)

સરપટનું નાકું ભુજનું હૃદય જીવનનો આધાર
પ્રેમની ગંગાનો મહાપ્રવાહ વહેતો આંહી લગાતાર
સૌનો માલિક એક જ છે, પરમેશ્વર પરવરદીગાર. (૧૦)

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## રોકડેંજી રામાયણ

અઠ નવેમ્બર આકરી સન સોરોજી સાલ
હાલાકી પંજ-ડો હજારમેં ભંધ નોટું ભૂછડા હાલ
મુધત પિંજા ડીં મિલઇ સરકાર કરે સવાલ
ભધલાય ગિને ઇ ભાયડા બ્યા કરીયેં વિઠા બબાલ
કારે નાંણેંજી કમાલ
બેન્કું છિલકી બરૂક્યું.....

બેન્કું છિલકેં બરૂક્યું લગેં લાઈન લારોલાર
ભ્રષ્ટાચારમેં ભેરો ક્યોં કરચોરીજી કતાર
જમા કર્યું ત જીંધ છૂટે ન કાં પસ્તીજો ન પાર
અટકલું લગાઇયેં આસામી ગોતીયેં વિઠા ગમાર
તોજે ખાતેમેં વિજ યાર
અઇયેં મુંજો અજીજ તું.....

ચેં અઇયેં મુંજો અજીજ તું ૫ સરકારસેં ભેજાર
પિંજા ડીંજા પાંપરા થિયેં લખજા સિત્તેર હજાર
સોન ગિડોં સોરો વલો તોય રૂપિયા ભચેં ચિકાર
સલાઉ ગિનેં સી.એ.સેં કિંક ગોઠવણ કરી ઉકાર
મિણીં બાજુજી માર
ભેરો ક્યો સે ભંધ થ્યો.....

ભેરો ક્યો સે ભંધ થ્યો નાણું અપરંપાર
બિલ્ડર ફથા બરૂકા હાણે વિકણો કીં વેવાર
ધ્રા લગે ધુતારેંકે વડો ખોટો કરીયેં વેપાર
સરકાર થિઈ સતેજને ઇન્કમટેક્ષવારા ધાર
હિકડે જા ક્યોં ચાર
'પ્રભુ' મોદી સાહેબ મુઠો ડિનોં.....

***પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ***

## ધોરો રણ

ચમકે વિઠો ચાંધનીમેં કચ્છજો ધોરો રણ,
ઉમટી આયો અજબજો માનવ મહેરામણ,
રંગત આય રણોત્સવજી જિજા વિદેશી જણ,
ભરચક તંભૂ ટેન્ટસિટી રિસોટ આય તોરણ,
ભૂંગા ભરાણા સૂણ
રણોત્સવ આયો કચ્છજો...!

રણોત્સવ હી કચ્છજો ધોરડો ધામા ન્યાર,
સફર કરીયેં સેલાણી ઉઠગાડીસેં પાર,
કિંમત મિડે કચ્છીયતજી ને સંસ્કૃતિજો સાર,
રેંયાણ થીયે રાતજો ને હસ્તકલા સંભાર,
કસબી ને કલાકાર
ચૂગે વિઠી ચાંધની...!

ચૂગે વિઠી ચાંધની સિયારે હરસાલ,
કચ્છ ન ડિઠો ત કિં ન ડિઠો બચ્ચન ચિઈ વ્યા ગાલ,
પતંગ ઓછવ પૂડ મથે માણીયેં મોજ કમાલ,
કચ્છીયતજી કલાજો ધુનિયાં મચે ધમાલ,
ધોરે રણજા હાલ હવાલ
'પ્રભુ' કચ્છ મુલક કેસરી...!

***પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ***

## શુધ્ધાત્મા છું

હું શરીર નથી પણ આત્મા છું
મને ક્યાં ખબર શુધ્ધાત્મા છું.

મને શસ્ત્રો છેદી શકે નહીં
દીવારો પણ ભેદી શકે નહીં
હું એક એવો મહાત્મા છું
હું શરીર નથી પણ આત્મા છું.

સૂરજ મને બાળી શકે નહીં
દરિયો પણ મને પલાળી શકે નહીં.
હું એક એવો પવિત્રાત્મા છું
હું શરીર નથી પણ આત્મા છું.

પવન મને સૂકવી શકે નહીં
સમય પણ મને થકવી શકે નહીં
હું એક એવો અજરાત્મા છું
હું શરીર નથી પણ આત્મા છું.

શરીર મરે, હું મરતો નથી
સિતારો છું જે કદી ખરતો નથી.
હું એક એવો અમરાત્મા છું
હું શરીર નથી પણ આત્મા છું.

***રજનીકાંત ઓઝા, એડવોકેટ, ભુજ - કચ્છ***
***મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરી

### અગત્યની જાહેરાત

**★ નામનો સમાવેશ હશે તો વિનામૂલ્યે ★ અન્યોને રૂા.૫૦૦/- ની કિંમતે વિતરણ**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની નામ-સરનામા-ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ એકત્રિત કરવાની કાર્યવાહી લગભગ પૂર્ણાહૂતી તરફ આગળ વધી રહેલ છે. લગભગ ૩૦૦૦ પરિવારોની માહિતી આ ડિરેક્ટરીમાં પ્રસારિત કરવામાં આવશે.

આ એક અલભ્ય ડિરેક્ટરી બનવા જઈ રહેલ છે કે જેમાં અમદાવાદ-ગાંધીનગર જિલ્લા સ્થિત મોટા ભાગના કચ્છી પરિવારોના નામ-સરનામાની માહિતી ઉપલબ્ધ કરવામાં આવશે. દરેક કચ્છી પરિવારના ટેબલ પર આ એક એવો ગ્રંથ હશે કે જેમાં આ જિલ્લામાં વસવાટ કરતા દરેક કચ્છી પરિવારોના મોબાઈલ નંબર, ઘરના સરનામા, વ્યવસાયના સરનામા, વગેરે માહિતી સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકશે. જે પરિવારો પોતાના નામ-સરનામાની વિગતોનો આ ડિરેક્ટરીમાં સમાવેશ કરાવવાથી વંચિત રહેશે તેઓ હંમેશને માટે મળતી એક અલભ્ય માહિતીના લાભોથી વંચિત રહેશે.

કદાચ આ માહિતીપ્રદ ગ્રંથને ‘ઓન લાઈન’ પર પણ મૂકવામાં આવશે અને જરૂરિયાત મુજબ ભવિષ્યમાં તેમાં સુધારા-વધારા પણ કરી શકાશે.

હજુ પણ જે ઘટક સમાજો કે જેઓ પોતાના સમાજ - પરિવારજનોના ફોર્મ્સ મોકલી આપવા પૂરતા સક્રિય રહેલ નથી તેઓને લગભગ આ છેલ્લી અપીલ કરવામાં આવી રહેલ છે કે તેઓ શક્ય ત્વરાએ પોતાના સમાજ - પરિવારજનના ફોર્મ્સ ભરીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફીસ પર પહોંચતા કરે કે જેથી એ પરિવારોની વિગતોનો પણ આ ડિરેક્ટરીમાં સમાવેશ થઈ શકે.

આ ડિરેક્ટરીના એક પેઈઝ પર ૪ પરિવારોની માહિતી પ્રસારિત થઈ શકશે. લગભગ ૩૦૦૦ નામોની સામે ૭૫૦ થી ૮૦૦ પેઈઝના આ ગ્રંથ બે ભાગમાં પ્રસારિત થઈ શકશે.

આ ડિરેક્ટરીમાં જે તે વ્યક્તિના મૂળ નામ પ્રમાણે અંગ્રેજી મૂળાક્ષરના A,B,C,D ના ક્રમાંકમાં પ્રસારિત કરવામાં આવશે કે જેથી કરીને તેનો ઉપયોગ કરનારને સહેલાઈથી ઈચ્છીત વ્યક્તિના નામ-સરનામાની વિગત સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે.

**જે પરિવારના નામ-સરનામાની માહિતી આ ગ્રંથમાં ઉપલબ્ધ હશે તેઓને બે ભાગનો આ ગ્રંથ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. અન્યોને તેની કિંમત રૂા.૫૦૦/- ના એક સેટના હિસાબે ચૂકવવાના રહેશે.**

આ ડિરેક્ટરીમાં કોઈપણ કચ્છી પરિવારના વ્યવસાયની જાહેરાત એક અલભ્ય જાહેરાત બની રહેશે. આપશ્રી આપશ્રીના વ્યવસાયનો પરિચય કોઈપણ કચ્છી પરિવારને ખૂબજ વ્યવસ્થિત રીતે આ જાહેરાતના માધ્યમથી આપી શકશો. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આ સાહસને બિરદાવવા અને તેમાં આપશ્રીનું પણ યોગદાન છે એ નાતે પણ આપશ્રી આપશ્રીના વ્યવસાયની જાહેરાત આપશો તો એક સુંદર આયોજનને પણ આપશ્રીનો અમૂલ્ય સહકાર મળી રહેલ છે એ રીતે ગણના કરવામાં આવશે.

## જાહેરાતના દરો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ● કવર પેઈજ નં. ૪ | રૂા. ૫૦,૦૦૦/- (એક વોલ્યુમના) |
| ● કવર પેઈજ નં. ૩ | રૂા. ૩૦,૦૦૦/- (એક વોલ્યુમના) |
| ● કવર પેઈજ નં. ૨ | રૂા. ૩૦,૦૦૦/- (એક વોલ્યુમના) |
| ● કવર પેઈજ નં. ૩ની સામેનું પાનું | રૂા. ૨૫,૦૦૦/- (એક વોલ્યુમના) |
| ● કવર પેઈજ નં. ૨ની સામેનું પાનું | રૂા. ૨૫,૦૦૦/- (એક વોલ્યુમના) |

## તદ્ ઉપરાંત અંદરના પાના પરની જાહેરાતના દર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| પ્રકાર | ફૂલ પેઈજ (રૂા.) | હાફ પેઈજ (રૂા.) | ક્વાર્ટર પેઈજ (રૂા.) |
|---|---|---|---|
| ● અંદરનું પાનું મલ્ટી કલર | ૧૦,૦૦૦/- | ૬,૦૦૦/- | ૩,૫૦૦/- |
| ● અંદરનું પાનું સીંગલ કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૫૦૦/- |
| ● અંદરનું પાનું બ્લેક એન્ડ વ્હાઈટ | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- |
| ● બોટમ પટ્ટી : ૧" સાઈઝ (બ્લેક એન્ડ વ્હાઈટ) | ૧,૦૦૦/- દરેકના | | |

*આપશ્રીના ત્વરીત સહકારની અપેક્ષા સહ,*

**ભરત ઓઝા**

**કન્વીનર : નામ-સરનામા-ટેલિફોન ડિરેક્ટરી સમિતિ**

**(મો. : ૯૮૨૫૭ ૧૪૮૩૩)**

## હેપ્પીનેસ

સાઈકલ પર હો તો એમ લાગે કે ગરમી થાય છે, મોટી એ.સી. કાર જોઈએ. કારમાં હો તો એવું થાય કે યાર ટ્રાફિકમાં ફસાઈ જવાય છે, સાઈકલ હોત તો નીકળી ગયા હોત. હેપ્પીનેસ, એ હાઈપર ઈમોશન છે. જ્યાં હોઈએ ત્યાં આપણે હેપ્પી નથી.

માણસ ઘરથી ચેન્જ લેવા દૂર હિમાલયના પ્રવાસે જાય અને ત્યાં હોટલમાં ઉતરી પહેલું કામ ઘેર લાંબો ફોન કરવાનું કરે.

જગતમાં થયેલા ત્રણ ત્રણ રિસર્ચ ગવાહી પૂરે છે કે ઘટનાની તમન્ના અને કલ્પનામાં જે આનંદ છે, એ એક્ચ્યુઅલ એ ઘટના બને છે, ચીજ મળે છે, ત્યારે એટલો હોતો નથી.

ટેમ્પરેચર ૧૦૪ થઈ જાય તો દુઃખી થઈ જવાય. એ ૧૦૧ થઈ જાય તો હેપ્પી થઈ જવાય. ૧૦૧ પણ તાવ જ છે, છતાંય આગલા અનુભવ કરતાં રાહત મળતાં સારું લાગે છે. કેન્સરની શક્યતા માટે બાયોપ્સી કરાવેલ હોય અને ટી.બી. નીકળે, તો ધારણા કરતાં નુકસાન ઓછું થતાં, રોગ થયો હોવા છતાં દર્દી હેપ્પી થઈ જાય છે.

ઉપરોક્ત દાખલા પરથી એ ચોક્કસ લાગે છે કે હેપ્પીનેસ એ ફિલિંગ છે. જોય, સેટિસફેક્શન, વન્ડર, લવ – એવું બધું ફીલ થાય ત્યારે આપણે હેપ્પી હેપ્પી થઈ જઈએ. ગીલ્ટ, એન્ઝાયટી, ફીઅર, એંગર – એવું ફીલ થાય તો સેડ થઈ જઈએ.

ભારતના તત્ત્વદર્શનમાં યુગોથી સમજાવેલ છે એ પ્રમાણે હેપ્પીનેસ ક્ષણિક આનંદમાં નથી પણ બીજાઓ માટે નિસબત રાખી, કેવળ અન્યના હિતાર્થે આગળ વધી, પોતાના સ્વાર્થ છોડી, જાતે પીડા વેઠીને પણ માનવજાતનું કશું કલ્યાણ કરવાના, જાતને જગત માટે જવાબદાર બનાવવાના ઉમદા હેતુમાં છે. સુખ કેવળ સફળતામાં નથી, સાર્થકતામાં પણ છે. ■

# પરિવાર સમાચાર

## શુભ લગ્ન

★ **રવિવાર, તા. ૧૩-૧૧-૨૦૧૬**

● ચિ. રચના પ્રવીણભાઈ રામજીભાઈ નાકરાણી (આમારા - અમદાવાદ)
ચિ. સ્નેહ મોહનભાઈ લાલજીભાઈ ચૌહાણ (આમારા - કઠલાલ, ખેડા)

● ચિ. દિપ્તી ભવાનભાઈ લખમશીભાઈ લીંબાણી (દયાપર - અંકલેશ્વર)
ચિ. ધવલ શાંતિલાલ અરજણભાઈ (નાગલપર - ધોળકા, અમદાવાદ)

● ચિ. મોનિકા મહેન્દ્રભાઈ નાનજીભાઈ (ઘડુલી - અમદાવાદ)
ચિ. આનંદ ગોપાલભાઈ કરમશીભાઈ (નાની વિરાણી - મંજીપુરા, નડિયાદ)

● ચિ. આરતી ઘનશ્યામભાઈ વાલજીભાઈ વાડીયા (ટોડીયા - અમદાવાદ)
ચિ. મનિષ રવિલાલ અરજણભાઈ (દેશલપર - વ્યારા, વાપી)

● ચિ. હિના રમેશભાઈ વેલજીભાઈ વાડીયા (ટોડીયા - અમદાવાદ)
ચિ. નિયંત જયંતિભાઈ ધનજીભાઈ ચૌહાણ (ખોંભડી - ડભોઈ)

● ચિ. હસ્મિતા મનસુખભાઈ વાલજીભાઈ લીંબાણી (નખત્રાણા - અમદાવાદ)
ચિ. હિમાંશુ વિનોદભાઈ ખીમજીભાઈ બાથાણી (મોટી વિરાણી - અમદાવાદ)

● ચિ. ચાંદની ગોવિંદભાઈ જશરાજભાઈ છાભૈયા (દેવીસર - અમદાવાદ)
ચિ. આકાશ પ્રવિણભાઈ નરસિંહભાઈ નાકરાણી (મોટી વિરાણી - તલોદ)

● ચિ. હરેશ્વરી નરેન્દ્રભાઈ દેવશીભાઈ છાભૈયા (દેવીસર - અમદાવાદ)
ચિ. કેવલ શંકરભાઈ માવજીભાઈ રામાણી (કોટડા - અમદાવાદ)

● ચિ. ભૂમિકા ભરતકુમાર નારાણભાઈ લીંબાણી (નખત્રાણા - અમદાવાદ)
ચિ. નયન નારાયણભાઈ સોમજીભાઈ રવાણી (ખોંભડી - ગાંધીધામ)

***નોંધ* : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોન પ્રેરિત સમૂહલગ્ન આયોજન સમિતિ દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે ષષ્ઠમ્ સમૂહ લગ્નોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયેલ હતો. તે પૈકી અમદાવાદ સ્થિત લગ્નોની યાદી ઉપર મુજબ છે.**

● **સોમવાર, તા. ૨૧-૧૧-૨૦૧૬**
ચિ. કુંજ રાજેશભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા (માંડવી - અમદાવાદ)
ચિ. મૈત્રિક રમેશભાઈ કેશવલાલ પટેલ (અમદાવાદ)

★ **રવિવાર, તા. ૪-૧૨-૨૦૧૬**

● **ચિ. ચાર્મિ**
(પુષ્પાબેન અને હસમુખભાઈ ગઢેચાની સુપુત્રી)
**ચિ. નિરલ**
(રિમાબેન અને સંજયભાઈ શાહના સુપુત્ર)

## અવસાન નોંધ

● **શનિવાર, તા. ૧૨-૧૧-૨૦૧૬**
શાંતાબેન વાડીલાલ રામજીભાઈ પંચાલ (ઉં.વ.-૫૨)
(બાદરગઢ / રાપર - અમદાવાદ)
(શ્રી વાડીલાલ રામજીભાઈ પંચાલ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય અને પૂર્વ માનદ્ મંત્રી છે.)

***પ્રભુ સદ્ગતશ્રીના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***


## શિયાળુ પાક - અડદિયા લાડુ

જેઓને પણ શિયાળુ પાક - અડદિયા લાડુ જોઈતા હશે તેઓને વિનંતી કે તેઓ પોતાના ઓર્ડર ફોન દ્વારા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ફોન નંબર ૨૬૫૭ ૬૧૮૪ / ૪૦૦૭ ૬૧૮૪, ૯૬૦૧૨ ૭૫૦૭૮ પર નોંધાવી બીજે કે ત્રીજે દિવસે પોતાના ઓર્ડર મુજબનો માલ સમાજના કાર્યાલયમાંથી મેળવી લે.

★ અડદિયા લાડુ ડ્રાયફ્રુટ સાથેના શુદ્ધ ઘી માંથી બનાવેલ છે.
★ તેનો ભાવ ૫૦૦ ગ્રામના પેકિંગના રૂા. ૨૦૦/- રાખવામાં આવેલ છે.
★ સત્વરે આપશ્રી આપના ઓર્ડર બુક કરાવી શકો છો.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી યુથ ફોરમ આયોજિત અદાણી પોર્ટ - ઇન્ડસ્ટ્રીયલ ટૂર પ્રોગ્રામ

કચ્છી યુથ ફોરમ દ્વારા જાન્યુઆરી, ૨૦૧૭ દરમિયાન મુંદ્રા અદાણી પોર્ટ, અદાણી વિલમાર તેમજ અદાણી પાવર પ્રોજેક્ટની ઈન્ડસ્ટ્રીયલ ટૂર યોજવાનું વિચારાધીન છે. આ ઈન્ડસ્ટ્રીયલ ટૂર પ્રોગ્રામમાં જોડાવા ઇચ્છતા કચ્છી યુવક-યુવતીઓએ તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પાલડી, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર સ્થિત કાર્યાલય પર પોતાનું નામ નોંધાવી દેવા વિનંતી છે.

નામ નોંધાવતી વખતે ફોટો આઈ.ડી. તથા રૂા. ૫૦૦/- ટોકન રજિસ્ટ્રેશન ફી કાર્યાલય ખાતે મોકલી આપવા વિનંતી. આ સિવાયનો કોઈપણ ચાર્જ ભરવાનો રહેશે નહીં.હાલ નક્કી થયા મુજબ પહેલા દિવસે વહેલી સવારે અમદાવાદથી મુંદ્રા જવાનું તથા બીજા દિવસે રાત સુધીમાં પરત આવવાનું રહેશે.

સ્કૂલ / કોલેજમાં અભ્યાસ કરનાર યુવાવર્ગ આ ઈન્ડસ્ટ્રીયલ ટૂરમાં જોડાય તે ઇચ્છનીય છે.

***પોતાનું નામ રજિસ્ટર્ડ કરાવવા નીચે જણાવેલ સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.***

***સંજય રાઠોડ : ૯૮૯૮૯ ૧૪૯૮૪***

***સંજય સંઘવી : ૯૮૨૪૭ ૮૫૯૨૯***

***નીપાબેન શાહ : ૯૫૫૮૦ ૨૨૯૦૨***

***કન્વીનર, કચ્છી યુથ ફોરમ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## રંજનાબેન માંકડ એકાઉન્ટન્ટ જનરલની કચેરીમાંથી નિવૃત્ત થયા



‘કચ્છશ્રુતિ’માં પ્રકાશિત થતી ‘કલરવ’ કોલમના સંપાદનકર્તા દિનેશભાઈ માંકડના ધર્મપત્ની રંજનાબેન માંકડ ૧૯૭૯માં સ્ટાફ સિલેક્શન કમિશનની સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ઑડિટર તરીકે પસંદગી પામી, સિનિયર એકાઉન્ટન્ટ બની અને ત્યારબાદ સુપરવાઇઝર (વર્ગ-૨) તરીકે બઢતી પામીને દીર્ઘકાલીન સેવા આપી, એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદની કચેરીમાંથી તાજેતરમાં નિવૃત્ત થયા છે. તેમનાં કાર્યકાળ દરમિયાન કચેરીના વિભાગોમાં આવતી વિવિધ ફરજો નિષ્ઠાપૂર્ણ રીતે બજાવી છે. ઉપરાંત કચેરીમાં યોજાતા વિવિધ પ્રસંગો - સ્પર્ધાઓ, હિંદી દિવસ, નિબંધ, ક્વિઝ, સુલેખન, પ્રાર્થના, સુગમ ગીત, સુલેખન, નાટીકા, કાવ્ય પઠન, ગરબા જેવી અનેક પ્રતિયોગીતામાં અગ્રસ્થાન પ્રાપ્ત કરેલ છે. અમદાવાદની તમામ કેન્દ્ર સરકારની કચેરીઓ માટે યોજાયેલ ‘સ્ટાર્ટ-અપ ઈન્ડિયા’ નિબંધ સ્પર્ધામાં તેમને ‘ઇસરો’ ખાતે યોજાયેલ એક સમારંભમાં પુરસ્કૃત કરાયા હતા.

એ.જી. ઑફિસ દ્વારા યોજાયેલ વિદાય સમારંભમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ સુશ્રી રૂપલ પ્રકાશના હસ્તે બહોળા પ્રમાણમાં સહ કર્મચારીઓની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવેલ હતું. રંજનાબેને નિવૃત્તિ બાદ પોતાનો સમય સંગીત, સંસ્કૃત, સાહિત્ય, સેવા અને પરિવારજનો માટે સમર્પિત કરશે તેવી તેમણે અભિલાષા વ્યક્ત કરી હતી. ■

## “મૈત્રી”

## શ્રી મનુભાઈ શાહ પરિવાર – નૂતન નિવાસસ્થાને

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ શ્રી મનુભાઈ ગોવિંદભાઈ શાહ પરિવાર – ગૂર્જર પ્રકાશન, અમદાવાદમાં નવરંગપુરા ખાતે તેમના નૂતન નિવાસ સ્થાન ‘‘મૈત્રી’’માં ગત ધનતેરસના દિવસથી રહેવા ગયેલ છે.

*• નૂતન નિવાસ સ્થાન •*

૨૮, સ્વાતિ સોસાયટી, રિલાયન્સ ફ્રેશ સામે, યુકો બેંક ચાર રસ્તા પાસે, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, દર્પણ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ.

***તેમના ઉપરોક્ત નૂતન નિવાસ સ્થાન બદલ ખૂબ ખૂબ અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.*** ■

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૬

★ **બુધવાર, તા. ૨૬-૧૦-૨૦૧૬**

- અગાઉથી નિયત કરેલ હોવાથી મોટાભાગના લોકો આજે પોતાની દીપોત્સવી વાનગીઓ સમાજની ઓફિસ પર રૂબરૂ આવીને લઈ ગયેલ હતા. શ્રી રાજુભાઈ વસા, શ્રી ભરત શાહ, શ્રી ઈતેશ ચૌહાણ, શ્રી સંજય ઠાકોર વગેરે તે અંગે આખો દિવસ કાર્યરત રહેલ હતા.

★ **ગુરૂવાર, તા. ૨૭-૧૦-૨૦૧૬**

- આજે વાઘબારસ. બાકી રહેતા સભ્યોએ અગાઉથી નોંધાવેલ દીપોત્સવી વાનગી આજે સમાજની ઓફિસેથી મેળવી લીધેલ હતી.

★ **શુક્રવાર, તા. ૨૯-૧૦-૨૦૧૬**

- આજરોજ સરસ્વતી સન્માન સમિતિના કન્વીનર શ્રી દીપકભાઈ ચૌહાણ તથા સભ્યશ્રી ભરતભાઈ ઓઝા સાથે વાત થઈ. તા. ૨૫-૧૨-૨૦૧૬ના રોજ સરસ્વતી સન્માનનો કાર્યક્રમ ન રાખવો પરંતુ કચ્છશ્રુતિ, નવેમ્બર-૨૦૧૬ના અંકમાં તે અંગે જાહેરાત આપવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **સોમવાર, તા. ૭-૧૧-૨૦૧૬**

- દીપોત્સવી તહેવાર પછી આજે પ્રથમ વખત ઓફિસ ખોલી સમાજના કામકાજના શ્રીગણેશ કર્યા.
- ક્રેડિટ સોસાયટીમાં બાકી રહેતા ૫-૬ પ્રમોટર સભ્યોને સમાજની ઓફિસ પર રૂબરૂ આવી જરૂરી સહીઓ કરી જવા જણાવ્યું.
- શ્રી નીરલ એમ. શાહે સી.ટી. સ્કેન મશીન તથા એમ.આર.આઈ. મશીનના જરૂરી મોડેલ નંબર તથા તેના ભાવ મોકલી આપ્યા.
- શ્રી વાગડ લોહાણા મહાજનના તૈયાર કરવામાં આવેલ ૨૪ ફોર્મ શ્રી ભરત ઓઝાને ત્યાં મોકલી આપ્યા.

★ **મંગળવાર, તા. ૮-૧૧-૨૦૧૬**

- આજ દિવસ સુધીનું લાઈબ્રેરી બુક્સનું ફાઈનલ લિસ્ટ ટાઈપ કરાવ્યું.

★ **બુધવાર, તા. ૯-૧૧-૨૦૧૬**

- શ્રી ગોરધનભાઈ કવિ, વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ - માંડવીને લાઈબ્રેરી બુક્સનું લિસ્ટ મોકલી આપ્યું.

★ **ગુરૂવાર, તા. ૧૦-૧૧-૨૦૧૬**

- શ્રી જગદીશભાઈ ઠક્કર તથા શ્રી દીપકભાઈ ચૌહાણ આવીને પ્રમોટર સભ્ય તરીકે ક્રેડિટ સોસાયટીના જરૂરી પેપર્સ પર સહી કરી ગયેલ હતા.
- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના પ્રિન્ટીંગ માટે ફોરમેટનું સેમ્પલ બનાવ્યું.

★ **શુક્રવાર, તા. ૧૧-૧૧-૨૦૧૬**

- શ્રી હસમુખભાઈ ખીમજી મહેતા રૂબરૂ આવીને પ્રમોટર સભ્ય તરીકે ક્રેડિટ સોસાયટીના જરૂરી પેપર્સ પર સહી કરી ગયા.

★ **શનિવાર, તા. ૧૨-૧૧-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ માનદ્ મંત્રી શ્રી વાડીલાલ રામજી પંચાલના ધર્મપત્ની શાંતાબેનના અવસાન નિમિત્તે આજે તેમને ત્યાં પ્રાર્થના સભા યોજેલ હોવાથી ત્યાં શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા.

★ **રવિવાર, તા. ૧૩-૧૧-૨૦૧૬**

- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોને તેમના સમાજના પરિવારજનો માટે ઉમિયા સંસ્થાન, એસ.જી. હાઈવે પર સમૂહલગ્નનો કાર્યક્રમ યોજેલ હતો કે જેમાં ૧૪ જોડકાઓએ ભાગ લીધેલ હતો. કચ્છ કડવા પાટીદાર સમાજ તરફથી આ એક ઉમદા પ્રવૃત્તિ છેલ્લા કેટલાક વર્ષથી યોજવામાં આવી રહેલ છે. હાલે સમાજના પ્રમુખ શ્રી બાબુભાઈ માકાણી છે જ્યારે સમૂહ લગ્ન સમિતિની સંપૂર્ણ જવાબદારી શ્રી નરસિંહભાઈ પટેલ (ટીમ્બર પોઈન્ટ) અદા કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી શ્રી અશોક મહેતા તથા શ્રી ભરત ઓઝા ઉપસ્થિત રહેલ

હતા. કાર્યક્રમ સમયે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવેલ હતું.

★ **સોમવાર, તા. ૧૪-૧૧-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણીનું લિસ્ટ ફાઈનલ કરવામાં આવ્યું. લગભગ ૧૦૦થી વધુ વ્યક્તિઓ પાસેથી બાકી રહેતી રકમ લેવાની નીકળે છે. દરેકને અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાનો હિસાબ વહેલી તકે ક્લિયર કરાવી આપે. સમાજ આ એમાઉન્ટથી, આગળ સારા એવા કાર્યો કરી શકશે.

★ **બુધવાર, તા. ૧૬-૧૧-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણીના પત્રો જે તે મહાનુભાવોને મોકલી આપવામાં આવ્યા.

★ **ગુરૂવાર, તા. ૧૭-૧૧-૨૦૧૬**

- શ્રી હીરેન પલણ સમાજની ઓફિસ પર રૂબરૂ આવી ક્રેડિટ સોસાયટીના પેપર્સ પર જરૂરી સહી કરી ગયેલ હતા.

★ **શુક્રવાર, તા. ૧૮-૧૧-૨૦૧૬**

- જૂના રેકોર્ડના આધારે ‘કચ્છશ્રુતિ’ના ડિપોઝીટ ધારક ગ્રાહકો, લવાજમ ભરીને બનેલ ગ્રાહકો તથા કોમ્પ્લીમેન્ટરી કોપી મોકલાય છે તે મહાનુભાવોના વર્ગીકરણ કરવાની શરૂઆત કરી. આ કાર્ય લગભગ આવતા પંદર દિવસ લગી ચાલે તેવી શક્યતા છે.

★ **શનિવાર, તા. ૧૯-૧૧-૨૦૧૬**

- પત્ર તથા ટેલિફોન પરના ફોલો-અપના કારણે કેટલાક મહાનુભાવોએ તેમના ડ્યુ એમાઉન્ટ મોકલવાના શરૂ કરેલ છે.

★ **રવિવાર, તા. ૨૦-૧૧-૨૦૧૬**

- રૂા. ૫૦૦/૧૦૦૦ની કરન્સી રદ્દ થવાના અનુસંધાને કેટલાક તજજ્ઞો કચ્છશ્રુતિના ડિસેમ્બર-૨૦૧૬ના અંક માટે પોતાના લેખો મોકલી આપે તેના અનુસંધાને આ પ્રકારના તજજ્ઞોને ફોન કરવાના શરૂ કર્યા.

★ **સોમવાર, તા. ૨૧-૧૧-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ખજાનચી તથા શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ચેરમેન શ્રી મનુભાઇ કોટડિયાની વિદેશ સ્થિત ભત્રીજીના લગ્ન સમારંભમાં આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી અશોક ર. ઠક્કર, શ્રી રઘુરામ બાપા, શ્રી દિનેશ મહેતા, શ્રી અતુલ સોની, શ્રી જયમીન સોની, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી દીપક ચૌહાણ, શ્રી સંજય રાઠોડ, શ્રી મૂકેશ ચૌહાણ, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી પરાગ ઠક્કર વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ **મંગળવાર, તા. ૨૨-૧૧-૨૦૧૬**

- BMCB બેંકના ફાઉન્ડર ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાનો કરન્સી નાબૂદીના અનુસંધાને કચ્છશ્રુતિ ડિસેમ્બર-૨૦૧૬ના અંક માટે આજરોજ કચ્છશ્રુતિ તરફથી ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હતો.

★ **બુધવાર, તા. ૨૩-૧૧-૨૦૧૬**

- કચ્છશ્રુતિ ડિસેમ્બર-૨૦૧૬ના અંક માટે ‘કરન્સી નાબૂદી’ પર તેમના અભિપ્રાય સહિતના લેખ મોકલી આપવા લગભગ ૨૦ જેટલા તજજ્ઞોને આમંત્રણ આપતા પત્રો લખીને મોકલી આપવામાં આવ્યા.
- લગભગ ૫૦ જેટલી વ્યક્તિઓને તેમની બાકી રહેતી ડ્યુ એમાઉન્ટ માટે જરૂરી SMS કરવામાં આવ્યા.

★ **ગુરૂવાર, તા. ૨૪-૧૧-૨૦૧૬**

- શ્રી અશોક રઘુરામ ઠક્કર સમાજની ઓફિસ પર આવેલ હતા અને તેમણે ક્રેડિટ સોસાયટીના જરૂરી પેપર્સ પર પ્રમોટર સભ્ય તરીકે જરૂરી સહીઓ કરેલ હતી.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ શાહના દીકરા CA વિમલના લગ્ન સમયેના ભોજન સમારંભમાં શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા.

★ **બુધવાર, તા. ૩૦-૧૧-૨૦૧૬**

- જે તે તજજ્ઞોના કરન્સી નાબૂદીના લેખો આવેલ છે તેના ટુંકા બાયોડેટા તથા ફોટા મંગાવવામાં આવ્યા. ■

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**સરનામા - ટેલિફોન ડિરેક્ટરી**

**અગત્યની માહિતી માટે જુઓ**

**પાના નંબર : ૮૫-૮૬**



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

સુગર બ્રોકર :

મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે
ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,
ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ


વિલમોર પ્લાય પ્રા.લિ.
All Products
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com
સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



AMBICA TIMBER MART
logs. lumber. select veneers.
THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)
Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

Available on HIRE
- Gas Engine Driven Generators
Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

We Provide
- Complete equipment
Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
Deep Industries Limited
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
Deep Industries Limited
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

MAHESHBHAI M. : 92272 11715
SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ६६६६१ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

Kailashdan Gadhavi
PRARAMBH
"ek nayi Zindagi ka"
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
श्री विष्णुधारा @ Gota. HOMES
Happiness is here...
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો

ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હોલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઇમેલ : gurjarprakashan@gmail.com

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब' मस्त है!

MICHI'S Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

The Name Says its all
II Radha Vallabh Group

Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-